● સંવત્ ૨૦૧૪ ભાદરવા વદિ-૩૦, તા. ૧૨-૧૦-૧૯૫૮ રવિવારે માણાવદરમાં ભગવાનજી ઠાકરશીભાઈને ઘરે પ.પૂ. સ્વામીશ્રીએ વાત કરી જે, જે વસ્તુ દુનિયામાં ન્યારી છે, તે વસ્તુ સજાતિય, સુખદાયક, અકળ શાસ્ત્ર કહે છે. તેને જાણ્યા તે જાણશક્તિવાળો મુમુક્ષ સમજી લેવો.- ૧

● સંવત્ ૨૦૧૪ ના આશોસુદિ-૭, તા. ૧૯/૧૦/૫૮ રવિવારે, લીંબુડા સ્વામિનારાયણ મંદિરમાં રાતના ૧૧ વાગ્યે પ.પૂ. સ્વામીશ્રીએ વાત કરી જે, રાંકને રતન જડે તે કરતાં ભગવાનની પ્રાપ્તિને ભગવાનનો મેળાપ મનાય તો રાંકને રતન મળ્યું એમ સમજવું. - ૨

● સંવત્ ૨૦૧૪ના આસો સુદિ-૮ તા. ૨૦/૧૦/૫૮ સોમવારે, લીંબુડા સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ. સ્વામીશ્રીએ વાત કરી જે, ધર્મ છે તે શ્રેષ્ઠ છે. ધર્મથી સુખ રહે અને ધર્મથી ધીરજ રહે છે. ધર્મથી આનંદ રહે છે અને ધર્મથી નિર્ભયતા રહે છે. માટે ધર્મ ધારે તે ધર્મી કહેવાય. ધર્મીજન હોય તેમાં સૌને વિશ્વાસ આવે છે. જે કહે તે વાત સત્ય મનાય. અને તેના વચનમાં જેને પ્રતીતિ તે આસ્તિક. ને ધર્મ રહિત હોય તેના વચન તે નાસ્તિકના વચન સમજવા. તેના એક અંગમાં પણ ધર્મ તો હોય જ નહીં. માટે આ દુનિયામાં ધર્મ છે તે સૌથી ચડીયાતું સુખ છે. ને ધર્મથી જ તેની કાંતિ, આભૂષણ ગણાય છે. એવા જેણે આભૂષણ પહેર્યા હોય તે શોભે. ને અધર્મરુપી જેણે ખરાબ લુગડા પહેર્યા હોય તે બધાને નકામો ગંધાતો જોવામાં આવે. માટે સ્વામિનારાયણે કેવો ધર્મ, કેવા નિયમ, વર્તમાન ચલાવ્યા છે. તેમાં સર્વેને સહેજે સારુ લાગે, સહેજે જીવનું કલ્યાણ થાય. માટે ધર્મ એટલે નિયમમાં રહેવું. નિયમ એટલે આજ્ઞા. આજ્ઞા છે પણ આપણે રાખીએ તો. એવી આજ્ઞા જે રાખે તે અતિ શ્રેષ્ઠ કહેવાય. અત્યારે સ્વામિનારાયણ ભગવાનના પ્રતાપે સ્વભાવ મુકીને કેટલાક નાના નાના બાળકો પણ શુદ્ધ રીતે વર્તે છે, તો ત્યાં ભગવાન જોવામાં આવે છે. ત્યાં દ્રષ્ટાંત જે, જેમ કાળો ઉનાળો હોય ત્યારે ક્યાંય પણ લીલું ખડ હોય નહીં અને ઉનાળામાં લીલું ખડ દેખાય ત્યારે એમ માલુમ થાય જે, આને પાણીનો જોગ હશે. તેમ આજ કળીયુગ છે તે રુપી કાળો ઉનાળો છે, તેમાં ધર્મ કોઇને સારો લાગતો નથી,

ને તે પ્રમાણે વર્તવું કઠણ પડે છે. તેમાં જે વર્તે તે અત્યારે કાળા ઉનાળામાં પાણીનો જોગ તરીકે ભગવાનનો સંબંધ જોવામાં આવે છે. માટે ધર્મમાં વર્તે તો જ ભગવાનને અને એને મેળાપ થાય, તે મહારાજે વચનામૃતમાં કહ્યું છે જે, પોતે સિદ્ધ થાય તો પણ બીજાના મોક્ષ વાસ્તે, હેત ખાતર જરૂર ધર્મ રાખે. એવો સ્વામિનારાયણ ભગવાનનો સચોટ, સાકાર ભગવાનનો નિશ્ચય છે. માટે આપણે જરૂર ધર્મમાં વર્તવું. એક દિવસ બાઈયુંઓને ભકિતમાતાએ દર્શન દીધા, ત્યારે બાઈઓએ કહ્યું જે, "હે મહારાજ", માતાજી આવ્યા છે. ત્યારે મહારાજ કહે જે, જાવ માતાજીને કહો કે સત્સંગમાં રહેશો ? ત્યારે ભકિતમાતા કહે જે હું તો પતિવ્રતા છું. ધર્મ રાખો તો રહું. ત્યારે મહારાજ કહે ધર્મ રાખો તો ભકિત રહેશે. અને અમે એના સુત છીએ તો અમે પણ જરૂર રહેશું. માટે ધર્મ એ જ આ જીવને જીવન થાવું જોઈએ. માટે ધર્મરૂપી જેને જીવન થાય તે આલોકમાં તથા પરલોકમાં સુખીયો રહે. પણ ધર્મ પ્રમાણે વર્તે છે. તેને સમજી શકે, જાણી શકે, તેમાં સ્વાભાવિક હેત, રુચિ, વિશ્વાસ આવે તો એવા મુક્તો આ લોકમાં બ્રહ્માદિકને પણ વંદવા જેવા છે. માટે ધર્મ તે બહુ મોટી વાત છે. સ્વર્ગમાં પણ ધર્મથી જ જવાય છે. તો અક્ષરધામમાં જાવું હોય તેને આ વાત જરૂર સમજી રાખવી. તે પ્રમાણે વર્તીએ છીએ ને વિશેષ વર્તવાનો અભ્યાસ કરે તે ફેરો ફાવ્યો કહેવાય. - ૩

● સંવત્ ૨૦૧૪ના અધિક શ્રાવણ સુદિ-૧૩, તા. ૨૮/૭/૫૮ સોમવારે સણોસરામાં શિક્ષાપત્રી ભાષ્યની પારાયણ નિમિત્તે વાત કરી જે, જેના ઉપર ભગવાનની, સાધુની કે ભક્તની મીઠી દૃષ્ટિ પડી હોય તેને કામાદિકનો વિક્ષેપ પડે નહી. નહીંતર તો નિર્વિકલ્પ સમાધિવાળા ને પણ કામાદિક નડે. શંકરને પણ વિક્ષેપ નડ્યો. આ તો સ્વામિનારાયણ ભગવાને રસ્તો બાંધ્યો. તેમણે રસ્તો બાંધ્યો તે રસ્તે ચાલવું. બ્રહ્મચર્યનું તેજ છે તે વસ્તુ જુદી છે. બ્રહ્મચર્ય સિદ્ધ થાય તો તે માણસને થાક નહીં ઊભો રહે. ઊંઘ લેવી કે ન લેવી તે પણ ઊભી નહીં રહે. બ્રહ્મચર્ય વસ્તુ ઓર છે. બ્રહ્મચર્ય સિદ્ધ થાય તેને બીજે જવાની જરૂર રહેતી નથી. સોળ વર્ષ બ્રહ્મચર્ય તો સૂર્યમાં કે બૃહસ્પતિમાં, ગોલોકમાં કે ઈશ્વરલોકમાં નથી. અહીં મોટા એકાંતિક પાસે

છે. જો છૂટી મેલાય તો કેટલાક રહે ? બ્રહ્મચર્ય વસ્તુ સિદ્ધ થાય તો કાંઈ કરવું રહેતું નથી.

ગ.પ્ર.ના ૫૮ માં વચનામૃતમાં કહ્યું તેમ મોટા રાજી થાય તો રાંક હોય તે રાજા થાય. વિઘ્ન આવે તેમ હોય તો મટી જાય. પણ કામાદિક દોષ ટળ્યા વિના સંત રાજી થાય નહીં. દેહાભિમાની ઉપર મોટાની દૃષ્ટિ થાતી નથી. મોટપ તો એકાંતિક ધર્મે કરીને છે. અને મોટાની દૃષ્ટિ તો તો થાય જે, દોષ મેલીને બેઠો હોય. મૂકતો હોય અને મૂકવાનો આદર હોય. તે સિવાય બીજા પદાર્થો આપે તો પણ રાજીપો થાતો નથી. રાજી તો સરળ વર્તે અને આડો અવળો ફરે નહીં તો થાય. વડતાલના ૫ માં વચનામૃત પ્રમાણે એકાંત પકડીને બેસે તો નિશ્ચયમાં ખામી કહેવાય. કામાદિક દોષ ટળ્યા વિના મોટા રાજી થાય નહીં. મોટા પાસે નિષ્કપટ રહેવાય તો બધું આવી જાય. હેતે કરીને સત્પુરુષમાં બંધાય તો જીવ બ્રહ્મરુપ થઈ જાય. જેમ કહે તેમ કરે અને સંશય રહિત વર્તે તો કામ, ક્રોધ, લોભ, મોહ, મત્સર વગેરે હશે તો પણ વાંધો નહી આવે. આ લોકમાં લોકોને રાજી કરવા અનેક પ્રયત્નો કરીએ છીએ તો મોટાને રાજી કરવા થોડુંક કરીએ તો પણ રાજી થાય. અરજણ ભગતની જેમ સાચો થઈને આવે અને ખામી રહે તો સાધુતામાં ખામી કહેવાય. મોટા પુરુષનો અભિપ્રાય કોઇ જાણી શકે નહી. પતંગિયો સૂર્યનો અભિપ્રાય જાણી શકતો નથી. મોટા ભેગા રહ્યા પછી સ્વભાવ રહી જાય તો ટળે નહીં. સ્વામીની ઈચ્છા તો બધાને બ્રહ્મરુપ કરવાની છે પણ વ્યવહાર રાખીને બ્રહ્મરુપ કેવી રીતે થવાય ? વ્યવહાર જતો કરવો જોઈએ.

ખેડૂત રુપિયા ઠેરાવીને બળદ લ્યે છે. તે ભેળા બગાયુ, ઈતડીના પૈસા આપવા પડતા નથી. તેમ સાચા થઇને મોટા પાસે જઈશું તો બધુ ધ્યાન મોટા રાખશે. જો સાચા થઈને દોષ તજવા ઈચ્છશું અને ભગવાનના ભક્તો ભળશે નહી, તો દોષ ટળશે નહી. દોષ મેલાય એટલું જ સુખ છે. સ્વભાવ મેલવા જો આજ્ઞા ઉપર પગ મેલાય તો શ્રીજી મહારાજની જીભ ઉપર પગ મેલ્યો છે એમ સમજવું ને ઘર છોડીને નીકળ્યા પછી ભગવાન રાજી ન થાય તો આવો વખત ક્યારે આવશે ?

અહીં કામ થાશે એવું બીજે ક્યાંય નહીં થાય. જોડીયા પારેવા થઇ જાશું તો મોટા ધ્યાન રાખશે. રુડા ગુણ આવવાનું કારણ તો મોટામાં નિર્દોષ બુદ્ધિ રાખવી તે જ છે. તેથી મોટો લાભ બીજો નથી.

ગ.પ્ર. ૫૮ માં વચનામૃતમાં કહ્યું છે તેમ જેમ જેમ મોટાના ગુણ ગ્રહણ કરે તેમ તેમ વૃદ્ધિ પામે. અને મોટાને નિર્લોભ, નિષ્કામ, નિર્દોષ સમજે તો પાકો હરિભક્ત થાય. અતિશય મોટા હોય તેને નિષ્કામી સમજે તો નિષ્કામી થઇ જાય. પ્રાયશ્ચિત થયા પછી દોષીત કહે તો કહેનારો કૃતઘ્ની છે. મોટાનો રાજીપો થયા પછી દોષવાળો પણ પડતો નથી. દોષ ટાળે તો અહીં જ અક્ષરધામનું સુખ સર્વત્ર આવી જાય. સ્વભાવરુપી દોષ સાથે આવે છે તે મુશ્કેલી છે. માટે તેની ભાઇબંધી મૂકી દેવી. આ વાત સમજ્યે જ છૂટકો છે. સ્વભાવ-દોષ ટાળવાનું વચનામૃતમાં કીધું છે. કહેનાર ઉપર સાંભળનારને હેત અને વિશ્વાસ હોય તો સ્વાભાવિક પ્રકૃત્તિ ટળી જાય. જો તેમ ન હોય તો ક્યાંથી ટળે ! માટે કહેનાર ઉપર હેત, વિશ્વાસ અને પ્રીતિ રહે તો કામ થઇ જાય. સ્વભાવનુ બળ એવું છે કે જો સમાધિ થાતી હોય ને દોષ આવે તો ગોથું ખવડાવી દ્યે. અને વધતા જાઇએ છીએ તે મોટાનો રાજીપો છે. દેહ તો હાંડલા જેવું છે. અને સ્વભાવ ટાળવો તે કેમ ટળે ! તો સ્વભાવની ભાઇબંધી છોડવી. ભગવાનના ભક્તને છેલ્લો જન્મ કરી લેવો. સ્વભાવ ટાળવા તે વાત એકબાજુ રાખવી. પણ હિંમત રહે તો સ્વભાવ થરથરે. સાચા થઈએ તો કસર રહેવા ન દ્યે. મોટા કસર રહેવા દ્યે એવા નથી. પણ આપણે ખુણે બેસીને દોષને સંઘરી રાખીએ છીએ. સ્વભાવ સાથે મિત્રાચારી રાખીએ તો ભગવાન અને મોટાએ તો જીવને લંબકર્ણ જેવો કહ્યો છે. પોતાનો દોષ ખુલ્લો કરે તેને બ્રહ્મરુપ કહ્યો છે. પોતાનું પાપ ખૂલ્લુ કરે તેને પ્રતાપી પુરુષ કહેવાય છે. પ્રતાપી પુરુષને બ્રહ્મરુપ ન કહે અને પ્રસાદીનું લાકડું હોય તેને કહે. એ તો જેમ ખેડુત લાકડાનું ઓડુ કરે એમ છે. પોતાના દોષને મેદાનમાં ખુલ્લા કરે તે નાની સૂની વાત નથી. ભક્ત ન હોય તેને ભક્ત કહેવા અને છે તેને કહેવા નથી તે કેમ બને ! ભગવાનના ભક્ત આગળ નિષ્કપટ થવાશે તેટલું જ પાપથી રહિત થવાશે.

ખરેખર ભગવાનનો ભક્ત નિષ્કપટ રહે તો દોષ ન રહે. આ લોકના સુખ માટે પણ નિષ્કપટ થઈએ છીએ. તો પરલોક માટે તો થાવું જ જોઈએ. ભગવાનના ભક્તને ભગવદીયનો અવગુણ આવતો હોય તે સારું નહી. ભગવાનના ભક્ત સાથે રહીને જે કાંઈ સુકૃત થયું તેને બેડો પાર. આવો જોગ ફરી નહી આવે. સોડ તાણીને સૂઈ રહે તો પણ ભગવાન ખાવા-પીવા આપે છે. ભાગ્યમાં છે તો ભગવાન આપી જ દેવાના છે, પણ વિશ્વાસ નથી. માના ઉદરમાં હતો ત્યાંથી માના થાનમાં દૂધ કર્યું. માટે ભગવાન ભૂલે એવા નથી. તો ભગવાન પાસે માગણી ન કરવી. - ૪

● સંવત્ ૨૦૧૫ ને તા. ૨૮/૦૭/૧૯૫૮ ના રોજ સાંજે નવ પ.પૂ. સ્વામીશ્રીએ વાગ્યે વાત કરી જે, ઘાટ ઓળખાય છે કારણ કે સત્સંગ દર્પણ છે. દોષ તથા ગુણ દેખાતા હશે, તેમાં, દોષ મૂકવા - કોઈનો અવગુણ ન લેવો. કોઈ મર્યાદામાં રખાવે તેનો અવગુણ લેવાય છે કારણ કે સ્થિતિ થઈ નથી. પરમેશ્વર તથા સંત જે જે વચન કહે તેને પરમ સત્ય કરીને માને અને વર્તે દેહ આદિક અસત્ય અને નાશવંત અને તુચ્છ છે. પણ તુચ્છ સમજવું કઠણ પડે. સત્સંગ અલૌકિક છે. તેની આડ્ય કરવામાં દેહ ઈન્દ્રિયો તથા સ્વભાવ છે. જો તેને પાછા વાળવા હોય તો સત્સંગનો ભીડો ખમવો અને ભગવાનના ભક્તના સંગનો ક્યારેય ત્યાગ ન કરવો. અત્યારે આ તકમાં, આ વખતમાં એવા મળી જાય અને સાન કરે તો ભગવાન બતાવી ઘે. સમાજ છે તે અત્યારે ભગવાન છે. જેમ પંચ છે ત્યાં પરમેશ્વર છે. તેમ પરમેશ્વરને રાખવા. અને ભગવાનના ધામમાં જાવું હોય તો ભગવાનના ભક્ત કહે તેમ વર્તવું. પણ ભગવાનના ભક્તને આપણે કહીએ તેમ વર્તાવવા એવો ભાવ ન રાખવો. આ વર્તમાન પાળીએ ને ભગવાનના ભક્તમાં હેત-પ્રીતિ કરશું તો અક્ષરધામ નજર આગળ છે. ભગવાનના ભક્તમાં હળી-મળીને તેની સેવા કરવી. પૂજ્યભાવ કાયમ રાખવો. બ્રહ્મની જ મૂર્તિઓ છે, દેહભાવ લાવવો જ નહીં. દેહભાવ લાવશું તો ભૂંડામાં ભૂંડુ છે. દેહભાવરુપી દોષ આવશે તો દરેક દોષ આવશે. આત્મા જોવો કઠણ નથી, જેને સત્સંગ થયો તેને. સત્સંગ કોને કહેવો? તો જેવી દેહ અને દેહના

સંબંધીને વિષે આત્મબુદ્ધિ છે તેવી ભગવાન અને ભગવાનના ભક્તમાં થવી જોઇએ. ભગવાનના ભક્ત ભેળા ગમે તે પ્રકારે રહેવું અને સેવા કરવી તેથી મોટો લાભ બીજો નથી. સત્સંગ મૂકીને સ્વામિનારાયણ ભગવાન ક્યાંય ગયા નથી. અક્ષરધામમાં અને સર્વ ઠેકાણે રહ્યા, એવું જણાય નહીં ત્યાં સુધી ફાટી લંગોટીમાંથી પણ જીવ ઉખેડવો મુશ્કેલ છે. સાધુ તો મનુષ્ય જેવા હોય તેમાં ભગવાનની ભક્તિ તથા ગુણ છે. દેહભાવ જોવાથી સાધુ દેખાશે નહી. બહુ મોટો લાભ મળ્યો છે. આજે પ્રાપ્તિ થઇ છે તેને બ્રહ્માદિક દેવ પણ ઈચ્છે છે. આટલી વાતમાંથી એક વાત મનમાં રહી જાય તો પણ કામ થઇ જાય. જો કાંઇ રાખ્યું નહીં તો બધુંય નકામું. નિયમ જેવી એકેય વાત નથી. ભગવાનનો સંબંધ મૂકીને બીજો રસ્તો લેશું તો સુખ-શાંતિ નહીં થાય. જે જે સંસ્કાર થાય છે તે સંસ્કારે કરીને થાય છે. કથા - વાર્તાના ચોર થાવું પણ લુગડા ખંખેરીને મૂછે હાથ નાખીને ચાલ્યા ન જાવું. ગુણ જરૂર ને જરૂર રાખવા. અહીં તમારા રોટલા ખાધા છે તેથી એટલું જરૂર રાખજો.

વિના પ્રયોજને બોલવું નહીં. નકામી વાતું અને નિંદા ન કરવી. મનુષ્ય દેહ ખોઈ નાખશું તો મોટી ખોટ જાશે. મનુષ્ય દેહ ચિંતામણી જેવો છે. પણ જો પથ્થર સાથે પછાડીએ તો કાંઈ પ્રાપ્તિ થાય નહીં. જો ભગવાન અને સાધુ પાસે ન બેઠો તો નકામું જાશે. સત્સંગનો મહિમા ન જણાય ત્યાં સુધી અહો ! અહો ! પણું ન થાય. ત્યાં કટુ વચન હિતનું કહે અને માને તે ચતુર સુજાણ જાણવો. દુઃખ લાગે તેને હિતકારી માને તે સમજુ અને કથામાં બે પૈસાનું ખર્ચ થાશે પણ સારા ગુણ આવશે. માટે સત્સંગ કરી લેવો. સમાગમ કરશું તો સત્સંગનો ગુણ આવશે. શાસ્ત્રની વાત ઘડીકમાં સમજાય તેવી નથી. જો સારા હરિભક્તમાં હેત રાખશો તો આ વાત સમજાશે. ભગવાનના ભક્તમાં હેત નહીં રાખો તો નકામું જશે. માટે હેત કર્યે જ સુખ છે. ત્યાં પુત્રભાવ, મિત્રભાવ ભગવાનના ભક્તમાં રાખશું તો કામ થઈ જાશે. માટે સત્સંગ મળ્યો છે તેનું જતન કરવું. કારણ કે આજ તો શેરડીના સાંઠાનો વચલો ભાગ છે. - ૫

● સંવત્ ૨૦૧૫ ને તા. ૨૯/૦૭/૧૯૫૮ ના રોજ સવારે પ.પૂ. સ્વામીશ્રીએ વાત કરી જે, શ્રીજી મહારાજે ગ.મ.પ્ર.ના ૧૩ માં વચનામૃતમાં કહ્યું છે કે, આ વાત અમે દંભે કરીને નથી કરતા પણ અનુભવેલી વાત છે. અને શાસ્ત્રમાં મળતી આવે છે. તો પણ સભામાં કર્યા જેવી નથી. તે કઈ વાત ? તો ભગવાનની મોટ્યપ જેવી છે તેવી કહેવી તે. ભગવાનની મોટ્યપ ભગવાન સિવાય કોઈ સંપૂર્ણ જાણી શકતું નથી. અને પોતાના વખાણ પોતે ન કરવા પણ કહ્યા વિના ચાલે નહીં. અને બહુ માણસોને લાઈનમાં રાખવાની પ્રણાલિકા બાંધી છે. માટે કહેવું પડે અને શાસ્ત્રે પણ કહ્યું છે જે આપણો ગુણ આપણી દૃષ્ટિથી જોવો. અને ભગવાનની દૃષ્ટિથી જુવો તો ભગવાન. જેમ વાયુની દૃષ્ટિથી જુવો તો વાયુ દેખાય તેમ. માટે શાસ્ત્રમાં વાત છે ખરી પણ લોકમાં પ્રણાલિકા રાખવા માટે છે. પણ મોટા જો તેનો મહિમા ન કહે તો આપણી તાકાત નથી જે જાણી શકીએ. હવે શાસ્ત્રમાં બધા શબ્દો વ્યવહારિક અને મોક્ષના હોય પણ સર્વેના તર્કમાં ન આવે. તે તો ભગવાન કે એકાંતિક કહે તો જ સમજાય. નહિતર તો ગુણીયલ ઓળખાય પણ જેમ ગઢકાના દરબાર ૧૨-કલાક પૂજા કરતાં પણ ભગવાન અને ભગવાનના ભક્તનો મહિમા સમજી શક્યા નહીં. માટે આ વાતનો અમે પણ દૃઢ નિશ્ચય કર્યો છે જે એકાંતિક વિના પુરુષોત્તમપણાનો દૃઢ નિશ્ચય થતો નથી. અને ભગવાનનું સુખ પણ મેદાનમાં પડ્યું નથી. કોઈથી લેવાતું નથી. અને બીજા શાસ્ત્રો અને સ્વામિનારાયણ ભગવાનના મુખના શાસ્ત્રોમાં કેટલો તફાવત છે ? તેનો વિચાર કરવો. અને ભગવાનના ભક્તને નિર્માની રહેવું. પણ ભગવાનના ભક્ત સાથે માન રાખવું નહીં. ને ભગવાનનો પ્રતાપ પણ ભક્તથી જ જણાય છે. આ વાતમાં મહારાજે સર્વે સંતના સમ ખાઈને ખાત્રી આપી છે. અને મહારાજે વાત કરી જે, અમારે વિષે જે વૈરાગ્ય છે, તેનો અમને ભાર જણાતો નથી. જેમ કોઈક માણસે રુપિયા તથા સોનામહોરની વાંસળી કેડે બાંધી હોય તેનો ભાર જણાય છે, પણ અમને ભાર જણાતો નથી. અને ભગવાનનો ભક્ત રાંક હોય તોય પણ તેના ચરણની રજને હું માથે ચડાવું છું. પણ દંભે કરીને કાંઇ કરતો હોય તો તે

વસ્તુ આ લોકની છે. માટે ભક્તની આગળ એ વાત ઊભી નહી રહે. એટલા માટે ઈન્દ્રિયોની વૃત્તિને ભગવાન સન્મુખ રાખીએ તો સહેજે રહે છે. પણ વિષય સન્મુખ જોરે કરીને રાખીએ તો રહે છે. અને ઈન્દ્રિયોની વૃત્તિ તો વિષય સન્મુખ સહેજે તણાય તેવો એનો સ્વભાવ છે.

મહારાજ કહે મારી ઈન્દ્રિયોની વૃત્તિ હૃદયમાં પાછી વાળીને બ્રહ્મસુખે સુખી વર્તે છે. પણ તેમ કરવામાં સાધનની એટલે કે પુરુષ પ્રયત્નની જરૂર પડશે. અને આ જીવનો એવો સ્વભાવ છે જે વિષયમાંથી પાછો વાળો અને મહિમા ન હોય તો ઠીક ન રહે. અને ભગવાન અને ભગવાનના એકાંતિક ભક્તના સંબંધને પામ્યા જે ભૂમિ, વસ્ત્ર, વાહનાદિક પણ દિવ્ય થઈ જાય છે. અને ભગવાનના મહિમા વિના ગમે એટલા સાધન કરે પણ ભગવાનની દૃષ્ટિમાં ન આવે અને આવી રીતે ભગવાનના સ્વરૂપનો નિશ્ચય છે તે પંચવિષયમાં રહે છે તો પણ ભૂંડી ગતિને નહીં પામે જરૂર નિર્ગુણ ભાવને જ પામશે અને વૃત્રાસુરની પેઠે નીચ ગતિને નહીં પામે માટે આપણે ભગવાનના ભક્તના સમૂહમાં રહીને પૂર્વનું અજ્ઞાન ટાળવું. જેને પૂર્વનું જ્ઞાન થયું હશે તેને ભગવાન અને ભગવાનના ભક્તમાંથી હેત ટળશે નહીં. પણ જે ભક્તે સ્વાર્થથી હેત કર્યું હશે, તેનો ઠા નહીં. માટે પોતાના મોક્ષ માટે સંગ કર્યો તે પણ જુદો છે, ને દેખાદેખીથી કરે તે પણ જુદો છે. અને અત્યારના સંસ્કારવાળાની સ્થિતિ તો માન પાન મળે ત્યાં સુધી સારું રહે પણ અપમાન થાય તો ખબર પડે. અને આસુરીને કેમ ઓળખવા ? તો તેની પ્રકૃત્તિને મરડીને મોટાની મરજીમાં  વર્તાવે ત્યારે આસુરી ઓળખાય. માટે દૈવીની સંસ્કારની પ્રાપ્તિ તો ભારે છે. ને આપણને તો આ સત્સંગને આ સાધુ હાલ જે સમજાણા છે. તો ભડકો જોવાની કોઈએ આશા જ રાખવી નહીં. અને સેવા ભક્તિ જ કર્યા કરવી. અહિં આ જોગ આપણા સાધને મળ્યો નથી. તે તો એ જોગ મેળવાવનારા જ આપણું કાર્ય કરી દેશે. અને પૂર્વના લક્ષણ સંબંધે પ્રથમ પ્રકરણના ૬૩ માં વચનામૃતમાં લખ્યું છે જે, આ સારો સત્સંગ પરોક્ષના ભક્તોના નામ લખ્યા છે તેવો છે. એવા મનસૂબા થાય તો પૂર્વનો છે, એમ જાણવું. અને પંચવિષયનો ખપ તો સુતારના દ્રષ્ટાંતે કરીને કહ્યો

છે. ભગવાનના ભક્તનો ખપ રાખવો. અને સંસારમાં અનેક જાતના જોડા મળે છે. તો કોઇ દિવસ ઉદાસી આવતી નથી. માટે મહારાજે મ.પ્ર. ના ૧૩ મા વચનામૃતમાં કહ્યું છે જે, અમે કોઇને વઢીએ છીએ, કાઢી મૂકીએ છીએ તે તો તેના સારા માટે છે. અને જેની ભૂત, ભવિષ્ય અને વર્તમાન કાળમાં નજર પડતી હોય તો પણ તે એમ જાણે જે ભગવાન અને ભક્તનો મહિમા સમજવે કરીને છે. અને આ લૌકિક બુદ્ધિ ટાળવા માટે ભગવાન મુમુક્ષને અતિ દીન કરે છે. અને તેની કસર પોતે જ ટાળે છે. કારણ કે ભગવાન તેના જામીન થયેલા છે. આ વાત ગ.અં.પ્ર. ના ૧૩ માં વચનામૃતમાં કહી છે. તેના જ્ઞાન, વૈરાગ્ય અને ધર્માદિકની રક્ષા પણ ભગવાન પોતે જ કરે છે. તો ભક્તની રક્ષા નહી કરે ?! પણ આશરો ન હોય તો પ્ર.પ્ર. ૭૨ મા વચનામૃતમાં કહ્યું તેમ ભગવાન પોતે ભક્તનું રુડું કરવા ઇચ્છે તો પણ થતું નથી. અને માહાત્મ્યે સોતો નિશ્ચય તેનું લક્ષણ એ છે કે, ભગવાન ભક્તનું અવગુણ વિના અપમાન કરે તો પણ પાછો ન પડે. અને પોતા પાસે સારી વસ્તુ આવે તો ભગવાન કે ભક્તને અર્પણ કરીને ભોગવે. અને જેને ખોટા ઘાટ થાય તેને મનમાં પ્રશ્ચાતાપ થવો જોઇએ. અને જેને તેમ થાય તે પૂર્વનો છે, તેમ નથી સમજાતું તે ભૂંડુ છે. ત્યારે આમ વિચારીને જોઇએ તો ભગવાનનો મહિમા બહુ મોટો છે. તેમ ન સમજાય ત્યાં સુધી ભક્તનો ભીડો સહન થાય તેમ નથી. આ વાત આજ સમજો અગર હજાર વર્ષે સમજો પણ સમજ્યે જ છૂટકો છે. - ૬

● સંવત્ ૨૦૧૪, અધિક શ્રાવણ સુદ ૧૪, તા. ૨૯/૦૭/૧૯૫૮ મંગળવારે સાંજે પ્ર.પ્ર.ના ૧૮ મા વચનામૃતની વાત પ.પૂ. સ્વામીશ્રીએ કરી જે, શાસ્ત્ર, અઢાર પુરાણ, ઇતિહાસ તેને ભણવે કરીને અને અર્થને જાણવે કરીને મુક્ત ન થાય, પણ અમે કહીએ એમ કરે તો જ મુક્ત થાય. અને બહારથી ગમે એટલી ઉપાધિ હોય તેનો અમને ખરખરો નહીં પણ અંતરમાં જરાક ખરેટો બેસે એનો ખરખરો થાય. અને અંતઃકરણનો એટલો જ વાંક છે જે, ગાફલપણે રહેવાય છે. ભગવાન મળ્યા હવે કરવું કાંઇ રહ્યું નથી. ભગવાનના સુખનો અને બીજા સુખનો તપાસ કરવો. અને મહિમા

છે તે ધર્મ પાળવામાં અંતરાયરૂપ ગઢ છે. પણ કંગાલપણું ન માનવા દ્યે. પણ ધર્મ પાળવામાં કોઇ ખામી હશે તો મહિમાને રસ્તે ચડયેથી નહી ભાંગે ત્યાં સાંખ્યની દ્રઢતા જોશે.

સ્વામીએ વાતોમાં કહ્યું છે કે, નિષેધ કર્યા વિના વિષય ટળે નહી. કાં તો એકાંતિક સાધુ મળે તો ટળે. અને પોતાને ભૂંડા ઘાટ થાતા હોય તો તે ઘાટ જેને ભૂંડા ઘાટ ન થાતા હોય એની આગળ કહેવા, પણ પોતે આળસું હોય ને વખત આવ્યે યાદી ન આપે તેની આગળ વાત કરવાથી લાભ નહીં. જેમ સર્પને પરોણો સાપ, મોં ચાટીને વળ્યો આપ એવું છે. તેની આગળ ઘાટ કહેવા તે તો એવું છે. માટે ભગવાનના ભક્તને ઘાટ કહેવા. તે સંતાડી રાખવાથી મનનું ગાફલપણું ટળતું નથી. ને ગાફલાઇ ટાળવાનું કારણ તો કાં શિક્ષા કાં ખટકો. એ બેથી ટળે. અને ખટકો રખાવે એવાનો જોગ થાય તે કેવો હોય? તો પોતાના ઘાટ ટાળવાની ચાડ હોય તે જીજ્ઞાસુ થઇને કહેવા. પણ ખપ વગરના થઇને કહેવાથી તેના ઘાટ ટાળવાની એકાંતિકને ચાડ હોય નહીં. માટે ઘાટ ટાળવાનું સાધન સત્સંગ છે. અને ઘડીઘડીમાં અને પળપળમાં જે ઘાટ થાય છે તે બધાના જાણ્યામાં આવતા નથી. મહારાજે દીનાનાથ ભટ્ટને કહ્યું જે, ઘાટ થાય તે તમ જેવાને જાણ્યામાં આવે. અને અવગુણ છે તેને ઓળખવો તેમાં સત્વગુણ વર્તે ત્યારે ઘાટ ન થાય. તમોગુણ વર્તે ત્યારે સુષુપ્તિ અવસ્થા વર્તે, ત્યારે પણ ઘાટ ન થાય. પણ રજોગુણ વર્તે ત્યારે ઘાટનો ડંસ બેસે. ત્યાં દ્રષ્ટાંત જે, કાચના મંદિરનો દિવો અનેક રીતે દેખાય એવું. રજોગુણમાં થયેલો એક ઘાટ અનેક રીતે દેખાય છે. તે ખેસવ્યો ખસે નહીં, તે ગમે ત્યારે યાદ આવ્યા વગર રહે નહીં. માટે ભગવાનના ભક્તને ઘાટનો ડંસ બેસે છે તે વાત ઠીક પણ આ સત્સંગ ઘાટને ટાળવાની મુખ્ય વસ્તુ છે.

મહારાજે પણ સત્સંગમાં જ ઘાટની નિવૃત્તિ બતવી છે. માટે ઘાટ ટાળવાની ઇચ્છાવાળાએ સાધુ સમાગમ જરૂર કરવો. અને માયિક સુખ છે તે અપાર દુઃખનું કારણ છે. કલેશમય છે તેમાં ચિત્ત ચોંટ્યું છે તેમ સાધુ સમાગમમાં ચોંટે તો સુખરૂપ થઇ જાય. અને ભગવાનના સ્વરૂપનું સુખ

અપરંપાર છે. અને આ સાધુ સમાગમમાં કરોડો વર્ષ રહે પણ મુંઝાય નહીં. અને જે વિમુખની સોબત થાય તો તપી જાય. માટે વિચારીને જોઇએ તો અં. પ્ર. ના ૩૮ મા વચનામૃતમાં કહ્યું છે તેમ સ્ત્રી, ધન, અને સારું ખાવું, સંબંધીમાં બેઠા ઉઠ્યાની વાસના, રસનાની આસક્તિ વગેરે છ વાના જેમાં હોય તે નિરંતર દુઃખીયો છે. પણ તેવા સ્વભાવ હોય તો ટાળવા. અને નિવૃત્તિ પરાયણ થાવું. અને બરોબરીયાની સોબત તજી દેવી અને ધર્મ, જ્ઞાન આદિકે યુક્ત મોટા સાધુ તેની સાથે પોતાના જીવને જડી દેવો. એટલું જ નહીં પણ મન-કર્મ વચને તેની સાથે વર્તવું. અને આ છ વાના સુખરૂપ છે. માટે ઓલ્યાના છ વાના દુઃખરૂપ છે. માટે પોતાની વૃત્તિથી પોતે વિચારવું અને જેવું જીવને પુત્ર-કલત્રાદિકમાં હેત છે એવું સાધુ સંગાથે હેત છે કે કેમ ? અને હોય તો સાધુ કહે તેમ કરવા માંડો. તો તે સદાય સુખિયો છે. માટે જેને મનના મલિન ઘાટ ટાળવા હોય તેને સાધુ સમાગમ વિના બીજો ઉપાય નથી. અને તે મારફત ઘણાં બ્રહ્મરૂપ થયા છે. તે તો આપણી નજરે છે. અને કથા સાંભળવા આવ્યા ત્યારે આ ઘાટ ટાળવા રૂપી ચીજ ગોતવા ગયે ક્યાંથી જડે ! તેમ શોધ કરતો હોય તેના સામે ઈશ્વર દૃષ્ટિ કરે ને ઘાટ ટળી પણ જાય. અને મોટયપને ઠેકાણે રહે પણ ઘાટ ટાળીને ભગવાનનું ભજન કરવામાં સુખ છે, એવું સુખ બીજે કયાંય નથી. માટે ભગવાનનું સુખ જેવું રાજ્યમાં સુખ છે એટલું જ હોય તો સ્વયંભૂમનુ આદિક રાજા વનમાં ન જાત અને સ્ત્રીમાં હોત તો ચિત્રકેતુ આદિક રાજા તેનો ત્યાગ ન કરત. અને તે રસ્તે ન ચાલત, માટે જગતનાં વિચારો જેટલા સંઘરો એટલો ઉકરડો છે. માટે આ વાત આજ સમજો અગર મોડી સમજો પણ સમજ્યે જ છૂટકો છે. માટે આ સત્સંગ વસ્તુ અલૌકિક છે. અને આપણી દૃષ્ટિ પણ અલૌકિક થઇ જાય એવું છે. અને કલ્યાણ કરવું એ તો ભગવાનનું બિરૂદ છે તે પાળશે. પણ તપ કરીને લાકડી જેવા થાવું પડશે. અને જીવ જાણે આ સુખ ત્યાં લઇ જાવું છે. ત્યાં નહીં મળવાની બીકે ગીંગા અને ભમરા જેવું કરે છે. તેમ ભગવાનનું સુખ પણ એવું છે. તે જેણે લીધું હોય તે જાણે. અને સ્વામીએ વાતમાં કહ્યું છે જે, શરદઋતુનું આકાશ નિર્મળ જોઇને બોલ્યા જે, આવું

અંતઃકરણ નિર્મળ થાય તો સુખ આવે. આ વાતથી તો પળ કે બે પળમાં નિર્મળ થઇ જાય અને પૂર્ણકામ પણ થઇ જાય, અને જીવ તો સંકલ્પ વિના એક પળ પણ રહી શકતો નથી. તેની નિવૃત્તિ જે ભજન કરતાં દેહથી જૂદો પડે તે જ છે. ડાંગર ત્રણ વર્ષની થઇ તે ઊગે નહી, પણ જમવામાં આવે તેમ. વાસના નિર્મૂળ કરવા માંડે તેના જન્મ-મરણ ટળ્યા પણ પૂરી ટાળે ત્યારે સંપૂર્ણ થાય. અને વૈરાગ્યનું અંગ કે ભક્તિનું અંગ તેની ખબર ન પડે. પણ ભક્ત છે તે અંગ વિનાના હોય જ નહી. તે અં. પ્ર. ના ૧૫ મા વચનામૃતમાં કહ્યું છે તેમ પાટો ગોઠે તો જન્મ-મરણની નિવૃત્તિ થઇ જાય, જેમ ઘાયલને પાટો ન ગોઠે ત્યાં સુધી સુખ ન થાય તેમ. માટે આ સત્સંગ વિષ્ણુરૂપ છે. અને લૌકિક વાત તો ક્યાંય ઉડી જાય એવું હેત કાંઇ કામનું નથી, પણ આત્મસત્તારૂપ થઇને સાધુ સાથે હેત કરવું. પણ દેહરૂપે વર્તતા હશું તો આ જીવને તો વિષય વિના તો ફાવતું નથી. જેમ સ્વામીનો સમાગમ કરવા શિવલાલભાઇ તથા ગોખરવાળાના પટેલ આવેલા. તેમાં પટેલ સ્વાદિયા હોવાથી દાળ-રોટલા સારા નહીં, તેથી તે બે દિવસ પછી કહે સ્વામી ! અમારે કામ હોવાથી જાશું. પછી સ્વામીએ ભંડારીને ઠપકો આપી કહ્યું જે, બધાને શિવલાલ ન સમજશો. કારણ કે શિવલાલભાઇને રસોઇનો સ્વાદ ન હતો, પણ સ્વામીના સમાગમનો હતો. માટે "નિજાત્માનં બ્રહ્મરૂપં" એ વાત સારી છે. માટે દૂધ જેવું જે સુખ છે તે ક્યારે જણાય ? તો જો પોતે જુએ કે હું ક્યાં ઊભો છું ? ત્યારે જોવામાં આવી જાય, પણ તે પ્રકાશ માયિક આંખેથી નહીં દેખાય. પણ જગત ત્યારે ન ભાસે જ્યારે પોતે બ્રહ્મરૂપ માને ત્યારે. અને સ્વામીએ કહ્યું છે જે, ખરો ભક્ત હોય તે માયાના પેચમાં આવે નહીં. જેમ ઝાળકાતરણી માછલી ઝાળમાં આવે નહી તેમ.

હવે શુકદેવજીના જન્મ સાથે બીજા પણ સિદ્ધ થઇ ગયા. અને વિષય બંધ ન કરે તે સિદ્ધ ન કહેવાય, અને આપણે સમજ્યા ને માયામાં બંધાઇએ ત્યારે આપણે શું સમજ્યા છીએ ?! પણ જ્યારે અલૌકિક દ્રષ્ટિ થાય ત્યારે કામ આવે. અને સ્વાર્થને અંગે એટલું તો કરવું જ પડશે તે સ્વાર્થ આત્મશ્રેયનો છે.

તા. ૨૯/૦૭/૧૯૫૮ રાત્રે નવ વાગ્યે પ.પૂ. સ્વામીશ્રીએ વાત કરી જે, મહારાજ એક વખત જારની ખાણ ઉપર બિરાજમાન હતાં. પછી સભા થઇ ત્યાં મહારાજ બોલ્યા જે, આત્મદર્શન થાવું સહેલું નથી તે તો વિરલાને જ પ્રાપ્ત થાય. અને ગ.પ્ર.ના ૨૦ મા વચનામૃતમાં કહ્યું છે તેમ આત્મદર્શન શું પોતાના હાથમાં છે ? તો કહે કેદિ' પ્રયત્ન કર્યો ને ન થયુ ! અને ગ.મ.પ્ર.ના ૩૫ મા વચનામૃતમાં એમ કહ્યું છે જે, આત્મા જોવો તે ભગવાનના ધ્યાન કે આશરા વિના દેખાય કે મનાય એવી આશા રાખવી જ નહીં. ત્યારે આત્મા - આત્મા કરીએ છીએ તે શું હશે ? ત્યારે ગ.પ્ર.પ્ર.ના ૨૦ મા વચનામૃતમાં કહ્યું છે જે, જ્યારે આત્માને જોવા ઈચ્છે ત્યારે તત્કાળ દેખાય, અને કાયામાંથી આત્માનું વિસ્મરણપણું થતું નથી તેમ મહારાજ કહેતા, અને જ્યારે પાછી વૃતિ વાળે ત્યારે આત્મા દેખાય. અને આત્મા તો અલૌકિક વસ્તુ છે. ત્યારે એ આત્માની પરીક્ષા લીધા સિવાય મનાય જ નહીં. અને આ સત્સંગ વિના તે હાથ આવે તેમ નથી. અને મ.પ્ર.ના ૩૫ મા વચનામૃતમાં કહ્યું છે તેમ ભગવાનના નામ સ્મરણ આદિક ચાર સાધન વિના આત્મા દેખાતો જ નથી.ને તે સાધને કરીને તેનું કલ્યાણ થાય. અને ધર્મ શું કામ કરે છે ? તો ત્રણ વાના હોય અને ધર્મ ન હોય તો વહાણમાં બેઠો ને માથે પાણો લીધો એવો મૂર્ખો અને વિશેષમાં ચાંડાળ પણ કહ્યો છે.

હવે ભગવાનનું નામ સ્મરણાદિક કરે છે પણ ધર્મ નથી માટે આટલો બધો ભાર તો પુરુષોત્તમનો સંબંધ અને આટલો બધો મેશનો ચાંદલો તે આ જીવ ન સમજે. પણ ધર્મ વિના તો દેહાભિમાન વધે. અને તેમ કહેવામાં શ્રીજીનો સંકલ્પ શું છે ? તો અક્ષરધામમાંથી આવી, જીવને અક્ષરરૂપ બનાવી મુકવા, તે રસ્તો પોતે ચલાવી ગયા, તે હવે એમ ને એમ ચાલુ છે. અને આટલા આગ્રહથી વાત કરવી પડે છે તેમાં કાંઈક સમજવું રહે છે. અને ભગવાનના નામ સ્મરણરૂપ મોટું સુખ આપી દીધું છતાં માથે પાણો લઈ સમુદ્ર તરવા ઈચ્છે તે મૂરખ જાણવો. અને મહારાજની ઈચ્છા તો એવી જે ગાડીને ઠેલો મારે તેમ ઠેલો મારવો. અને દેહાભિમાનથી, તેનાથી થતો બીજાનો મોક્ષ બંધ થયો. અને પોતાને ક્યારેય અહીં પાછું ન આવવું પડે તે

માટે સાધુ દ્વારા, આચાર્યો દ્વારા, મંદિરો દ્વારા કલ્યાણ ચાલુ રાખ્યું છે. તે અં.પ્ર.ના ૨૬ મા વચનામૃતમાં કહ્યું છે, તેમ ભક્તની સેવા કરે તો કલ્યાણ થાય, માટે ભગવાન પુરુષોત્તમે એવી રીતિ ચલાવી જે તે એક સરખી છે. ભગવાનના નામ સ્મરણ કરે છે. પણ દેહાભિમાની થયો, પણ ભજનારાને વિષે હેત રહે ને તેમાંથી શુભ સંકલ્પ રહે તે સડક બાંધી દીધી છે. અને પંચવિષયના સુખ સારૂ પાણીની રેલ આવી તે ધોવાઈ ગઈ એમ આવું ભગવાનનું ઐશ્વર્ય છે અને તે વસ્તુ હાથ આવી છતાં આળસ થઈ કે દેહાભિમાન આવ્યું તો ખોટ બહું જાશે. માથે પાણો બાંધીને સમુદ્ર તો તરશે પણ મોજ નહીં મળે. અને મોજ વિનાનું કલ્યાણ કેવું હશે ? તો ફરી ફરીને કહે જે, દેહાભિમાન ન ટળે તો શું થાય ? માટે ભક્તને દેહાભિમાન મુકવું પડશે. અં.પ્ર.ના ૩૩ મા વચનામૃતમાં કહ્યું તેમ ચાર વસ્તુ સ્ત્રી આદિક મૂકવી પડશે. ને દ્રવ્ય અને સ્ત્રીનો સંગ છે પણ સ્વભાવ અને દેહાભિમાન ન હોય તો બીજી બે મળીને ચાર હશે. અને હું માંદો થઈશ ત્યારે મારે આસન, દ્રવ્યાદિક જોઈશે તેમ છે. અને સ્ત્રીરૂપી પ્રકૃતિને તો સૌ રાખે પણ તેને મૂક્યે છૂટકો છે. માટે આત્મસત્તારૂપે નહીં વર્તે તેનું રૂપ ઉઘાડું થયા વિના નહીં રહે. અને શુકસ્વામીએ આશંકા કરી જે આત્માનું દર્શન પોતાના હાથમાં છે? તો મહારાજે કહ્યું જે, આત્મા જોવો તે પોતાના હાથમાં છે. અને આત્મા દેહની અંદર કેમ રહ્યો છે ? સામું જોઈને કે આડું જોઈને ? માટે આત્મા દેહથી પૃથક રહ્યો છે અને ઉપાધિ વિના અક્ષર અને મુક્ત બે છે. બાકીના વિષયના ખાડામાં પડ્યા જે જીવ તે ઉપાધિ વિના હોય જ નહીં. એમ મધ્ય પ્ર.ના ૫૭ માં વચનામૃતમાં કહ્યું છે. અને દીવાના પ્રકાશમાં જે જીવડા આવે તેનો ગરોળી નાશ કરે છે. તેમ આત્માના દર્શનથી વિષય માત્ર નાશ થઈ જાય છે. પણ આત્માનું તો એ પ્રયોજન જે સાધુ ભેળા રહેતા હોઈએ ને માન આવે કે દોષ આવે તો તેની સાથે કલેશ ન થાય. અને આત્મનિષ્ઠા સિદ્ધ થયાનો હેતુ પણ એ જ છે. અને પિતરાઈ દાવો ન બંધાય તે હેતુ છે. અને આપણે બધા ભેળા થયા તેમાં આ ગામના બધા વ્યવસ્થા કરે છે. પણ કોઈની વ્યવસ્થા ન થઈ તો ઘરધણીને વાંધો નહીં. નહીંતર

કોઈકનો દ્રોહ થશે. અમે મોટા મંદિરે ગયા અને દેવ-દર્શન કરીએ અને તે દેવ આવકાર ન આપે તેનું દુઃખ નહીં. પણ વહિવટકર્તા ન બોલે તો બહુ દુઃખ થાય. માટે આને દખ, ધોખો કે વાંધો કરવો નહીં. કારણ કે આ જોગમાંથી ગયા તેના હાથમાં બાજી નથી અને વાંક કેનો કાઢવો ? અને ક્યારે પાદર જાન છૂટશે તે સમજવું પડશે. મારા બાપનો કે મામાનો સત્સંગ હતો એમ ન કરવું. અને ઠૂંઠા હાથમાં વીંટી પહેરવાની ન હોય તેને તો લૂગડામાં સંતાડવો પડે. પછી આપણે કહીએ કે કોઈનો અવગુણ ન લેવો. અને બધા સંભારવા યોગ્ય છે. અવગુણ લેવાય તે અણસમજણ છે. મહારાજે અં.પ્ર.ના ૧૧ મા વચનામૃતમાં કહ્યું છે જે, જેવી નિર્વિકલ્પ સમાધિને વિષે શાંતિ રહે તેવી કાયમ શાંતિ રહે તેનું શું સાધન છે ? તો પોતાના દેહને વિષે જેવી બુદ્ધિ છે તેવી ભગવાનના ભક્તને વિષે થાય, તો કાયમ શાંતિ રહે. આ વાત અજમાવી હોય તો ખબર પડે. જેમ દીકરાને પેટમાં દુઃખે તો બાપને દુઃખવા મંડે. અને વાત, પિત્ત અને કફનું બનેલું દેહ તેમાં હેત થાય ને ભક્તમાં ન થાય. અને કોઠીમાં દાણા ભર્યા હોય તેમ માન ઠાંસીને ભરેલું છે.

નિષ્કુળાનંદ સ્વામીએ લખ્યું છે તેમ ‘‘એવા ગુણ નથી તનમાં રે, કાં કરે તું કોડ’’. મોટા પંડિત આગળ ઉચ્ચાર કરવો તે મૂરખ હોય તે જણાય જાય. દોણી લઈને માગવા આવ્યા ને માંડ્યા સંતાડવા એવું સમજી રાખવા જેવું છે. તે માટે ભક્તમાંથી બને એટલો ગુણ લેવો. મહારાજે જૂનાગઢમાં પંક્તિ કરી પીરસી દીધું. બે સાધુ બાકી રહી ગયા. તેને દરેકના પાતરમાંથી થોડું થોડું દીધું તો એનું પાતર ભરાઈ ગયું. માટે ભક્તિભાવથી જેમ બને તેમ કરવું. પણ વસ્તુ પરોક્ષ થઈ મનાશે તો કામ નહીં આવે. એ જેવા જ આ છે, એમ મનાય જાશે તો મોક્ષમાં જરાય ખામી નહીં આવે. આ છે એને આસન, પથારી કે લોટો આપ્યો તો પણ તેનું પૂરું છે. મહારાજ કહે કે આ વાત છે તો ઝાડી જેવી પણ અતિશય ઝીણી છે. અને મૂર્તિમાન છે. મૂર્તિમાન તે શું ? તો ઝાડી બુદ્ધિવાળો સમજે ને ઝીણી બુદ્ધિવાળો ઢુંસા ફાકતો રહે. જેમ ચપટી ખાંડ વેકરામાં નાખે ને હાથી વીણે તેને મોઢામાં ન આવે પણ

કીડીના મોઢામાં આવે ખરી. તેમ જાડી બુદ્ધિવાળો સમજી જાય અને ઝીણી બુદ્ધિવાળો રહી જાય. માટે આજ સત્સંગની ભર જુવાની છે અને કામ-ક્રોધાદિક છે તે તો ખીલ અને ધાધર જેવા છે. અને મોટાનો દ્રોહ તે તો ક્ષય રોગ જેવો છે. ને સાધન કરીને તો પૃથ્વીમાં ઘોડો ફેરવવા જેવું છે. અને આજ્ઞાએ કરીને ફળિયામાં ઘોડો ફેરવવા જેવું છે.

હવે અમારા અંગની વાત કરીએ જે, યોગમાં જ મન, ધોતિ, પોતિ, ધ્યાન કરવું તેમ જ કરાવવું તે જ ગમતું વ્યવહાર ન ગમતો. પણ મનમાં અસંતોષ ને પદાર્થમાંથી હેત ટળતું નોતું. પછી સદ્. નારાયણદાસજી સ્વામી પાસેથી આ વાતની હવા બેઠી, ત્યારે શાંતિ થઇ. ભગવાનની મોટ્યપ જુદી છે. તે પછી ખબર પડશે એમ સદ્. નારાયણદાસજી સ્વામીએ કહ્યું. સ્વામી જૂનાગઢ મંદિરમાં આરસ પથરાવવાનું કામ કરતાં હતાં ત્યારે અમે મંડળ મૂકીને સ્વામી સાથે રહ્યા. આવી રીતે અમને સ્વામીનો જોગ થયો છે. ત્યાંથી જાણવા મળ્યું છે તો અમે સત્સંગીને રાજી કરી શકીએ છીએ અને પોતાના દુઃખની વાત ન કરવી કારણ કે આવતલ શાંતિ લેવા આવ્યા છે તેને આપણાથી શાંતિ નહીં થાય અને દેહાભિમાન થઇ જાય. માટે તેનો ત્યાગ કરવો પડે. ને અલૌકિક સત્સંગ મળ્યો છે. તો જેટલી સેવા બની શકે તેટલી કરવી. પણ દ્રોહ ન કરવો. અને ઈન્દ્રિયોની વૃત્તિને વિસ્તારવી ઘટે તેટલી વિસ્તારવી. ઘટાડવી ઘટે તેમ ઘટાડવી. - ૭

● સંવત્ ૨૦૧૪ અ.શ્રાવણ સુદ - ૧૫ બુધવાર, તા. ૩૦/૦૭/૧૯૫૮ સવારે સાડા છ વાગ્યે પ.પૂ. સ્વામીશ્રીએ વાત કરી જે, કાલે વાત કરી તેમ કોઇકને વઢીએ, કાઢી મૂકીએ તેનું પ્રયોજન તેનું સારુ થાય એ જ છે. અને જે તેજને વિષે મૂર્તિ છે તેને મહારાજ દેખે છે પણ સિદ્ધાંત તો એ છે જે તે મૂર્તિ છે તે જ મહારાજ છે એમ મનાશે તો તમારું પરમ કલ્યાણ થાશે. અને પરબ્રહ્મ કહેવા છે કે તેજની મૂર્તિ કહેવી છે. તો વિજાતિય છે. પણ તે મૂર્તિના દેખતલ છે. તે સજાતિય છે. પણ જો છેલ્લી વાત થઇ ગઇ તો પૂરું. તેમ તેજને વિષે રહી જે મૂર્તિ તે દેખે છે તેની સાથે સુવાણ્ય થાય અને સંત કે પરમેશ્વર જે વચન કહે તેને પરમ સત્ય કરી માને.

સંત કહે તું દેહ, ઈન્દ્રિયો, મન ને પ્રાણથી જુદો છે. ધર્મમાં રહ્યા એટલે ઈન્દ્રિયોથી તો જુદા છે. પ્રાણ એટલે વિના પ્રયોજન ખાવાથી કે વિષય ભોગવવાથી માંદો થાય તો તે નિયમમાં આવે ત્યારે પ્રાણથી ન્યારો જીવ સમજાય અને અંતઃકરણના ભાવ તો ત્રણ ગુણમાં છે પણ મહારાજે મેળવણ નાખીને નિર્બાધ કર્યા છે. મેળવણ તે નાખ્યું જે આહાર કરવો તે પરમાત્માને અર્પણ કરીને ખાવું તે ન ખાધા જેવું છે. તેમ દુર્વાસાની લેન હાથ આવી છે. આવી લેન હાથ આવવી કઠણ છે. અને ભક્તને તો બધોય મુદ્દો હાથ આવ્યો છે ને કસર રહી તો ભગવાન અક્ષરધામમાંથી આવ્યારૂપ દાખડો નિષ્ફળ થયો છે. અને આ સમજવું તે આપણા સારૂ છે. ને મંડ્યા રહેશું તો મોટા રાજી થશે. અને ઈશ્વર કોરની આ લેન ન સમજી શકે તો સમજી શકવા માટે ગ.મ.પ્ર. ના ૨૨ મા વચનામૃતમાં કહ્યું છે તેમ મહારાજ અમદાવાદની ચોરાશી કરીને જેતલપુર, ધોળકા થઈ રાણ્યુંમાં રાત રહ્યા. પછી જે માણસ દેખ્યા તે બધું વિસારવા માંદા થયા. અંતરદ્રષ્ટિ થઈ ગઈ અને અલૌકિક આશ્ચર્ય દેખાવા માંડ્યા પછી મનનું રૂપ, ચિત્તનું રૂપ પછી અહંકાર આદિક રૂપ બધું જ્ઞાનપૂર્વક જોયું. ત્યારે દેવલોક સંબંધી આશ્ચર્ય દેખાવા માંડ્યું. અને દેવતા પણ અમારા વખાણ કરવા માંડ્યા તો ઈશ્વરકોટિ કે દેવકોટિ બધાયને જાણીને સમજી શકાય. અને જેમ "રવિમંડળમાં રાત તણું દુઃખ નવ નડે", તે બોલીને કહ્યું જે, સૂર્યના મંડળમાં રાત્રીનું દુઃખ નડે નહી. તેમ પ્રગટને પામે તેને જેમ ધનની દુર્બળતાવાળાને ધન મળે તો દુર્બળતા જાય, તેમ પ્રગટ ભગવાનને જે મળે તેની બધી દુર્બળતા ટળી જાય. ભવબ્રહ્મા અને વેદાદિક પણ તેના ગુણને ગાય અને આપણે પણ સમજીએ તો છીએ પણ તેનું જ્ઞાન તો પ્રગટ એકાંતિકથી થાય છે. અને આ દેહે પણ આ વાત જ કરવાની છે એમ અમારી આજ્ઞા છે. અને જાતે કરવાનું તેમાં આળસ કરવાની નથી. ને તેમાં પ્રમાદ આવે તો ખરાબ પણ જેમ વડાપ્રધાનને મળ્યા તેનો કેફ વર્તે તેમ આ પરમાત્માને ભેટંભેટા થયા તેને કંગાલપણું રહે ? અને જીવને મુવા સુધી અપેક્ષા ન રહે તે સારું સ્વામી કહેતા જે આવી સમજણ્ય હોય તેને અપેક્ષા ન રહે. અને વળી સ્વામીએ કહ્યું છે જે, ભગવાનના

સ્વરૂપનું નિરૂપણ તો ગોપાળાનંદ સ્વામી આદિકને આવડે પણ બીજાને ન આવડે. વચનામૃતમાં પણ કહેલું છે. ભગવાને કઇ તકે કીધું ? તો જ્યારે મોક્ષ માટે આંહી આવ્યા ત્યારે. અને શ્રીકૃષ્ણ ભગવાન જળના આવરણ પાર રહેલા ભૂમાપુરુષ પાસે ગયા, તેમા કહેવાનું એ કે મોટાના જીવ માયામાં છે. તે પર ન થઇ શકે. અને મોટા સાધુ જાય તે દેહ પડ્યા રહ્યા છે પણ તે માયા પરના હતા તે ગયા. અને બીજા રહ્યા.

અં.પ્ર.ના ૩૯ મા વચનામૃતમાં કહ્યું છે જે, આત્માનો કોઇ સગો નથી. પણ અગ્નિના જેવો તેજસ્વી આત્માનો આકાર છે. પણ મહારાજે કહ્યું જે મરે છે તે દેહ મરે છે. પણ જીવ એમ માની બેસે છે જે હું મરું છું. તો જીવ તો આ પૃથ્વી ઉપર કાયમ રહે છે અને સુખ-દુઃખનો ભોક્તા થાય છે. અને ગમે તે પ્રકારે કરીને ભગવાનના સ્વરૂપને બે શ્લોકે ચોખ્ખું સમજાય તે ઠીક છે. પણ ગોબરું સમજાય તે ઠીક નથી. અને દેહના ગુણ તે આત્મામાં આવતા નથી. અને આત્મા અજર અમર છે. તેવું જ્ઞાન જેને થયું તેને વિષયમાં રાગ રહે નહીં. ને સમજણ્ય વિના ગમે એટલો ત્યાગ કરે તો બીજા લોકાન્તરમાં જાય પણ અંદર રાગ રહ્યો છે તેને ટાળીને જગતના પંચવિષયમાંથી રાગ મટે તો ભક્તને સુખની ખબર પડે. માટે જરૂર નિર્વાસિનીક થયા વિના છૂટકો નથી. પણ ભક્તે તો એમ માનવું જે મારે વાસના નથી. ને નિર્વાસનિક છું. પણ ધીરે ધીરે ભગવાનના ભક્તને સેવાનું બળ રાખે તો થઇ જાય. અને તે પ્રાપ્તિ બહુ મોટી છે. અને સ્વામી કહેતા કે, રૂપિયા ગાડે આવશે પણ એકાંતિક મળવા દુર્લભ છે. અને રઘુવીરજી મહારાજ ધારે તે મહારાજ કરે, ત્યારે એવા હોય તો શી ખામી રહે ? એમ આપણે ભક્ત થયા હોઇએ તો ભગવાન આપણે કહીએ તેમ જરૂર કરે. જેમ પશુ કેડ છોડતા નથી તો ભગવાન કેમ છોડશે ! અને બધી વસ્તુ નાશવંત છે. અને પરલોકની પ્રાપ્તિ આવાના જોગની પ્રાપ્તિ થયે થઇ જાય. તેનું મોટું કામ થઇ ગયું. અને વડતાલની સભામાં ગરીબડા ભક્તને જોઇને મોટા માણસ આઘા ખસ્યા. ત્યારે સ્વામીએ કહ્યું કે તેના વાયરાથી તમે શુદ્ધ થાશો. તે ભક્ત હતા, ચાંપાથળીના. અને સ્વામીએ વાત કરી જે, પૂર્વે થયા જે વિભૂતિ તેના

કરતા આજે સત્સંગીના છોકરાઓમાં અધિક દૈવત જણાય છે. તો બીજાઓની શી વાત કરવી ! આવો સત્સંગ છે. તેમાં જેમ ધારીએ તેમ થાય એમ દબાવી રાખ્યું છે. તે માટે કરવાનું કરી લેવું. કલમને ઘોંકે રૂપિયા પેદા કરે તે માટે ગરીબપણું રાખ્યું છે. અને ધન્યવાદ મનાય છે. એમ થાય છે ત્યારે સુખ થાય છે. પણ મહિમા વિના કાંઇ થાતું નથી. ને સત્સંગ છે તે તો બહુ મોટી વાત છે પણ અસમર્થ રાખ્યા છે તે સારૂ છે. અને ત્યાગ કરીને બીજી તંતીમાં બંધાવું તે સારૂ નથી, જે કાંઇ બને તેટલી સેવા કરવી. ને પ્રત્યક્ષ ભગવાનના સુખમાં જેવું સુખ છે એવું રાજ્યમાં સુખ હોય તો સ્વયંભૂ આદિક રાજા વનમાં ન જાત અને એવુ સુખ સ્ત્રીમાં હોત તો ચિત્રકેતુ રાજા ભગવાનને રસ્તે ન ચાલત.

માટે જગતના વિચારો જગતના વિચારો જેટલા સંઘરો તેટલો ઉકરડો છે. માટે આ વાત આજે જ સમજો અગર મોડી સમજો પણ સમજ્યે જ છૂટકો છે.

ગ.મ.પ્ર.ના ૪૬ મા વચનામૃતમાં કહ્યું છે જે, એકાંતિકની સ્થિતિને પામ્યા તેને મરણ નથી. પણ મોટાનો અવગુણ આવ્યો તે પડયો જાણવો. કામે કરીને પડે તો રાક્ષસનો દેહ આવે એમ કહ્યું. અને વળી એમ પણ કહ્યું છે જે તે ગુણાતીત ધામને ન પામે અન્ય સ્થાનમાં જાય. એને મોક્ષનો રસ્તો હાથ આવે માટે ભગવાનના ભક્ત સાથે દુર્બળતા મનાય તે જ સારૂ છે. કોઇ કહેશે કે મારું ઐશ્વર્ય આટલું છે ને આટલું છે. તે બધુ ભગવાને ઢાંક્યું છે. અને ગરીબ રાખ્યા તેનું કારણ ભગવાન ભજાય તે સારૂ છે. અને આજે ભગવાન નહીં ભજાય તો ક્યે દાડે ભજાશે ? માટે દુઃખ ન માનશો. ઝાઝા રૂપિયા મળ્યે ભગવાન નહીં ભજાય એમ નક્કી કર્યું છે. ને પૈસાની આપણે જરૂર નથી પણ પૈસાથી તો કામ કરવાનો મન ખેદ થયા વિના રહે નહીં. અને ભગવાનને દેવું હોય તો ગમે તે પ્રકારે આપશે. આપણે નીતિથી રહીશું તો ભગવાનને આપણાથી કોઇ વ્હાલું નથી. જગત એમ માને જે સ્ત્રીમાં સુખ છે પણ ભગવાનને તેમાં સુખ ન મનાણું અને ચિત્રકેતુએ બધુ મૂક્યું માટે તેમાંય સુખ નથી તેમ મનાય છે. માટે ભક્તને થોડું મળે તો પણ

આનંદમાં રહીને ભજન કરવું અને અન્યાયથી દ્રવ્ય ઉપાર્જન ન કરવું. - ૮

● સંવત્ ૨૦૧૫ ની શ્રાવણ સુદિ-૧૩, તા. ૧૬/૦૮/૧૯૫૯ ને રવિવારે માણાવદરમાં થોભણભાઇ પનારાને ઘરે પ.પૂ. સ્વામીશ્રી પધરામણી કરવા પધાર્યા. **"આજ મારે ઓરડે રે,"** તે કીર્તનના ચાર પદ બોલ્યા. પછી જોગી સ્વામીએ વાત કરી જે, આ જીવને આવી રીતે ભગવાનની મૂર્તિના કીર્તનોનું સ્મરણ થાય. ત્યાં આ કીર્તનમાં છેલ્લે શબ્દ એવો લખ્યો જે, "આ પદ સાંભળશે કરી પ્યાર, પ્રેમાનંદનો રે સ્વામી લેશે તેની સાર." મોટાના શબ્દથી જે વિશ્વાસ અને તેમાં પ્રતીતિ તેટલો નિશ્ચય છે. બાકી મનને જાણ્યે જે નિશ્ચય કર્યો, તે મનનું કર્તવ્ય ગણાય. માટે કેટલો આ જીવને ભગવાનનો ને મોટા સંત-હરિભક્તનો વિશ્વાસ ? તેના શબ્દો જીવમાં ઉતરે તેટલો ભગવાનનો નિશ્ચય. તે નિશ્ચય તો કેવો છે ? તો આ જીવને છેલ્લો જન્મ કરાવી દ્યે. તેમાં જેને વિશ્વાસ થયો તે કૃતાર્થ થઇ ગયો. બાકી તો જીવદશા જીવ સુધી જણાય છે. માટે આપણે આ જીવદશાને મૂકીને મોટાના શબ્દો ઉતરે ને મનાય, દેખાય તેને વળગો તેટલો આ જીવને ભગવાનનો ખરેખર નિશ્ચય સમજવો. પણ એ શબ્દ એના કે આપણા ? આપણા શબ્દ તે તદ્દન તજવા અને એના શબ્દ માનવા, એટલું જે કરે, જાણે, જુએ તે પણ ધન્ય છે. તેને ને ભગવાનને નજીકનો સંબંધ થયો કહેવાય. માટે આપણે ભગવાનના અને ભગવાન આપણા. આવી માન્યતા તે પણ નિશ્ચય છે. તે સ્વામીની વાતોમાં લખ્યું છે. જેવો સંબંધીનો, નાતનો, જાતનો, ગામનો, નામનો, નિશ્ચય છે, તેમ ભગવાનના ભક્ત આપણા ને આપણે એના એવો નિશ્ચય થયો તે બહુ અધિક વાત છે. પણ જીવને આ લોકમાં આ દેહ, દેહ સંબંધી વૈભવ આ વાત માનવામાં અંતરાયરૂપ છે. તે અંતરાય કરે ત્યારે નજીક ભગવાન મળે. માટે પંચવિષય જ જીવને બંધનરૂપ છે. તે બંધનથી મુકાય તે મુક્ત કહેવાય. - ૯

● સંવત્ ૨૦૧૫ ના શ્રાવણ વદિ-૬, તા. ૨૪/૦૮/૧૯૫૯ ને સોમવારે ઈવનગર સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ. સ્વામીશ્રીએ વાત કરી જે, દુનિયામાં મોક્ષના દાતા ભગવાન ને સાધુ બે જ છે, તો તેનો અવગુણ

ન લેવો. ત્યારે અવગુણ તે શું ? તેનામાં પૂજ્ય બુદ્ધિ આળસી જાય ને તે વસ્તુ અલૌકિક છે છતાં તેને બીજા જેવા કહેવા, તથા બીજાથી ઉતરતા જેવા કહેવા એ જ એનો દ્રોહ છે. ને બીજા સાધારણ હોય તેને મોટા કહેવા, મોટા હોય તેને છોટા કહેવા એ જ દ્રોહ ગણવામાં આવે છે. એવો દ્રોહ ન કરવો. ને જે જેવા હોય તેને તેવા સમજવા. તે બરાબર સમજ્યો કહેવાય. માટે આ પૃથ્વીમાં મનુષ્ય હોય તેને મનુષ્ય કહેવો. ને પશુ હોય તેને પશુ કહેવો. તે બરાબર સમજણ્ય છે. માટે આપણે જે કાંઈ મોટયપ છે, તે ભગવાન અગર ભક્તની મોટ્યપથી છે. તો તે વસ્તુ પણ સમજવી જોઈએ. ત્યાં આપણી મોટયપ તો ભગવાન તથા ભક્ત મળવાથી છે. તે મોટયપથી જ મોટયપ છે. ને તે સિવાય સાધનથી તો મોટયપ નથી ને સાધન તો સૌભરી, પરાશર, એકલશૃંગી આદિકના કેવા ! પણ ધક્કા લાગ્યા. આ તો વગર સાધને, વગર બળે બળ ભગવાનનું. તે સાક્ષાત, સર્વોપરી જેને પ્રત્યક્ષ મળ્યા તેના પુણ્યનો પાર નહીં. તેની પ્રાપ્તિ પણ અમાપ છે. માટે કરવાનું છે તે કરે, ન કરવાનું મુકી દ્યે, તે સમજુ કહેવાય. ને મુક્યુ કેનું નામ કહેવાય ? તો મોટા આગળ પોતાનું ડા'પણ મૂક્યું તે. ને તે સિવાય ઘર મેલે, પદાર્થ મેલે સ્ત્રી દ્રવ્યાદિકનું સુખ મેલે પણ તે મેલ્યું ન કહેવાય. તે તો બહારથી ઉપલ્યો ત્યાગ જાણવો. પણ અંતરમાંથી સમજીને પાછો વળે તે ભગવાનને તથા મોટાને નિસ્વાદી, નિઃસ્નેહી, નિર્માની સમજે તે સર્વ દોષ થકી રહિત છે. ને એને ને આલોકને કરોડો ગાઉનું છેટું છે. છતાં તે વ્યક્તિ જેને મળે, તેનો સંબંધ થાય તે જરૂર પરલોકની પ્રાપ્તિ કરી શકશે. માટે આ વાત સમજે, વિચારે ને ભગવાનના ભક્તના ભક્ત બને તે આ લોકમાં ને પરલોકમાં પૂજવા, માનવા, ભજવા યોગ્ય છે.

વળી વાત કરી જે, સચ્છાસ્ત્ર તો જીવ સાંભળે છે. પણ સત્પુરુષનો સાથ લ્યે તો ઘણું સમજાય અને અષ્ટાંગ યોગ સિદ્ધ થાય. ત્યારે ભગવાન ને સંતને વિષે વૃત્તિ ગૌણ થાય તેનું શું કારણ ? તો તે સિદ્ધ થાય ત્યારે યોગ અને આત્મદર્શનને વિષે વૃત્તિ થઈ જાય છે. તેથી ભગવાન ને સંતમાં વૃત્તિ ગૌણ થઈ જાય છે. પરંતુ આત્મદર્શન સિદ્ધ થયું તે તો સંતના પ્રતાપે થયું,

છતાં તે ગૌણ કેમ થાય ? તો તેને તે આત્મદર્શનાદિકનું માન આવ્યું પણ બ્રહ્મમાં માન, અપમાન સંભવે નહીં તો તેનો ઉત્તર જે, જો ખોટ્ય ટાળવી હોય તો મોટાના વચનની સાંખ્ય લ્યે. અને કારિયાણીના ૧ લા વચનામૃતમાં કહ્યું તેમ જીવ તો બહુ બળવાન છે. હાથીનો દેહ આવે ત્યારે ધણો બળવાન હોય તેમ જીવ બહુ સત્તાવાન છે. પણ જણાતો નથી. જેમ વાયુ નથી દેખાતો પણ ધૂમાડો ઉપર જાય છે તે દેખાય છે. વાદળા હરેફરે છે તે દેખાય છે. તેમ બ્રહ્મ છે ને આત્મા છે તેનું દર્શન જયારે જીવને ભગવાન ને સંતના પ્રતાપે કરીને થાય પણ તે દર્શન કરાવનારને ભૂલી જવાય છે.

વળી જોગી સ્વામીએ વાત કરી જે, અક્ષરમાં પહોંચવામાં એકાંતિકના સહારાની જરૂર પડવાની છે. જેમ ગાલવઋષિ, સામકરણ ઘોડા લેવા ગયા ત્યારે ગરૂડનો સાથ લેવો પડ્યો હતો. અને આપણે તો આંખ મીંચીને ઉઘાડીએ ત્યાં અક્ષરધામ  ને આપણા ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાન તથા એકાંતિક ભક્તના પ્રતાપથી સુગમ, સુગમ ને સુગમ જ છે.

ત્યાર પછી વાત કરી જે, મહારાજે કહ્યું છે જે, જેવો તેવો હોય પણ સાકારપણાની નિષ્ઠા જેના હૃદયમાં છે. તેના ઉપર મહારાજને વિશ્વાસ આવે ને અમને ગમે અને મહારાજ કહેતા જે, અમારે તો ભગવાનના ભક્ત ઉપર જ હેત અને નિષ્ઠા છે. ગુણાતીતાનંદ સ્વામીએ પણ કહ્યું છે જે, આળસુ હોય ને બેસી રહેતો હોય પણ ભક્તનું સારું બોલતો હોય અને ભક્તમાં બંધાણો હોય એને વિશ્વાસી કહીએ.

પછી કારીયાણીનું બીજું વચનામૃત વંચાવીને વાત કરી જે, ભગવાનના ભક્ત બે પ્રકારના છે. એકને અવગુણ આવતો નથી ને બીજાને અવગુણ આવે છે પણ ટાળી નાખે છે. જે ટાળી નાખે છે તેની બુદ્ધિ શાપિત છે. અને શાપિત બુદ્ધિ ટાળવી હોય તો, બીજા નિષ્કામાદિક ગુણે યુક્ત રહે છે તેથી વિશેષ નિષ્કામાદિક ગુણે યુક્તે રહેવું. એમ વિશેષ વર્તમાન પાળે તો શાપિત બુદ્ધિ ટળે. તેમા વિશેષ વર્તમાન પાળવામાં શાપિત બુદ્ધિવાળો કેમ વિશેષ પાળી શકશે ? તેનો ઉત્તર જે, વિશેષ પાળવું ખરું તે કેમ ? તો જેનાથી બુદ્ધિ શાપિત થઇ તે શું ? તો અંતઃકરણે કરીને શાપિત થઇ છે તો

તેણે અંતઃકરણમાંથી જ ભગવાન ને ભક્તનું સારું બોલવું, સારું વિચારવું. તેણે કરીને ભગવાન ને ભક્તની તેના ઉપર કૃપા થાય તો શાપિત બુદ્ધિ ટળે. તેટલા માટે વિશેષ વર્તાય તો તે બુદ્ધિ ટળે અને અંતઃકરણાદિક જીતવાની જુક્તિ સત્તપુરુષ પાસેથી શીખવી.

પછી લોયાનું ૧૪ મું વચનામૃત વંચાવીને કહ્યું જે, નિશ્ચય થાવો અતિ કઠણ છે. તે વસ્તુ મળી હોય તેનો નિશ્ચય તેમાં થાવો તેમા તે કઠણ છે. જે વસ્તુ જે ટાણે મળી હોય એનો નિશ્ચય થાય તે વાત મોટી છે. અને અવતારાદિકની મૂર્તિઓ તે મનુષ્યથી વિજાતિય છે. પણ તેના ભક્તને તેમાં નિશ્ચય થયો તે જો ન સમજે તો ન થાય. માટે નિશ્ચયની વાત અટપટી છે એમ સમજવું. માટે જે વસ્તુ જેવી છે તેવી સમજવી તે જ નિશ્ચય છે. અને ભગવાન, અક્ષર તથા પુરુષાદિક સર્વ તત્ત્વોને વિષે ભગવાનને તેવી તેની તારતમ્યતાએ કરીને ભગવાનને ઓળખવા. તેને સમજણ સહિતનો નિશ્ચય કહેવાય. અને પોતાને ભગવાનના ભક્તથી નીચો સમજે ત્યારે નિશ્ચય થાય છે. અને પોતાનો દોષ દોષેરહિતની આગળ જાહેર કરે તો દોષ ટળે, નહીંતર ન ટળે. - ૧૦

● સંવત્ ૨૦૧૫ ના શ્રાવણ વદિ ૭, તા. ૨૫/૦૮/૧૯૫૯ ને મંગળવારે ઈવનગર સ્વામિનારાયણ મંદિરની ઓસરીમાં પ.પૂ. સ્વામીશ્રીએ વાત કરી જે, આ જીવના સ્વભાવ સામે જોઈએ તો મુમુક્ષુતા છે જ નહીં. અને મુમુક્ષુ હોય તેને તો આ લોકમાં કોઈ જગ્યાએ શાંતિ થાય જ નહીં. અને પરલોકનું સુખ હાથ ન આવે ત્યાં સુધી મુમુક્ષુ કાયમ માટે દુઃખિયો વર્તે. માટે મુમુક્ષુ હોય તેને પોતાના અવગુણ સુઝે અને બીજાના ગુણ સુઝે. માટે મુમુક્ષુ ક્યારે થવાય ? તો અનેક જન્મના સંસિદ્ધ સુકૃત પ્રાપ્ત થાય ત્યારે મુમુક્ષુબુદ્ધિ આવે. ને ત્યારબાદ વૈરાગ્યની ઈચ્છા, ધર્મની ઈચ્છા ને આત્મનિષ્ઠા વગેરે શુભ ગુણ મેળવવાની ઈચ્છા મનમાં આકર્ષણ થાય. તે કેવી રીતે ? તો કહ્યું છે જે,

**કરું ઉપાય હવે એહનો, ડોળી દેશ-વિદેશજી,**
**કોઈ ઉગારે મુને કાળથી, તેને સોંપુ આ શિશજી.**

એમ નિરંતર વર્ત્યા કરે, જેમ નદી વાંકી ચાલે પણ નિરાંત કરીને ક્યારે બેસે ? તો જ્યારે સાગરને મળે ત્યારે. તેમ મુમુક્ષુ તે ભગવાનને મળે ત્યારે શાંતિ લહે. શાંતિ તો એકાંતિકના સંગમાં રહે છે. તે સંગ કરે તે સત્તારૂપ થાય. તે સત્તારૂપ આત્મા કેવો છે ? તો જેને વિષે કાંઈપણ પેશે જ નહીં એવો અચળ ભગવાનનો ભરોસો વિશ્વાસ સહિત દેહનો અંત આવે ત્યાં સુધી ભગવાન સિવાય બીજું દૃષ્ટિમાં ન આવે ને દૃષ્ટિમાં આવે તો તેનો તેને ત્યાગ કરતાં પણ વાર ન લાગે. એવી મુમુક્ષુ બુદ્ધિ જીવને પ્રાપ્ત થઈ હોય તે કૃતાર્થ છે. માટે આપણે છતે દેહે જ સુખને ઈચ્છવું. તેણે આવા મુમુક્ષુનો સંગ કરવો. - ૧૧

● સંવત્ ૨૦૧૫ ના શ્રાવણ વદિ ૮, તા. ૨૬/૦૮/૧૯૫૯ ને બુધવારે સદ્. જોગી સ્વામી તથા ઉત્તમચરણદાસજી સ્વામી તથા સદ્. શ્રીહરિદાસજી સ્વામી તથા સદ્. ભક્તિસેવાદાસજી સ્વામી તથા સદ્. શ્વેતવૈકુંઠદાસજી સ્વામી આદિક સંતોની ઈવનગર ગામમાં હરિભક્તોને ઘરે ઘરે પધરામણી થઈ. તેમાં ઓધવજીભાઈ મૈયાભાઈ ચોટલિયાની ઘરે પધરામણી વખતે જોગી સ્વામીએ વાત કરી જે, વ્યાપકાનંદ સ્વામીને મહારાજે કહ્યું જે, બ્રહ્મલોકમાં જઈ આવો, ઈન્દ્રલોકમાં જઈ આવો. ત્યારે તેણે કહ્યું જે, જઈ આવ્યો. ત્યારબાદ કહ્યું જે ભૂમાપુરુષ પાસે જાવ. ત્યારે તેણે કહ્યું જે આડો હજાર માથાનો દૈત્ય છે. ત્યારે તેને કહ્યું જે, તેને જીતીને જાવ. ત્યારે તે સંતે તેમ જ કર્યું. ત્યારે ભૂમાપુરુષ પાસે ગયા. ત્યારે ભૂમાપુરુષે તે સંતને પોતાના સ્થાનકે પધરાવી પૂજા, આરતી, સ્તુતિ કરી. પછી તે ભૂમાપુરુષે તે સંતને પૂછ્યું કે, અત્યારે પૃથ્વીને વિષે પ્રભુનો અવતાર થયો ? ત્યારે સંતે કહ્યું કે હા. ત્યારે ભૂમાપુરુષ બોલ્યા કે, જ્યારે હું આ સ્થાનકે આવ્યો ત્યારે મહારાજે મને કહ્યું હતું કે, જ્યારે અમે પૃથ્વી ઉપર આવશું ત્યારે તમારી પાસે સંત મોકલશું. તે વાત આજ મહારાજે સત્ય કરી. ત્યારે એવો અલૌકિક પ્રતાપ જોઈ ભૂમાપુરુષના લોકના માનવી પરમ પ્રાપ્તિને પામી ગયા, મોક્ષગતિ થઈ ગઈ. એવો અલૌકિક પ્રગટ ભગવાનનો પ્રતાપ પૃથ્વી ઉપર છાઈ રહ્યો છે.

વ.ગ. મધ્ય પ્ર. ૫૦ મું વચનામૃત વંચાવીને પ.પૂ. સ્વામીશ્રીએ વાત કરી જે, બ્રહ્મસ્વરૂપને વિષે પોતાના આત્માને લીન કરી રાખ્યો છે તો તે બ્રહ્મસ્વરૂપ એટલે શું ? આ પૃથ્વી ઉપર જે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ આદિક જે ગુણ તે બ્રહ્મસ્વરુપના ગુણ છે. તે જ બ્રહ્મનું સ્વરૂપ છે. તે ગુણોને જે ઠેકાણે રહેવાનું સ્થાન છે તે જ સ્થાનને બ્રહ્મનું સ્વરૂપ જાણવું. એકરસ પરિપૂર્ણ બ્રહ્મસ્વરૂપને વિષે પોતાના આત્માને લીન કરી રાખ્યો તેમાં ચોથો પ્રલય આવી ગયો. બ્રહ્મમાં લીન થયો એટલે આત્યંતિક પ્રલય થાય તો જ બ્રહ્મમાં લીન થઇ શકે. આ સ્વરૂપ સમજવામાં પોતાનો દેહભાવ આડો આવે છે.

**"હું ટળ્યે હરિ ઢુંકડા, તે ટળાય દાસે રે"**

આટલું સમજાય તો કામ થઇ જાય. મહારાજ કહે કે, અમે માતાના ગર્ભમાં હતા ત્યારે પણ આ મૂર્તિને દેખતા ગર્ભમા આવ્યા પહેલા પણ દેખતા, અત્યારે પણ આ મૂર્તિને દેખીએ છીએ પણ આ ગઢડું શહેર તથા દરબારગઢ કાંઇ દેખવામાં આવતું નથી. આટલી વાત જો સમજ્યામાં આવશે તો પછી કાંઇ કરવું રહેશે નહીં. આ વાત સમજ્યામાં આવશે ત્યારે કામ ક્રોધાદિક દોષ જીતવામાં કાંઇ પ્રયાસ પડશે નહીં. બ્રહ્મસ્વરૂપને વિષે લીન કરી રાખ્યો એટલે શું ? તો હેતે કરીને જોડી રાખ્યો. આ અર્થ થાય તો જ વાત સંભવે છે.

બીજી વાત મુક્ત એટલે શું ? મુક્ત કેને કહેવાય ? તો માયા અને ભગવાન તે બન્ને વિષે ઊભેલો જે તે જ્યારે માયા સામીથી દ્રષ્ટિ ફેરવી ભગવાન સામી કરે ત્યારે જ મુક્ત થયો જાણવો. - ૧૨

● સંવત્ ૨૦૧૫ ના શ્રાવણ વદિ ૯, તા. ૨૭/૦૮/૧૯૫૯ ને ગુરુવારે ઇવનગર સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ. સ્વામીશ્રીએ વાત કરી જે, મહારાજે ગ. પ્ર. ૬૩ મા વચનામૃતમાં પહેલા પ્રશ્નમાં નિશ્ચયમાં ખામી હોય તેને કેવા સંકલ્પ થાય ? તે હકીકત બરાબર કહી છે. બીજા પ્રશ્નમાં પરિપક્વ નિશ્ચય હોય તેને કેવા સંકલ્પ થાય ? તે પણ બરાબર

જોઈએ તેમ કહ્યું છે. ત્રીજા વાક્યમાં જે તત્ત્વે કરીને ભગવાનના સ્વરૂપને સમજે તેને કાંઈપણ સમજવું રહેતું નથી. ને ચોથા વાક્યમાં પૂછયું કે, એવી રીતે અનુક્રમ પ્રમાણે ભગવાન પૃથ્વી ઉપર આવે છે કે કેમ ? તે વાત પણ કહી. ત્યારબાદ ભગવાનનો નિશ્ચય હોય તેના લક્ષણ લખ્યાં. પહેલા વાક્યમાં ભગવાનના નિશ્ચયમાં કસર હોય તેને એમ થાય કે, ભગવાન મળ્યા છે પણ કલ્યાણનો ભરોસો ન હોય એટલે ભગવાન ચમત્કાર જણાવે તો આનંદ થાય. ન જણાવે તો અંતર ઝાંખુ થઈ જાય. પોતામાં જે દોષ હોય તેને ટાળે તો પણ ટળે નહીં. ત્યારે તેવો ને તેવો દોષ ભગવાન વિષે પરઠે. જેમ મારા કામાદિક ટળતા નથી, તેમ એના પણ ટળતા નહીં હોય. એમ ભગવાન તથા મોટાને વિષે માન્યતા થાય. પણ મોટાનો મહિમા, પ્રતાપ, ઐશ્વર્ય શું છે ? તે નથી જાણતો તેથી કરીને એના મનમાં અસંતોષ, અવિશ્વાસના મનસૂબા રહે છે. ને ભગવાન પ્રતાપ દેખાડે ત્યારે અહો ! આનંદ !! ઘડીક ઉદાસી થાય પ્રતાપ ન દેખાડે ત્યારે. એ ભક્ત તો પ્રલયમાં રહ્યો કહેવાય. માટે ભગવાન તે ભગવાન. એમ સમજે તે ખરો ભક્ત ગણવામાં આવે છે.

ચૈતન્યાનંદ સ્વામીના પ્રશ્નમાં કહ્યું કે, પક્વ નિશ્ચય હોય તેને કેવા મનસૂબા, કેવો અંતરમાં આનંદ, સુખ, પ્રાપ્તિ રહે છે ? તેમાં તેને મનસૂબાથી માલૂમ પડે કે મારે સર્વ પ્રાપ્તિ થઈ રહી છે. એટલે અધૂરું કોઈ પ્રકારનું મનાય નહીં. જ્યાં નારદ સનકાદિક હોય ત્યાં સુખ હોય તો આ સંત સર્વે નારદ સનકાદિક જેવા છે ને બાયું હરિભક્તો તે દ્રૌપદી, કુંતાજી આદિક જે ભગવાનને રાખતી હતી તેવી સમજવી, ને હરિભક્ત તે તો જેવા ઉદ્ધવ, અક્રુર, સુદામા, વૃંદાવનના ગોપ તેવા માને. અટાણે હયાતિમાં પર્વતભાઈ, કલ્યાણબાપા જેવા મનાય, આનંદ થાય ને હું ગોલોક, વૈકુંઠ આદિક ભગવાનના ધામ તેને પામી જ રહ્યો છું. હું કૃતાર્થ છું. ને મારા ભેળો નિવાસ થાય તે પણ કૃતાર્થપદને પામે. એવો અહોનિશ આનંદ જેના ચિત્તમાં સ્ફૂરે ત્યારે તેને પોતાને એમ માની જ લેવું જે મારે પરિપક્વ નિશ્ચય છે.

ત્રીજા વાક્યમાં ભગવાનને તત્ત્વે કરીને સમજે તેને તે પછી સમજવું બાકી ન રહે. તેમાં એક તો ભગવાનની મોટ્યપ સમજવી, બીજું જે જે થકી

મોટું હોય તે તે થકી સૂક્ષ્મ હોય તે તેમાં રહ્યું હોય અને તેનું કારણ પણ હોય, આ વાત અવશ્ય સમજવી. અને અક્ષરની સંકોચ વિકાસ અવસ્થા થતી નથી. સદા એકરૂપે સમજે તે ઠીક છે. ત્યારબાદ ભક્તનો મહિમા ભક્તની મોટ્યપ તે ભગવાનના ભક્તના એક એક રોમમાં અસંખ્ય કોટિ સૂર્યનું તેજ છે. આ વાત પણ સમજવી. અને ભગવાન જ્યારે પૃથ્વી પર પધારે ત્યારે પ્રકૃતિ અને તેથી ઓરા જે જે વસ્તુ તેમાંથી સોંસરા સીધા અવતાર લ્યે છે કે અક્ષરમાં પ્રવેશ કરીને અક્ષરરૂપે થાય, પુરુષ પ્રકૃતિરૂપે થાય. પ્રધાન પુરુષ વૈરાટ આદિક તથા દેવતા આદિકમાં થઈને ભગવાન મનુષ્યાકૃતિ ધારે છે. તે વિગત બરાબર જેમ છે એમ સમજવી ને પૃથ્વીને વિષે ભગવાનના લક્ષણ ને સંતના લક્ષણ જાણવા. આ વાત પણ એક અવશ્ય સમજવી. તે સંત અત્યંત ત્યાગી છે છતાંય ભગવાન ને ભગવાનના વચનને અનુસરીને પ્રવૃત્તિમાં જોડાય. બાકી સ્વભાવ જીવ સાથે જીવ ભેળો છે. છતાંય ભગવાનની તથા સંતની મરજી દેખે તો મૂકવામાં વાર ન લાગે ને સ્વભાવ છે છતાં કથા કરે, કીર્તન કરે પણ કથા-કીર્તન, ભજન-સ્મરણ તજી ન શકે. ને ભગવાન જ્યારે પૃથ્વી ઉપર હોય ત્યારે પોતે પોતાના ભક્તને અર્થે પ્રવૃત્તિને કરે ને પક્ષ રાખવા દુનિયાની જરા પણ અદબ ન હોય ને તે ભક્તમાં રહી ભક્તની રક્ષા અહોનિશ ભક્તરૂપે થઇ કરે છે. આ લક્ષણ ભગવાનનું તેના લક્ષણથી તે વાત બરાબર સમજ્યા પછી સમજવું બાકી રહેતું નથી. નહિ તો ગમે તેટલું સમજે પણ સમજણ્યનો અંત ન હોય. - ૧૩

● સંવત્ ૨૦૧૫ ના શ્રાવણ વદિ ૧૩, તા. ૦૧/૦૯/૧૯૫૯ ને મંગળવારે બોડકા (સ્વામીના) સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ. સ્વામીશ્રીએ વાત કરી જે, જેમ ગોલોકવાસી શ્રીકૃષ્ણ તેને રહેવાનું ધામ છે. જેમ વૈકુંઠવાસી રામચંદ્ર ભગવાન તેને રહેવાનું વૈકુંઠધામ છે. જેમ શ્વેતદ્વિપ વાસીને રહેવાનું શ્વેતદ્વિપધામ છે. જેમ બદ્રિકાશ્રમ વાસી નરનારાયણને બદ્રિકાશ્રમધામ છે. તેમ અક્ષરાતીત પુરુષોત્તમને રહેવાનું ધામ અક્ષર છે. તો તે અક્ષર અનંત અપારરૂપે સર્વત્ર બધે ઠેકાણે છે. પણ પોતે પોતાના સ્થાનને તજી બીજા અવતારના સ્થાનકે નથી જાતા. તેમ પુરુષોત્તમ પણ પોતાના જે સ્થાન તે

સ્થાનમાં તે રીતે રહ્યા થકા સર્વજનની અનેક રીતે, અનેક રૂપ ધારીને પોતે સ્વતંત્ર થકા સ્વઈચ્છાથી બધાની એક કળાવછિન્ન રક્ષા કરે છે. બધાનું પોષણ કરે છે. તે જ રીતે દર્શન આપવા પોતે સ્વતંત્ર સ્વરાટ્ છે. છતાં તે જ રીતે અક્ષરઘામમાં રહ્યા થકા ભક્તોના ભાવ પૂરા કરે છે. એવા અપાર, અગણિત જેનામાં શક્તિ, ઐશ્વર્ય, પ્રકાશ, ગુણ એવા રહ્યા છે. તેનું વર્ણન શાસ્ત્ર પણ કરી શકે નહીં. શાસ્ત્ર પોતાની શક્તિ પ્રમાણે વસ્તુની સ્વરૂપની કિંમત કરે પણ બની શકે નહીં. એવા ભગવાન કૃપાએ કરીને અહોનિશ દ્રષ્ટિમાં જેને છે તેના ભાગ્ય કોઈપણ કહી શકે નહીં. એવા સ્વામિનારાયણ ભગવાનને અમારા કોટાન કોટિ દંડવત છે. - ૧૪

● સંવત્ ૨૦૧૫ ના ભાદરવા સુદિ ૫, તા. ૦૭/૦૯/૧૯૫૯ ને સોમવારે પીપલાણા સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ. સ્વામીશ્રીએ વાત કરી જે, ગ.અં.પ્ર. ૨૧ મા વચનામૃતમાં ગોપાળાનંદ સ્વામીને અને શુક સ્વામીને પ્રશ્ન-ઉત્તર કરવાની શ્રીજી મહારાજે આજ્ઞા કરી. પછી શુક સ્વામીએ ગોપાળાનંદ સ્વામીને પ્રશ્ન પૂછ્યો જે, જે પ્રાપ્તિ ભક્તિએ કરીને થાય છે. તે પ્રાપ્તિ ધર્મમાં જણાતી નથી. તો ભક્તિ સરખી ધર્મમાં ક્યે પ્રકારે ગૌરવતા આવે ? કેમ કે ભક્તિએ કરીને તો જીવ ભવના બંધન થકી મુક્ત થાય છે ને મોક્ષ પદવીને પામે છે. ને ધર્મે કરીને તો દેવલોકની પ્રાપ્તિ થાય છે. તે પણ પુણ્યને અંતે પાછો સ્વર્ગમાંથી પડે છે. પણ જે પ્રાપ્તિ ભક્તિએ કરીને થાય છે તે પ્રાપ્તિ ધર્મમાં જણાતી નથી. માટે ક્યે પ્રકારે ભક્તિ સરખી ધર્મમાં મહત્તા આવે. ને ભગવાનના જે અવતાર પૃથ્વીને વિષે થાય છે તે ધર્મના સ્થાપનને અર્થે થાય છે. પણ ભક્તિના સ્થાપનને અર્થે થતા નથી. માટે ભક્તિ સરખી ધર્મમાં ગૌરવતા ક્યે પ્રકારે આવે ? એ પ્રશ્ન છે. પછી એનો ઉત્તર સદ્. ગોપાળાનંદ સ્વામી બહુ જ રીતથી કરવા લાગ્યા. પણ જે જે વાત કરે તેમા ધર્મ તે ભક્તિનું અંગ થઈ જાય. પણ ભક્તિ સરખી ધર્મમાં ગૌરવતા ન આવે તેથી શ્રીજી મહારાજ અતિશય હસતા હવા. ને એમ બોલ્યા જે, એ પ્રશ્ન ઉત્તર ઘણો કઠણ છે. એનો ઉત્તર અમે કરીએ છીએ જે, ધર્મ છે તે બે પ્રકારના છે. તેમા એક ધર્મ ભગવાનના સંબંધે સહિત છે. ને એક ધર્મ તે

ભગવાનના સંબંધે રહિત છે. ને ભગવાનના સંબંધે સહિત જે ધર્મ છે તે ભાગવત ધર્મ કહેવાય છે. ને ભાગવત ધર્મ ને ભક્તિ બે નથી તે તો એક જ છે. જે પ્રાપ્તિ ભક્તિએ કરીને થાય તે જ પ્રાપ્તિ ધર્મે કરીને થાય છે. અને શુકજી, જડભરત, નારદ એ આદિક ભક્તજનનો પણ એ જ ધર્મ છે. એને જ ભાગવત ધર્મ કહે છે. તેની સ્થિતિને જ ભાગવત ધર્મ કહે છે. માટે શુકજી, જડભરતના સરખો અમારા જીવનો ઢાળો છે. ને અમારો પણ એ જ મત છે. માટે અમારે પણ વન, જંગલ, પર્વત એમા જ રહેવું સારું લાગે છે. પણ શહેર - પાટણમા રહેવું સારું લાગતું નથી. પણ ભગવાન અને ભગવાનના ભક્તને અર્થે લાખો માણસના ભીડામાં રહીએ છીએ. પણ અમારા સુખને વાસ્તે રહેતા નથી. અને ભગવાન ને ભગવાનના ભક્તને જે સ્વભાવ ન ગમે તે અમે રાખતા નથી. ને પોતામાં કોઇક અયોગ્ય સ્વભાવ હોય તે ટાળવો પણ ભગવાનના ભક્તમાં કોઇ જાતનો સ્વભાવ જોવો નહીં. દેખાય તો પણ એનો અવગુણ લેવો નહીં. ને ભગવાનનો ભક્ત હોય તે સુઝે એટલો વાંકમાં આવે તો પણ અમને તો એનો અવગુણ આવે જ નહીં. પણ એ જાતનો કોઇક અયોગ્ય આપણામાં સ્વભાવ હોય તે ટાળવો. ને ભગવાનનો ભક્ત સુઝે એટલો વાંકમાં આવે તો પણ અમે એનો ત્યાગ કરતાં નથી. પણ એ જ એની મેળે સત્સંગમાંથી માગ દઇ જાય તો ભલે. પણ અમે તો એનો ત્યાગ કરતા જ નથી. માટે દેહ તથા દેહના સંબંધીમાં હેત રહી જાય એવું હેત અમે ભગવાન ને ભગવાનના ભક્તને વિષે કર્યું નથી. ભગવાનના ભક્તમાં હેત સત્તારૂપ થઇને કર્યું છે. ને ભગવાનના ભક્ત તો જેવા શ્વેતદ્વિપમાં, બદ્રિકાશ્રમમાં, વૈકુંઠલોકમાં, ગોલોકમાં ભગવાન ને ભગવાનના પાર્ષદ છે તે જેવા જ આ સત્સંગી છે. એમા જો લગારે ય મિથ્યા કહેતા હોઇએ તો અમને ભગવાન તથા ભગવાનના ભક્તના સમ છે. માટે ભગવાનના ભક્તને જે જીતે છે તે તો અમને દીઠો પણ ગમતો નથી. માટે દેહ તથા દેહના સંબંધી જેવું હેત ભગવાન તથા ભગવાનના ભક્તમાં કર્યું નથી. તે તો સત્તારૂપ થઇને જ કર્યું છે. જેમ મીણે પાયેલ દોરો હોય ને તે ચોમાસામાં અને શિયાળામાં અક્કડ રહે. પણ જ્યારે ઉનાળાનો

તાપ લાગે ત્યારે ઢીલો થઇ જાય છે. અને આ સત્સંગમાં તો સત્તારૂપે નહી વર્તતો હોય તેનું રૂપ આ સત્સંગમાં ઉઘાડું થયા વિના નહીં રહે. ને આ સત્સંગ તો દર્પણ તુલ્ય છે. અને અલૌકિક છે. તો દેહ તથા દેહના સંબંધી જેવું હેત શા સારું કર્યુ જોઇએ ? માટે એથી અધિક હેત કરવું એવો અમારો અભિપ્રાય છે. ને ભગવાનના ભક્ત છે તે જ અમારે સગા-વ્હાલા છે. તે જ અમારી નાત છે. ને આ દેહે કરીને પણ ભગવાન ને ભગવાનના ભક્ત ભેળે રહેવું છે એવો અમારો નિશ્ચય છે. માટે ભગવાન અને ભગવાનના ભક્ત ભેળે રહેવું તેને અર્થે જે સુકૃત કર્મ કરવું તે અકર્મ ને ભક્તિ સરખી ધર્મમાં મહત્તા છે. આ વાત જો જીવમાં ઉતરે તો ભગવાન તથા ભગવાનના ભક્ત અલૌકિક છે તે લૌકિક દેખાય નહીં. તે તો અલૌકિક જ છે. ને તેને વિષે જે લૌકિક ભાવ રાખે તે ભલે ભક્તિ કરતો હોય અને શુકજી જડભરતના જેવું વર્તન કરતો હોય તેના શાસ્ત્ર વખાણ કરે છે, પ્રમાણ કરે છે, પણ ભગવાનના ભક્તના સ્વભાવ નથી ગમતા, નથી સારા લાગતા તો તે નિવૃત્તિ પરાયણ વર્તે છે તો પણ તે કર્તા સમજવો. આવો અલૌકિક ધર્મ સ્થાપવા ભગવાનનો અવતાર છે. - ૧૫

● સંવત્ ૨૦૧૫ ના ભાદરવા સુદિ - ૬ તા. ૦૮/૦૯/૧૯૫૯ ને મંગળવારે, પીપલાણા સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ. સ્વામીશ્રીએ વાત કરી જે, ગઢડા પ્ર. પ્રકરણના ૩૭ માં વચનામૃતમાં શ્રીજી મહારાજે પોતાની મેળે આ કૃપાવાક્ય ભક્તને આનંદરૂપ અમૃત પાયું છે. તે શ્રીજી મહારાજ એમ કહે છે જે, નારદજી જેવો ગુણીયલ હોય પણ જો તેના હૃદયમાં ભગવાનની ભક્તિ ન હોય તો તે અમને ન ગમે. તે ભક્તિ શું ? તો જ્યારે આત્યંતિક પ્રલય થાય છે ત્યારે પણ જેવા પ્રગટ પૃથ્વી ઉપર ભગવાન તથા ભગવાનના ભક્ત ભગવાનની સમીપે બિરાજે છે, તેવાને તેવા જ રહે છે. એવી જેને સાકારનિષ્ઠા છે, ભલે તે જેવો તેવો હોય તો પણ તે અમને બહુ ગમે. કેમ કે સાકારપણાની પ્રતીતિનો અર્થ વેદાંતશાસ્ત્ર સર્વકારણ, સર્વવ્યાપક નિર્ગુણપણે જે પ્રતિપાદન કરે છે તે જીવની બુદ્ધિમાંથી માયિકભાવ કાઢવાને વાસ્તે કરે છે. માટે ભગવાન વિના બીજા કોઇ જગતના કર્તા છે જ નહીં. ને

તેના સિવાય કોઈ સૂકું પાંદડું ફેરવવા સમર્થ છે જ નહીં. એવી રીતે જેને ભગવાનને વિષે કર્તાપણાની ટેક તે સાકાર સમજ્યો કહેવાય. ને તે ભક્ત ભગવાનને પ્રતાપે કરીને નાવમાં બેસીને એટલે ભગવાન વતે પોતાનું કલ્યાણ માને છે. અને પોતાના સાધન વતે જે સુખ માને, કલ્યાણ માને તે તો નાવ વિના પોતાના બાહુબળે તરીને સમુદ્ર તરવાને ઈચ્છે એવા જાણવા. તે મૂરખ ગણાય છે. ને ગમે તેટલા ત્યાગ, વૈરાગ્ય, તપ, નિયમ રાખે તો પણ તેનો અમારા અંતરમાં ભાર ન આવે ને ભગવાન જેવા પૃથ્વી ઉપર છે તેવા ને તેવા સમજે, જાણે, પોતાને સાક્ષાત મેળાપ માને તો તેને દર્શને કરીને અનંત પતિત જીવનો ઉદ્ધાર છે. માટે એવા જે મોટા તે તો ચૈતન્યની મૂર્તિ થઈને ભગવાનના હજૂરમાં રહે છે. એવા એ મોટા છે. તો તેનાં દર્શનમાં અનંત પતિત જીવનો ઉદ્ધાર છે ને તેના દર્શનને તો અમે પણ ઈચ્છીએ છીએ. ને તેને દુઃખવતા થકા મનમાં બીએ છીએ એવા એ મોટા છે. માટે આવો અલૌકિક, આ જીવને શ્રીજીએ પોતે પોતાના ભક્ત દ્વારા કાયમ મોક્ષ રાખ્યો છે. એવો મહિમા, મોટ્યપ, સામર્થી જો જીવને જણાય તો વિષયસુખ તજવા-મેલવા પડતા જ નથી. એની મેળે જેમ દેહથી અંગરખું અળગું છે તેમ વિષયસુખ ચૈતન્યથી ભિન્ન છે. તે ચૈતન્ય ભેળા મનાય જ નહીં. ને ચૈતન્ય ભેળા માને તો ચૈતન્ય તે ચૈતન્ય નથી. આ વાત જરૂર સમજી તે ડાહ્યો ને મોટો ગણાય. આવો લાભ મૂકીને પોતાના સાધન જરૂર અળગા કરવા એટલે મૂકી દેવા એમ નથી, પણ પહેલા ભગવાન ને પછી તેના રાજીપાને અર્થે સાધન કરવા. - ૧૬

● સંવત્ ૨૦૧૫ ના ભાદરવા સુદિ ૬, તા. ૦૮/૦૯/૧૯૫૯ ને મંગળવારના રોજ રાત્રે પીપલાણા સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ. સ્વામીશ્રીએ વાત કરી જે, આ દુનિયામાં

**કૌક કહત યહ મૂઢ, કૌક કહે બહુત પ્રવિના,**
**કૌક શિર ડારત ધૂર, કૌક તન ચંદન કીના,**
**કૌક કહે યહ નીચ, કૌક કહે ઉંચ અતંતા,**
**હરખ શોક નહી હોત, માન તજી ફીરત મહંતા,**

**નિજ રૂપ દેહ માનત નહીં, બ્રહ્મરૂપ હોય વિચરે,**
**મન કાય ગીરા કરી, બ્રહ્મમુનિ તાકુ નિજ વંદન કરે.**

આવી રીતે જે બ્રહ્મદ્રષ્ટિ જેનામાં તે બ્રહ્મ કહેવાય. તે બ્રહ્મ સનાતન નહીં. સનાતન બ્રહ્મ તો **"નિજ પણ મેટકે ભિષ્મ પણ રાખ્યો સહિ"** એ રીતે જે પોતાનું પણ મેલે અને ભક્તનું પણ રાખે તે સનાતન બ્રહ્મ કહેવાય. બાકી તો દુનિયા આખી જળને બ્રહ્મ કહે છે. પાવક જે અગ્નિ તેને પણ બ્રહ્મ કહે છે. પણ અગ્નિમાં દાહક શક્તિ રહે છે. ને જળમાં બુડાડવાનો સ્વભાવ જોવામાં આવે છે, તેમ બ્રહ્મનો ગુણ છે પણ પોતાનું પણ મેલે અને ભક્તનું પણ રાખે તે સનાતન બ્રહ્મ છે. માટે સમર્થ થકા ઝરણા કરે તેને અતિ મોટા જાણવા. એ સમર્થ તો કેવા ? તો તેના નેત્રમાં ભગવાન જોનારા છે એના પગમા ચાલનારા ભગવાન છે એમ એ સંતની સર્વ ઈન્દ્રિયોમાં સર્વ પ્રકારે ભગવાન રહ્યા છે. છતાંય સહન શક્તિ તે બ્રહ્મનો ગુણ છે. જગતમાં અસમર્થ હોય તે તો સહન કરે પણ સમર્થ થઈને સહન કરે તે અતિ મોટા છે. એવાના દર્શનમાં સર્વ તીર્થ, સાધનની સમાપ્તિ થાય છે. ને તેને મળે તેને જ ભગવાન મળે છે. બાકી તો વનમાં જાય, તપ કરે ને સૂકાય જાય છતાંય બ્રહ્મ ઘટતું નથી. બ્રહ્મ તો એક પરમાત્મા શ્રીકૃષ્ણ સનાતન છે. તે એકદેશી થકા સર્વદેશી છે. સર્વત્ર માનવા, ભજવા તે ઉપાસકનું કર્તવ્ય છે. આટલું કર્યું તેને સાધનની સમાપ્તિ થઈ બાકી તો જીવ ગમે એટલા સાધન કરે પણ સાધનથી કલ્યાણ તે ભક્તની દ્રષ્ટિમાં જોવાતું નથી. માટે સમજુને પરમાત્મા, પરબ્રહ્મ સાક્ષાત દષ્ટિમાં છે. તેને જ માનવા, ભજવા, પૂજવા એટલે સાધનની સમાપ્તિ કહેવાય. - ૧૭

● સંવત્ ૨૦૧૫ ના ભાદરવા સુદિ ૭ ને તા. ૦૯/૦૯/૧૯૫૯ ને બુધવાર, પીપલાણા સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ. સ્વામીશ્રીએ વાત કરી જે, શ્રીજી મહારાજે વડતાલના ૩ જા વચનામૃતમાં કહ્યું છે કે, ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ એ ચાર સંપૂર્ણ હોય તે આપણા ઉદ્ધવ સંપ્રદાયમાં મોટો કરવા યોગ્ય છે. પણ તે ચારેય સાધન એકમાં આવે એવું એ ચારમાં કયું

સાધન છે ? પછી સંત મંડળે કહ્યું કે, હે મહારાજ ! એવો તો એક ધર્મ છે. ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે, ધર્મ તો કેટલાક વિમુખ માણસમાં પણ હોય. તેથી આ સત્સંગ મોટો કરવા યોગ્ય છે નહીં. પછી શ્રીજી મહારાજે પોતે જ ઉત્તર કર્યો જે, એક માહાત્મ્ય સહિત ભગવાનની ભક્તિ હોય તે આ સત્સંગમાં મોટો કરવા યોગ્ય છે. ને માહાત્મ્ય સહિત ભક્તિ જેના હૃદયમાં હોય તો એ ચારેય વાના તે ભક્તમાં આવે છે. એવી અસાધારણ ભક્તિ તો ગોપીઓને હતી. તે જ્યારે વૃંદાવનમાં ભગવાન પાસે જવા દીધી નહી ત્યારે દેહ મૂકીને ગઇ.

એવી અસાધારણ ભક્તિ હોય તો એક ભક્તિમાં ચાર વાના આવે છે. પણ સામાન્ય ભક્તિમાં ચારેય આવતા નથી. તે એવી અસાધારણ ભક્તિ તો પૃથૂ રાજાને હતી. તે જ્યારે ભગવાને વર માગવાનું કહ્યું ત્યારે ભગવાનની કથા સારું દશ હજાર કાન માગ્યા. એવી અસાધારણ ભક્તિ જેમાં હોય તેના સંગ થકી જ તે ભક્તિ ઉદય થાય છે. હવે તે અસાધારણ ભક્તિવાળા પુરુષ ચાર પ્રકારના છે. એક તો દીવા જેવા, બીજા મશાલ જેવા, ત્રીજા વિજળીના અગ્નિ જેવા અને ચોથા વડવાનળ જેવા. તેમાં વિજળીના અગ્નિ જેવા સાધન દશાવાળા ભગવાનના ભક્તને ગમે તેવા વિષય પ્રાપ્ત થાય પણ તેમાં ન બંધાય. કહેતા વિષય તેને ન લોપે. ને સિદ્ધદશાવાળા પરમ એકાંતિક વડવાનળ જેવા મોટા પુરુષ તે તો જેમ વડવાનળ સમુદ્રમાં રહે છે. પણ તેને સમુદ્રનું પાણી ખપતું નથી. ને સમુદ્રનું પાણી પી જાય તો તે પાણીને મૂળ દ્વારા કાઢે ત્યારે તે પાણીને મેઘરાજા લાવીને સંસારમાં વૃષ્ટિ કરે છે. તેમાં નાના પ્રકારના રસ થાય છે. કેમ જે સિદ્ધદશાવાળા ભગવાનના ભક્ત છે તે આસુરી જીવને પણ દૈવી કરે છે. અને પોતે તો પોતાની સ્થિતિમાં રહે છે. - ૧૮

● સંવત્ ૨૦૧૫ ના ભાદરવા સુદિ-૭, તા. ૦૯/૦૯/૧૯૫૯ ને બુધવારે પીપલાણા સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ. સ્વામીશ્રીએ વાત કરી જે, આ દેહમાં રહેનારો જે જાણે તે આત્મા. વિષયસુખનું જે પ્રમાણ કરે તે પણ આત્મા. ધર્મને જાણે તે પણ આત્મા. અધર્મથી ડરે તે પણ આત્મા.

અધર્મને ઓળખે તે પણ આત્મા. એવો આત્મા અલૌકિક આ લોકમાં દેહમાં રહ્યો થકો, દેહના સંગમાં રહ્યો થકો નિર્લેપ ને સત્તારૂપ આત્મા. આ રીતે આત્માનો વિચાર તે પણ આત્મા અને આને જુવે તે પણ આત્મા. એવો આત્મા ચૌદ બ્રહ્માંડમાં સોંસરો વિચાર તે પણ આત્મા. ને ઈન્દ્રિયોમાં રહ્યો થકો અસંગી તે પણ આત્મા. ને ઈન્દ્રિયોના કર્મને જાણે તે પણ આત્મા. ઈન્દ્રિયોના કર્મને અટકાવે તે પણ આત્મા. ને ત્રણ દેહને, ત્રણ અવસ્થાને, ત્રણ ગુણને એકકળાવ જાણે, જુવે, સમજે, અળગો રહે છતાં પ્રમાણ કરે તે પણ આત્મા. એવો સનાતન, અલૌકિક ભૌતિક દેહમાં રહ્યો થકો તે પણ આત્મા જ છે. તેના સંગાથી તે પણ આત્મા જ છે. જેમ ગામનું જળ ખરાબ છે પણ જાન્હવીમાં મળે તે જાન્હવી તુલ્ય. તેમ તેને જોઇ શકે તે પણ અદ્‌ભૂત આત્મા. તેના વેદ વખાણ કરે છે એવો આત્માનો જે વિચાર જેને આવે તેને કદી પણ ન્યૂન ન માનવો. ને કૃતાર્થ-પૂર્ણપણું માનવું. ને પૂર્ણપણું છે તે પણ આત્મા. ને કલ્પના છે તે દેહ છે. ને તે દેહના ભાવ દેહ ભેળા રાખવા. ને ચૈતન્ય જે આત્મા તેના ભાવ અછેદ્ય, અભેદ્ય, અજર, અમર, સુખરૂપ, સત્તારૂપ, તે પણ આત્મા જોવામાં આવે છે. આ એક વાત પણ અનેક પ્રકારથી, અનેક વચનથી, અનેકના સંગથી, શીખે, વાંચે, હેત કરે તે પણ આત્મા. - ૧૯

● સંવત્ ૨૦૧૫ ના ભાદરવા સુદિ - ૮, તા. ૧૦/૦૯/૧૯૫૯ ને ગુરુવારે પીપલાણા સ્વામિનારાયણ મંદિરમાં સવારમાં શાસ્ત્રી શ્રી ભગવતસ્વરૂપદાસજીએ વડતાલનું ૧૧ મું વચનામૃત વાંચ્યું. પછી પ.પૂ. સ્વામીશ્રીએ પ્રશ્ન પૂછ્યો જે, આત્યંતિક કલ્યાણ કેને કહીએ ? ત્યારે શાસ્ત્રીજી કહે સ્વામી તમે જ ઉત્તર કરો એટલે અમો સાંભળીએ. પછી સ્વામીએ ઉત્તર કર્યો જે, નિશ્ચય છે તે જ આત્યંતિક કલ્યાણ. તે વાત શ્રીજી મહારાજે કારિયાણીના ૭ માં વચનામૃતમાં કહી છે જે, જ્યારે બ્રહ્માંડનો પ્રલય થાય છે ત્યારે પ્રકૃતિના કાર્ય જે ચોવીસ તત્ત્વો તે સર્વે પ્રકૃતિને વિષે લીન થઇ જાય છે ને તે પ્રકૃતિ પુરુષ પણ અક્ષરબ્રહ્મના તેજમાં અદ્રશ્ય થઇ જાય છે. અને પછી એકલું સચ્ચિદાનંદ જે તેજ તે રહે છે. અને તે તેજને વિષે દિવ્ય મૂર્તિ

એવા જે પુરુષોત્તમ ભગવાન વાસુદેવ તે અખંડ વિરાજમાન રહે છે. અને તે જ પોતે દિવ્ય મૂર્તિ થકા જીવના કલ્યાણને અર્થે મનુષ્યાકૃતિએ કરીને પૃથ્વીને વિષે સર્વજનને નયનગોચર થકા વિચરે છે. તે તો સદા ગુણાતીત દિવ્ય મૂર્તિ છે. અને એ ભગવાન તો ઉત્પત્તિ, સ્થિતિ, પ્રલય એ સર્વે કાળને વિષે એકરૂપે કરીને જ વિરાજમાન છે. પણ માયિક પદાર્થની પેઠે વિકારને પામતા નથી. સદા દિવ્યરૂપે કરીને વિરાજમાન છે. એવી રીતે પ્રત્યક્ષ પુરુષોત્તમને વિષે જે દ્રઢ નિષ્ઠા તેને આત્યંતિક કલ્યાણ કહીએ.

વળી ગઢડા મધ્ય પ્રકરણના ૫૯ મા વચનામૃતમાં મહારાજે કહ્યું છે જે, ભગવાન કે ભગવાનના સંતની જ્યારે પ્રાપ્તિ થઇ ત્યારે એ જીવને એથી ઉપરાંત બીજુ કોઇ કલ્યાણ નથી. એ જ પરમ કલ્યાણ છે. તેથી ઉપર બીજું કોઇ કલ્યાણ નથી.

સિદ્ધદશા એટલે શું ? જે મૂર્તિનો નિશ્ચય થયો તે મૂર્તિ જ્યાં આપણી દ્રષ્ટિ જાય ત્યાં તે જ મૂર્તિ દેખાય તે સિદ્ધદશાનું લક્ષણ છે. - ૨૦

● સંવત્ ૨૦૧૫ ના ભાદરવા સુદિ - ૮, તા. ૧૦/૦૯/૧૯૫૯ ને ગુરુવારે પીપલાણા સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ. સ્વામીશ્રીએ વાત કરી જે, ઉપાસના તે કેને કહીએ ? તો ભગવાન પોતે સદા સાકાર છે, તેને સાકાર સમજવા ને સાકારનું લક્ષણ કર્તા સમજવા. કર્તા છે તેને પૂરેપૂરા કર્તા જાણવા. તે પૂરેપૂરા કર્તા ક્યારે કહેવાય ? ભગવાન સિવાય સુકુ પાંદડુ પણ ફરતું નથી, તેનું જ કર્યુ થાય છે. તે ભગવાન સિવાય કાળને કર્તા કહે છે, તે ભગવાનનો દ્રોહી છે. દ્રોહ તે શું ? તો મોટા હોય તેને નાના કહેવા અને નાના હોય તેને મોટા કહેવા. તેમ ભગવાન ગમે તે દ્વારે, ગમે તે રૂપે પોતે જગતના કર્તા જ છે. મૂર્તિમાન થકા તો સદા માનવામાં આવે છે. પરોક્ષ એટલે ? આકાશને સો વરસ સુધી જીભે ચાટે તો પણ તેનો સ્વાદ ખારો - ખાટો ન આવે. એમ છતાં શાસ્ત્રમાં એવા શબ્દ છે. જે ગોપાળદાસ આદિક સિદ્ધ થયા પણ મહારાજ કહે અમે એવો કોઇ દીઠો જ નથી કે ભગવાનની ઉપાસના વિના સિદ્ધ થાય. માટે પૃથ્વીને વિષે રહેલા પરમાત્મા ગમે તે રીતે ગમે તે યોનિમાં રહ્યા તેમાં અધિક સજાતિય, સુખરૂપ, સદા

મનાય ને સ્થિતિમાં રહેવાય તે ઉપાસકની સિદ્ધિ છે. માટે ઉપાસ્ય મૂર્તિ ઉપાસક સિવાય માપ મેળ આવતો નથી. માટે ભગવાન તો પૃથ્વી ઉપર છે, છે ને છે. એવા જેને સાકાર, કર્તા મનાય તેને કઇ પ્રાપ્તિ બાકી છે ? પણ અમે તો એટલું જ કહીએ છીએ કે જેને જે પ્રાપ્તિ થઇ તેને જાણે, જુવે, મળે તેને પણ તેના સુખની સીમા નથી. તેને જ વેદ વખાણે છે.

**રવિ મંડળમાં રાત તણું દુઃખ નવ નડે,**
**પારસ પામ્યે ધન દુર્બળતા જાય જો,**
**તેમ પ્રગટ પુરુષોત્તમને જે જે મળે,**
**તેનો મહિમા ભવ બ્રહ્માદિક ગાય જો,**
**સુખ સાગર હરિવર સંગે સુખ માણજો.**

આ રીતે વેદ તેની ઉપમા, વખાણ, અહોપણું ઉચ્ચારણ કરે છે તે સમજી લેવું. - ૨૧

● સંવત્ ૨૦૧૫ ના ભાદરવા સુદિ - ૧૨, તા. ૧૪/૦૯/૧૯૫૯ ને સોમવારે પીપલાણા મંદિરની ઓફિસમાં પ.પૂ. સ્વામીશ્રીએ વાત કરી જે, આ જીવને મુમુક્ષતા ઉદય થાય તે વાત કઠણ છે. મુમુક્ષુ પહેલા જીવને ગમે તે રૂપે ભગવાનની કે સંતની પ્રાપ્તિ કે દર્શનથી સંસ્કાર થાય છે. તે અનેક જન્મના સંસ્કાર ભેળા થાય ત્યારબાદ મુમુક્ષુતા ઉદય થાય છે. ને મુમુક્ષુ વિના ભગવાન કે સંત સારા લાગે નહિ. કારણ કે મુમુક્ષુ છે તેને સ્વાભાવિક રીતે વૈરાગ્ય હોય છે. તે વૈરાગ્ય છે છતાં સત્પુરુષ સારા લાગે ને તેનો સ્વભાવ ગમે, તેની પ્રકૃતિ સારી લાગે છે તો શુદ્ધ મુમુક્ષુ ગણાય છે. તેવા શુદ્ધ મુમુક્ષુ ઉપર ભગવાનની ને મોટાની દૃષ્ટિ પડે છે. પણ દેહાભિમાની ઉપર દૃષ્ટિ કદી પડતી નથી. માટે મુમુક્ષુ હોય તેને ભગવાન કે સંત વિના બીજે ક્યાંય સુખ - શાંતિ થાય જ નહીં. માટે આ જીવને મૂવા સુધી આ લોકના મનસૂબા તે વિષયી જીવ કહેવાય. વિષયી જીવને ભગવાન ને સંતને વિષે હેત તો થાય પણ અવાંતર વિષયની ઈચ્છા રહી છે. તેથી સ્વાર્થમય કે'તા પદાર્થમય, પદાર્થને આધિન તેનો સ્વભાવ હોય છે. આથી

તેને વિષયને ઓળખીને તેના સંગથી સ્વાભાવિક રીતે અળગું રહેવા શીખવું. ને પોતાની પ્રકૃતિ પ્રમાણે આચરણ કરે ને યોગ્ય અયોગ્ય ન સમજી શકે તે પામર જીવ કહેવાય છે. તેવા જીવને ભગવાનનું જ્ઞાન થાવું બહુ કઠણ છે. પણ જો મહત્ પુરુષનો તેના ઉપર સમયને અનુસારે વિશ્વાસ થાય ને મોટાના ઉપયોગમાં આવે તો તેની તુલ્ય આગળ લખ્યા જે મુમુક્ષુ થઇ શકતા નથી. કારણ કે મોટાનો પ્રતાપ જુદો છે. સાધન તો સૌભરી, પરાશર, એકલશૃંગી આદિકના જોતા ભગવાન સન્મુખ થઇ શક્યા નથી. આ તો બીજાના બળથી પામર, પતિતનો ઉદ્ધાર થયો. તે તો જેમ વહાણમાં બેસી સમુદ્ર તરે તેવી સુગમ વાત છે. આ એક વાત પણ અવશ્ય સમજવાની છે. - ૨૨

● સંવત્ ૨૦૧૫ ના ભાદરવા વદિ - ૧, તા. ૧૭/૦૯/૧૯૫૯ને ગુરુવારે સણોસરા મંદિરમાં પ.પૂ. સ્વામીશ્રીએ વાત કરી જે, મુમુક્ષુને પ્રગટનો સંબંધ થયા પછી સાધનને ગૌણપણે બતાવે છે. તો તેમા શું સમજવું ? તેનો ઉત્તર જે, ગૌણપણે બતાવે છે તે દેહભાવે વર્તે છે. જેથી સાધનને ગૌણપણે બતાવે છે. પ્રગટનો સંબંધ જેને થયો તેને તો સાધન ભગવાનને અર્થે કર્યાનો વેપાર છે. - ૨૩

● સંવત્ ૨૦૧૫ ના ભાદરવા વદિ - ૨, તા. ૧૯/૦૯/૧૯૫૯ ને શનિવારે સણોસરા સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ. સ્વામીશ્રીએ વાત કરી જે, ગોપાળાનંદ સ્વામીએ પૂછ્યું કે, કામનુ શું રૂપ છે ? તો વીર્ય એ જ કામનું રૂપ છે. ત્યારે નિત્યાનંદ સ્વામીએ આશંકા કરી કે, વીર્ય તો સાત ધાતુ માહિલો એક ધાતુ છે. ત્યારે વીર્યની ઉત્પત્તિ શેણે કરીને છે ? તો મનોમય ચક્ર કે'તા મનને વિષે સ્ત્રી સંબંધી સંકલ્પ મનાય ત્યારે શરીરમાં રહેલું જે વીર્ય તે શિશ્નુ દ્વારા ભેગું થઇને આવે, ત્યારે એ જ વીર્ય કામનું રૂપ છે. ત્યારે વીર્યની ઉત્પત્તિ સ્થૂળમાંથી નથી, સૂક્ષ્મ શરીરમાં વીર્ય રહે છે. ને સૂક્ષ્મ શરીરમાં મનોવહા નાડીને વિષે મન જાય ત્યાં રહીને જે સંકલ્પ કરે તે સંકલ્પ દ્વારા આખા શરીરમાં મંથન થયું તેમાંથી વીર્ય ઉત્પન્ન થયું. માટે મનોવહા નાડી ઓળખવી. મનોવહા નાડી સિવાય વીર્યની ઉત્પત્તિ થતી નથી. મનોવહા નાડી શું કહેવાય ? તો માયિક પદાર્થની માન્યતા એટલે કે

સ્ત્રી છે તેને વિષે સ્ત્રી તરીકે જુવે એટલે એ સંકલ્પ મનોવહા નાડીનો કહેવાય. કહેતા તેમાં સુખ બુદ્ધિ તે પણ મનોવહા નાડી સમજવી. ને જગત છે પણ જગતને દુઃખરૂપ જાણે કહેતા સ્ત્રીને દેખે પણ સ્ત્રી સુખદાય ન મનાય તો વીર્ય ઉત્પન્ન ન થાય. એટલે સ્ત્રી સંબંધી સંકલ્પ ઘટતો નથી. માટે સ્ત્રી આદિક જે પદાર્થ તેની ઉત્પત્તિનું ક્ષેત્ર મનને જ કહે છે. માટે તે મન જ સ્ત્રી ગણવામાં આવે છે. માટે સ્ત્રી આદિક જે પદાર્થ જેને અળખામણા, દુઃખરૂપ મનાય તો વીર્યની ઉત્પત્તિ ન થાય ને તેને સારૂ માને, સુખદાયી માને, પ્રિય લાગે ને તે કદાચ શરીરને સૂકવી નાખે પીંજર જેવું કરે તો પણ વીર્ય શરીરમાંથી નાબુદ થતું નથી. માટે વીર્ય શાથી ઉત્પન્ન થાય ? તે સ્થૂળ કહેતા બીજા જોગીને તો સ્ત્રી સંબંધી જાગૃત અથવા તો સ્વપ્નમાં સંકલ્પ થયો તો વીર્યપાત થયા વિના રહે જ નહીં. પણ આથી કરીને જે વૈરાગ્યની સ્થિતિથી વીર્ય શરીરમાં ઉત્પન્ન ન થાય પણ આ જોતા વૈરાગ્યવાન પણ નિર્લેપ જોવાય નહીં. માટે શંકરને પણ એટલી યોગકળામાં ખોટ્ય કહેવાણી. સ્મશાનમાં વાસ કરતાં છતાંય કામારિ નામ નિરર્થક થયું. માટે કામ નાબુદ થવાને માટે ઉપર લખ્યો વૈરાગ્ય, વિષયમાં શત્રુતા તે સહિત ભગવાનનો આશ્રિત અનન્ય ભાવવાળો ભક્ત તે પણ ઊર્ધ્વરેતા માનવામાં આવશે. તેને જ ભગવાનના સંબંધ વડે કરી કહેતા ભગવાન નિર્લેપ એટલે તેના આશરાથી તે પણ નિર્લેપ અને નિર્વિકારી છે. વિકાર છે છતાં આશરાની આવી મહત્તા છે. માટે ઊર્ધ્વરેતા તો એક નરનારાયણ જ છે. તેના સંબંધ વડે, તેના આશરાથી નિર્લેપ છે એમ શાસ્ત્ર પ્રતિપાદન કરે છે. ને શાસ્ત્ર જેને પ્રતિપાદન કરે છે તે નિર્વિકારીજ છે. તેને જે વિકારવાન સમજે કે'તા વિકારવાન માને તો તે નિર્વિકારી છે, છતાં વિકારવાન સમજી લેવો. - ૨૪

● સંવત્ ૨૦૧૫ ના ભદરવા વદિ - ૪, તા. ૨૧/૦૯/૧૯૫૯ ને સોમવારે સરદારગઢ મુકામે અરજણભાઇ રાઘવભાઇની મેડી ઉપર સવારે પ.પૂ. સ્વામીશ્રીએ વાત કરી જે, કામ જીત્યાના સાધન અનંત પ્રકારના છે. તેમાં મુખ્ય આત્મનિષ્ઠા ને વૈરાગ્ય ને ભગવાનના માહાત્મ્યનું જ્ઞાન. આત્મનિષ્ઠા તો દેહથી પૃથક્ આત્મા જ્યારે મનાય ત્યારે સ્થુળ, સુક્ષ્મ,

કારણ ત્રણ દેહથી આત્મા વિલક્ષણ ન્યારો જોવામાં આવે છે. ત્યારે તેમાં સ્થૂળ, સૂક્ષ્મ ને કારણ ત્રણ દેહના ભાવ ન્યારા મનાય. આ વાત માટે દેહને માને તો બધાય દુઃખ ને દોષ હોય જ. દેહ ન મનાય તો દોષ સ્વભાવિક રીતે અળગા છે. આત્મા છે તે સૂક્ષ્મમાં પણ સૂક્ષ્મ, નિર્લેપમાં પણ નિર્લેપ એવો આત્મા જ્યારે સિદ્ધ થાય ત્યારે ઈન્દ્રિયો અંતઃકરણના ભાવ ઈન્દ્રિયોમાં રહે. આત્મા તો અછેદ્ય, અભેદ્ય, સુખરૂપ, સત્તારૂપ, ત્રણગુણથી, માયાના ભાવથી આત્મા ન્યારો છે. આવી જ્યારે આત્મનિષ્ઠા દઢ થાય ત્યારે આત્મજ્ઞાને કરીને કામાદિક શત્રુ જીતાય.

વૈરાગ્ય તો નામરૂપ આકારથી જેને છેટાપણું એટલે તેની સાથે વેર એટલે માયા ને માયાના ગુણમાં સ્વાભાવિક અરુચી ને માયાના જે જે ગુણ તે દુઃખરૂપ છે, ને નાશવંત અસાર મનાય ત્યારે પણ માયાના ગુણ જે રજોગુણ આદિક નિવૃત્તિ પામે. ભગવાનના ગુણ કે'તા ભગવાનનું માહાત્મ્ય, ભગવાનનો પ્રતાપ, ઐશ્વર્ય અપાર છે. એ માહાત્મ્ય જીવમાં ધરે તો માયાના ગુણ જીવથી અળગા દૂર રહે. માટે ભગવાનનું માહાત્મ્ય તો એમ સમજવું જે આ જગતની ઉત્પતિ, સ્થિતિ, પ્રલય ત્રણ પ્રકારની લીલા જોવામાં આવે કે'તા ભગવાનનું ઐશ્વર્ય એટલે ભગવાન સર્વત્ર કે'તા ખંડ ખંડ પ્રત્યે, કે'તા જુગ જુગ પ્રત્યે ભગવાનના વિભૂતિ અવતાર જોવામાં આવે માટે ભગવાનનો પ્રતાપ આ જીવને સમજવો. એ પ્રતાપ સમર્થ થકા આ જીવની સાથે અસમર્થ તરીકે વર્તે એ જ તેની અપાર સામર્થી, મોટ્યપ. એના ગુણ વેદ પણ ગણી શકતા નથી. આ રીતે ભગવાન પ્રત્યક્ષને નિર્લેપ માને તો કામાદિકનું મૂળ ઉખડી જાય. - ૨૫

● સંવત્ ૨૦૧૫ ના ભાદરવા વદિ - ૧૪, તા. ૦૧/૧૦/૧૯૫૯ ને ગુરુવારે પીપલાણા સ્વામિનારાયણ મંદિરમાં સાધુ આશ્રમમાં પ.પૂ. સ્વામીશ્રીએ વાત કરી જે, જીવ તે જીવ જ. શું કહીએ ? જીવના અંગ સર્વે વાંકા. એવો જીવ અવળો છે. તેમાં જેને આ સત્સંગ મળ્યો ને સત્સંગની ઓળખાણ થઈ ને સાધુ સત્સંગીની ઓળખાણ તે તો જીવ સારો જ હશે. બ્રહ્માંડમાં કોઈ એવા પુરુષ જ નથી કે સ્ત્રી ન જોઈએ. એવી કોઈ સ્ત્રી નથી

કે પુરુષ ન જોઈએ. તેમાંથી નોખુ પડવા માચે શ્રીજી મહારાજે શિક્ષાપત્રીમાં ૧૧૬ મો શ્લોક જ લખ્યો છે. તે શ્લોકમાં સૌને બ્રહ્મરૂપ કરી મૂક્યા. તે તો વસ્તુ ન્યારી છે. એ વસ્તુ ઈશ્વર કોટિમાં ગોતો તો ન જડે. દેવ કોટિમાં પણ ન જડે. ભગવાનની દૃષ્ટિ જેના ઉપર પડે તે બ્રહ્મરૂપ થાય, તો જ આ વાત ન્યારી ન રહે. દૃષ્ટિમાં આવે નહીં તો દેખે પણ દેખાય નહી. એવું જે અજ્ઞાન તે સાચા સદ્‌ગુરુ મળ્યા વિના સાચું જ્ઞાન થાય નહીં. માટે બ્રહ્મ ને દેખે તે પણ બ્રહ્મ કહેવાય. બ્રહ્મરૂપ થયો ને પરબ્રહ્મને ભજે તે સાચી ઉપાસના, સાચો સત્સંગ. આવો અલૌકિક સત્સંગ જેને મળ્યો છે તેના ભાગ્ય કહેવા લાગ્ય નથી. માટે સત્સંગ તે સત્ય છે! ને જીવ પણ સત્ય છે. ને માયા પણ કાયમ છે. પણ પુરુષોત્તમ તે તો અલૌકિક લૌકિક રૂપે લોકમાં છે પણ દેખવા, જાણવા, વિચારવામાં નહીં જ આવે અને એ તો દિવ્ય નેત્ર જ્યારે ખૂલે ત્યારે દેખી શકાય છે. આવી અતર્ક ચીજ તર્કમાં લઇ શકે, જાણી શકે તે બ્રહ્મરૂપ છે જ. ને બ્રહ્મરૂપ ન હોય તે બ્રહ્મને જાણે જ નહીં. ને તે તો મૂઢમતિ કહેવાય. પણ પોતાની મૂઢમતિનો ત્યાગ કરે ને સત્ય, નિર્ગુણ, અપ્રાકૃત સ્વરૂપ જેને મળે તે અપ્રાકૃત જ છે. તેમાં માયિક ભાવ ઘટતો જ નથી. આવો જેને ભગવાનનો અચળ, અખંડ, અલૌકિક આશરો થયો તો તે પણ અલૌકિક છે. આ વાત સમજી તેને કાંઇ સમજવું રહેતું નથી. - ૨૬

● સંવત્ ૨૦૧૫ ના આસો સુદિ - ૭, તા. ૦૮/૧૦/૧૯૫૯ ને ગુરુવારે નવાગામ સ્વામિનારાયણ મંદિરમાં સાંજે પ.પૂ. સ્વામીશ્રીએ સાંજે વાત કરી જે, આ જીવ તો બ્રહ્મસત્તા છે, ને બ્રહ્મરૂપ છે. ને બ્રહ્મની નાડીએ જેનો નિવાસ છે. ને બ્રહ્મથી બ્રહ્મ એવો અજર, અમર, સુખરૂપ, સત્તારૂપ આત્મા છે. તે આત્મા કોઇનો દીકરો નથી, કોઇનો બાપ નથી. એની કોઇ નાત નથી, કોઇ જાત નથી. ને સત્તામાત્ર ચૈતન્ય વસ્તુ છે. પણ અજ્ઞાને કરીને દેહ પોતાનું માને છે. દેહ તો લાકડા, પથ્થરા, હાડકા, પરૂ, પાચ અને વિષ્ટાની કોથળી છે. તેમાં રહીને જે સુખ મનાય તે સંપૂર્ણ અજ્ઞાન છે. અને ભગવાનના ભક્ત ભેળો રહે એ આત્મા. અને ભગવાનને તથા ભક્તને જોઇ શકે, જાણી શકે, વિચારી શકે તે પણ આત્મા. એવો સનાતન અલૌકિક

આત્મા આ લોકમાં આવ્યો તેથી કરીને તેને દેહરૂપ થવાણું. પણ દેહનું રૂપ તો અશુદ્ધ, નાશવંત, જડ છે. તેના સામું જુવે એટલે જડ. આત્મા અને પરમાત્મા તે સત્ય. તેને જોવાથી ભગવાનરૂપ થવાય. બ્રહ્મરૂપ થવાય. ચૈતન્યરૂપ થવાય . તે ગોપીયું સનાતન વેદની શ્રૃતિઓ છે, તેને ઉદ્ધવજીએ ઓળખી ત્યારે ઉદ્ધવને શ્રીકૃષ્ણે એમ કહ્યું જે, આ ઉદ્ધવ મારાથી જરાય ન્યુન નથી. માટે ઉદ્ધવને ગીતામાં શ્રીકૃષ્ણ ભગવાને આત્મા કહ્યો છે. તે જેને મનાય તે પણ સનાતન ચૈતન્ય, અદ્‌ભૂત શક્તિવાન આત્મા શાસ્ત્રમાં બતાવે છે. માટે આત્મા તે આત્મા. તે આત્મા મટી જાય એવો નથી. આ દેહ ઈન્દ્રિયો સ્વભાવ ભેળો ભળે તે આત્મા તો ખરો પણ જડ પ્રકૃતિવાળો ગણાય પણ સનાતન આત્મા તે સત્ય જ છે. જેમ ભગવાન સત્ય છે, તેમ આત્મા પણ સત્ય છે. તે આત્મા આપણું સ્વરૂપ મનાય ત્યારે દેહના સમૂળા દુઃખ દૂર થાય. બાકી તો કોટિ સાધન કરે પણ આત્મા મનાય કે દેખાય એવી તો કોઈએ આશા રાખવી જ નહીં. માટે શ્રીકૃષ્ણ ભગવાનના સ્વરૂપનું ધ્યાન કરે તેને આત્મા જેમ છે તેમ બરાબર મનાશે. પણ કેવળ આત્મા વતે દેહના સુખદુઃખથી ન્યારો માને પણ તેણે કરીને સંપૂર્ણ કલ્યાણ મનાય નહી. ને સુખદુઃખરૂપી નદી તરી જાય, પણ ભગવાનના સ્વરૂપના ધ્યાન વિના આત્મા જણાય કે દેખાય એવી તો કોઈએ આશા રાખવી જ નહી. કેમ કે સ્વરૂપાનંદ સ્વામી ઘણા આત્માને દેખતા હતા ને દેહમાં ઘણું દુઃખ થયું ત્યારે મહારાજને કહે કે, શાંતિ થાય તેવી વાત કહો. ત્યારે મહારાજે કહ્યું કે, દાદાખાચર ને દાદાખાચરના ઓરડા, ઓસરી, લીંબતરૂ, ઘેલાનદીનો ઘાટ અને લક્ષ્મીવાડીનું ચિંતવન કરો, ત્યારે તેણે તેનું ચિંતવન કર્યું. તો તે સુખીયા થઈ ગયા. તેથી ભગવાન અને ભગવાનના ભક્ત સત્ય નિર્ગુણ છે. તેને જે નિર્ગુણ જાણે તે નિર્ગુણ થાય છે, ને સુખીયો થાય છે. માટે આત્મા આવો અલૌકિક, બ્રહ્મરૂપ જોવામાં આવે છે તે આત્માને જે જાણે, વિચારે, જુવે તે પણ લખ્યા મુજબ આત્મા છે. - ૨૭

● સંવત્ ૨૦૧૫ ના આસો વદિ - ૫, તા. ૨૧/૧૦/૧૯૫૯ને બુધવારે માણાવદરમાં દેવશીભાઈ પદમાભાઈ રતનપરાના નવા મકાનના

વાસ્તુ નિમિત્તે પ.પૂ. સ્વામીશ્રી પધાર્યા. ત્યાં પ.પૂ. સ્વામીશ્રીએ વાત કરી જે, અહીંયા ભગવાનને સંભારીને જે બે શબ્દ શ્રીજી મહારાજે તથા મોટા સાધુએ પ્રેરણા કરીને અમારી પાસે બોલાવ્યા તે બોલ્યા છીએ. બાકી કર્તા તો સ્વામિનારાયણ એક જ છે. તેનું ધાર્યું સત્ય - અસત્ય બેય થાય છે. ને સમર્થ પણ છે. તેના વતે આપણે જે કાંઇ સારી લેન ઉપર વર્તાય એટલું આપણને સુખમાં ભાગ. બાકી સમય ચૂકી જાય ને ભૂલ ખાય તો દુઃખ પણ ભોગવવું પડે માટે આપણને સ્વામિનારાયણ ભગવાન મળ્યા છે તે દુઃખ આપે એવા નથી પણ આપણા પોતાના કર્મ જીવને બંધનકર્તા છે. ભગવાન તો કર્મથી રહિત ને સુખીયા કરવા સારૂ અક્ષરધામમાંથી પોતે સ્વયં, સ્વતંત્ર થકા આવ્યા ને પોતાનું સમગ્ર ઐશ્વર્ય ને ચૈતન્ય મૂર્તિ પાર્ષદ ને અક્ષરધામ સહિત આવ્યા છે. તે આપણા સુખને વાસ્તે તે બધા આપણા દુઃખમાં હર વખત ભાગ લ્યે છે. એવો એનો પ્રબળ પ્રતાપ જીવમાં જાણવો એટલા આપણા કર્તવ્ય છે. બાકી તો કર્તા તો ભગવાન છે. તેને પામ્યા તે પણ સ્વતંત્ર છે. આવો ભગવાનનો મહિમા સમજી ભજન કરવું. આજ્ઞા ખબડદાર થઈને રાખવી. આજ્ઞા રાખવી જરાય પણ કઠણ નથી, મહિમા જણાય તો. મહિમા ન જણાય તો તેનું વચન જીવથી મનાય નહીં, કારણ કે દુનિયામાં સ્વાર્થને અર્થે કેટલું માન મેલે છે. ને આ તો સત્ય સાક્ષાત્ આપણા જ સુખની વાત આપણને ન મનાય તો તેથી જીવને બીજો દુઃખનો ઉપાય નથી. આવું જે અજ્ઞાન અંધારું તે સાચા ભગવદીય ભગવદ્ ભક્તના સંગ વિના પોતાની મેળે અજવાળું કરવા ઈચ્છે તો જરૂર અંધારુ જ થાય. માટે દુનિયામાં શુભ કાર્યમાં, શુભ દિવસમાં, શુભ સમયમાં ભગવાન અને ભગવાનના ભક્તો ભેગા થયાં તેને મળ્યા તેથી આ જીવને કોઈ મોટી પ્રાપ્તિ નથી. માટે આ સ્થાનમાં ભગવાન સ્વામિનારાયણે તેના ભક્તો સહિત ભોજન કર્યું. ને વાસ કર્યો તે વાસ કરનારા અને સ્થાન નિર્ગુણ છે. - ૨૮

● સંવત્ ૨૦૧૬ના કારતક વદિ-૮, તા. ૨૩/૧૧/૧૯૫૯ને સોમવારે પટેલ ભગવાનજી કાળાભાઈ એન્ડ કુ. ની દુકાને બપોરે ૧:૫૦ મીનીટે પ.પૂ. સ્વામીશ્રીએ વાત કરી જે, લાખ મણ લોઢાને ગોળે ચાલે તો

પણ કરોડું કલ્પ પર્યંત મનના વેગથી અક્ષરે ન પૂગાય. તે થોડીક વાતમાં એટલે કે, તેના ભગવાન સહજાનંદ તેના દાસના દાસ થાવું, કાં તેના ગુણ ગાવા, કાં તેને જોઈ રાજી થાવું. આટલી વાતમાં છેલ્લો જન્મ, છેલ્લી પ્રાપ્તિ, છેલ્લુ સુખ સહેજમાં સહજાનંદના પ્રતાપે છે. - ૨૯

● સંવત્ ૨૦૧૬ માગસર સુદી - ૫, તા. ૪/૧૨/૧૯૫૯ માણાવદરમાં ભગવાનજીભાઈ કાળાભાઈની દુકાને પ.પૂ. સ્વામીશ્રીએ પધરામણી કરી પછી વાત કરી જે, જીવને આ લોકની સ્થિતિ બાંધવાનું તાન છે. પણ તે તો નહીં જ રહે કારણ કે, નખે તારા ઉખેડતા તે પણ ન રહ્યા. લાખ વર્ષની આવરદાવાળા તે પણ ન રહ્યા. બીજા કેટલાક મોટા મોટા તે પણ ગયા તો આ દેહની સ્થિતિ શી રીતે રહેશે ? આ લોકના પદાર્થની સ્થિતિ શી રીતે રહેશે ? પણ મોહને ઘોડે ચડીને શું જુવે છે ? જુવે છે તે બધું નાશવંત, તુચ્છ, પ્રાકૃત. અંતે દુઃખનું કારણ માટે તેના સુખની આશા મુકીને ભગવાનના ભજનમાં ભગવાનના ધ્યાનમાં ભગવાનની સ્મૃતિમાં જે સુખ રહ્યું છે તે સુખને પોતાનું કરવું. આ લોકનું સુખ તો ઝાંઝવાના પાણી છે. તેમાં પ્યાસ ન ભાંગે. આ લોકમાં નહીં રહેવાય છતાંય અહીંના મનસૂબા તે પૂરેપૂરું અજ્ઞાન છે. એવું અજ્ઞાન કાઢનારાને ઓળખે તે દિ અજ્ઞાન જશે. માટે આવો સમય, આ ટાણું, આ ભગવાન, આ સાધુ, કયાંય છે જ નહીં. બીજે ગોતવા નીકળે તે દીવાળું કાઢ્યા પછી આબરૂ મેળવવા જાય તેવું સમજવું. - ૩૦

● સંવત્ ૨૦૧૬ ના માગશર વદિ - ૬, તા. ૨૧/૧૨/૧૯૫૯ ને સોમવારે શાપુર સ્વામિનારાયણ મંદિરમાં રાતના ૧૧ વાગ્યે પ.પૂ. સ્વામીશ્રીએ વાત કરી જે, આ જીવને ભગવાનને શરણે જાવું એથી મોટો લાભ નથી. એથી મોટું સુખ પણ નથી. પણ ભગવાનને શરણે ગયા પછી જે જે સુખ ઈચ્છવું તે ભગવાન થકી જ ઈચ્છવું તો જ શરણાગત ઘટે છે. ને શરણાગતનું સુખ જેવું બાળકને માવતરનું સુખ છે ને આધાર પણ બાળકને માવતર છે. ને કામવાની પણ બાળકમાં શક્તિ નથી. પણ માવતર થકી ને માવતરના સુખ થકી બાળકને વધારે સુખ છે. પણ જ્યાં સુધી બાળક બુદ્ધિ

રહે ત્યાં સુધી તે શરણાગત રહે. શરણે રહે ત્યાં સુધી સુખીયો રહે, પણ તેનો આશરો મેલે તો સુખ ન રહે. જેમ હંસ માનસરોવરના કાઠામાં રહે ત્યાં સુધી તેને સુખ રહે. ને માનસરોવરનો ત્યાગ કરે તો બાજ તેને ઉપાડી જાય. તેમ માનસરોવરને ઠેકાણે સત્સંગ છે. પણ સત્સંગનો ત્યાગ કરે જીવ, તો જમ તેને લઇ જાય. તેમ શરણાગત શરણથી દુર જાય એટલે દુઃખી થાય, હેરાન થાય. જેમ નખ, કેશ સ્થાન મેલે એટલે તેની કાંઇ કિંમત નહીં. તેમ આ જીવ ભગવાન તથા મોટાનો આશરો મૂકે એટલે ''રતિ બીન રતિ કો'' તેમ આ જીવને કરવાનું પણ સુઝે નહીં. પણ મોટા મહેરબાની કરે ત્યારે જે કરવાનું છે તે કરી શકે. માટે આપણે તો મોટાના શરણરૂપી નાવમાં બેસી સમુદ્ર ઉલ્લંઘવો પણ નાવ વિના પોતાની મૂર્ખાઇએ તુંબડા બાંધી સમુદ્ર ન તરવો. તેમ જીવ તો પોતાના સાધન વતે મોક્ષ, સાધન વતે કલ્યાણ તે કલ્યાણ તો થયું તો પણ નહીં જ જેવું. કલ્યાણ તો ક્યારે થયું કહેવાય ? આપણે દર્શને બીજા પૂર્ણ થાય, સુખીયા થાય, સમજવું બાકી ન રહે-એવું જ્યારે જીવને સુખ મળે ત્યારે આપણે સુખીયા છીએ. અહીં તો વિષય રૂપી ઝાંઝવાના પાણી પીવા દોડીએ એવા મૂર્ખ્યાં ગણાઈએ છીએ. - ૩૧

● સંવત્ ૨૦૧૬ પોષ સુદી-૫, તા. ૦૩/૦૧/૧૯૬૦ રવિવારે પીપલાણા સ્વામિનારાયણ મંદિરમાં સાધુ આશ્રમમાં બપોરે ૧૨:૩૦ મીનીટે પ.પૂ. સ્વામીશ્રીએ વાત કરી જે, પ્રીતિ ભગવાનને વિષે ને ભગવાનના ભક્તને વિશે કરવી. તે પ્રીતિનું શું લક્ષણ છે ? તેની મરજી પ્રમાણે વર્તાય એ જ પ્રીતિનું લક્ષણ છે. માટે મરજી ન લોપે તો જ તેને તેમાં હેત છે. ને આત્મબુદ્ધિ ભગવાનને વિષે તથા ભગવાનના ભક્તને વિષે કરવી. એ જેવી જીવને દેહ અને દેહના સંબંધીમાં છે તેવી આત્મબુદ્ધિ રાખવી જોઇએ. તે આત્મબુદ્ધિનું લક્ષણ એ છે જે, તેને તેનો કોઇ દિવસ અવગુણ ન આવે. ને અવગુણ ન આવ્યો કેનું નામ ? તો તેની ક્રિયામાં દોષ ન આવે એ જ દિવ્યભાવ છે. માટે ભગવાન તથા ભક્તમાં જેને દિવ્યભાવ છે તે પણ તેને દિવ્ય ને અલૌકિક દેખે. ત્યારે દિવ્યભાવ આવ્યો કહેવાય. નહીંતર લૌકિક બુદ્ધિનો ભાવ છે. માટે આ જીવને જેમ પતિ, પુત્ર, પત્ની ને એકબીજાનો

પક્ષ રહે છે તેમ ભગવાનનો ને ભગવાનના ભક્તનો પક્ષ દૃઢ કરીને રાખવો. અને પક્ષ રાખતા થકા દેહ, જીવો કે મરો, સુખ થાવ કે દુઃખ થાવ, આબરૂ રહો કે જાવ પણ ભગવાન ને ભગવાનના ભક્તનો પક્ષ મુકવો જ નહીં. તેને અતિ બળવાન જે કામ, ક્રોધ, લોભ આદિક દોષ પરાભવ ન કરી શકે. તે દોષ ન નડ્યા કેનું નામ કહેવાય ? જે દોષ છે તે પોતાનો સ્વભાવ વાપરે કેની પેઠે જે ચોમાસું હોય તેમાં માણસ લપટે પણ બેઠો થઇ જાય અને જે કોઇ ધક્કો મારે ને ઊભો થઇ જાય તેમ દોષ તેનો સ્વભાવ વાપરે પણ અપૂર્ણતા, કલ્પના ઢૂંકડી ન આવે ને સદાને માટે કૃતાર્થપણું, અહોપણું મનાય અને ઘડીભર જેમ વાદળા આકાશમાં થાય ત્યારે સૂર્યનો પ્રકાશ ઢંકાય જાય છે, પણ રાત્રિ ન કહેવાય. તેમ તેવી ક્રિયા ભગવાન ને ભગવાનના ભક્તને વિશે દેખાય તો પણ જેને દિવ્ય સાકાર મનાય ને પોતે પોતાને પૂર્ણ માને ને ન્યૂનતા ન મનાય તે કૃતાર્થપણું છે. એવું કૃતાર્થપણું ભગવાન ને ભગવાનના ભક્તના સમાગમ, દર્શન, પ્રસંગ કરવાથી પૂર્ણપણું થાય તે સિદ્ધ છે ને તે કૃતાર્થ છે. ને તે ભક્તને પંચવિષય હોય તે ભગવાન સંબંધી હોય. તેના શ્રવણ તે કથા જ સાંભળે એવી રીતે પાંચેય વિષય હોય તેથી તે બીજાને પૂર્ણ મનાશે. - ૩૨

● સંવત્ ૨૦૧૬ ના મહાવદિ ૨, તા. ૧૪/૦૨/૧૯૬૦ ને રવિવારે જસમતભાઇ રત્નાભાઇ જસાણીના નવા મકાનમાં વાસ્તુ નિમિત્તે માણાવદર પધાર્યા. ત્યાં પ.પૂ. સ્વામીશ્રીએ વાત કરી જે શૂરવીર કેનું નામ કહેવાય ? તો જે સમય સમજે ને જ્ઞાની હોય તેનો સંગ કરે, તેની આગળ જ્ઞાનની વાત કરે ને શૂરવીર હોય ને લડાઇમાં કામ ન આવે તો શૂરવીર શાનો ? માટે શૂરવીર તો એનું નામ જે સમય સમજી શકે ને સમયને અનુસરીને વર્તનમાં વાત મુકે તે ખરો કહેવાય. સત્ય કેનું નામ કહેવાય ? તો શત્રુ મિત્રને બોલવાનો મોકો ન મળે તેનું નામ સત્ય બાકી તો સત્ય બોલે છે તે પણ અસત્ય છે. આ વાત સમજે તે ભગવાનનો ભક્ત છે. તે ભક્તથી ભક્ત થવાય છે.

તે જ દિવસે સાંજે પૂંજાભાઇ રાઘવભાઇ આરદેશણાને ઘરે

પધરામણીએ પધાર્યા ત્યાં જોગી સ્વામીએ વાત કરી જે સમજું કેનું નામ કહેવાય ? પોતાનું સુધારે તે સમજું કહેવાય. પોતાનું સુધાર્યું ક્યારે કહેવાય ? જન્મ મરણનો ત્રાસ મટે, દેહ છતાં પૂર્ણપણું કૃતાર્થપણું મનાય. તો પોતાનું સુધાર્યું કહેવાય. બાકી તો વિષયનું જ્ઞાન જગત આખાના જીવને છે. પણ ભગવાનનું સ્વરૂપ, જીવનું સ્વરૂપ, માયાનું સ્વરૂપ, આદિકના લક્ષણને બરાબર સમજી શકે તે સમજું. બાકી તો દુનિયામાં ઘણાય સમજું છે. પણ પોતાનું ન સમજી શકે. - ૩૩

● સં. ૨૦૧૬ ના વૈશાખ સુદિ - ૧૨, તા. ૦૮/૦૫/૧૯૬૦ ને રવિવારે હરિભાઇ કરશનભાઇ રબારાના નવા મકાનના વાસ્તુ નિમિત્તે લીંબુડા પધાર્યા. તે પ્રસંગે પ.પૂ. સ્વામીશ્રીએ વાત કરી જે, રામના ઉપાસક હોય તેની સ્થિતિ રામના જેવી જ હોય. કૃષ્ણના ઉપાસક હોય તેની સ્થિતિ કૃષ્ણના જેવી જ હોય. નરનારાયણના ઉપાસક હોય તેની સ્થિતિ નરનારાયણ જેવી જ હોય. વાસુદેવનારાયણના ઉપાસક હોય તેની સ્થિતિ વાસુદેવનારાયણ જેવી જ હોય. દેવના ઉપાસક હોય તેની સ્થિતિ દેવ જેવી હોય. દેવીના ઉપાસક હોય તેની સ્થિતિ દેવી જેવી જ હોય. તો સ્વામિનારાયણના ઉપાસક હોય તેની સ્થિતિ સ્વામિનારાયણના જેવી જ હોય. રામના ઉપાસક હોય તે રામની સ્થિતિ પ્રમાણે ક્યારે કહેવાય ? ધર્મમાં બરાબર હોય, સત્ય બોલવામાં પણ બરાબર હોય ત્યારે જ રામના ઉપાસક કહેવાય. કૃષ્ણના ઉપાસક ક્યારે કહેવાય ? તો કૃષ્ણના જેવી જ સ્થિતિ હોય. તો કૃષ્ણની સ્થિતિ કેવી હતી ? એવી એની પણ સ્થિતિ દેખવામાં આવે. ને કૃષ્ણની સ્થિતિ ભક્તમાં શું જોવી ? તો ગમે તેમ વર્તે તો પણ કલ્યાણ થાય. કૃષ્ણે બીજાનો સંહાર કરીને પણ મોક્ષ કર્યો છે. તેમ આ ભક્ત પણ બીજાના કલ્યાણ કરવા સમર્થ થાય છે. એવી એની સ્થિતિ હોય છે. તેમાં મુખ્ય ભક્ત અર્જુન તેની સ્થિતિ જોઇ લેવી. નરનારાયણના ભક્ત હોય તેની સ્થિતિ નરનારાયણ જેવી જ હોય તે નરનારાયણની સ્થિતિ શું ? તો તપ કરવું. અને ત્યાગ રાખવો તે પણ બીજાને અર્થે રાખે છે. તો તેના ભક્ત પણ તપ, ત્યાગ, જે જે કાંઇ સાધન કરે તે બીજાના સુખને અર્થે કરનારા હોય ત્યારે તેની સરખી સ્થિતિ જણાય.

વાસુદેવના ઉપાસક હોય તેની સ્થિતિ વાસુદેવ જેવી જ હોય. વાસુદેવની સ્થિતિ અને વાસુદેવની કળા તે શું છે ? તો તેની શક્તિ બધાયમાં રહી છે. તેની શક્તિથી બધાય શક્તિવાન છે. તો તેના ભક્તમાં તે સ્થિતિ તેના સરખી હોય છે. વાસુદેવ તો નિર્ગુણ મૂર્તિ છે. આ ભક્ત પણ ક્રિયા કરે પણ ક્રિયાનું અભિમાન ન હોય. દુર્વાસા ગોપીયુના બધા થાળ જમી ગયા. તેમ તે ભક્ત ખાય, પીવે, બોલે, ચાલે, હરેફરે, જુવે, સાંભળે પણ એ ભક્તની ક્રિયા ભગવાન પરાયણ જ હોય. આવા નિરન્ન મુક્ત તે નિરન્ન પદવીને પામ્યા જાણવા. ને દેવના ઉપાસક હોય તે દેવ સરખા જ હોય છે. તો દેવની સ્થિતિ શું છે ? ઐશ્વર્યપણુ તથા સત્યપણું તે બેનો જીવમાં પકડ હોય તે દેવની સ્થિતિ કહેવાય. એવી સ્થિતિ તેના ભક્તમાં જોવાય છે. તેના ભક્ત ધર્મવાળા બહુ હોય, ત્યાગવાળા બહુ હોય, ભક્તિવાન બહુ હોય પણ ધર્મ ત્યાગ, ભક્તિ આદિક ગુણનું તેને અભિમાન હોય છે. અને એમ માને જે હું સાચો, હું ધર્મવાળો, હું સાચું બોલું એમ માનનારા હોય છે. અને દેવીના ઉપાસક હોય તેની સ્થિતિ દેવી સરખી જ હોય છે. તે દેવીની સ્થિતિ શું ? તો પંડે મલીન છે છતાય આ લોકમાં કાંઈક ગણતરીમાં છે. માટે દેવીની સ્થિતિ જેવી મલિન હોય તેવી સ્થિતિ તેના ભક્તમાં હોય છે. તેના ભક્ત ધર્મવાળા હોય, તપસ્વી હોય, વર્તનમાં દેખાતા હોય છતા પણ મલિન વર્તન એટલે એનો આશય જ ખરાબ હોય પણ આપણે તો સ્વામિનારાયણ ભગવાનના ઉપાસક, સ્વામિનારાયણ ભગવાનના ભક્ત, સ્વામિનારાયણના વર્તનમાં રહેલા પણ સ્વામિનારાયણ ભગવાને કોઈને ઉતારી પાડ્યા નથી. કોઈના નિયમ ધર્મને વખોડ્યા નથી. કોઈના ગુણને પણ વખોડ્યા નથી. બધાયના ગુણ હોય તેથી સવાયા બતાવ્યા છે. ને બધાયનું વર્તન હોય તેથી પણ પોતે સવાયું - દોઢું વર્તન બતાવ્યું છે. તો એવા અદ્‌ભુત એવા અલૌકિક અવતારી અવતારમાં ગણાય છે. પણ તે તો અવતારી છે. પણ ભક્ત તેને જાણે તેવા થાય તો બધાયના ગુણ સ્વામિનારાયણમાં સવાયા દોઢા છે. તો સ્વામિનારાયણના ભકતમાં પણ એ ગુણ સવાયા દોઢા હોય છે. તો એ ગુણ અવતારી પોતામાં છે છતાય ગણતા નથી. ને એ ગુણનું ફળ બીજા ગુણી

હોય તેને આપે છે. એવું અદ્ભુત, અલૌકિક જેનામાં વર્તન હોય અને બીજા અવતાર ને થોડા ઘણા ઠીક છે, સારા છે, ગુણીયલ છે. ભગવાન છે, એમ સ્વામિનારાયણના ભક્ત માને તો સ્વામિનારાયણ સરખા જ છે. તો પણ જેના જેના ગુણ માને તેના તેના ધામને પામે, પણ ધામી પુરુષોત્તમ તેની પ્રાપ્તિમાં તેને ફેર રહી જાય છે. પણ સ્વામિનારાયણના ઉપાસક છે તે બીજાનું તો સારું કરે પણ પોતાનું તો આ રીતે થઇને ઊભુ રહે, એ તો જેમ બકડીયું અને તાવીથો પકવાન્નના પકવાન્ન ઉતારી મૂકે તે બીજાના ઉપયોગમાં આવે પણ બકડીયું ને તાવીથો તેને કાંઇ સ્વાદ ન આવે. - ૩૪

● સંવત્ ૨૦૧૬ ના વૈશાખ વદી - ૧૩, તા. ૨૩/૦૫/૧૯૬૦ ને સોમવારે નાવડા ગામે પધરામણીએ પધાર્યા. ત્યાં હિરાભાઇ જસમતભાઇ નાદપરાને ઘરે પ.પૂ. સ્વામીશ્રીએ વાત કરી જે, ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું કે, 'એક રેણીએ મરવું તે મનુષ્ય દેહનું ફળ' છે. પણ **'ક્ષણે રૂષ્ટા ક્ષણે તુષ્ટા'** એમ ન કરવું. એ તો બગડેલું જ છે. પણ આ લોકમાં પોતાની સ્થિતિમાં રહીને ભગવાન અને સાધુ જેવી કાંઇપણ વસ્તુ સુખદાયક નથી. એમાં સુખ ન દેખાય તો આપણે એમ સમજી લેવું જે આપણે સ્વભાવને આધિન છીએ. પણ સ્વભાવ છે તે નાનો ન સમજવો. કારણકે સ્વભાવ તો મોટા મુનીને પણ મારી નાખે છે. તો જીવ શા લેખામાં માટે સ્વભાવનો જરૂર વિશ્વાસ ન કરવો. સ્વભાવ છે એ જ જીવનો વેરી છે. માટે સ્વભાવ મૂક્યે સુખ, શાંતિ, આનંદ છે. પણ સ્વભાવ દેખવામાં આવતો નથી. કારણ કે તેનો પાયો બહુ મજબૂત છે. કારણ કે સ્વભાવથી મોટા મુનિ, ઈશ્વર બધાય થરથર કંપે છે. માટે કોઇ રીતે, કોઇ પ્રકારે, સ્વભાવને આધિન થાવું નહીં. સ્વભાવ મેલવાથી બધુ દુઃખ મેલાય છે. માટે આપણે ભગવાનના ભક્ત છીએ ને ભગવાનને રાજી કરવા છે તો સ્વભાવ મેલવામાં આળસ ન જોઇએ. પણ સ્વભાવ દાખડા કર્યે જાય એમ ન સમજવું. પણ સ્વભાવ મૂકવાનું સાધન સાવ સહેલું અને સુગમ છે. આ સત્સંગ બ્રહ્મરૂપ છે. મહા વિષ્ણુરૂપ છે, અલૌકિક છે. તેમાં સ્વભાવ છાનો નહીં રહે. માટે અલૌકિક ને મહા વિષ્ણુરૂપ, બ્રહ્મરૂપ સત્સંગ છે. તેને બ્રહ્મરૂપ તેને વિષ્ણુરૂપ માનવો

તે સ્વભાવ મૂક્યો કહેવાય. કારણ કે યમરાજાનું રૂપ ભયંકર છે. છતા પુણ્યશાળી જીવને મહા વિષ્ણુના જેવું સુખદાયક અને આનંદરૂપ જણાય છે. પાપી જીવને ભયંકર વિકરાળ, કાળના જેવું જોયામાં આવે છે. પણ જો આ સ્વભાવ મોટો છે છતાં ભગવાનના ભક્તની સામું જોઇ શકે તેવો નથી પણ ગાફલપણે તેનો જરૂર વિશ્વાસ ન કરવો. કારણ કે તે એક બહારવટીયો છે. માટે સ્વભાવ આ જીવને ભગવાનના ધામમાં જવા દેતો નથી. માટે આપણે ભગવાનના ભક્તને ભગવાનને તથા મોટાને સ્વભાવ થકી રહિત જાણવા આટલું જીવને કરવાનું સાધન છે. એ સાધન કરવાથી સ્વભાવ માત્ર જાય છે. - ૩૫

● સંવત્ ૨૦૧૬ ના શ્રાવણ સુદી - ૬, તા. ૨૯/૦૭/૧૯૬૦ ને શુક્રવારે પીપલાણા સ્વામિનારાયણ મંદિરમાં પૂજારીના ઓરડામાં પ.પૂ. સ્વામીશ્રીએ વાત કરી જે, જેને આપણે મળ્યા તે મૂકે એવા નથી એવું તેને આવડે છે. ને આજનું જ્ઞાન સાંભળીને જાય તેને શ્વેતદીપ તેની આનીકોરના કોઇ પૂગતા નથી. ને આ જ્ઞાન તો ફીરંગીની તોપું જેવું છે. પણ એવો અહોનિશ જ્ઞાનનો મહિમા જીવને સમજાતો નથી. જેમ જે વસ્તુ જેની પાસે હોય છતાં તેને તે વસ્તુની કિંમત નથી. તેમ આપણને ભગવાન અને સાધુ મળ્યા છતાં અહોનિશ આનંદ રહેતો નથી ને મન શુષ્ક રહે છે તેનું કારણ શું છે ? તો સમાગમની ખોટ ને શ્રદ્ધા પણ મંદ છે. નહીં તો આવો સમય, આવી વાત, આવા ભગવાન ને આવા સાધુ ત્રિલોકમાં ગોતી આવો, જો હોય તો. આ સભા ને આ ભગવાન મળ્યા છે તે મૂકે એવા તો છે જ નહીં. છતા જીવને આ લોકના કાળના કોળીયા જેવા ને દુઃખે સોતા અસાર સંસારના સુખ એમાં લેવાણા તે તો જમની જાળમાં ફસાણા કહેવાય. ને પંચવિષય તો દુઃખરૂપ જ છે. ને સ્મશાનના લાડવામાં એલચીની ગંધ હોય નહી. તેમાં સુખ બુદ્ધિ તેનું જ નામ અજ્ઞાન. અને અવળી બુદ્ધિ ગણાય. માટે સંત સમાગમ અહોનિશકરી ગાફલતા અને પ્રમાદ મૂકીને મંડી પડવું. તો તેના ધણી છે તે સમય પ્રમાણે જ્ઞાન આપશે. મોક્ષરૂપી બુદ્ધિ આપશે ને વિષયથી વિરક્ત કરશે.

તે જ દિવસે બપોરે પીપલાણામાં કુરજીભાઇ ઓઘાભાઇ જાદવને ઘેર નવા મકાનનાં વાસ્તુ પ્રસંગે પધાર્યા ત્યાં જોગી સ્વામીએ વાત કરી જે, સ્વામિનારાયણ ભગવાને ગઢડા પ્ર. પ્રકરણના ૫ મા વચનામૃતમાં જે ધ્યાન બતાવ્યું છે તે ભગવાનના ભક્તને ક્રિયામાં કઇ રીતે છે ? તો જ્યારે સારો અવસર કાંઇક સારી ક્રિયા એટલે વાસ્તુ વગેરે પ્રસંગમાં પહેલા ભગવાન તથા ભગવાનના ભક્ત રહે તે વચનામૃત પ્રમાણે ધ્યાન છે.

તે જ દિવસે બપોરે પૂજારી સ્વામીના ઓરડામાં જોગી સ્વામીએ વાત કરી જે, સ્વરૂપ નિષ્ઠાની વાત છે તે સુધી અટપટી છે. સમજતા પણ ન આવડે. સામા જીવને સમજાવવી તે તો સુધી ગહન છે, તે મહારાજે લોયાના ૧૮મા વચનામૃતમાં વિગત લખેલી છે. ભગવાને વારાહનો દેહ ધારણ કર્યો તથા મચ્છ, કચ્છ, હયગ્રીવ વગેરે અવતાર ધારણ કર્યા ત્યારે જે સ્થળે એટલે જે યોનિમાં અવતાર લીધો તેના જેવું જ આચરણ કર્યું. તેના ભક્ત તેવી જ યોનિમાં થયેલા છે. કેટલાકે પતિભાવે ભજન કર્યું, કેટલાકે સખાભાવે ભજન કર્યું, તે શું ધામમાં દેહ હતા એવા દેહ મળ્યા છે ? દેહ તો માયિક હતા ને ધામમાં તો દિવ્ય છે, માયા પર છે. માટે ભગવાનમાં તો મનુષ્યપણું તથા દિવ્યપણું સમજે તે ઉપાસના સમજ્યો કહેવાય. પણ જ્યાં સુધી દિવ્યમાં દિવ્યપણું અને અહોપણું મનાય ને મનુષ્યપણામાં એવો આનંદ ન આવે તો ઉપાસના કેટલે દરજ્જે છે તે સમજવી જોઇએ. કારણ કે “દિવ્ય, અરૂ માનુષ દ્રઢ કરીકે ચિન્ના અલખ લખ્યા સાક્ષાત, ભયી યહ વાત નવીના.” માટે શ્રીકૃષ્ણ ભગવાને ગીતાની ગાય કરીને અર્જુનને વાછડો કર્યો. એમ કોઇપણ સામા ધાવેલા હોય તે જ આ ઉપાસનાની લેન કેવી છે ? ઉપાસનામાં શું બળ છે ? શું કિંમત છે ? યુધિષ્ઠિર ધર્મવાળા હતા ને અર્જુન સ્વરૂપ નિષ્ઠાવાળા હતા. તો બેયના મત જોતા સ્વરૂપ નિષ્ઠા ક્યાં ઊભી છે ને ધર્મનિષ્ઠા ક્યાં ઊભી છે તે બેયનું ફળ વિચારવું. કારણ કે ધર્મનિષ્ઠાનું ફળ સ્વર્ગ, મૃત્યુ, પાતાળમાં રહી ભોગવાય છે. અને સ્વરૂપનિષ્ઠામાં તો એટલું બધું બળ છે કે જેવા ભગવાનને જાણે તેવો થાય ત્યારે સ્વરૂપનિષ્ઠા વસ્તુ શું છે તેનું પૂરેપૂરુ જ્ઞાન થાય. તો આ લોકના સુખ, દેહના સુખ તેની કિંમત

થઈ જાય. નહીં તો સહુ મંડ્યા છે ! સ્વાદ ટાણે સ્વાદની કિંમત કરે, પણ બની શકતી નથી તેમ જ પંચવિષયના સુખનો કાયમ ભોગવટો કરે છે, પણ એનેય જાણી શકતો નથી. અને ઉપાસનાનું બળ તો ઉપાસના વાળો નથી સમજતો પણ બીજા પાછળથી તેનું બળ અને કિંમત કરે છે. એમ જોતા ઉપાસનાવાદ અતર્ક છે. તે જીવના તર્કમાં ન આવે પણ ગુરુમુખી થાય તો એ વાતની ગમ પડે. ધર્મે કરીને સુખ મળે છે. ઉપાસના કરીને બીજાને સુખ આપી શકાય છે. એવો અલૌકિક ઉપાસનાનો શાસ્ત્રમાં જબરો દાખલો છે. એ વાત તો બ્રહ્માના કલ્પ પર્યંત કરીએ તો ય ખૂટે એમ નથી. એવી ઉપાસનાની વાત જબરી છે. ને જીવની બુદ્ધિમાં સામતી નથી. કારણ કે કીડી લાડવો ખાય છે પણ આખો લાડવો મોઢામાં મૂકો તો મરી જાય. - ૩૬

● સંવત્ ૨૦૧૬ ના શ્રાવણ સુદી-૧૩, તા. ૦૫/૦૮/૧૯૬૦ ને શુક્રવારે બોડકા સ્વામિનારાયણ મંદિરમાં જાપ.પૂ. સ્વામીશ્રીએ વાત કરી જે, ગઢડા અં. પ્ર.નું ૮ મું વચનામૃત સદા સુખીયા રહેવાનું છે. પણ ઈન્દ્રિયો અંતઃકરણનો ઝગડો મટાડવા શાસ્ત્રે ઈન્દ્રિયોને નિયમમાં રાખવા સારું નિયમ બાંધ્યા. તે નિયમમાં રહે ને નિયમમાં રહેતા થકા વૈરાગ્ય વિચારથી એટલે જે નિયમમાં રહીએ છીએ. તે નિયમ ઈન્દ્રિયોને વશ રાખવા પૂરતું છે. પણ વૈરાગ્ય તો કેનુ નામ ? જે નિયમમાં વર્તે છતા નિયમનું જેને અભિમાન ન હોય ને નિયમ છે છતાં પોતાને કાંઈ ન ગણે એટલે તુચ્છ ગણે. ને એ ગુણનું અભિમાન ન હોય, ત્યારે ઈન્દ્રિયો ધર્મમાં રહે. છતાં અભિમાન ન હોય તો વૈરાગ્ય છે ને તે સુખિયો છે. પણ તે બેની વચ્ચે ભગવાનના ભક્ત છે. તેમાં હેત તથા તેનો સંગ ને તે વિના બીજું અળખામણું એટલે વૈરાગ્ય. આ જાતનો વૈરાગ્ય ધર્મ ભક્તને સંગરૂપી કહેતા ભગવાનના ભક્તના વાક્યમાં જે નિયમ તે જ નિયમ છે. તે સિવાય જે ગમે તે પ્રકારના નિયમ ભગવાનના ભક્ત સંગાથે મળવામાં પૂર્ણ અંતરાયરૂપ છે. એવા પાપરૂપ નિયમ ભગવાનનો ભક્ત કદીપણ સ્વપ્નમાંય ઈચ્છતો નથી. આવો અલૌકિક ભગવાનનો ભક્ત આ ભવમાં મળવો દુર્લભ છે. જય શ્રી સ્વામિનારાયણ. - ૩૭

● સંવત્ ૨૦૧૬ના શ્રાવણ સુદી-૧૪, તા. ૦૬/૦૮/૧૯૬૦ ને શનિવારે નાદપરા જીવરાજભાઇ કાળાભાઇના નવા મકાનના વાસ્તુ પ્રસંગે સણોસરા પધાર્યા ત્યારે પ.પૂ. સ્વામીશ્રીએ વાત કરી જે, લોયાના ૧૩ મા વચનામૃતમાં બ્રહ્માનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, સુઝે એવો મોટો હોય તો પણ દેશકાળાદિકે કરીને પરાભવ ન થાય તેનું શું કારણ છે ? સાંભળ્યામાં તો એમ આવે છે કે બ્રહ્માને સરસ્વતીને દેખીને મોહ થયો. શંકરને પણ મોહિની સ્વરૂપમાં મોહ થયો માટે સૂઝે એવો મોટો હોય તો પણ દેશકાળમાં આવે ખરો પણ ભગવાનના ભક્તને કઇ રીતે દેશકાળ ન લાગે ? તો જે નારાયણને નિર્વિકલ્પપણે પામ્યો હોય ને નારાયણના ચરણારવિંદમાં નિમગ્ન રહેતો હોય તો તુચ્છ જેવો જીવ હોય છતાંય દેશકાળ નડે નહીં. તે વિના તે ગમે તેવો મોટો હોય તો પણ દેશકાળ નડે ખરો માટે નિશ્ચય કરવો તે નિર્વિકલ્પપણે કરવો તો તુચ્છ જેવો જીવ હોય તો પણ પરાભવ ન પામે ને આ લોકમાં દેશકાળ જેવું જણાય, દેશકાળ લાગે પણ કલ્યાણના માર્ગ થકી ન પડે. ને નિર્વિકલ્પ સ્થિતિને પામ્યો હોય તેની તો વાત જ શી કહેવી ? તેને તો દેશકાળ ન લાગે. તે નક્કી નિદાન છે. માટે સ્થિતિથી નિર્વિકલ્પપણે ભગવાનને પામવું. નહીતર તો સૂઝે એવો મોટો હોય તો પણ દેશકાળ નડે ખરો. ત્યારે નિત્યાનંદ સ્વામીએ પૂછ્યું જે નારાયણ નિર્ગુણપણે છે. તેના ભક્ત તેના સમીપમાં ત્યાં તેવી જ રીતે રહ્યા હોય ત્યારે નારાયણમાં ને મુક્તમાં શો ભેદ છે ? મહારાજે કહ્યું જે, જુવોને આકાશમાં તારા છે ને ચંદ્રમા પણ છે. તે બેયના બિંબમાં ભેદ છે. તેમ મુક્ત પણ ત્યાં નારાયણની સમીપે રહ્યા હોય તો પણ સ્વામી - સેવકભાવ રહે છે. પણ નારાયણ છે તે તો પોતે પોતાના ઐશ્વર્ય કરીને સર્વોપરી વર્તે છે. ને મુક્ત છે તે સ્વામી-સેવકભાવે રહે છે. માટે મુક્તને અને નારાયણને સરખા કહે છે તે તો દુષ્ટમતવાળા છે ને મહા પાપી છે. માટે નારાયણ છે તે તો નારાયણ જ છે, માટે જે સમયે જે અવતાર તે સમે તે સર્વોપરી. તે અવતારની લેનને જે સમજતો હોય, જાણતો હોય તો મચ્છ એટલે માછલું તેને ભગવાન કહેવામાં કાંઇ અટકે નહીં. ને શાસ્ત્રમાં પણ ચોવીસ અવતાર લખ્યા છે. તો આ રીતે

જેને પોતાના ઐશ્વર્યે કરીને સર્વોપરી નારાયણને જાણ્યા હોય તો મુક્તને પણ નારાયણ જેવા કોઈ દિવસ ન સમજે. જો મુક્ત, અક્ષર અને પુરુષોત્તમ ત્રણ નોખા પાડતા આવડે તો. નહીતર તો અક્ષર, મુક્ત ભેગા થઈ જાય. અને કાં તો અક્ષરને પુરુષોત્તમ ભેગા ભેળવે તો મુક્તને અને નારાયણને સરખા કહે છે તેને દુષ્ટમતવાળા કહે છે. એ વાત અનુભવ ગુરુ વિના ગમ ન પડે. માટે અનુભવ જ્ઞાન ઉજાસથી આ વાત દૃઢ થાય. પૃથુ ભગવાને પણ કહ્યું છે, 'મારા ધનુષ્યથી નીકળ્યા જે બાણ તેનાથી હું આ જગત આખાને ધારવાને સમર્થ છું.' તેમ નારાયણ પણ પોતાના ઐશ્વર્યે કરીને સર્વોપરી છે. માટે ત્યાં અક્ષરધામમાં રહેતા હોય તો પણ મુક્તમાં અને નારાયણમાં બહુ તફાવત છે. - ૩૮

● સંવત્ ૨૦૧૬ના શ્રાવણ સુદી-૧૫, તા. ૦૭/૦૮/૧૯૬૦ ને રવિવારે ચુડવા સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ. સ્વામીશ્રીએ વાત કરી જે, આ જીવ દેહની અંદર રહ્યો છે. અને ઈન્દ્રિયો અંતઃકરણ પણ જીવ ભેળા રહ્યા છે ત્યારે ઈન્દ્રિયોનું રૂપ શું છે ? ને જીવનું રૂપ શું છે ? ઈન્દ્રિયોનું રૂપ તો પોત પોતાના વિષયમાં જોડાવું, એકરસ થાવું. જીવનું રૂપ પણ ઈન્દ્રિયો ભેળો ભળે ત્યારે ઈન્દ્રિયોના જેવું જ છે. એટલે તે ભેળો ભળે ત્યારે તે રૂપ થઈ જાય. ઈન્દ્રિયોનું રૂપ તો નેત્રને જોવું, કાનને સાંભળવું, ત્વચાને સ્પર્શ કરવો અને નાસિકાને સુંઘવું તેવું છે. પણ તેના ભેળો જીવ તદાત્મકપણે હોય ત્યારે એકરસ થઈ જાય એટલે વિષય ભેગો ભળી જાય. પણ સત્પુરુષના સંગથી જીવ પાછો નોખો પડે છે, એટલે વિચાર આવે છે. સત્પુરુષનો સંગ ન હોય તો મૂવા સુધી વિચાર ન આવે. માટે જીવસત્તા તે વિષય છે, છતાં વિષયથી ન્યારો મનાય ત્યારે જીવસત્તા ગણાય. માટે આપણે તો ભગવાન અને ભગવાનના ભક્ત વતે જીવસત્તા, આત્મા, બ્રહ્મ અને સુખરૂપ છીએ. તો આપણે જે સ્થળે છીએ તેનો બરાબર સંત સમાગમ થાય તો ખબર પડે. નહીંતર તો ખાય છે છતાંય પૂછીએ ખારું મોળું કેમ છે ? ત્યારે ખાનાર કહે જરા ખમો. પછી તપાસ કરીને ખારું મોળું જેમ હોય તેમ કહે. તે પહેલા પોતાની મેળે પોતે કોઈપણ જીવ અલૌકિક છે છતાં અલૌકિક થાવા સમર્થ

થતો નથી. માટે સત્શાસ્ત્ર, સત્પુરુષ વતે સત્ આત્મા મનાય. ત્યારે આત્મજ્ઞાન પૂરું કહેવાય. બાકી તો વેદાંતિ ગણાય. - ૩૯

● સંવત્ ૨૦૧૬ના શ્રાવણ વદિ પડવો, તા. ૦૮/૦૮/૧૯૬૦ ને સોમવારે થાનિયાણા સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ. સ્વામીશ્રીએ વાત કરી જે, આ વખતે શ્રીજી મહારાજ પાંચસો પરમહંસ, બે હજાર અવતાર જેવા હરિભક્ત લઈને આ પૃથ્વી ઉપર અનંતજીવના ઉદ્ધાર કરવા પધાર્યા છે. માટે આ સમયે જેનો અવતાર તેના ધન્ય ભાગ્ય છે. માટે સમય સૂચક થાવું ને ભજન કરી લેવું. આજ્ઞામાં જુકતી ન કરવી. આવે એટલું ભોગવવું નહીં ને ત્યાગ કરતા રહેજો તો આ લોકમાંથી વિરક્ત થવાશે. નહીતર આ લોક જીવને બંધન કરનારો છે. વળગાવડો છે છોડે એવો નથી. પણ મહારાજ તથા મોટા પુરુષો મળ્યા છે તે મૂકે એવા પણ નથી. તો જેનું બળ હશે તેનું ચાલશે. માટે આપણે કેના છીએ ? આપણને કોણ મળ્યા છે ? આપણને શું લાભ થયો છે ? તે ભુલવું નહીં. અને ખબડદાર થઈને આજ્ઞા પાળવી. બીજા ધામના ધણી આ પૃથ્વી ઉપર જુગેજુગે અવતાર લ્યે છે. પણ આ સમયે આ ભગવાન તે મળવા બહુ દુર્લભ છે. તેવો મોટો મનમાં આનંદ આણી ભજન કરવું. ને ભગવાનના ભક્ત થકી મનને ક્યારેય ઉદાસ ન કરવું. ભગવાનના ભક્ત ભેળું રહેવું. ને તેને અર્થે જે કાંઈ સેવા બની આવે તે જ મોટો લાભ છે. એ જ અખંડ સુખ અક્ષરધામનું ગણાશે. માટે આ જીવને મુવા સુધી આ લોકના સુખના સંકલ્પ થાય છે તે મુકવા ને પરલોકના કરવા તે ક્રિયા મોટા એકાંતિકની છે. માટે એકાંતિક સાથે જીવને જોડવો એ જ મોટો લાભ છે. એવા પ્રતાપી સહજાનંદ સ્વામી સદા છે. મુમુક્ષુને ગ્રહણ કરવામાં આવે છે. બાકી તો છોતેરાનો મેઘ વરસ્યો ને વુઠે મેચે કાળ પડ્યો. ને ગંગામાં નાયો ને માથું કોરું રાખ્યું. તેમ આ સત્સંગમાં જાણ્યા વિનાના છે તેતો જેમ છોકરા, વાછડા રહ્યા છે તેમ રહ્યા છે. પણ આ સત્સંગ શું છે તે સમજાતું નથી. પણ આપણે તો એને બાઝી પડવું એટલું જ કરવાનું છે. - ૪૦

● સંવત્ ૨૦૧૬ ના ભાદરવા સુદિ-૪, તા. ૨૬/૦૮/૧૯૬૦ ને

શુક્રવારે જૂનાગઢમાં મેસર્સ પટેલ એન્ડ કુ. ની ઓઇલ મીલે પધરામણી કરીને પ.પૂ. સ્વામીશ્રીએ વાત કરી જે, ભગવાન જેવા અક્ષરધામમાં છે. એવા સર્વત્ર, સર્વ ઠેકાણે અણું અણું પ્રત્યે તેવાને તેવા છે. તે ભગવાનનો જેને પ્રત્યક્ષ પ્રમાણ આશરો છે. તેને મનમાં એવી બીક ન રાખવી જે રખે હું ભૂત-પ્રેતને પામું ! કેમ કે એવો ભક્ત છે તેને ભગવાન કોઇ ધામમાં ઓરો રહેવા દેતા નથી. એ તો ઠેઠ અક્ષરધામમાં ભગવાનની હજૂરમાં રહે છે. - ૪૧

● સંવત્ ૨૦૧૬ ના ભાદરવા સુદી ૫ ને, તા. ૨૭/૦૮/૧૯૬૦ ને શનિવારે ઈવનગરમાં સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ. સ્વામીશ્રીએ વાત કરી જે, જીવને જંપ થાવાને માટે કે'તા શાંતિ થાવાને માટે, કે'તા દેહ છતા કૃતાર્થ થવાને માટે ભગવાનના સુખનો અનુભવ. અનુભવ તે શું ? તો મહારાજ કહે આ સભા શ્વેતદ્વિપ, બદ્રિકાશ્રમ, વૈકુંઠ અને ગોલોકમાં છે તેવી છે એમ મનાય ને ભગવાનના શબ્દ જે શાસ્ત્રમાં લખ્યા છે તેવો કોઇ શબ્દ નથી. માટે ભગવાનનો શબ્દ તે શું ? તો આ શબ્દ માયિક છે તે જીવમાં ઠરે છે. ને ભગવાનનો શબ્દ અમાયિક છે, દિવ્ય છે, અગોચર છે એટલે જીવમાં ઠરતો નથી. પણ ભગવાન દિવ્યરૂપે છે તે જ આ મનુષ્ય સર્વને દ્દષ્ટિગોચર સાક્ષાત્ જોવામાં આવે. ત્યાં મોક્ષની ઇચ્છા કરવી. ને જપ, તપ, સુખ, શાંતિ, ચિત્તમાં થાય તો અલૌકિક સુખ અત્યારે એને હાથ આવે છે. એમ સચ્છાસ્ત્ર અને સત્પુરુષ કહે છે. પણ આ વાતને શ્રવણ, મનન, નિદિધ્યાસે કરીને સાક્ષાત્કાર કરવો તો આ વાત જેમ છે તેમ મોટા થકી ગ્રહણ કરવી એ જ સર્વ શાસ્ત્રનો તથા સત્પુરુષનો ગલિતાર્થ છે. - ૪૨

● સંવત્ ૨૦૧૬ ના ભાદરવા સુદી-૭, તા. ૨૯/૦૮/૧૯૬૦ ને સોમવાર પ.પૂ. સ્વામીશ્રીએ નવાગામ પધાર્યા. કલોલા છગનલાલ આંબાભાઇ પ્રથમવાર અમેરિકા જતા હોવાથી એમની વિદાય વેળાએ જોગી સ્વામીએ વાત કરી જે, જે જે આ લોકમાં ને પરલોકમાં સુખીયા છે તે ભગવાન તથા તેના સંતને રાજી કરવાથી છે. અને પરલોકમાં જાવું હોય ને સુખિયા થાવું હોય તેને તો ભગવાન કે ભગવાનના ભક્ત એથી ઉપરાંત

બીજી વસ્તુ સુખદાયી નથી. તે વસ્તુ આજ આપણને વગર પ્રયાસે, વગર સાધને મળી છે. તો તેના ભેળો આ જીવનો નિવાસ થયો એ સુખ દેવને અગમ છે. મોક્ષભાગી મનુષ્યને સુગમ છે. જેને પૂર્વે ભગવાનનું કે સાધુનું દર્શન થયુ હોય તેને તો પોતાનો જ અવગુણ સૂઝે ને સંતમંડળમાં સહુથી હલકો થઇ રહે. એથી ઉપરાંત મનુષ્ય દેહનો લાભ નથી. માટે આપણે તો બહુ મોટી પ્રાપ્તિ થઇ છે. કેમ કે નેત્ર મીંચે તો મહારાજ ને સંત દેખાય છે. ને ઉઘાડીએ તો આ ભગવાન ને આ ભક્તને દેખીએ છીએ. તેથી આ જીવને અધિક સમજવાનું નથી. ને અધિક પામવાનું પણ રહેતું નથી. માટે આ સમે જેનો જન્મ તેનું સુખ શાસ્ત્રમાં લખ્યું છે તે મળ્યું છે. પણ તેનું જાણપણું નથી તે તો ભગવાનની ઇચ્છા છે. કાં તો આપણી ખામી છે. આપણું સમજે તો જીવને શાંતિ રહે છે. - ૪૩

● સંવત્ ૨૦૧૬ ના ભાદરવા સુદિ-૧૧, તા. ૦૨/૦૯/૧૯૬૦ ને શુક્રવારે જલજીલણીના સમૈયા પ્રસંગે પીપલાણામાં પ.પૂ. સ્વામીશ્રીએ વાત કરી જે, જીવને ભણવા જેવી તો એક બ્રહ્મવિદ્યા છે. તે બ્રહ્મલોકના ભેદુ બ્રહ્મ સંગાથે એક્તા ને બ્રહ્મ જેની જાતિ એવા જેને મળે તેને બ્રહ્મવિદ્યા પ્રાપ્ત થાય છે. પણ "જીવદશામાં રહેલા જીવ તે કદિ ન થાય શિવ." માટે જેને બ્રહ્મરૂપ થાવું હોય તેને તો પરમાત્મા જ્યારે પૃથ્વી ઉપર હોય તેની સંગાથે જેને સંબંધ હોય ને જેને સંબંધ થાય તે બ્રહ્મરૂપ થાય છે. માટે આપણે બ્રહ્મરૂપ થાવું. બ્રહ્મ જેને મળે તેને જ બ્રહ્મવિદ્યા પ્રાપ્ત થાય છે. જેણે બ્રહ્મરૂપ થાવું હોય, તેણે દેહ તથા દેહના સંબંધી વ્હાલા રાખવા નહીં. પણ ભગવાન ને ભગવાનના ભક્ત વ્હાલા કરવા. તેની સંગાથે વાલ્યપ કરવી. તેને મળવું, તેની સાથે જીવ જોડવો. તેના વેચાણ થઇ રહેવું. આવી રીતે જે વર્તે તે બ્રહ્મવેત્તા, બ્રહ્મસ્વરૂપ આત્મા છે. એવો આ જીવનો ઢાળો થાય ત્યારે આ જીવ બહુ મોટ્યપને પામે છે. કેમ કે મોટાને મળે તે બહુ મોટપની પામે. ઝું વિંયાય તો લીખ આવે, હાથણી વિંયાય તો ભેંસ જેવડું બચ્ચુ આવે. એવો મહારાજ તથા મોટા સાધુનો પ્રતાપ છે. આ વાત સમજ્યે જ છૂટકો છે ને હેતુને પણ આ વાત હેતથી સમજાવવી. - ૪૪

● સંવત્ ૨૦૧૬ ના ભાદરવા વદિ-૧૩, તા. ૧૮/૦૯/૧૯૬૦ ને રવિવારે પંચાળા પધાર્યા. ત્યાં વચનામૃતની મુખપાઠ કથાની પૂર્ણાહુતિ થઇ. તે પ્રસંગે પ.પૂ. સ્વામીશ્રીએ વાત કરી જે, આ જીવને આવો જોગ મળવો દુર્લભ છે. મનુષ્યદેહ પણ દુર્લભ છે. દેહે સાજું રહેવું તે પણ દુર્લભ છે. તે દુર્લભ વસ્તુની પ્રાપ્તિમાં સહાયભૂત સંત, સચ્છાસ્ત્ર, ભગવાનના ભક્તનો સંગ આ જેવો અત્યારે છે તેવો કાયમ રહે તો સંશયગ્રંથિ, કર્મગ્રંથિ, ઇચ્છાગ્રંથિ, મમત્વગ્રંથિ એ આદિક અનેક ગ્રંથિઓ ગળી જાય. ને પરમ સુખરૂપે વર્તે એવો કાયમ જીવને જોગ રહેવો તે બહુ મહા દુર્લભ છે. પણ જોગ મળ્યો ને જોગ કરી લીધો તેને મનુષ્ય દેહનું કર્તવ્ય પૂરું થયું. તેને સંગે જીવ સહેજે સહેજે અક્ષરધામમાં જાય છે. માટે આ પ્રાપ્તિ થઇ એમાં કર્તવ્ય ભગવાનનું છે. નિમિત્ત કોઇકને કરે છે. આપણે તો કથન માત્ર સમજવું, બાકી ધાર્યું એનું થાય છે. માન મેલવાથી માન મળે છે આ વાત પણ અવશ્ય સમજવાની છે. - ૪૫

● સંવત્ ૨૦૧૬ ના આસો વદિ-૬, તા. ૧૦/૧૦/૧૯૬૦ સોમવારે પીપલાણા શ્રી સ્વામિનારાયણ મંદિરની ઓફિસમાં પ.પૂ. સ્વામીશ્રીએ વાત કરી જે, જેને જે જોઇએ તે ઇશ્વર આપી રહેલા છે. છતાંય અસંતોષ, અપૂર્ણતા રહે છે. તેનું શું કારણ છે ? તો જીવને વિષય સંબંધી અનાદિ જ્ઞાન છે. તેની વાસના છે. તે જીવ ભેળા એકરસ થઇ ગયા છે. જેમ પૂર્વના વિષય જીવ સાથે મળ્યા તેને વાસના કહે છે. તથા સ્વભાવ કહે છે તથા પ્રકૃતિ કહે છે, તો તે સ્વભાવ તથા પ્રકૃતિ ટાળ્યાનો ઉપાય આત્મનિષ્ઠાએ સહિત શ્રીકૃષ્ણની ભક્તિ છે. તે ભક્તિવાન પુરુષને મળ્યા સિવાય સાચી ભક્તિ, સાચા પુરુષને વિષે હેત વિશ્વાસ ગુણ થાતો નથી, જેમ જીવને દેહ તથા દેહના સંબંધીનો પ્રસંગ છે. તો તેવા પુરુષનો જે તે પ્રકારે સંબંધ થાવો જોઇએ. આ વાત કર્યે જ છૂટકો છે. ત્યાં કાંઇ પોપાબાઇનું રાજ નથી તે જીવ સીધો ચાલ્યો જાય. માટે અત્યારે સમજી જાવું તો સુખદાયી છે. - ૪૬

● સંવત્ ૨૦૧૬ ના આસો વદિ-૧૨, તા. ૧૭/૧૦/૧૯૬૦ ને સોમવારે માણાવદરમાં જેઠાભાઇ વશરામભાઇ પનારાની મેડી ઉપર પ.પૂ.

સ્વામીશ્રીએ વાત કરી જે, શાંતિ તો એક નારાયણના ચરણમાં જ છે. તે સિવાય જીવે પંચવિષયનું સુખ માન્યું છે. પણ તેમાં તો દુઃખ જ છે. આ વાત પણ નકકી સમજી રાખવી. વિષયમાં સુખ હોય તો તેની ના ન પાડે. સુખ મનાય છે એ જ પૂરેપૂરું અજ્ઞાન છે. પણ જ્યાં સુધી જીવને સારા પંચવિષયમાં સારપ્ય મનાય છે ત્યાં સુધી જીવને મોહ ટાળવો, બ્રહ્મરૂપ થાવું તે મળશે નહીં. આવું તો એક જ ઠેકાણું નારાયણનું શરણ છે, બીજું સાધુ સમાગમ છે. તે સાધુ સમાગમ કરવો. તે પણ સત્તારૂપ થઈને કરવો. તે સત્તારૂપ આત્મા કેવો છે ? કે જેમાં કોઈપણ પદાર્થ હોય જ નહીં. એવો અલૌકિક આત્મા તેને પોતાનું સ્વરૂપ માનવું ને તેનો મન-કર્મ-વચને સંગ કરવો, તો તેમાં સુખ છે. બાકી આ લોકમાં પદાર્થ સુખીયાને પણ દુઃખીયા કરે છે. કેમ કે ભાઈઓનું હેત બહુ છે તેને પણ તોડી નાખે ને મિત્રનો સંબંધ અધિક જોવામાં આવે છે. પણ પદાર્થ મિત્રના સંબંધને પણ ઉડાડી દ્યે છે. તો સત્પુરુષનો જીવને સંબંધ એ જ પરમાત્માનો સંબંધ સમજી લેવો. પણ દેહ તથા દેહના સંબંધીમાં હેત રહી જાય એવું હેત ન કરવું. એ જેવા થઈને આપણે નારાયણના ચરણારવિંદમાં રહેવા શીખવું. - ૪૭

● સંવત્ ૨૦૧૭ ના કારતક સુદિ-૧, તા. ૨૧/૧૦/૧૯૬૦ ને શુક્રવારે પીપલાણા સ્વામિનારાયણ મંદિરની વાડીમાં પ.પૂ. સ્વામીશ્રીએ વાત કરી જે, મંગળમય એટલે શુભ, શુભમાં સારું આચરણ થાય, સારો વિચાર થાય, સારો સંકલ્પ થાય ને સારામાં સારા ભગવાન ભજાય. એના આપણે થાઈએ એથી પણ વધારે જેમ બને તેમ ભગવાનની આજ્ઞા, ભગવાનનું ભજન ભગવાનના ભક્ત જેવા પદાર્થ આ જગતમાં બીજે છે જ નહીં. માટે સ્વચ્છ હૃદય, સારો વિચાર, સારાના સંગમાં, સારા સમયમાં ભગવાન અને ભગવાનના ભક્ત જેવું બીજું કાંઈ પણ સારું નથી. ભગવાન ને ભગવાનના ભક્તને વિશે મનુષ્ય ભાવ આવે એથી બીજું કાંઈ ભૂંડું નથી. મનુષ્યભાવ શેણે કરીને આવે છે ? તો લોભ, કામ, સ્વાદ, સ્નેહ, માન, પક્ષપાત તેમા પણ જેવું પક્ષપાતે કરીને ભૂંડું થાય તેવું તો પંચવિષયે કરીને પણ થાતુ નથી. ગોપાળાનંદ સ્વામીની ઝોળીમાં દેવતા નાખ્યા ને

પાણા નાખ્યા એવા સંસ્કાર તો અમારે માથે પણ ધણા થયા છે. તે જીવ થકી તો ખમાય નહિ તે પાપે કરીને કેટલાક તો ભૂતયોનિને પામ્યા છે. ને વળી કોઇક અવગુણ લેશે તે પાપે ખાવાની વિષ્ટા ને પીવાની લઘુશંકા એવા દુ:ખને ભોગવશે પણ સુખ તો ક્યાંય થાશે નહીં. માટે મંગળમાં મંગળ, સારામાં સારું ભગવાન ને સાધુ મળ્યા એ જ આ લોક પરલોકમાં સારું છે એથી બીજું કાંઇ સારું સમજવાનું નથી. - ૪૮

● સંવત્ ૨૦૧૭ ના કારતક સુદિ-૧૧, તા. ૩૦/૧૦/૧૯૬૦ ને રવિવારે પીપલાણામાં પૂજારી સ્વામીના ઓરડામાં વિરાજમાન હતા. અમદાવાદ સરસપુરના રહીશ લાલજીભાઇ ખીમજીભાઇ રૂપેરાના પત્રના જવાબમાં પ્રગટ શબ્દનો અર્થ શું છે ? જવાબમાં પ.પૂ. સ્વામીશ્રીએ જણાવ્યું જે, પ્રગટ શબ્દનો અર્થ અમે અધ્યાત્મ શાસ્ત્રના ધોરણે કરેલો છે. કારણ કે અધ્યાત્મ શાસ્ત્ર જે જે ભણે સાંભળે તેની બુદ્ધિ ભ્રમી જાય છે. માટે શ્રીજી મહારાજે વચનામૃતમાં અધ્યાત્મ શાસ્ત્રનો ચોખ્ખો વિભાગ કર્યો છે. જે જ્યારે જ્યારે સગુણ કરીને કહે છે ત્યારે સંકર્ષણ, અનિરૂદ્ધ અને પદ્યુમ્નને કહે છે. ને જ્યારે નિર્ગુણ કરીને કહે છે ત્યારે વાસુદેવ ભગવાનને કહે છે. એ બેય સ્વરૂપ પ્રગટ પૃથ્વી ઉપર સર્વજનને નેત્ર ગોચર હોય છે. પણ એ વાતમાં માણસને વેદાંત શાસ્ત્ર વાંચે તે એમ જ કહે છે કે, દષ્ટિમાં આવે તે ખોટું છે. અનુભવમાં આવે તે સાચું છે. પણ આપણે સહજાનંદી ચોખ્ખા છીએ તેથી આપણે મતે જીવસંજ્ઞા પ્રગટ પૃથ્વી ઉપર હોય છે. ને ઈશ્વર પણ પ્રગટ પૃથ્વી ઉપર હોય છે. તે ઈશ્વર પણ પ્રગટ પૃથ્વી ઉપર ઈશ્વરના લક્ષણે યુક્ત પૃથ્વી ઉપર હોય છે. ને માયા પણ એના લક્ષણે યુક્ત માયા રહેલી છે. તો માયા કોને કહે છે ? તો ચૈતન્ય જે જીવ તે જડ સંગાથે મેળાપ કહેતા જીવ અને ઈશ્વર સિવાય બીજાનો સંબંધ તે માયા છે. માટે માયા એકલી જડ ન કહેવાય તેમ ચૈતન્ય પણ ન કહેવાય. ને બ્રહ્મ તો ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય તથા ભક્તિથી ભરપૂર હોય છતાંય જેને તેનું માન નહીં તે બ્રહ્મને શ્રીજી મહારાજ પૃથ્વી ઉપર પ્રગટ કહે છે. પણ પરબ્રહ્મ તો ધર્મ હોય, જ્ઞાન હોય, વૈરાગ્ય હોય, ભક્તિ હોય બીજા અનેક શુભ ગુણ સ્વાભાવિક જેનામાં નિવાસ

કરીને રહેલા હોય તે, તે શ્રીજી મહારાજે પોતાના સ્વાભાવિક ગુણ ગઢડા મધ્ય પ્રકરણના ૩૯ મા વચનામૃતમાં બતાવેલ છે. તે રીતે ઈશ્વર પૃથ્વી ઉપર સર્વ જનને જ્યાં જેવા અલૌકિક ગુણ છે ત્યાં તેને પ્રગટ છે. ને બીજા જીવ, ઈશ્વર, માયા અને બ્રહ્મ ચાર વસ્તુ પૃથ્વી ઉપર રહે છે. ને પરમેશ્વર તેની સંગાથે ગણેલા છે. તો પણ તેની સાથે જરૂર પૃથ્વી ઉપર હોય જ અને ન હોય તો આપણી એટલી સ્થિતિમાં ફેર છે. એટલે જ પરમેશ્વર તો એમ કહે છે જે, જ્યારે જ્યારે જીવને ભરતખંડને વિશે મનુષ્ય દેહ આવે છે ત્યારે ભગવાન કે ભગવાનના સંત જરૂર પૃથ્વી ઉપર વિચરતા હોય છે. એમ વડતાલનું ૧૯મું વચનામૃત કહે છે. તેની ઓળખાણ થાય ત્યારે જ ભક્ત થાય એમ કહે છે. માટે અધ્યાત્મ શાસ્ત્ર સદ્‌ગુરુ થકી ચોખવટથી સમજવું જોશે. વિશેષ તો કાંઈ અમો સમજી શકતા નથી. અને આમા કાંઈ ફેરફાર રહે તો કૃપા દ્રષ્ટિ કરીને ફરી લખવા કૃપા કરશો. અમો અમારી ભૂલ થતી હોય તો સુધારી લઈએ. કારણ કે આપણે સ્વામિનારાયણના ચાંદલાનો નાતો છે. - ૪૯

●સંવત્ ૨૦૧૭ માગસર સુદિ-૮, તા. ૨૬/૧૧/૧૯૬૦ ને શનિવારે સણોસરામાં સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ. સ્વામીશ્રીએ વાત કરી જે, ભગવાનના સ્વરૂપ, ભગવાનના ગુણ જાણવા, પામવા, સમજવા તેમાં ઘણો - ઘણો તફાવત રહેલ છે. કારણ કે કેટલાક એમ કહે છે જે, ભગવાન બહુ સમર્થ છે પણ આ લોકમાંથી મૂકાય ત્યારે ભગવાન પમાય છે. ઈન્દ્રિયોનો નિગ્રહ કરે તે ભગવાન સંઘાથે એક્તા મેળવે ને તેની સાથે મળી રહે. તે લક્ષ્મીજી જેમ ભગવાનમાં હેતે કરીને જોડાય રહે છે તેમ કેટલાક મુક્ત ભગવાનમાં એ રીતે જોડાય રહ્યા છે. એ રીતે તે પણ પ્રગટ પ્રમાણ સમજીને ભગવાન સંગાથે મેળાપ કરીને પંચ વર્તમાન પાળે તે અને પાળનારા સાથે સંબંધ આ રીતના ભગવાનના સ્વરૂપને જુવે, જાણે ને ઉપાસના સાક્ષાત્ કરે તે પણ એક આ જગતમાં સમજણ છે. અને તે સિવાય પણ ભગવાનને પ્રમાણ માને તે સાધુ દ્વારા એટલે જેમ ફાનસમાં દિવો છે તે દિવો ફાનસના આધારે ગ્રહણ કરવામાં આવે છે તેમ અક્ષરમુક્ત દ્વારા મુક્તિ માનનારા

નિર્ભય પદને પામી બેઠા તે વાત સારી છે તે તો શાસ્ત્રના શબ્દ છે. પણ સમજવાની રીત જે ખરેખરી ઉપાસના, ખરેખરી નિષ્ઠા જે જીવને જે વતે થઇ તે નિષ્ઠા. સર્વે ગુણે સમજીને ભજન કરે ને પોતે બ્રહ્મરૂપની રાખીને ભગવાનમાં જેમ પહેલા લખી ગયા એ રીતે વૃતિ રાખે ને તે સિવાય બીજી રીતે બીજા વતે જીવથી ભગવાન પમાય છે. જેમ ગઢડા પ્ર.પ્ર.ના ૫૧માં વચનામૃતમાં હીરે કરીને હીરો વેધાય છે તેમ બીજા વતે ભગવાનની કિંમત થાય. એવા પણ આ જગતમાં એક સમજણ રાખી રહ્યા છે તે પણ બહુ સરસ છે. પણ સર્વોપરી ભગવાન, સર્વોપરી અક્ષરધામ અને સર્વોપરી આ મુક્ત તેમાં તન-મન-ધનથી વળગેલાને બ્રહ્મરૂપ જેવી દશા તેથી તેની દર્શનમાં બીજાને ભગવાન જ મનાય. ને ભગવાન સર્વોપરી છે. તે જેવા જાણે તેવો તે થાય. તેમ જેના સામું જોઇએ ને પાછી વૃત્તિ વળે ને સુખીયા થવાય ને છતાંય ગમે એટલા તેના સંગથી ગુણ આવે તો પણ તે વસ્તુ અપાર, અતર્ક રહે. આવી રીતે સર્વોપરી છે છતાંય સાકાર નિષ્ઠા ને દિવ્યપણું ને સદાપણું જેને રહે એ રીતે સર્વોપરી મૂર્તિ ભગવાન પ્રગટ પૃથ્વી ઉપર સદા છે. - ૫૦

● સંવત્ ૨૦૧૭ ના માગસર સુદિ-૯, તા. ૨૭/૧૧/૧૯૬૦ ને રવિવારે સણોસરા સ્વામિનારાયણ મંદિરે સવારે ૯-૧૫ મિનિટે પ.પૂ. સ્વામીશ્રીએ વાત કરી જે, મધ્ય પ્ર.ના વચનામૃત ૨૦ માં મહારાજે પોતાના રસોયા હરિભક્તની આગળ વાર્તા કરી - તે સોમલા ખાચર આદિ પ્રત્યે. ત્યારે સંતે પૂછ્યું, ‘હે મહારાજ ! એ વાર્તા અમને સંભળાવો.’ ત્યારે મહારાજે તેનો ઉત્તર કર્યો જે, ‘માયામાંથી ઉત્પન્ન થયું જે ચોવિસ તત્ત્વાત્મક બ્રહ્માંડ તે ચોવિસ તત્ત્વમાં શક્તિ પણ સરખી ન હોય, જાણપણું પણ સરખું ન હોય, પણ એ જીવ તેના સામુ દૃષ્ટિએ કરીને જુવે છે ત્યારે એ ચૈતન્યમય થઇ જાય છે. ચાલે - હાલે એવું થાય છે. એવો એ જીવનો અલૌકિક પ્રતાપ છે. હવે એ જીવ જ્યારે સમાધિએ કરીને બ્રહ્મ સંગાથે એકાત્માને પામે ને માયા થકી ઉત્પન્ન થયા જે ચોવિસ તત્ત્વ તેના દૃષ્ટાપણાનો ત્યાગ કરે ને બ્રહ્મ સંગાથે મળે ત્યારે એ જીવ બ્રહ્મરૂપ કહેવાય. માટે બ્રહ્મની સંગાથે સંબંધ તે બ્રહ્મ, ને વિષય સંગાથે સંબંધ તે માયા. ને ઈન્દ્રિયુ-માયાનો સર્ગ જે તેનો દ્રષ્ટા

ચૈતન્ય છે. છતાં જડની ભાવના એટલે અટકે, નહિં તો આત્મા બહુ સમર્થ છે, બહુ મોટો છે. પણ એના સંગ વડે કરીને જીવ જીવદશાને પામે છે. માટે બ્રહ્મવેતા બ્રહ્મરૂપ વર્તનારા સંગાથે સંબંધ થાય ત્યારે એ જીવ બ્રહ્મરૂપ થાય છે. તેમાં કેટલાક એમ સમજે છે જે સમાધિવાળાને જ્ઞાન ઓછું થાય છે પણ જ્ઞાન ઘટતું નથી. ને ઈન્દ્રિયુંની શક્તિ તો જ્યારે તપ, નિવૃતિ ધર્મ ગ્રહણ કરે ત્યારે સિદ્ધદશા પ્રાપ્ત થાય છે. ને શુકજી ને જડભરતના જેવી સ્થિતિ થાય છે. ને લોક-અલોક સર્વ ઠેકાણે એની દૃષ્ટિ થાય છે. માટે પ્રવૃત્તિ ધર્મવાળાને જ્ઞાન વધે છે પણ ઘટતું નથી. ગીતામાં કહ્યું છે તેમ થાય છે - જેની કોરે જગત સૂતું છે તેની કોરે સંયમી પુરુષ જાગ્યા છે પણ જ્યાં સુધી રજોગુણ-તમોગુણ મલિન સત્ત્વમાં રહીને આ પ્રશ્નનો ઉત્તર કરવા જાય તો એમ જ સૂઝે જે સમાધિવાળાને જ્ઞાન ઓછું થાય છે પણ જ્ઞાન તો ઘટતું જ નથી. માટે પોતાની મૂર્ખાઈએ કરીને જ્ઞાની છે તેના ઈન્દ્રિયુ-અંતઃકરણ એને વિષય સન્મુખ શૂન્યભાવ રહે છે તેથી કરીને એને જ્ઞાન ઓછું થઈ જાય એમ જોવામાં આવે છે પણ જ્ઞાન ઘટે નહીં. કારણ કે એને સમાધિને વિશે જે જે જોયું તે વિસરતું નથી પણ ઈન્દ્રિયું અંતઃકરણની કોર શૂન્યભાવ જોવામાં આવે છે. તેથી જ મૂર્ખ જીવ તેને જ્ઞાન ઓછું થયુ એમ કહે છે. - ૫૧

● સંવત્ ૨૦૧૭ ના માગસર વદિ-૫, તા. ૦૮/૧૨/૧૯૬૦ ને ગુરુવારે લાઠ ગામે પરમ ભગવદીય દેવજી બેચરની વાડીએ બપોર પછી સાંજે ૪-૪૫ મિનિટે લીંબોળીના ઝાડની બાજુમાં વિરાજમાન હતા અને પ.પૂ. સ્વામીશ્રીએ વાત કરી જે, ઈશ્વરની મરજી જેમ હોય તેમ રહેવા શીખવું. તેમાં સુખ-શાંતિ, આનંદ રહે છે. જે વખતે જેવી ઈશ્વરની મરજી હોય તે સમજી શકવું. એમાં સાત્ત્વિક બુદ્ધિવાળા માણસો જેની સમીપે કે'તા સહવાસ હોય ને વિષયમાંથી પાછી વૃત્તિવાળી ભજન કરતો હોય ને આત્મા-પરમાત્માનો દૃઢ વિશ્વાસ રાખી મંડવું. એથી ઉપરાંત જીવને સુખ-શાંતિ આનંદનું ઠેકાણું નથી. માટે ભગવાન તથા સંત જ્યાં રહે ત્યાં શુભ દેશકાળ બાકી અશુભ. મકરાણ, અરબસ્તાન આદિક અશુભ દેશ જાણવા. માટે આપણને - સાક્ષાત્ ભગવાન મળ્યા છે માટે ભજન કરી લેવું. - ૫૨

● સંવત્ ૨૦૧૭ ના માગસર વદિ-૭, તા. ૧૦/૧૨/૧૯૬૦ ને શનિવારે લીંબુડા સ્વામિનારાયણ મંદિરે સવારના ૯:૦૦ વાગ્યે પ.પૂ. સ્વામીશ્રીએ વાત કરી જે, ભગવાનને ભજીને થયા જે મુક્ત તેની સ્થિતિને ભેદે કરીને સત્ય-અસત્ય કહેવાય છે. માટે જેમ મેરૂની ટોચે ઊભેલો પુરુષ તે એમ જાણે જે આ બધું પૃથ્વીરૂપ છે. જેમ સમુદ્રમાં વહાણ છ મહિના સુધી ચાલ્યું જાય ત્યારે વહાણમાં બેઠેલો પુરુષ એકલું જળ જ જુએ છે. ને કાંઠે ઉભેલા માણસો પૃથક્ - પૃથક્ જોઇ શકે છે. માણસો, પશુ, વૃક્ષ, પહાડ વગેરે પૃથક્ તેની દૃષ્ટિમાં આવે છે. તેમ જે બ્રહ્મસ્થિતિને પામેલા પુરુષ એમ કહે જે, માયા, જગત, જીવ મિથ્યા છે. તે તેની સ્થિતિ પ્રમાણે કહે છે ને પૃથ્વીને વિશે રહેલા એટલે દેહમાં વર્તતા, દેહભાવ રાખી રહેલા માણસો કહે છે જે, ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય વગેરે સત્ય કહે છે. તે તેની સમજણ પ્રમાણે બરાબર છે. માટે આપણે આપણી પોતાની સ્થિતિ એટલે વૃત્તાંત બોલીએ તે યોગ્ય કહેવાય. સ્થિતિથી વધારે બોલવું તેમાં શાસ્ત્રમાં પૂર્વાપર શબ્દની ખબર ન રહે. માટે એક શબ્દ આપણે બોલીએ ને બીજો શબ્દ ખોટો થઇ જાય તે પૂર્વાપર શબ્દની ખબર વિના બોલાય છે. માટે પૂર્વાપર શબ્દનો ખ્યાલ રાખી બોલવું - તે સમજુ કહેવાય. તેને મતે શાસ્ત્ર ખોટા નથી. પૂર્વાપર જાણ્યા વિના બોલાય તો એક તરફ શાસ્ત્ર સત્ય અને બીજી તરફ શાસ્ત્રવિધિ ખોટી - તે શાસ્ત્રના પૂર્વાપર શબ્દ જાણ્યા વિના બોલાય છે. જેમ આ લોકમાં કોઇ માણસ એકવાર બોલ્યું ને બીજી વખત તેની ને તેની જ બોલીમા તેનો બોલ ખોટો થઇ જાય છે. તે પોતે એમ નથી સમજતો કે હું શું બોલું છું ? - ૫૩

● સંવત્ ૨૦૧૭ ના માગસર વદિ-૮, તા. ૧૧/૧૨/૧૯૬૦ ને રવિવારે લીંબુડા સ્વામિનારાયણ મંદિરે સવારના ૮-૪૫ વાગ્યે પ.પૂ. સ્વામીશ્રીએ વાત કરી જે, આ જીવને જેવી પોતાની બુદ્ધિનું માન છે તે મેલીને બીજાના ગુણ જોવા તે ઉત્તમ ધર્મનું સ્થાન છે. ને પોતાના ગુણ કહેવા ને બીજાના અવગુણ કહેવા તે પાપનું સ્થાન છે. માટે ધર્મમાં રહેવા શીખવું. માટે આપણે ભગવાનના ભક્તના જે કર્તવ્ય કહેતા તેના અવગુણ તે બુદ્ધિમાં

નક્કી થાય તે અધર્મ. બાકી તો જીવ કોઇ દિવસ પોતાની ભૂલ કબૂલ કરતો નથી. ને પોતાની ભૂલ કબૂલ કરે તે પણ ધર્મ. તેવો ધર્મ ભગવાનના ભક્તને ભગવાનના નિશ્ચયમાં જે અચળ ભરોસો, દિવ્યપણું - પ્રાકૃત ચરિત્રમાં દિવ્ય ગણાય છે. બાકી તો પરચા ઇચ્છે તેને પામર ને પતિત ને અધમ માનવો. માટે ધર્મ ધારે તે ધર્મી કહેવાય. ને ધર્મને વખાણે તે પણ ધર્મને માર્ગે ચાલ્યો માટે આપણે પણ ભક્ત ભગવાનના સંબંધને પામ્યા તે જ ધર્મવાળા સમજી તેને મન, કર્મ, વચને ભજવા. ત્યાં ઠરી આત્માને શાંતિ લેવી એથી ઉપરાંત ધર્મ નથી. - ૫૪

● સંવત્ ૨૦૧૭ ના માગસર વદિ-૮ ને તા. ૧૧/૧૨/૧૯૬૦ ને રવિવારે ભીમોરા ગામે પ.ભ. પુરુષોત્તમ વશરામ તથા ગોવિંદ મૂળજીના આગ્રહને વશ થઇ આજ રોજ પ.પૂ. સ્વામીશ્રીએ તેઓના ઘરે પધાર્યા હતા અને સાંજે ૬-૧૦ મિનિટે જોગી સ્વામીએ વાત કરી જે, ભગવાનનું સ્વરૂપ માયા પર છે, પણ માયામાં છે તો પણ ભગવાનના સ્વરૂપને માયા બાધ ન કરે. માટે ભગવાનને સાંખ્યશાસ્ત્ર નિર્લેપ કરીને કહે છે. કારણ કે જીવ અનાદિ જીવ જ છે. ને માયા મિશ્રિત માયામાં જ છે પણ માયાનો ગુણ ને જીવનો ગુણ નોખો જ છે. તે બરાબર સમજી લેવો જોઇએ, કારણ કે ગમે એટલા કલ્પ માયામાં જીવ રહે તો પણ માયા તેને રોકી શકે નહીં - એવો અચ્છેદ, અભેદ, અજર, અમર સુખરૂપ ને સત્તારૂપ છે ને જ્ઞાનશક્તિથી માયા ને માયાના તત્ત્વને બરાબર સમજે છે. માટે જ્ઞાન સ્વરૂપી જીવ છે. તો માયા ને માયાના કર્તા ઇશ્વર - એ બેમાં પણ ઘણો તફાવત છે. કારણ કે માયા છે તે ભગવાનની શક્તિ છે, ગુણસામ્ય છે, જડચિદાત્મક છે પણ ઇશ્વર છે તે માયાથી નોખા છે, માયાના કારણ છે ને માયાના આધાર છે ને પ્રેરક છે. તો ઇશ્વર ને માયા એ બે ભેળા ભેળવો તો કોઇ દિવસે ભેળા નહીં ભળે તો સનાતન એવા પરમાત્મા તે તો પર થકી પર તેના થકી પણ પર છે. તો તે વસ્તુ જીવમાં અગર માયામાં પોતાનું સ્વરૂપ ઢાંકીને ઇશ્વરમાં રહેલા હોય તો પણ તેના જેવો એનો જડ સ્વભાવ, બદ્ધ સ્વભાવ, અહંકારી સ્વભાવ હોય જ નહીં કારણ કે જડ સ્વભાવ તો માયાનો છે. બદ્ધ સ્વભાવ તો જીવનો

છે ને ગુણાભિમાની તો ઈશ્વર છે પણ પરમાત્મા એ થકી ન્યારા છે, વિરક્ત છે, પણ માયામાં રહ્યા થકા જડને તથા દોષિતને નિર્ગુણ કરે ને અભિમાની ઈશ્વર તેને પણ નિર્ગુણ કરે એવા ચોવિસ તત્ત્વમાં તત્ત્વમસી થઈ રહ્યા હોય પણ ભગવાનના સ્વરૂપમાં તત્ત્વ છે કે નહીં એવો કોઈ પણ શ્લોક તથા શાસ્ત્ર તથા સત્પુરુષ શ્લોક બતાવતા નથી છતા જીવદશાથી એટલે પોતાની મૂઢબુદ્ધિથી તેમાં જીવદશા કલ્પે અગર તો પોતાને દોષ રાખવો હોય એટલે જડ-ચિદ્‌ભાવ માયાનો કલ્પે ને પોતાને ધર્મનું પ્રધાનપણું હોય, વૈરાગ્યનું પ્રધાનપણું હોય અગર દેહથી નોખો આત્માને માને તે તો જેટલી જેની અક્ષિવિદ્યા હોય તેવો દેખે પણ પરમાત્મા વસ્તુ કેવી છે ? તો ચિત્તના ચિંતવનમાં ન આવે, બુદ્ધિની બાથમાં ન આવે ને અહંકાર કરીને કોઈપણ અભિમાન ધરાવે કે ભગવાન મારા છે તો તેના થાય એવા નથી. માટે પરાત્પર રહેલા છતા મોટાની દૃષ્ટિથી જીવને દર્શન થાય છે, સમાગમ થાય છે, એવી અલૌકિક બુદ્ધિથી ભગવાનના સ્વરૂપમાં માયા ત્રિકાળમાં હોય જ નહી. - ૫૫

● સંવત્ ૨૦૧૭ ના માગસર વદિ-૯ ને, તા. ૧૨/૧૨/૧૯૬૦ ને સોમવારે ભીમોરા ગામે પુરુષોત્તમ વશરામના નવા મકાને પ.પૂ. સ્વામીશ્રીએ સવારના ૯-૩૫ કલાકે વાત કરી જે, ભગવાનના સ્વરૂપમાં માયા છે તે તો ગોડિયાની પેઠે રહેલી છે તે પણ અભક્તને મોહ ઉપજાવવા. ને અભક્ત ભગવાનને કોઈ રીતે, કોઈ પ્રકારે મળી શકે નહી. ને ભક્ત છે તેને ભગવાનના સ્વરૂપમાં માયા જોવામાં ના આવે. જોવામાં આવે તો ભક્ત નહીં. તે પણ ભક્ત-ભગવાન બે વસ્તુ છે. તેમાં એટલી ભક્તની ખામી છે પણ ભગવાનનું સ્વરૂપ તો સદા નિર્દોષ, નિષ્પાપ,નિર્લેપ, અલૌકિક. લૌકિકમાં છે તો પણ છે તો અલૌકિક. માટે એવા સમર્થ છતા આવા અર્ભકના ચરિત્રો છે તે તો ભકતના સુખને અર્થે, ભક્તના કલ્યાણને અર્થે, ભક્તના આરામને અર્થે ભગવાન મનુષ્ય જેવી મૂર્તિ થઈ વિચરે છે. તે બીજાને જોવામાં આવે નહીં. પણ ભગવાનનું સ્વરૂપ તો ભક્તને પણ નિર્દોષ, નિષ્પાપ, નિર્લેપ સદાને માટે જોવામાં આવે તો તે પણ અતર્ક-

તર્કમાં ન આવે એવા જે ભગવાન તે તેને સાક્ષાત ગોચર સર્વત્ર સર્વ ઠેકાણે, સર્વોપરી - જેવા અક્ષરધામમાં છે તેવા ને તેવા સર્વ ઠેકાણે તેને ગોતવા ન જાવા પડે. એવો ભગવાનનો અલૌકિક પ્રતાપ, ઐશ્વર્ય છે. તે ભગવાનનું સ્વરૂપ નિર્દોષ જ છે. દોષ છે તે આપણા છે. - ૫૬

● સંવત્ ૨૦૧૭ ના માગસર વદિ - ૯, તા. ૧૨/૧૨/૧૯૬૦ ને સોમવારે ઈન્દ્રાના પ.ભ. પુરુષોત્તમ રાઘવની વાડીએ કૂવો જોવા જતા. કૂવો જોયા પછી બપોર પછી ૩-૪૫ કલાકે પ.પૂ. સ્વામીશ્રીએ વાત કરી જે, જીવના મનસૂબા ભગવાન પૂરા કરે છે છતાં મનાતું નથી, અપૂર્ણતા રહે છે. કલ્પના રહે છે તેનું કારણ શું છે ? તો સંત-પુરુષના સમાગમ વિના ! માટે સત્પુરુષનો સંગ કરવો - તે પણ સત્તારૂપ થઈને કરવો પણ દેહ તથા દેહના સંબંધીમાં હેત રહી જાય તેમ ન કરવો. માટે સત્તારૂપ થયા વિના છૂટકો નથી. કારણ કે મનસૂબા જીવતા પૂરા થયા હોય તેનું તેને ભાન થાય નહીં તો અજ્ઞાન આડું આવે છે. - ૫૭

● સંવત્ ૨૦૧૭ ના માગસર વદિ-૧૦ ને તા. ૧૩/૧૨/૧૯૬૦ ને મંગળવારે સરદારગઢ ગામે પ.ભ. અરજણભાઈ રાઘવની મેડી ઉપર પ.પૂ. સ્વામીશ્રીએ સવારના ૯-૧૦ મિનિટે વાત કરી જે, ભગવાન ને ભગવાનનું સ્વરૂપ - બે વસ્તુમાં માયા છે જ નહીં. પણ બે વસ્તુ અલૌકિક છે છતાં જીવને તેનો અલૌકિક ભાવ જ્યાં સુધી ન થાય ત્યાં સુધી તે વસ્તુની કિંમત ન જણાય. જેમ આપણને ભૂખ લાગી હોય તો ભોજનની કિંમત થાય કારણ કે ભૂખ સિવાય ભોજનની કિંમત થતી નથી... તેમ ભગવાનનું સ્વરૂપ તો નિર્દોષ છે, નિર્વિકારી છે પણ તેમાં જીવને ભાવના, હેત, વિશ્વાસ ને અંતરાય રહિત જ્યારે ભાવના ખચિત જીવમાં ઠસાય ત્યારે તેને ભગવાનના સ્વરૂપનું જ્ઞાન થાવું કઠણ નથી. પણ ભગવાનના સ્વરૂપમાં માયા છે જ નહીં કારણ કે ચોવીસ તત્ત્વથી જીવ જૂદો છે કે ભેગો છે ? તેનું માપ કઈ રીતે કાઢવું ? માટે સાંખ્યશાસ્ત્ર ભગવાનના સ્વરૂપને નિર્લેપ - એ રીતે વર્ણવે છે. માટે ભગવાનનું સ્વરૂપ અલૌકિક, આનંદમય, સુખરૂપ, સજાતિય, આનંદ સહેજે છે. તે તો તેની પૂર્ણકૃપા છે. નહીં તો ભગવાન નેત્રે જોયામાં ન

આવે, કાને સાંભળવામાં ન આવે, ત્વચાએ સ્પર્શ કરવામાં ન આવે-એવું અલૌકિક ભગવાનનું સ્વરૂપ તેની સાથે જેને મેળાપ તે બ્રહ્મ. તે બ્રહ્મ-આત્મા તેનો સજાતિય. શાસ્ત્ર ઘટાડે છે. - ૫૮

● સંવત્ ૨૦૧૭ ના માગસર વદિ-૧૧ ને તા. ૧૪/૧૨/૧૯૬૦ બુધવારે માણાવદર મુકામે પ.ભ. જેઠાભાઇ વશરામભાઈની મેડી ઉપર બપોરે ૧-૪૫ મિનિટે પ.પૂ. સ્વામીશ્રીએ વાત કરી જે, ભગવાનનું સ્વરૂપ જે જૂએ તે જાણે બાકી તો જેમ ગોળનું ગાડું ચાલ્યું ગયું ને ચીલા ચાટે તે રીતે દુનિયાના જીવ આનંદ પામે છે. માટે આપણે તો ભગવાન જેવા **"એકમેવમ્ અદ્વિતીયમ્ બ્રહ્મ"** તરીકે. આ જગતમાં જીવ ભગવાનના ને ભગવાનના ચરિત્રના વખાણ બહુ કરે છે. પણ એક તો ખાધા વિના, જાણ્યા વિના ભોજનના વખાણ કરે છે. એક તો ભોજન જમી તૃપ્ત થઇ આનંદ પામી પછીથી ભોજનના વખાણ કરે છે. તેમ ભગવાન અને ભગવાનના ભક્ત ભેગા રહે પણ તેના સમાગમ વિના તેનું સુખ ન આવે. કેની પેઠે ? તો જેમ જે વસ્તુ જેને મળી પણ તેની અજમાયશ ન કરી હોય ત્યાં સુધી તેનું પાકું પરિમાણ ન થાય તેમ સાધુ ભેળા રહે પણ સાધુતા શીખ્યા વિના સાધુના સમાગમનું સુખ આવે નહિં. એવું ભગવાનનું સ્વરૂપ અલૌકિક આનંદમય ! આ જગતમાં ભગવાનના ભક્ત જૂએ ને જાણે. - ૫૯

● સંવત્ ૨૦૧૭ ના પોષ સુદિ-૮ ને તા. ૨૫/૧૨/૧૯૬૦ ને રવિવારે મહોબતપુર (નવાગામ) સ્વામિનારાયણ મંદિરે સાંજના ૬-૧૦ મિનિટે પ.પૂ. સ્વામીશ્રીએ વાત કરી જે, ભગવાનનું સ્વરૂપ છે તે તો નિર્વિકારી, નિર્લેપ, અસંગી છે છતાં સર્વત્ર, સર્વમાં, સર્વપ્રકારે તે થકી સર્વસૃષ્ટિનું મંડાણ છે - તો પણ નિર્લેપ છે. માટે ભગવાનને કર્તા સમજવા તે, તે થકી પણ અકર્તા સમજવા તે સ્વરૂપ સદા છે, નિર્વિકાર છે પણ સર્વને જોવામાં, માનવામાં પૂજવામાં, ગ્રહણ કરવામાં મોક્ષભાગીને મહત્પુરુષના સમાગમ વડે ગ્રહણ કરવામાં આવે છે. જેમ પૃથ્વી આકાશમાં રહી છે પણ આકાશના ભાવને પામતી નથી. જળ આકાશને વિશે રહ્યું છે પણ આકાશના ભાવને પામતું નથી. તેજ આકાશમાં રહ્યું છે પણ આકાશના ભાવને પામતું

નથી. તેમ મન-વાણી ભગવાનને વિશે રહ્યા છે પણ ભગવાનને પામતા નથી. તેમ વિમુખ ભગવાનના સ્વરૂપને કોઇ વખતે, કોઇ સંજોગે ભગવાનના સ્વરૂપને શાસ્ત્ર થકી પણ કહી શકે નહીં. પોતાની બુદ્ધિથી પણ ના કહી શકે. પણ મુમુક્ષુ મહત્ પુરુષના વચનમાં વિશ્વાસ લાવીને પ્રત્યક્ષ રામ-કૃષ્ણાદિકનું સ્વરૂપ જેવું છે તેવું જાણે, અનુભવે પણ વિમુખને તો અગમ જ હોય. માટે મોક્ષબુદ્ધિ મહત્પુરુષ વડે જેને આવી છે તે જન જો જીવને જોવામાં આવે તેનો વિશ્વાસપૂર્વક સમાગમ કરે તો શાસ્ત્રમાં ભગવાનના સ્વરૂપમાં માયા નથી તે વાત એને સત્ય ભાસે. ને જેવા ભગવાન પ્રકૃતિ - પુરુષ થકી પર છે તેવા ને તેવા સદા મનુષ્ય આકારે છે. આ વાત પણ એક અવશ્ય સમજાવાની છે. - ૬૦

● સંવત્ ૨૦૧૭ પોષ સુદિ-૯, તા. ૨૬/૧૨/૧૯૬૦ ને સોમવારે મહોબતપુર (નવાગામ) ના પ.ભ. ત્રિકમ ખીમાની ગામના પાદરમાં વાડી છે તે વાડીએ સાંજના ૪-૪૦ મિનિટે પ.પૂ. સ્વામીશ્રીએ વાત કરી જે, ભગવાન છે તે અક્ષરધામમાં રહ્યા થકા અનંતકોટિ બ્રહ્માંડમાં જે ઠેકાણે જેવું રૂપ પ્રકાશવું ઘટે તેવું પ્રકાશે છે. પણ સદાને માટે મનુષ્યાકૃતિ છે ને દ્વિભુજ સ્વરૂપે સદા ગણાય છે. ને છે તેમાં લગારેય ફેર નથી પણ આગળ જે ભક્ત જેવો ત્યાં તેવી મૂર્તિ ભગવાનની. માટે ભગવાનના ભક્ત પ્રમાણે ભગવાનનું સ્વરૂપ છે. એટલે વપુ આ રીતે. ભગવાન છે તે ભક્તવત્સલ છે ને ભક્તના મનોરથ પૂરા કરવા તે ભક્ત સંગાથે પુત્રભાવ, મિત્રભાવ, સખાભાવ, સંબંધભાવ તરીકે વર્તે છે. એવા ભગવાન જેને જેવે રૂપે મળ્યા તેવા રૂપનું ધ્યાન-ભજન, સ્મરણ-કીર્તન, ચરિત્ર-ચિંતવન કરનારાનું જરૂર કલ્યાણ થાય છે. આવું ભગવાનનું સ્વરૂપ સદા સ્વચ્છ રીતે સર્વત્ર જેને ભગવાન મળ્યા તેના કામ થઇ ગયા ને તેના શાસ્ત્રમાં નામ લખાણા છે પણ ભગવાન તો અજન્મા છે છતાં જન્મ ધરે છે તે ભક્તને જન્મ-મરણ થકી રહિત કરવા. એને જન્મ ધરવાનો બીજો ઉપાય નથી. એવો અલૌકિક ભરતખંડમાં ભગવાને લાભ આપ્યો છે. પણ આવું ભગવાનનું સ્વરૂપ જાણ્યા વિના વિષય સુખમાં ફસાણા ને જમની ઝાળે બંધાણા કહેવાય. માટે જમપુરી

થકી રહિત થાવું હોય તેને ભગવાનનો આશરો કરી દેહભાવ ભગવાનમાં ન મનાય ત્યારે છતે દેહે કલ્યાણ નહીં તો દેહને અંતે કલ્યાણ. - ૬૧

● સંવત્ ૨૦૧૭ ના પોષ સુદિ-૧૦, તા. ૨૭/૧૨/૧૯૬૦ ને મંગળવારે મહોબતપુર ગામે પ.ભ. ચંદુભાઇ આંબાભાઈની વાડીએ મશીન ઉપર મકાન છે તે અગાશી ઉપર વિરાજમાન હતા અને સાંજે ૫-૪૦ મિનિટે પ.પૂ. સ્વામીશ્રીએ વાત કરી જે, ભગવાન ને ભગવાનના ભક્ત તે જણાય છે તો મનુષ્ય જેવા પણ એ દિવ્ય છે, કલ્યાણકારી છે ને જીવને આ લોકમાં તથા પરલોકમાં સાચા સગાં છે. સાચા સંગાથી છે. તો તે સાથે જેટલો જીવને દિવ્યભાવ મનાણો તેટલો જીવને મોક્ષનો રસ્તો હાથ આવ્યો. માટે ભગવાન જેવા એક ભગવાન છે, સાધુ જેવા સાધુ છે પણ જીવને મનુષ્યભાવ એ જ અજ્ઞાન, અંધારું, પરલોકમાં જાવાનું આવરણ. તે જે થકી એ આવરણ તોડી બ્રહ્મરૂપ થવાય ત્યારબાદ તેને વિશે મનુષ્યભાવ આળસી જાય છે. માટે બ્રહ્મરૂપ આત્મા માનવો તે બ્રહ્મનો સંબંધ. બ્રહ્મને દેખે, જાણે, માને, વિશ્વાસ સર્વ પ્રકારે તે સંગાથે આનંદ - પોતાપણું મનાય તેથી બ્રહ્મદશા તેને છે પણ તે બ્રહ્મદશાને તે પોતે ન માને પણ દિવ્યચક્ષુવાળા અક્ષરધામમાં રહેલા તે તેને બ્રહ્મરૂપ સમજે છે આપણે તો તેને મનુષ્ય જેવા જાણીએ છીએ પણ જે'દિ તેમાં અલૌકિક આનંદ, અલૌકિક સ્વરૂપ લોકમાં છે એમ મનાય ત્યારે તે ભક્ત કૃતાર્થ થયો જાણવો ને તેને જન્મ-મૃત્યુનો ભય આળસી જાય. માટે દેહ છતાં પ્રાપ્તિ, મર્યા પછીની તેને થાય છે. - ૬૨

● સંવત્ ૨૦૧૭ ના પોષ વદિ-૩, તા. ૦૫/૦૧/૧૯૬૧ ને ગુરુવારે પીપલાણા સ્વામિનારાયણ મંદિરના કોઠારીની ઓફિસમાં પ.પૂ. સ્વામીશ્રીએ સવારના ૧૦-૪૫ મિનિટે વાત કરી જે, આ દુનિયામાં ઈશ્વર એક, માયા અનેક, જીવ અનેક, બ્રહ્મ અનેક, પરબ્રહ્મ એક પણ એકના એક અવતારી પુરુષોત્તમ સર્વોપરી - જેનો મહિમા ન કહેવાય તે જેટલો પરમાત્માનો મહિમા, પ્રતાપ, ગુણ, ઐશ્વર્ય સુખ વર્ણવવામાં આવે તે અવતાર. અવતારી તો અલૌકિક સુખરૂપ છે તેને જે અવતાર કરીને વર્ણવ્યા છે તે તો તેના જ અવતાર તરીકે કહેવાય છે પણ સ્વામીએ તો અવતાર-અવતારીનો ભેદ

રાજા અને રાજાના ઉમરાવ તરીકે નિર્ધાર કરેલો તો આપણે સર્વોપરી, સર્વ અવતારના અવતારી અલૌકિક, સુખરૂપ, સત્તારૂપ, આત્મારૂપે થયા વિના તેનો સર્વોપરીપણાનો નિશ્ચય શા આધારે કરી શકીશું ? માટે જેટલો જેને ભગવાનનો મહિમા જાણ્યો તેટલા પ્રતાપે યુક્ત તેને અલૌકિકપણું આપી દ્યે છે. તો પુરુષોત્તમનો મહિમા - ગુણ અગણિત ગણાય તો પણ અવતારને પુરુષોત્તમ તો જેને ન કહી શકાય છતાં નેત્રે કરીને પૃથ્વી ઉપર કૃપાથી જોવામાં આવે છે, માનવામાં આવે છે, પૂજવામાં આવે છે, ભજવામાં આવે છે - એ જ એને વિશે અતર્કપણું છે. તે તેની કૃપાથી જ છે સુખ. - ૬૩

● સંવત્ ૨૦૧૭ ના પોષ વદિ-૬, તા. ૦૮/૦૧/૧૯૬૧ ને રવિવારે પીપલાણા સ્વામિનારાયણ મંદિરે, મંદિરની ધર્મશાળાના ઉપલા માળના પાટડા (ભાલ)નું લેન્ટર ભરવાના કામ પ્રસંગે સૌ હરિભક્તો હેતવાળા આવ્યા હતા અને સમૈયા જેવો પ્રસંગ બપોરે ૧-૩૦ વાગ્યે પૂરો થયો ત્યારબાદ સૌ હરિભક્તો અંદાજે ૨૦૦ જેટલા જમવા બેઠા અને જમી રહ્યા પછી મંદિરની ઓફિસમાં બપોરે ૩-૦૦ વાગ્યે પ.પૂ. સ્વામીશ્રીએ વાત કરી જે, તે વખતે ગામ પીપલાણા, બોડકા, વંથલી, ઈવનગર, નવાગામ, થાણાપીપળી, જૂનાગઢ, સણોસરા, માણાવદર, લીંબુડા, કલાણા, ચૂડવા, કોયલી, નાંદરખી - આદિક ઘણા ઘણા માણસો બહુ હેતથી ને તનતોડ મહેનત કરીને, સ્વામિનારાયણ ભગવાનને રાજી કરવા સારૂં થઈને અમને શુભ ક્રિયાએ કરીને રાજી કર્યા તેથી તે તથા સ્નેહી-મિત્ર, ભાઈબંધિયાને શ્રીજી મહારાજ ભગવાનનો સંબંધ મેળાપ કરાવે ને દેહ છતાં તેને અક્ષરપદનું સુખ શ્રીજી મહારાજ તેને આપે - એવો જોગી સ્વામીના બધા નાના-મોટા, બાઈ-ભાઈ પ્રત્યે શુભ આશીર્વાદ સાથે જયશ્રી સ્વામિનારાયણ શ્રીજીની સ્મૃતિ સહિત વાંચવા ને આથી કરીને અંતઃકરણ પવિત્ર થાય ને ભગવાનના ભક્તને એકબીજામાં એક ભાવના, પોતાપણાની માન્યતા જેવી દેહ તથા દેહના સંબંધીમાં છે તેવી અચળનિષ્ઠા એ જ ભગવાન સ્વામિનારાયણને પામવાનું મોટું અચળ - અખંડ અલૌકિક સાધન છે. તે જેણે ભૂતકાળે કીધું, ભવિષ્યકાળે કરશે તેણે મનુષ્ય દેહનો મોટો લાભ લીધો. બાકી આવું અમૂલ્ય

મનુષ્ય દેહ સમજ્યા વિના, દેહમાં વર્તતા થકા જગતના જીવ જગતમય તન ધારી રહ્યા છે - તે તન તેનું વૃથા છે, માટે દેહ તો જેટલું લેખે લાગે ને ભગવાન તથા ભગવાનના ભક્તની સેવામાં ઉપયોગી થાય તે તેનું કર્તવ્ય. શાસ્ત્ર તથા સત્પુરુષ તેને ધન્યવાદ આપે છે. બાકી તો કાળના કોળિયા જેવા જગતના સુખ એઠવાડિયાના હાંડલા જેવા તેને જીવ સત્ય માની ભ્રમણા - મોહ પામ્યા ને ખોટા મતવાદી ગુરુનો આશરો ધારી રહ્યા તેને તો બહુ જ ખોટ્ય જશે. અત્યારનો સમય તો જેવો શ્રીજી મહારાજ તથા પાંચસે પરમહંસ ને બે હજાર અવતાર જેવા હરિભક્ત ભેળા રહ્યા ને તો ય ન સમજ્યા તેવા અત્યારે પણ નહીં સમજે તો આવું સુખ ક્યે ઠેકાણે, ક્યા લોકમાં ઈશ્વર એને આપે ? કારણ કે અત્યારે ઈશ્વરની પૂરી મહેરબાની પ્રસન્નતા જગતના જીવ ઉપર અમૃતદૃષ્ટિ રેડી રહેલા છે. તેમાં લાભનો પાર નથી, એવો અલૌકિક જેને લાભ મેળવ્યો તે તન તજી અક્ષરધામમાં જાય તેમ નથી. એ તો અત્યારે સાક્ષાત્ પ્રાપ્તિ, સુખ, આનંદ સર્વત્ર રીતે પામેલા છે. તે સુખ અલૌકિક દૃષ્ટિવાળા જાણે છે. પણ પ્રાકૃતમતિવાળા શું જાણે ? એ તો પોતા જેવા સૌને જાણે પણ જેણે અલૌકિક રસ ચાખ્યો નથી તે શું વખાણે ? ગોળના વખાણ પાછલો દરવાજો શું કરે? માટે ભગવાનના ભક્ત ભેળે ભગવાન છે - એમ સમજી સહુએ મગન રહેવું. - ૬૪

● સંવત્ ૨૦૧૭ના પોષ વદિ-૩૦, તા. ૧૬/૦૧/૧૯૬૧ ને સોમવારે પીપલાણા સ્વામિનારાયણ મંદિરે, પૂજારી સ્વામીના ઓરડામાં સવારે ૧૦-૦૫ મિનિટે પ.પૂ. સ્વામીશ્રીએ વાત કરી જે, આ જીવને મૂવા સુધી આ લોકના મનસૂબા તેથી કરીને એમ સમજી લેવું કે વૈરાગ્યમાં ખામી છે. માટે વિષય તો ઝાંઝવાના પાણી સમાન છે. તેને સાચા માને તે પણ વૈરાગ્યની ખોટ છે ને વિષય દુઃખરૂપ છે. તેમાં જે સુખ મનાય છે તે વૈરાગ્યની ખોટ છે. દેહ અશુદ્ધ છે છતાં તેમાં સારપ્ય મનાય છે તે પણ વૈરાગ્યની ખોટ છે. માટે વૈરાગ્ય રહિત હોય ત્યાં સુધી વિકાર ટળે નહીં. માટે ભગવાનના ભક્તને જે પદાર્થ જેવું છે તેવું યથાર્થ જાણે, સમજે તો તે પદાર્થમાંથી રાગ ઓછો થઈ જાય તે સ્વામીએ વાતોમાં લખ્યું

છે જે, વિષયનું રૂપ જણાય તો ભોગવાય નહીં ને મહારાજે વચનામૃતમાં પણ લખ્યું છે, વિષય તો આપણા જીવે અનંત જન્મ ધરીને સુખેથી ભોગવ્યા છે પણ તેની તૃપ્તિ થઇ નહીં..... તો હવે એ વિષયથી પૂરણ કે'દી થવાશે ? માટે સમજ્યા વિના શાંતિ નહી વળે. માટે વિષય સમજીને ભોગવવા ને મહારાજે વચનામૃતમાં લખ્યું છે કે... જ્યારે ઇન્દ્રિયુંની વૃત્તિ વિષય સન્મુખ જાય ત્યારે એક વિચાર વિષયના આકારે કરવાનો ને બીજો વિચાર જોનારો જે દૃષ્ટા તેને આકારે કરવો. પછી વિષયના આકારે વિચારના કરનારાને આકારે એ બે પ્રકારનો વિચાર એક થઇ જાય ત્યારે તેની વૃત્તિ વિષયમાંથી રેતીના જેવી લૂખી થઇ જાય. માટે વિષય અસાર, નાશવંત, તુચ્છ, અસુખ છે. તે સમજી તેમાંથી પાછું વળવું. - ૬૫

● સંવત્ ૨૦૧૭ ના પોષ વદિ-૩૦, તા. ૧૬/૦૧/૧૯૬૧ ને સોમવારે રાત્રે બોડકાના પ.ભ.કરશન રામજી, મેઘા રામજી તથા આંબા રામજીની વચ્ચે વ્યાવ્હારિક સમજૂતી કરી. મેઘજીભાઇને ઘરે રાત્રે ઓસરીમાં ૩-૫૫ મિનિટે પ.પૂ. સ્વામીશ્રીએ વાત કરી જે, કુસંપ છે તેમાં દોષ રહે છે. સ્વાભાવિક રીતે જેમ કાળો પત્થરો હોય તેમાં તડ પડે એટલે લોપડું (ઘાસ) ઊગે છે. તેને બે ભાગ કરી નાખે ને કુસંપથી કૌરવ કુળનો નાશ થયો એ વાત શાસ્ત્ર અને સત્પુરુષ કહે છે. માટે જીવને હિતનો ઉપાય, સુખનો વખત સંપ છે. માટે આપણું કલ્યાણ સંપમાં જ રહેલું છે. આપણા કલ્યાણને અર્થે જેટલા સાધન તે સર્વે સંપમાં આવી જાય છે. સંપ રાખતા ધર્મને ઘસારો આવે તો ભલે ને વૈરાગ્યને પણ કોઇક વાતની ખોટ રહેતી હોય તો પણ ઠીક છે ને ઝાઝી સેવા ન થાય પણ ભગવાનના ભક્ત મારા ને હું એનો. એવો સંપ જેને સ્વાભાવિક રીતે હોય તે આલોક-પરલોક સર્વ ઠેકાણે માનવા-પૂજવા લાયક છે - એટલે દરજ્જે પૂગ્યો તે તેને ધન્યવાદ આપવામાં આવે છે. - ૬૬

● સંવત્ ૨૦૧૭ ના ફાગણ વદિ-૩, તા. ૦૫/૦૩/૧૯૬૧ ને રવિવારે લીંબુડા ગામે સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ. સ્વામીશ્રીએ સવારના ૮-૪૫ વાગ્યે વાત કરી જે, ભગવાનનો ને ભગવાનના ભક્તનો મહિમા-

મોટયપ, સામર્થી, પ્રતાપ, ઐશ્વર્ય તે બહુ અધિક છે. તેને વિચારે તો હું આત્મા છું તે રીતે ભાન થાય. પરમાત્મા તો અનંતકોટિ બ્રહ્માંડના આધાર, કર્તા, પ્રેરક, સર્વોપરી છે ને તેના ભક્ત પણ અપાર - જેનો પાર શેષ, શારદા આદિક કોઈપણ પામી શક્તા નથી. તે મહારાજે વડતાલના ૧૯ મા વચનામૃતમાં કહ્યું છે જે ખરેખરો ભક્ત હોય તેનો જે મહિમા મોટ્યપ તે તો કહેવાય જ કેમ ? તો ભગવાનના ભક્તનો મહિમા અપાર છે. તેનો પાર ન પમાય એવો જેને ભગવાનનો ને ભગવાનના ભક્તનો મહિમા-મોટ્યપ ચિત્તમાં પડી જાય તે જ આલોકના પદાર્થમાં બંધાય નહીં. ભગવાનના રસ્તામાં તેને નિત્ય નવીન ને નવીન શ્રદ્ધા વૃદ્ધિ થતી જાય... ને ભગવાનનો પ્રતાપ તે કાયમ માટે અપાર ને અપાર જણાયા કરે. માટે મહિમા જેવું કોઈપણ જીવને બળ પામવાનું મોટું સાધન નથી. માટે મહિમા છે તે સર્વ સાધનમાં શ્રેષ્ઠ સાધન છે. તે ભગવાનનો મહિમા એમ વિચારવો - જ્યારે આત્યંતિક પ્રલય થાય છે ત્યારે એક ભગવાન ને ભગવાનના ભક્ત તે અત્યારે જેવા છે તેવા ને તેવા ત્યારે પણ રહે છે. એવો જેને સાકારપણાનો નિશ્ચય હોય તેવા ભક્તનો ભગવાનના ભક્તને સર્વ પ્રકારે વિશ્વાસપૂર્વક સમાગમ પરિચય કાયમ સર્વત્ર રીતે તેનો મોક્ષના માર્ગમાં ભરોસો કરવો. - ૬૭

● (સંવત્ ૨૦૧૭ ફાગણ વદિ-૩, તા. ૦૫/૦૩/૧૯૬૧ ના રોજ લીંબુડાથી લખાવેલ પત્ર)

પરમ વિવેકી, પરમ બુદ્ધિશાળી, પ્રગટ પરબ્રહ્મ પરમાત્મા સ્વામિનારાયણના આશ્રિત એવી અનેક શુભ ઉપમા લાયક હરિભાઈ લાલાભાઈ પટેલ - મુ. અમદાવાદ પ્રત્યે

પીપલાણાથી લિ. જોગી સ્વામી ધર્મપ્રસાદદાસજીના રૂડા આશીર્વાદ સાથ જય શ્રી સ્વામિનારાયણ વાંચશો.

બીજું, આપના તરફથી રૂા. ૨૫, અંકે પચીસ માણાવદર બાબુભાઈની દુકાને ભર્યા - પીપલાણા મંદિરના ધર્મશાળાના ફાળામાં તે

શુભ કામે આપની સેવા લેખે લાગી ને આપને તથા આપના કુટુંબ પરિવારને શ્રીજી મહારાજ ખુશી મજામાં રાખે- એમ શ્રીજી મહારાજ તરફથી અમારા રૂડા આશીર્વાદ વાંચવા. અમો ખુશી મજામાં છીએ તમો તથા તમારા કુટુંબ સહિત ખુશી મજામાં હશો - તે સમાચાર લખતા રહેશો.

બીજું, આપણે આલોકમાં આવ્યા છીએ તે આલોકમાં રહેવાશે નહીં, ને મળ્યા છે તે પણ એવા સમર્થ છે, આપણને મૂકે એવા નથી. પણ હવે તો આપણે ભગવાન ભજવામાં ને ભગવાનની આજ્ઞા ખબરદાર થઈને રાખવી. આપણે જેનું ભજન કરીએ છીએ, માળા ફેરવીએ છીએ - તે પરાત્પર રહેલા છે ને કલ્યાણને અર્થે સર્વજનને નયન ગોચર સાક્ષાત્, સર્વત્ર, પૂર્ણકામ છે, પરમાત્મા છે. આપણે તેના આશ્રિત છીએ તો આલોકમાં આપણે જે કરવાનું છે તે અનુસંધાન કાયમ રહે તો જ્ઞાની કહેવાય. નકર તો જેમ આ દેશના વાણિયા પરદેશમાં જાય છે ને ત્યાં કાફરિયું રાખીને રહી જાય છે. તેમ આપણે પરલોકમાંથી કોઇક પ્રયોજને આવ્યા હશું, પણ આલોકના વૈભવ, વિલાસમાં લેવાણા એટલે આલોકમાં વાણિયાની પેઠે બંધાણા કહેવાઈએ માટે આપણે તો ભગવાન ને ભગવાનના ભક્ત એ બેમાં જ બંધાવું. બીજામાં માલ નથી. ને બીજામાં માલ મનાય છે એ જ અજ્ઞાન ને બીજા પદાર્થ તો એની મેત્યે દેહના પ્રારબ્ધ અનુસાર મળ્યા છે ને મળશે - એ વાત કાંઇ દુર્લભ નથી. દુર્લભ તો શ્રી વાસુદેવ ભગવાનનું સાક્ષાત્ ચિંતવન કરવું એથી ઉપરાંત મનુષ્યદેહનો બીજો લાભ નથી. તે જેણે ભૂતકાળે લાભ લીધો, ભવિષ્યકાળે લાભ લેશે તેને બહુ મોટો લાભ થઇ ગયો. માટે બીજા કર્તવ્ય-સાધન અળગા કરી એક ભગવાનનો આશરો શિર સાટે રાખવો એથી કોઈપણ સાધન મોટું નથી. મહારાજે પ્રથમના ૩૩ મા વચનામૃતમાં લખ્યું છે. એ જ અહીંયા સણોસરા કથા બહુ સારી થઇ હતી. તેમાં તમોને યાદ કર્યા હતા... - ૬૮

● સંવત્ ૨૦૧૭ ના ફાગણ વદિ-૩૦, તા. ૧૬/૦૩/૧૯૬૧ ને ગુરૂવારે પીપલાણા સ્વામિનારાયણ મંદિરના સભામંડપના બીજા માળનું ઉપલું લેન્ટર ભરતા અંદાજે બપોરે જમવામાં માણસો ૪૭૫ જમ્યાબાદ

પ.પૂ. સ્વામીશ્રીએ બપોર પછી ૫-૪૫ મિનિટે વાત કરી જે, આ દેશના માણસોને ભગવદીયભાવ, ભગવાનમાં ને સાધુમાં અસાધારણ હેત અમોને જોયામાં આવે છે. કારણ કે મહારાજ છતાં તો સંત-હરિભક્તના હેત બહુ જોવામાં આવે છે પણ આજના ભક્તોમાં પણ ખામી ન દેખાણી માટે આમ જોતા સ્વામિનારાયણ ભગવાન ને પાંચસો પરમહંસ કેમ જાણ્યે આપણી ભગવદ્ ભક્તિ જોવા આવ્યા હોય ! જેમ મહારાજ ઓગણોતેરામાં એક મહિના સુધી સૂઇ રહ્યા પણ જગન્નાથની મૂર્તિમાં પ્રવેશ કરીને રહ્યા હતા ને પૂજારીનો ભક્તિભાવ બરાબર નજરોનજર અમે જોતા પણ સૂઇ નો'તા રહ્યા. તેમ પાંચસો પરમહંસ ને સહજાનંદ જેનું નામ જે ઠેકાણે પાડ્યું તે ઠેકાણે, તે સ્થળે ધર્મશાળા કરી તેમા હાલના સત્સંગી બાઇઓ-ભાઇઓ આસપાસના ગામડામાંથી વગર તેડાવ્યા સ્વઇચ્છાથી - સ્વતંત્ર કેમ જાણ્યે સ્વામિનારાયણ પોતે જ કામ કરતા હોય તેમ અડખા પડખાના ગામના હરિભક્તો જેમ કે બોડકા, માણાવદર, લીંબુડા, સરદારગઢ, થાનિયાણા, ચૂડવા, કલાણા, ભાડેર, ધોરાજી, વંથલી ઇવનગર, નવાગામ, થાણાપીપળી ને શાપુર, જૂનાગઢ, સણોસરા, ખડિયા, નાવડા, અગતરાય, અજાબ, રાજકોટ આદિક ગામના હરિભક્તો કેમ જાણ્યે પોતાનું મંદિર કરતા હોય ને તનતોડ દાખડો કરતા હોય તે કરતા કરોડ ગણું હેત - મમત્વ હતું મંદિરનું. હરિભક્તોના શરીર ઉપર સિમેન્ટ ચડી ગઇ ને દાખડા પણ અતિશય કર્યા તેમાં શ્રીજી મહારાજ કેમ જાણ્યે અત્યારે મૂર્તિમાંથી નીકળીને એમાં જ રહ્યા હોય ! એવી રીતે ભગવાનના ભક્તનો મહિમા, પ્રતાપ, ઐશ્વર્ય સમજે તેને મોક્ષના માર્ગમાં શું સમજવું બાકી છે ? કાંઇપણ બાકી નથી. તે તો કૃતાર્થ છે. તેના સંગાથી, તેના દેહ રહે ત્યાં સુધીમાં તેના સંબંધમાં આવે તેને - જેનો જોગ થાય તે પણ અભયપદ પામી ચૂક્યા - એમ અતર્ક મહિમા, પ્રતાપ, ઐશ્વર્ય એક જીભે કહી શકાય તેમ નથી. જેમ સમુદ્રનું પાણી જેટલું જે પીએ તેટલો માયાને તર્યો કહેવાય. તેમ આપણે પણ ભગવાન તથા તેના ભક્તનો મહિમા - ખાતા, પીતા, ક્રિયા કરતા, સૂતા, બેસતા, હરતા-ફરતા, નાતા-ધોતા, બોલતા-ચાલતા તેના સામું મહિમાએ સહિત, મટકાએ

રહિત જોઇ રહેતા શીખવું - તો મલિન ધાટની નિવૃત્તિ થઇ જાય. આવા ભક્તોની શ્રમભક્તિ જોવા જૂનાગઢથી કલેક્ટર સાહેબ મથુરદાસ શાહ, જિલ્લા પંચાયત અધિકારી શશીકાન્તભાઇ ભટ્ટ, જિલ્લા વિકાસ અધિકારી હરીદાસભાઇ પારેખ, માણાવદરથી મામલતદાર સાહેબ હીરાણીભાઇ, તથા વિકાસ અધિકારી બચુભાઇ વગેરે આ રીતે ચાહીને આવ્યા અને તેમણે પણ તે વખતે પોતાનો રાજ અધિકાર બાજુ પર મૂકીને મંદિરમાં દર્શન કરી ભોજન કરવા બેઠા ત્યારે ત્યાગી જેમ ત્યાગ રાખે તેમ અધિકારી તથા સમસ્ત સેવાભાવી ભક્તો સ્વાદ મેલી ભગવાનનો પ્રસાદ લેતા જોયા તેના ધન્યભાગ્ય છે. - ૬૯

● સંવત્ ૨૦૧૭ ના ચૈત્ર વદિ-૫, તા. ૦૬/૦૪/૧૯૬૧ ને ગુરૂવારે નવા સભામંડપમાં બરવાળાના પ.ભ.કાનજી મહિદાસ તથા લીંબુડાના પ.ભ. રામજી કરશન તથા ડાયા કરશને આજ રોજ સભામંડપમાં ‘પુરુષોત્તમ પ્રકાશ’ની કથા કરાવી. સાંજે પાંચ વાગ્યે પૂર્ણાહુતિ થયા બાદ પ.પૂ. સ્વામીશ્રીએ વાતો કરી.

સાંજે છ વાગ્યે વાત કરી જે, આ જીવને ભગવાન મળ્યા છે છતાં તેનો જેવો પ્રતાપ, ઐશ્વર્ય, સામર્થી છે તે જાણવામાં આવતી નથી. ને જાણે છે તે તો પોતે પોતાની જેટલી શક્તિ, બાહુમાં બળ - એટલો ઘા કરી શકે. તેમ ભગવાન તથા ભક્ત ભેળા રહીએ છીએ તેનો મહિમા, પ્રતાપ, મોટ્યપ, સુખ ભોગવે છે છતાં જેમ છે તેમ સમજાતું નથી. માટે આવો મોટો લાભ જેને મળ્યો તેને સર્વે ધામની પ્રાપ્તિ થઇને સર્વે સુખ તેનાથી અગમ નથી ને બીજાને પણ તેનાથી જેવું જોઇએ તેવું સુખ મળે. જો પોતે અપૂર્ણતાની કલ્પના કરે તેને આ વાત સમજાતી નથી. માટે સમજવાનું એટલું જ છે કે જે ભગવાન મરીને પામવા છે તે દેહ છતાં મળ્યા છે છતા દેહભાવ દેહના કુલક્ષણથી ભગવાન ને સાધુ અળગા રહે છે નકર તો જરાય પણ છેટા જાય એવા નથી ને તે આપણને છોડે તેવા પણ નથી પણ કુલક્ષણને લઇને ઘડી-બેઘડી અદ્રશ્ય થઇ જાય કારણ કે અહંકારકે ઓટ રહત શ્યામ સિપાઇ માટે દોષને લઇને ભગવાન છેટા જણાય, નકર તો આંખનું મટકું ભરીએ એટલી

ઘડી પણ છેટા જણાતા નથી. માટે દોષ મેલ્યે ભગવાનને કર્તા સમજાય છે.

આ ધર્મશાળાનો સંકલ્પ સ્વામિનારાયણ ભગવાનનો હશે ને તેણે જ સંકલ્પ કરેલો છે. નહીં તો આ ધર્મશાળામાં કોઇ મોટા ધનાઢ્ય ભળ્યા નથી ને છતા આવી અદ્‌ભુત ધર્મશાળા થઇ તે તો કેમ જાણે. આકાશમાંથી દેવ આવીને વૃષ્ટિ ચંદનની કરે તેમ સાધારણ સ્થિતિના ગરીબ માણસો પોતાની શક્તિ મુજબ આ ધર્મશાળામાં પહેલેથી તે આજદિન સુધી જેણે જેણે લાભ લીધો, દેહને ઘસારો આપ્યો તે સાધુ તથા સત્સંગી ભાઇઓ - બહેનો તે સ્વામિનારાયણે તેના જીવનું મોક્ષ દ્વાર સહેજમાં થાય એવું તેના માટે ઉપાસનાનું વહાણ બનાવ્યું તે જેને અલૌકિક સ્થિતિ હોય તે વહાણને સમજી શકે. પૈસાની તો રેલ વહી જાય છે પણ જે આઠ આના દુબળી ભટ્ટની પેઠે વાપર્યા એટલા એના લેખે લાગ્યા. આવી રીતે અમે આ ગરીબડા હરિભક્તની સેવા સોરઠ દેશમાં રહીને અંગિકાર કરી છે. એ તો સ્વામિનારાયણ ભગવાન જેમ રામાનંદ સ્વામીને મળ્યા ને ગુરુ કર્યા ને ભાવના વધારી સેવા કરી - આ રીતે આ બધું સ્વામિનારાયણ પોતે અક્ષરધામમાં અનંતકોટિ મુક્તે સેવ્યા થકા જેમ રામાનંદ સ્વામીની સેવા કરી એ રીતે આ સ્થળે એવી અદ્‌ભુત લીલા જનને જોવામાં આવે છે. તેનો સંવત્ ૧૮૫૭ માં આંહી રામાનંદ સ્વામી, સહજાનંદ સ્વામી ભેળા ચાર મહિના વાસ કર્યો ને 'સહજાનંદ' એવું પોતાનું નામ ધારણ કર્યું. તે વખતે દેવો પોતાનું સ્થાન તજીને ઉત્સવ કરવા આવ્યા હતા ને કેટલાક જનને સમાધિ થઇ હતી. એવું આ પણ એક ભગવાનની ઇચ્છાથી માણસોએ ધર્મશાળા કરવામાં સુખનો લાભ લીધો. તેમાં આ ગામના માણસો પહેલેથી છેલ્લા દિવસ સુધી કારખાનામાં ભાગ લીધો છે. પાછા પડ્યા નથી. દર્શન છોડ્યા નથી ને જ્યારે આ મંદિરમાં અમે આવ્યા ત્યારે પોતાને હેત, વિશ્વાસ, પ્રીતિ, શક્તિ પ્રમાણે હાથ જોડતા. એ જ રીતે હજી સુધી તન, મન, ધનથી સેવા કરે છે. પડખેના ગામડા જે છે તેની પણ સેવા તો બહુ જબરી છે. નહી તો આ કામ થાય નહીં. માટે પડખેના ગામના એકેએક માણસોને આ મંદિર સામી નજર છે. કેની પેઠે ? તો જેમ ચકોર પક્ષીને ચંદ્રમા સામી નજર

છે, જેમ બપૈયાને સ્વાતિના બિન્દુ પીઇને તૃપ્તિ છે તેમ અડખા-પડખાના તમામ ભાઇઓ-બહેનો એટલો દેહનો કારસો આ મંદિર અર્થે દીધો છે તે તો કહેવાય નહીં. પણ હવે તો આ કામ થઇ રહ્યું છે. તેમાં બેસી સુખ લેવું. જેમ પતરાવળામાં લાડવા જમવા તેમ મંદિરમાં રોટલા ઘણા છે ને સાધુને પણ આવે તેના ઉપર હસતું મોઢું છે. તો આવનારને જરૂર આંહી કથા-વાર્તા કરવી. કેની પેઠે તો અધૂરું પૂરુ કરવા બદ્રિકાશ્રમમાં તથા શ્વેતદ્વિપમાં જાય છે, તે કરતા પણ આંહી લાભ લેવા આવશે તેને તેનો જન્મ સુફળ થયો તેના કુટુંબી, સ્નેહી, મિત્ર, ભાઇબંધિયા પણ સ્વર્ગની આશા છોડી અક્ષરધામમાં જાય એવું આ શુભ સ્થાનક છે. તેમાં બેસીને વાસના ન ટળી તો સૂર્યલોકમાં ગયે પણ નહીં ટળે. અહીં તો ભગવાન પોતે કેમ જાણે સેવક થઇને રામાનંદ સ્વામીની સેવા કરી એ રીતે સાધુ - સત્સંગીમાં ભાવના, હેત, વિશ્વાસ, આનંદ, ઉછરંગ થાય તેને તો મરીને અક્ષરધામમાં જાવું એમ નથી. એ તો છતે દેહે અક્ષરધામને પામી ચૂક્યો છે. - ૭૦

● સંવત્ ૨૦૧૭ ના વૈશાખ સુદિ-૪, તા. ૧૯/૦૪/૧૯૬૧ બુધવારે લીંબુડા સ્વામિનારાયણ મંદિરે સવારના ૯-૧૦ મિનિટે પ.પૂ. સ્વામીશ્રીએ વાત કરી જે, આ જીવને આ લોકના મનસૂબા સામી દૃષ્ટિ રહે તો દેશકાળ ન લાગે ને બીજું તો વ્યવહારમાં જે દુઃખ રહ્યું છે તે સામી દૃષ્ટિ રહે તો પણ દેશકાળ ન લાગે ને મિત્રમાં સ્વભાવિક હેત છે તે ગુણ છે, સુખ છે પણ એનું એ વિપરીતપણું થાય તેનું નામ દેશકાળ કહેવાય. ને આલોકમાં સુખ છે છતાં દુઃખની દૃષ્ટિ રહે તો દેશકાળ ન લાગે. આ લોકમાં ભગવાન નથી પણ તે સામી નજર રહે તો દેશકાળ ન લાગે. માટે દેશકાળ તો જેવો સંગ, જેવા ગુણ, જેવા કર્મ, જેવા સ્વભાવ - તે જાતના દેશકાળ આવે છે પણ સમય સૂચકને દેશકાળ ન લાગે. તેમ જેને નાથ સામી દ્રષ્ટિ તે સારો દેશકાળ. ને ભગવાનના ભક્તનો સંગ તે પણ સારો દેશકાળ, ને સ્વભાવ સારો એ પણ સારો દેશકાળ સમજવો ને ધર્મનિષ્ઠ માણસનો સંગ રહે તે પણ સારા દેશકાળમાં જ રહ્યો છે. જેને સારા મિત્ર તે પણ સારા દેશકાળમાં રહ્યા છે ને ઇન્દ્રિયુથી જુદો પડાય તે પણ સારો દેશકાળ છે. અંતઃકરણનું ધાર્યું ન કરે તે

પણ સારો દેશકાળ છે. ભગવાનની આજ્ઞામાં રહેવાય તે પણ સારો દેશકાળ છે. માટે સંત-વચને બંધાણો તે પણ કાયમ માટે સારા દેશકાળમાં જ સમજવો. માટે દેશકાળની પ્રવૃત્તિના કારણ તો શુભ અને અશુભ પુરુષ જ છે. જેવો પુરુષ હોય તેવો દેશકાળ પ્રવર્તે, પીંડમાં અને બ્રહ્માંડમાં સારો ગુણ વર્તતો હોય તો ત્યારે પીંડમાં સારો દેશકાળ સંભવે ને બ્રહ્માંડમાં સારા માણસનો સંગ એ સારો દેશકાળ. બાકી તો પૃથ્વી ગણાય તેમાં દેશકાળ બીજો થાતો નથી. કેમ જે કેટલાક પુણ્યવાળા રાજા થયા છે પણ મારવાડ દેશમાં તો સો હાથ જ પાણી ઊંડા હોય માટે શુભ અને અશુભ દેશકાળની પ્રવૃત્તિના કારણ પુરુષ જ છે. માટે બધી વાતમાં સારો સંગ જોઈએ. - ૭૧

● સંવત્ ૨૦૧૭ ના વૈશાખ વદિ-૮, તા. ૦૮/૦૫/૧૯૬૧ ને સોમવારે પ.ભ. શ્રી જેઠાભાઇ વશરામની મેડી ઉપર બપોરે વિરાજમાન હતા અને બપોર પછી બે વાગ્યે પ.પૂ. સ્વામીશ્રીએ વાત કરી જે, ભગવાનની ભક્તિ કરવી. તે ભક્તિ નવ પ્રકારની છે. તેમાં શ્રવણ-ભક્તિ મુખ્ય ગણી છે. તેમાં પણ પ્રેમલક્ષણા ભક્તિ તે જુદી છે. તેમાં પણ પ્રેમલક્ષણાને મળતી પ્રત્યક્ષ ભક્તિને શાસ્ત્રે વખાણી છે, મુનિએ વખાણી છે. મધ્યના ૨૧ મા વચનામૃતમાં કહ્યું જે, જેવો પરોક્ષ સાધુનો મહિમા છે તેવો પ્રત્યક્ષનો કરવો ને બ્રહ્માદિકને પૂછો તો તે પણ ડાહ્યા છે. અનેક વાતની જુક્તિ લાવી પ્રત્યક્ષ ભગવાન, પ્રત્યક્ષ સંત તેનું પરોક્ષના જેવું માહાત્મ્ય બતાવે એટલો મુદ્દો જેને હાથ આવ્યો તે કૃતાર્થ છે ને તેને કરવું કાંઇ રહ્યું નહીં. આ વાત એકવાર કહ્યે સમજો અથવા સો વાર કહ્યે સમજો. એક જન્મે સમજો કે સો જન્મે સમજો પણ આટલી વાત સમજ્યે છૂટકો છે. કેમ કે વાલ્મીકિએ પણ એ જ વાત મુખ્ય લખી છે. વાંદરાને મોક્ષભાગી કહ્યા છે ને વ્યાસે પણ એ જ ભક્તિને વખાણી છે - જે ઋષિ મોક્ષને અર્થે યજ્ઞ કરતા હતા પણ તેની ભક્તિ કિંમતવાળી ન થઇ ને ઋષિ પત્નીયું, ગોપીયું, પશુપાળને વખાણ્યા. માટે એવી અખંડ પ્રત્યક્ષ ભક્તિ બહુ જ દુર્લભ છે. બહુ જન્મના પુણ્યે પ્રાપ્ત થાય છે. તો જેને સાક્ષાત્ સંબંધ થયો તેની ભક્તિ કરી, તેના દર્શન કર્યા, હળ્યા-મળ્યા, બેઠા-ઊઠ્યા - જે જે રીતે ભગવાનનો તથા ભક્તનો ભેટો એ ભક્તિ

અતિ દુર્લભ છે. એ ભક્તિ જેને ભાગ્ય આવી ને તે જેને મળે તેના ધન્ય ભાગ્ય ગણાય છે. - ૭૨

● સંવત્ ૨૦૧૭ ના અધિક જેઠ સુદિ-૪ ને તા. ૧૮/૦૫/૧૯૬૧ ને ગુરૂવારે થાનિયાણા મુકામે પ.ભ. ડાયાભાઇ કરશનભાઇ મારડિયાને ત્યાં સ્વામીની વાતોની પારાયણ હતી. તે આજે પૂર્ણાહુતિ થયા બાદ થાનિયાણા સ્વામિનારાયણ મંદિરે સવારના ૧૧-૩૦ મિનિટે પ.પૂ. સ્વામીશ્રીએ વાત કરી જે, આ જીવને જેના થકી ભવનું બંધન છૂટે ને મોક્ષ મળે, કૃતાર્થ થાય તેનો સંબંધ જીવને જેટલો જેને વિશ્વાસપૂર્વક થયો તે બીજાના કલ્યાણ કરવા સમર્થ શક્તિ ધરાવે છે. એવો જેનો અલૌકિક મહિમા જેને અખંડ ને અખંડ રહે તેને ભૂંડો ઘાટ ન થાય ને ભૂંડો સંકલ્પ પણ તેના વિશ્વાસમાં રહ્યા તેને પણ ન થાય. એવી અલૌકિક પ્રાપ્તિ આ જગતમાં ભગવાન પોતાના આશ્રિતને અભયપદ, નિર્વાણપદ, અખંડ તેને આપનારા પરાત્પર રહેલા પરમાત્માનો સાક્ષાત્ જેને સંબંધ તેને અહો અહો રાત્રિ-દિવસ આનંદ વર્તે. એમાં કોઇ દહાડે અસત્ય વિચાર ઠરતો નથી. જેમ ગુજરાતની પૃથ્વીમાં પાણો જ ન આવે તેમ. એવો આત્મનિષ્ઠાનો રસ્તો છે, તો આ તો અલૌકિક લૌકિકમાં જેને જોયા તેને તો કરવું જ રહેતું નથી. તેને જન્મ-મરણની નિવૃત્તિ છે.તેને શું સમજવાનું બાકી રહે ? કાંઇપણ કરવાનું - જાણવાનું બાકી રહેતું નથી. આવું જેને ભગવાનનું જ્ઞાન તેણે તત્ત્વે કરીને ભગવાનને જાણ્યા કહેવાય. તેને બ્રહ્મરૂપ થાવામાં શું અંતરાય રહે છે ? કાંઇપણ અંતરાય રહેતો નથી. આવા જેને વિચાર પ્રતાપ, ઐશ્વર્ય, કર્તા ભગવાનને જાણ્યા તેને ભગવાનને વિષે અસાધારણ હેત છે, પણ જાણતો નથી. એ તો કોઇક જણાવે ત્યારે જણાય ને સંત, સચ્છાસ્ત્ર તેનો નિરંતર જેને અભ્યાસ તેને ભગવાનને વિશે અસાધારણ હેત છે. તે જણાઇ આવશે. - ૭૩

● સંવત્ ૨૦૧૭ અધિક જેઠ વદિ-૧૩, તા.૧૧/૦૬/૧૯૬૧ ને રવિવારે પીપલાણા સ્વામિનારાયણ મંદિરે માણાવદરના પ.ભ. દેવશી પદમાએ રસોઇ આપેલ તે પ્રસંગે બપોર પછી ૪-૨૦ મિનિટે ધર્મશાળામાં

પ.પૂ. સ્વામીશ્રીએ વાત કરી જે, ભગવાન અને સાધુ જેવા છે તેવા ઓળખાતા નથી. ને જેવા છે તેવા ઓળખાય તેને કરવું કાંઇ રહેતું નથી. માટે ભગવાન અને સાધુ આવા ને આવા અક્ષરધામમાંથી પૃથ્વી ઉપર પધાર્યા છે. પણ તેનો પ્રભાવ સમજાતો નથી એજ મોટું પાપ છે. માટે જાદવ જેવા ન થાવું, ઉદ્ધવ જેવા ભક્ત થાવું. નકર ભગવાન છેટા તો છેટા, નકર આ ઘરમાં આવીને બેઠા. એમ ક્યાં સમજાય છે ? માટે હું ભગવાનનો, એ મારા. માટે ભગવાન તે ભક્તના છે પણ અભક્તના નથી. આ વાત પણ એક અવશ્ય જાણવાની છે. ભગવાન છે તે ભક્તમાં જ રહે છે. બાકી બીજે તો બીજે રૂપે રહે છે. ભક્તમાં તો પોતે જ રહે છે, કેમ જે ભગવાનના ભક્તને રાજી કરે, સેવા કરે તે જ ભગવાનની સેવા થાય અને ભગવાન રાજી થાય ને ભક્તનો દ્રોહ કરે એટલે ભગવાનનો દ્રોહ કર્યાનું પાપ લાગે છે. આ રીતે જોઇએ તો ભગવાન કયાં રહ્યા છે એમ બરાબર માલુમ પડે. માટે આપણે ભગવાન ગોતવા પડે એમ નથી. ભગવાન તો અપાર છે છતાં ભક્તને અર્થે સાક્ષાત્ છે. વિમુખને અગોચર છે. ભક્તને સાક્ષાત્ ગોચર પ્રાપ્તિ છે. માટે સો વાતની એક વાત ભક્ત થાવું પણ અભક્તની દૃષ્ટિમાં ભગવાન કોઇ દિવસ આવતા જ નથી. માટે ભગવાનના ભક્ત છે તે આ જીવના સાચા સગાં ને સાચા સંગાથી આલોક પરલોક બેય ઠેકાણે છે. - ૭૪

● સંવત્ ૨૦૧૭ ના અધિક જેઠ સુદિ-૫, તા. ૧૮/૦૬/૧૯૬૧ ને રવિવારે પીપલાણા સ્વામિનારાયણ મંદિરે ધર્મશાળામાં જમ્યા પછી બપોરના ૧૨-૪૦ મિનિટે વિરાજમાન હતા. પછી પ.પૂ. સ્વામીશ્રીએ વાત કરી જે, ભગવાનનું સ્વરૂપ પૃથ્વીમાં, સ્વર્ગમાં ને ઇશ્વરકોટિમાં, બ્રહ્મકોટિમાં ને અક્ષરમાં છે તેને યથાર્થ સમજે જાણે તે બરાબર જ્ઞાની, જ્ઞાનના અંતને પામ્યો કહેવાય. ને પૃથ્વીમાં રહ્યા છે ત્યાં તો પૃથ્વીના જીવ સ્થૂળભાવે યુક્ત છે ને પોતે પણ સ્થૂળભાવને ધારણ કરે ને તેના સજાતિય સગા-મિત્ર, ભાઇબંધ થઇ ભાઇબંધાય કરે ને સ્વર્ગમાં રહ્યા હોય ત્યારે સ્વર્ગવાસી દેવ તથા દૈત્ય તેમાં એ જ રીતે રહ્યા પણ પુણ્ય કર્મ કરતા હોય ને સત્ત્વગુણ જેમાં અહોનિશ નિવાસ કરીને રહેલો હોય ને સત્ત્વગુણી દેવને મોક્ષ આપનારા -

એવી રીતે તેમાં મોક્ષના ભેદ અનંત છે ને ઈશ્વરકોટિ જે પ્રધાન પુરુષ વૈરાટ આદિક તથા બ્રહ્મા આદિક ઘણી ઈશ્વર સૃષ્ટિ, ગુણ અભિમાની તેમાં ભગવાન એ જ રીતે કલ્યાણકર્તા હોય છે પણ ગુણ તો સ્વાભાવિક રીતે માયાના છે. માટે ભગવાનના ભક્ત માયામાં રહ્યા થકા નિર્લેપ એવું જે નિર્ગુણ સ્વરૂપ તેને સાક્ષાત્કાર માનતો થકો સૂઝે તો પૃથ્વીમાં હોય ને સૂઝે તો દેવકોટિમાં હોય ને સૂઝે તો ઈશ્વરકોટિમાં હોય પણ એ મુક્ત જ્યાં તેની સમીપે બ્રહ્મકોટિ હોય માટે બ્રહ્મકોટિમાં રહેલો તે બ્રહ્મનિષ્ઠ ને ભગવાન બ્રહ્મસૃષ્ટિમાં. આ રીતે બ્રહ્મરૂપ થઈને બ્રહ્મને દૃષ્ટિગોચર છે ને પોતે તો અક્ષર. જેની શક્તિ ન ખરે એવી જે અક્ષરમાં અનંત અપાર શક્તિ, બળ, ઐશ્વર્ય, સુખ-સંપત્તિ ! અક્ષર, મુક્ત ને પુરુષોત્તમ. અક્ષર દ્વારા સહેજમાં જેને કાયમ માટે સંબંધ છે તે રીતે અક્ષરમાં પુરુષોત્તમ. અજ્ઞાન જીવને મૂળ છે તેને નાશ કરતા થકા - આવી રીતે ભગવાન સર્વોપરી છે. ને પોતાની સત્તા આગળ કોઈની સત્તા ઊભી રહેતી નથી. પણ જીવકોટિને સત્તા આપી, ઈશ્વરકોટિને સત્તા આપી, દેવકોટિને સત્તા આપી ને બ્રહ્મકોટિની સત્તા તે પોતાની જ માને છે. તે સત્તા પોતે બ્રહ્મસૃષ્ટિની દૃષ્ટિથી બ્રહ્મસૃષ્ટિને સુખ આપી રહેલા છે. પણ પોતે તો એ સર્વેના પ્રેરક, કર્તા, અકર્તા ને સર્વેના ઉપાસ્ય ને ઉપાસના કરવા જોગ ને સર્વથી અળગા, સર્વમાં જેવા છે તેવા ને તેવા રહ્યા છે. તેનો મહિમા-મોટ્યપ તો પોતે પણ પોતાની મોટ્યપ કહી શકતા નથી. પણ અન્યથાકર્તું પરમાત્મા છે. એ જ રીતે સમજી લેવું. - ૭૫

● સંવત્ ૨૦૧૭ ના અધિક જેઠ વદિ-૩૦, તા. ૧૨/૦૭/૧૯૬૧ ને બુધવારે પીપલાણા સ્વામિનારાયણ મંદિરની ધર્મશાળામાં બેઠા હતા અને નિયમ કર્યા પછી રાત્રે ૧૦-૩૦ વાગ્યે પ.પૂ. સ્વામીશ્રીએ વાત કરી જે, ત્યાગાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, ભગવાન કેમ રાજી થાય ? તેનો ઉત્તર પોતે શ્રીજી મહારાજે કર્યો જે, જેને ભગવાનને રાજી કરવાના હોય તેને દેહના સુખને ઈચ્છવું નહી. ને જો દેહના સુખને ઈચ્છે તો દેહમાં વર્તાય છે. માટે ભગવાનના ભક્તને જેમ બને તેમ દેહ થકી તથા મન, ઈન્દ્રિયું, અંતઃકરણના ભાવથી મૂકાઈને સત્તારૂપ રહેતા શીખવું. ને

સત્તારૂપ આત્મા કેવો છે ? જેમાં બીજું કાંઇ આવરણ હોતું જ નથી. જેમાં કાંઇક પણ આવરણ છે તે જ અજ્ઞાન-અંધારું, માયા છે. માટે સત્તારૂપ આત્મા, જાણપણે યુક્ત ને નિર્લેપ ને અસંગી ને અગોચર - સર્વના ગોચરમાં પણ અગોચર, જે આત્મસત્તા પરમાત્મા તેના ભક્ત પણ આત્મસત્તા તદાત્મક પરમાત્માને પામ્યા છે. પરમાત્મા તો પર થકી પર એવું જે અક્ષરબ્રહ્મ તે થકી પણ પર છે. ને જીવના સુખને અર્થે ને જીવને અભયદાન આપવા વાસ્તે કૃપા કરી સર્વજનને નયનગોચર સાક્ષાત્ જણાય છે. તે જ તેમાં દયાનો ભાવ છે. પોતે તો અલૌકિક છે ને અલૌકિક સુખ પણ જેને સ્વાભાવિક રીતે જો'તું નથી તો લૌકિક સુખ તો તેના સ્વપ્નમાં પણ આવતું નથી. આવે તો બહુ જ ઉપાધિ થાય માટે સત્તારૂપ આત્મામાં કાંઇપણ આવરણ છે જ નહીં ને મહારાજ તો પોતે એમ કહે જે મને મારી સર્વે ઇન્દ્રિયુંની ક્રિયાને વિષે આત્માનું વિસ્મરણ થતું નથી. તો આ લક્ષણ આત્માને ઘટતું નથી - પરમાત્માને જ ઘટે છે. પણ આત્માને ઘટાડ્યું તે તો આપણા ઉપર શ્રીજી મહારાજે પૂર્ણ કૃપા કરી, ભક્ત બુદ્ધિ રાખી, ભક્તમાં ભક્ત થઇ સત્તારૂપે રહેલા છે પણ પોતે તો સર્વોપરી, સર્વ અવતારના અવતારી પુરુષોત્તમ છે. તેની જે ઉપાસના, આશરો, વિશ્વાસ, સુહૃદભાવ કરે છે તેને તેનું જેવું સ્વરૂપ છે તે જાણવામાં આવે છે. - ૭૬

● સંવત્ ૨૦૧૭ ના અષાઢ સુદિ-૧, તા. ૧૩/૦૭/૧૯૬૧ ને ગુરૂવારે પીપલાણા નવા સભામંડપમાં વિરાજમાન હતા ત્યારે સવારના ૮ - ૧૫ મિનિટે પ.પૂ. સ્વામીશ્રીએ વાત કરી જે, આ ગામમાં રામાનંદ સ્વામીએ એકાદશીને દિવસે 'સહજાનંદ સ્વામી' એવું નામ પાડ્યું. દીક્ષા આપી તેમાં સહજ આનંદ નામમાં, જેના દર્શનમાં, જેના ગુણમાં, જેના ચરિત્રમાં, જેના વર્તનમાં, જેના ચરિત્ર, લીલા, ક્રિયા - તેના ઉપયોગમાં આવે તે પણ સુખ, સાગર-સમુદ્ર જેટલું સમજવું. જેવી રીતે ફૂલ થાય તેમાં જેમ સહેજે સુગંધ તેના કમળમાં જ રહી છે. તેમ જ્યારે જ્યારે પ્રગટ ભગવાન, પ્રગટ સંત, પ્રગટ દર્શન, પ્રગટ વાતો, પ્રગટ કીર્તન, પ્રગટ સ્વરૂપ, પ્રગટ

ઉપાસના, જેના સંગ વડે આનંદ સહેજે - માટે સહજાનંદ. દર્શનમાં જ સુખ તે સહજાનંદ. એવા જ્યારે સહજાનંદના દર્શને કલ્યાણ, દર્શને સુખ, વાતુથી આનંદ, વાતુમાં બધું સમાયેલું છે. તે માટે આવી રીતે જ્યારે ભગવાન ને ભગવાનના ભક્ત જેને મળે તેને જે મળે તે પણ એ જ રીતે સાકાર દર્શન, સાકાર સ્વરૂપ, સાકાર ભજન, સાકાર ભક્તિ. તેના વચન તે જ ભક્તિ. આવું અલૌકિક પરમાત્માનું સ્વરૂપ. તે સ્વરૂપી પરમાત્મા જ્યારે જ્યારે પૃથ્વી ઉપર હોય ત્યારે એને આનંદ સ્વાભાવિક રીતે મૂર્તિમાં જ છે. આવું જેણે ભગવાનનું સ્વરૂપ જાણ્યું, સમજ્યો તે જ સમજુ, તે જ બુદ્ધિવાળો, તે જ તપસ્વી, તે જ ભક્ત, તે જ આલોક-પરલોક સર્વ ઠેકાણે માનવા-પૂજવા યોગ્ય છે. આટલી વાત સમજી ભજન કરી લેવું. - ૭૭

● સંવત્ ૨૦૧૭ ના અષાઢ વદિ-૧૦, તા. ૦૬/૦૮/૧૯૬૧ ને રવિવારે નવા સભામંડપમાં લાદી ચોંટાડવાનું કામ પ.ભ. દેવજીભાઇ ધોરાજીવાળા કરતા હતા. જેથી સભામંડપથી ઉગમણી બાજુ ઓરડા છે તેમાં વચ્ચેના ઓરડામાં સભા બેઠી હતી. ત્યારે સાંજે ૬-૪૫ વાગ્યે પ.પૂ. સ્વામીશ્રીએ વાત કરી જે, ભગવાન ભજવા એમ જીવ-પ્રાણી માત્રને સંકલ્પ રહે છે. ને કોઇ એક ભગવાન બ્રહ્માંડમાં જગતકર્તા છે. પણ સંત-સમાગમ થાય ને સંતના સમાગમમાંથી ભગવાનનું સ્વરૂપ પોતાને ઓળખ્યામાં આવે તેને આ પૃથ્વી કર્તા માને ને જે જે જગતમાં જીવને સુખ-દુઃખની પ્રાપ્તિ થાય છે. તે તેની જ ઇચ્છાથી પૃથ્વીમાં બધું સુખ રહ્યું છે. ને તેના વરસાવ્યા મેઘ વરસે છે ને જે જે જીવને કાંઇ કર્મ કર્યું હોય તે કર્મનું ફળ જે સ્વરૂપ થકી ભગવાન સુખિયા રાખે છે તે ભગવાન સાક્ષાત્ સર્વ બ્રહ્માંડમાં સર્વ ઠેકાણે જીવ જીવ પ્રત્યે રહેલા છે. છતાં જીવના મોક્ષને અર્થે મનુષ્ય આકૃતિ - મનુષ્યમાં રહેલા હોય તે સ્વરૂપની - જે નિષ્ઠા તે કલ્યાણના માર્ગમાં મોક્ષનું સાધન સરસ છે. આવી સમજણ્ય આવે તો પ્રભુ ભજાય. નહીં તો જીવને ભજવા છે પણ ક્યા દેવની ઉપાસના થાય છે. તેમાં સિકોતેર, માંગણ આદિક મલિનદેવની પણ ઉપાસના થાય, આશરો થાય તો મોક્ષના માર્ગમાં પૂરું વિઘ્ન આવે માટે ભગવાન તો કૃપા કરીને સર્વજનને નયનગોચર છે. તે

જ સર્વ અવતારના અવતારી, તેનું જ કર્યું થાય છે. તેને વિશે પતિવ્રતાની ટેક રાખવી. પૂર્વે અવતાર થયા પણ હનુમાનજીની પેઠે પતિવ્રતાની ટેક એ જ મોક્ષનું અસાધારણ સાધન છે. - ૭૮

● સંવત્ ૨૦૧૭ ના અષાઢ વદિ-૧૧, તા. ૦૭/૦૮/૧૯૬૧ ને સોમવારે નવા સભામંડપથી ઉગમણી બાજુના ઓરડા છે તેમાં વચ્ચેના ઓરડામાં વિરાજમાન હતા ત્યારે પ.પૂ. સ્વામીશ્રીએ સવારના ૮-૩૦ વાગ્યે વાત કરી જે, જ્યાં સંત છે ત્યાં નિયમ છે, ધર્મ પણ ત્યાં જ છે. તે થકી જીવ પવિત્ર થાય છે માટે સંત-સમાગમ, આળસ મેલી અજ્ઞાન તજીને સાવધાન થઈને કરવો તેમાં લોકલાજ આડી ન આવવા દેવી ને લોકલાજ આડી આવે તો તેનો ત્યાગ કરવો. એ તો જ્યારે બ્રહ્મરૂપ થાય ને માયા પર સ્થિતિ થાય ને માયા પરના મળે ત્યારે તેને એ સ્થિતિ થાય પણ દેહભાવ દેહમાં રહ્યો ત્યાં સુધી સ્થિતિ રહે, પણ દેહભાવ દેહ ભેળો કરી રાખવો. આપણે તો ભગવાનના ને ભગવાન તે આપણા. ને આજદિન પહેલા જીવ તો અનાદિ છે, માયામાં છે તો પણ માયાનો લેપ જીવને લગારેય પણ અડ્યો નથી. તો હવે આપણે ભગવાનના ભક્ત થયા તો એ માયા કેમ બાધ કરશે ? ને અજ્ઞાન અવસ્થામાં પણ જીવ ન મર્યો તો હવે આપણે આત્માનું તથા બ્રહ્મનું તથા પરબ્રહ્મનું સાક્ષાત્ જ્ઞાન થયું તો તે આત્મા કેમ મરશે ? માટે આત્મા તો અજન્મા - અનેક યોનિમાં રહ્યો થકો નિર્લેપ છે તો ભગવાનનું તથા ભગવાનના ભજનનું જ્ઞાન થયું તો આત્મા બહુ સમર્થ કહેવાય. માટે આત્માને વિશે કોઈ પ્રકારનું અંતર નથી. એ તો પરાત્પર રહેલા પરમાત્માના જ સંબંધવાળો છે એટલું સમજે તેને ને ભગવાનને લગારેય છેટું નથી. - ૭૯

● સંવત્ ૨૦૧૭ ના શ્રાવણ વદિ-૧, તા. ૨૭/૦૯/૧૯૬૧ રવિવારે પીપલાણા મંદિરે નવા સભામંડપમાં બપોર પછી

૪-૩૦ વાગ્યે પ.પૂ. સ્વામીશ્રીએ વાત કરી જે, જેમ છે તેમ આ જીવને સમજી વિચારી પ્રભુ ભજવા છે છતાં પંચવિષય જીવને અંતરાય છે. બીજા નાતીલા, કુટુંબી, ઈન્દ્રિયું, અંતઃકરણ - આ જીવને ભગવાન સન્મુખ

ચાલવામાં અંતરાય કરે છે. એ જ અણસમજણ્ય છે. જેમ છે તેમ સમજાય તો ઇન્દ્રિયું, અંતઃકરણ આદિક બધાય સાથમાં ભળી જાય. માટે આપણે ભગવાન ભજવામાં દેહ-ઇન્દ્રિયું સાથમાં છે કે પ્રતિકૂળ છે, તેનો તપાસ કરીને આપણી સમજણમાં શું ખામી છે ? એક તો અનાદિના જીવને વિષયનું જ્ઞાન છે જ. આ તો નવીન છે એટલે દેહ-ઇન્દ્રિયુંને અટકાવ થાય છે ને વિષય સંબંધી જ્ઞાન સ્થૂળ છે ને ભગવાન સંબંધી જે જ્ઞાન છે તે તો ચૈતન્યમય છે. પદાર્થ સિવાય એ જ્ઞાન છે. પદાર્થ તો એક આધાર છે. પણ પદાર્થમાંથી એને સુખ નથી. માટે ભગવાન સંબંધી અખંડ, નિર્ગુણ, અદ્વિતીય અનાદિ પરમાત્મા છે. તેના સંબંધવાળાને સુખ છે. માટે ભગવાનના ભક્ત થઇ દેહના સુખને ઇચ્છે તે અજાણ છે માટે સમજુને તો વિષયમાં સુખ બુદ્ધિનો ત્યાગ કરીને સત્તામાત્ર ચૈતન્ય સત્ ચિત્ ને આનંદમય જે સુખ છે તે સાક્ષાત્ પરમાત્મા તેને વિસરતા નથી ને વિષયી જનને જેમ વિષયનો સંબંધ છે તેમ એવા ભક્તને ભગવાનનો સંબંધ છે માટે આવું અલૌકિક ભગવાનનું સ્વરૂપ સમજાય તો વિષયને આધિન થાય નહીં, પ્રજ્જવલિત થકો રહે. - ૮૦

● સંવત્ ૨૦૧૭ ના શ્રાવણ વદિ-૫, તા. ૩૦/૦૮/૧૯૬૧ને બુધવારે રાજકોટ મુકામે પ.ભ. વિપ્ર લાભશંકર પુરુષોત્તમપ્રસાદભાઇને ઘરે પધરામણી થતા તેમના ઘરે બપોરે ૧૧-૩૦ મિનિટે પ.પૂ. સ્વામીશ્રીએ વાત કરી જે, જે જે સાધન કરવા તેમાં ફળનું અનુસંધાન રાખવું. જેમ જે આલોકમાંથી જરૂર પરલોકમાં જાવું છે. તેમાં સાથે શું ચાલવાનું છે તો એક પુણ્ય, બીજું પાપ. બાકી ભગવાનના ભક્તનો સંબંધ છે તે ભગવાનનો આશરો છે. તેથી મુક્ત થવાય છે ને આ લોકના પદાર્થમાંથી નોખું પડાય છે. માટે આત્મસત્તારૂપ થઇને ભગવાનની ભક્તિ કરવી પણ દેહરૂપ ન વર્તવું. દેહ તો જરૂર પોતાના સ્વભાવ પરિણામે નાશ પામવાના છે તે નાશ પામશે. માટે આપણે જે ભગવાનના છીએ તે ભગવાન જેમ અવિનાશી છે ને અખંડ છે તેમ આપણે પણ ભગવાનના લોકમાં ભગવાન સરખા અવિનાશી આનંદરૂપ રહેશું. આવો લાભ મેલી દેહના દુઃખે કરીને દુઃખીયા ન થાવું. વિષયસુખ તો મળે તો પણ નાશવંત ને દુઃખરૂપ છે. આત્મા તો અછેદ્ય,

અભેદ્ય, અજર, અમર, સુખરૂપ, સત્તારૂપ છે. તેને આપણે પરિણામે જેવો છે તેવો સમજી ભગવાન ને ભગવાનના ભક્ત ભેળો ભેળવવો છે. પણ કાળના કોળિયા જેવા તુચ્છ મિથ્યા પંચવિષય તેને આધિન થાવા દેવો નહીં. માટે આત્મા અનેક યોનિને પામ્યો છે. તેમાં અનેક ઠેકાણે મરાણો તો પણ મર્યો નથી, બળ્યો પણ નથી. એવો જે આત્મા તેનું જ્ઞાન હું સંત થકી પામ્યો. તે સંત પરમાત્માના અખંડ સંબંધવાળા છે, હું પણ તેના સંબંધે કરીને અખંડ, અવિનાશી, સુખરૂપ, સત્તારૂપ છું - આવું જ્ઞાન જે સંતથી પ્રાપ્ત થાય તે સંત તો સંત જ છે. તેને સમજ્યે જ છૂટકો છે. - ૮૧

● સંવત્ ૨૦૧૭ ના શ્રાવણ વદિ-૯, તા. ૦૩/૦૯/૧૯૬૧ ને રવિવારે પીપલાણા મંદિરમાં નવા સભામંડપમાં વિરાજમાન હતા અને સવારના ૮-૪૫ વાગ્યે પ.પૂ. સ્વામીશ્રીએ વાત કરી જે, આ જીવને પરમેશ્વર ભજવાની પૂરેપૂરી હિંમત આવતી નથી ને ખરેખરી જો હિંમત આવે તો આ ઘડી, આ વખતે જ, અત્યારે જ અક્ષરધામ મળી જાય છે. જેમ પૂર્વે એક ભક્ત હતો તે પરમેશ્વરનું ભજન કરતો ને તે વખતે નારદમુનિ વૈકુંઠમાં ભગવાનને દર્શને જાતા હતા. તેને પૂછ્યું કે ક્યાં જાવ છો? ત્યારે નારદમુનિએ કહ્યું હું ભગવાનના દર્શને જાઉં છું. ત્યારે તે ભક્તે નારદમુનિ સાથે સમાચાર પોતાના કહેડાવ્યા, જે તમારો ભક્ત છે તે તમારા દર્શન કરવાને ઈચ્છે તો કઈ વખતે કૃપા કરી દર્શન દેશો ? ત્યારે તે નારદજીના શબ્દો સાંભળી ભગવાને નારદમુનિ પ્રત્યે કહ્યું જે, જે ઝાડ તળે બેઠો છે ભક્ત, તે ઝાડના જેટલા પાંદડા છે તેટલા જુગ જાશે ત્યારે દર્શન દેશું. પછી તો નારદમુનિના મનમાં પણ એમ થયું જે, આ સમાચાર ન દેવા. કારણ કે તે કરે છે તે પણ મૂકી દેશે એવું સમજીને દૂર ચાલ્યા પણ તે ભક્ત તો જેમ વરસાદની વાટ જોઈ રહ્યા હોય તેમ નારદમુનિની વાટ જોઈ રહ્યા હતા... પણ તે દૂરથી નારદમૂનિને જોતા તેને નજીક બોલાવ્યા ને કહ્યું કે, **'મારા સમાચાર દેતા જાવ.'** ત્યારે નારદમુનિએ કહ્યું જે, 'તમે કરતા હો તે કરો.' પણ તે ભક્તે તો નારદમુનિને કહ્યું કે, જેમ કહ્યું હોય તેમ કહો. ત્યારે નારદમુનિએ કહ્યું જે, 'આ ઝાડના પાંદડા છે એટલા જુગ જાશે ત્યારે તમને દર્શન દેશે.' આ

વાત સાંભળતા તે મુમુક્ષુના મનને વિશે શુદ્ધ હિંમત આવી ગઇ ને ઠેકડાં મંડ્યા મારવા. ત્યાં તો નારદમુનિ ઊભા છે ત્યાં જ ભગવાન આવી ઊભા રહ્યા. ત્યારે તે મુમુક્ષુએ ભગવાનના દર્શન કર્યા. ત્યારે નારદમુનિએ ભગવાનને પૂછ્યું જે, આટલા જુગ જાશે ત્યારે દર્શન દેશું એમ કહ્યું હતું. ને તમોએ તો તરત જ દર્શન દીધાં તે તમે પણ ખોટું બોલતા દેખાવ છો. ત્યારે નારદમુનિ પ્રત્યે ભગવાન બોલ્યા જે, 'તેની હિંમત તો જુઓ. તેની હિંમતને આધિન થઇને મેં તેને દર્શન દીધાં છે. માટે **"હિંમત સે હરિ ઢુંકડા, કાયર સે હરિ દૂર"** ને તમારે જો હિંમત આવતી હોય તો આવો મનુષ્ય દેહ, આવા સાધુ, આવો સત્સંગ, આવા ભગવાન - ત્રણેય જુગમાં તપ કરતાં તેને પણ દર્શન દેતા નહીં. તો વગર સાધને વગર પ્રયાસે - સહેજે ભગવાનના દર્શન તે કાંઇ નાની વાત નથી. માટે હિંમત રાખી પ્રભુ ભજી લેવા. - ૮૨

● સંવત્ ૨૦૧૭ ના ભાદરવા સુદિ-૮, તા. ૧૮/૦૯/૧૯૬૧ સોમવારે પીપલાણા મંદિરની ઓફિસમાં પ.પૂ. સ્વામીશ્રીએ વાત કરી જે, ભગવાનની કથા તે જીવને પૃથ્વી ઉપર અમૃત છે. તે અમૃતને પાન કરે તે અમર થઇ જાય. જેમ સ્વર્ગમાં અમૃત છે તેથી દેવતા સુખી છે. તેમ પૃથ્વી ઉપર સુખનું બારણું, ભાગવાની બારી કથા છે. તે પણ સત્પુરુષના મુખ થી જે ગ્રહણ કરવી, તો જરૂર જીવ અમર થઇ જાય. માટે કથા છે તે નવધા ભક્તિમાં શ્રેષ્ઠ છે. માટે જેને આલોકમાં તથા પરલોકમાં સુખે રહેવું હોય તેને તો કથા સાંભળી લેવી. તેમાં ભગવાનના ગુણ, ભગવાનના જશ - તે જીવને સુખનું ઠેકાણું છે. માટે સુખીયું થાવું હોય તેને તો આવો જોગ ફેર ફેર નહીં મળે. ભગવાનનો પણ મેળાપ જ્યારે ભરતખંડમાં આવો મનુષ્યદેહ આવે ને કૃપા કરે તો થાય. માટે મનુષ્ય દેહ છે તેથી ભગવાનની પ્રાપ્તિ થાય છે. મનુષ્યના ઉદ્ધારને અર્થે ભગવાન અવતાર ધારણ કરે છે - તે ગીતામાં કહ્યું છે. જ્યારે જ્યારે ધર્મની ગ્લાની થાય ત્યારે ભગવાન જીવના ઉદ્ધારને અર્થે પૃથ્વીને વિશે વપુ ધારણ કરે છે. માટે જીવને જે જે થઇ શકે છે તે ભગવાન ને મોટા સાધુના સમાગમથી, ને તેની દષ્ટિથી આ લોકમા સુખીયો છે. આપણને અક્ષરધામનું સુખ આંહીં પૃથ્વી ઉપર આવે છે ને સાધુ

સમાગમમાં તે સુખ સમાયેલું છે પણ જ્યારે જ્ઞાન થાય ત્યારે તે સુખ પોતાનું થાય, નહિં તો પૃથ્વીમાં સુખ છે પણ આપણા ભાગ્યમાં નથી . માટે ભાગ્યવાન બની સત્તારૂપ વર્તવા શીખવું. દેહરૂપે વર્તે તેને તો ભગવાનનું શું સુખ છે તે ખબર પડતી નથી. માટે જેને જે વખતે જેવો સમાસ થાય તેવા ભગવાન કાયમ પૃથ્વી ઉપર રહ્યા છે. પણ જીવની જે ઈચ્છા તે પ્રમાણે ભગવાન સુખ-દુઃખનો સંજોગ આપી રહેલા છે. પણ પોતે તો પૂર્ણકામ, આત્મારામ, સર્વોપરિ વર્તે છે...તે લાભ પૃથ્વી ઉપર અમૃત છે. - ૮૩

● સંવત્ ૨૦૧૭ ના ભાદરવા સુદિ-૧૧, તા. ૨૧/૦૯/૧૯૬૧ ને ગુરૂવારે પીપલાણા સ્વામિનારાયણ મંદિરના નવા સભામંડપમાં - ભાદરવા સુદિ પાંચમને શુક્રવારે વચનામૃત - મુખપાઠ કથાની શરૂઆત થઇ હતી જેની પૂર્ણાહૂતિ આજરોજ સવારે આઠ વાગ્યે પૂરી થઇ. જેમાં આ કથા - વાર્તાનો તથા ઠાકોરજી અને સંતોના દર્શનનો લાભ અંદાજે ૧૦,૦૦૦ ઉપરાંત ભક્તોએ લીધો હતો. ગઇ કાલે એક સાથે પંક્તિમાં જમવામાં પીપલાણા ગામ ધૂવાડાબંધ અને બહારના મહેમાનો મળી આશરે ૫૫૦૦ માણસોએ લાભ લીધો. બપોરની એક જ પંક્તિમાં અને ત્યારબાદ મહેમાનો આવ્યા તે જુદા સમજવા. આ રીતે ઘણાક હરિભક્તોએ ખૂબ જ લાભ લીધો. અને આજ રોજ જળઝીલણી પ્રસંગે ૭૦ ગામોના ભક્તોએ જળઝીલવાનો લાભ તીર્થરૂપ ઓઝતગંગાના ઘાટ ઉપર લીધો. આ ઘાટ ઉપર જળઝીલ્યા બાદ બપોરે ૧૧:૦૦ વાગ્યે રાવટીમાં બેઠા હતા ને વાત કરી જે, જેને ભગવાન ભજવા તેને સો-સો વાતનો વિચાર જોઇએ. કારણ કે ભગવાનના ભક્ત ભેળું રહેવું છે. તેને તો મોટુ મન રાખવું જોઇએ. કારણ કે તુચ્છ વાતમાં, અલ્પ વાતમાં ભગવાનના ભક્ત સંગાથે જે તાણ ખેંચ થાય, વાદ-વિવાદ થાય તે તો બહુ મોટી ખોટય છે. માટે ભગવાનના ભક્ત હોય તેને તો ભગવાનના ભક્તનો અવગુણ આવે જ નહિં કારણ કે ઉદ્ધવજી એ ભગવાનના ભક્ત હતા ને ભગવાનના ભક્ત જે ગોપીયું તેનો મહિમા સમજતા હતા તેથી વનવેલીનો અવતાર માંગ્યો. આવી રીતે ભગવાનના ભક્તનો મહિમા સમજે તેને તુચ્છ વાતે વાદ-વિવાદ ન થાય.

ને વાદ-વિવાદ કરે છે એને તો સાધુપણાની બુદ્ધિ જ નથી. તેને તો રાજનીતિની બુદ્ધિ છે. ને રાજનીતિની બુદ્ધિ કેનું નામ કહેવાય ? જે ધર્મવાળા હોય, ન્યાયવાળા હોય, સારા લોક હોય તેનું પણ બધાયની હારે સંપ, સમભાવ તરીકે વર્તાય છે. પણ સ્વાભાવિક રીતે સારા માણસનું રાખવું. તેને સત્ય માનવા તેનું રક્ષણ કરવું - એ રાજનીતિનો ન્યાય છે. પણ પોતાને ઠીક પડે એથી જે લાયક ન હોય તેની હાર્યે ધર્મિષ્ઠ માણસને ગણે છે, તેથી કરીને જીભાની ઉપર જ ન્યાય થાય છે કારણ કે પોતે પરીક્ષા તો કરી લ્યે છે પણ પૂરાવા ઉપર જ ન્યાય આપવો રહે છે કહેતા પોતાને અનુકૂળ આવે તે રીતે ન્યાય આપે છે. એવી રાજનીતિ ભગવાનના ભક્તને હોવી જ ન જોઇએ. ભગવાનના ભક્ત એ ભક્ત બાકી બકાલી -સમજીને તેનો સમાગમ છોડી દેવો છતાં તેની હાર્યે સંબંધ રાખવો એ તો વ્યવહાર છે. ભગવાનના ભક્તથી અધિક થાય નહિં માટે આપણે તપાસ કરવો - જે આપણે ભગવાનના ભક્તના ને ભગવાન તે આપણા. - ૮૪

● સંવત્ ૨૦૧૭ના ભાદરવા સુદિ-૧૩ ને તા. ૨૨/૦૯/૧૯૬૧ ને શુક્રવારે પીપલાણા મંદિરે નવા સભામંડપમાં વિરાજમાન હતા. ને સવારના ૮-૪૫ મિનિટે પ.પૂ. સ્વામીશ્રીએ વાત કરી જે, આ સભામંડપ કરવામાં લોકોએ દાખડો કર્યો તે જોતા જે એ વતે સ્વામિનારાયણે પોતે જ પ્રેરણા કરીને આ કામ કરી ગયા છે. જેમ ગોમતી તળાવ વરતાલમાં ગળાવતા ત્યારે હળ હાંકી રાખે ને ધૂળ થઇ હોય તે કાઢે તે દિવસ આખો તો કાઢે, બાકીની ધૂળ રાતે દેવ સવાર થાય ત્યાં કાઢી જાય તેમ આમ આપણે જાણીએ છીએ. જે કામમાં આપણે દાખડો કર્યો પણ ભગવાને, મોટા સાધુએ બહુ જ દાખડો કર્યો હોવો જોઇએ કેમ કે જે વખતે જે ચીજ જોઇએ તે નાણા દેતા ન મળે, વળી નાણાં પણ નહિં છતાં તે ચીજ ને નાણા ને કામના કરનારા એક ગોતીએ તો, બીજા જોઇએ એટલા તૈયાર થઇ જાય તે ભગવાન ને મોટા સાધુ દાખડો કરે છે તે સને ૧૯૬૧ ના ભાદરવા મહિનામાં વચનામૃત મુખપાઠ, મામુલિક ગામ, વળી અભણ પ્રજા ને ગોકુળના છોકરા જેવા અલ્પબુદ્ધિવાળા માણસો, હજારો માણસના

મેદમાં ઊભા રહીને, લાઉડમાં જે બોલવું તે બાળકનું તથા બીજા કોઈપણ માણસનું ગજું ન હોય તે વચનામૃત જેવી વસ્તુ બોલાય. કેમ કે મુખપાઠે બોલે છે ને સામો માણસ ચોપડો રાખીને બેઠો છે તેમાં અક્ષરનો પણ ફેર ન આવે. આવી રીતે મુખપાઠ સાત દિવસની આખા ચોપડાની અભણ પ્રજાએ દિવસ - ૩ માં પૂરી કરી બાકીના ચાર દિવસ બહારગામના હરિભક્તો આવ્યા તેણે બોલવાનો પૂરેપૂરો લાવ લીધો. પૃથક્ પૃથક્ ગામના ને રસોડું પણ બહારગામના લોકોએ ઉપાડી લીધુ. તે વાત જોતા આપણને તો એમ જ થાય છે જે આપણને ઊંચે આસને બેસાડ્યા પણ હેઠા બેઠા. જે રામાનંદ સ્વામી સામા સન્મુખ બેઠા તે પરબ્રહ્મ પુરુષોત્તમ પરમાત્મા છે. કેમ કે આ ગામમાં પઠાણે રામાનંદ સ્વામીને પૂછ્યું કે, તમારા હિન્દુમાં આવો અન્યાય કેમ છે ? છોટા છે તે ઊંચા બેઠા છે, મોટા છે તે નીચે બેઠા છે. એમ પઠાણે રામાનંદ સ્વામીને પૂછ્યું. ત્યારે રામાનંદ સ્વામીએ મર્મે કરીને ઉત્તર આપ્યો જે, અમારા હિન્દુમાં એવો ધારો છે જે વસિષ્ઠ મુનિ ઊંચે બેસતા ને રામચંદ્રજી હેઠા બેસતા તેમ મોટા તો હેઠા બેઠા તે છે. અમે તો એની આજ્ઞાએ કરીને ઊંચા બેઠા છીએ. મોટા તો એ જ છે. તેમ અટાણે બધાય હરિભક્ત વધારે પડતું હેત કરીને પાટચે બેસાડ્યા પણ લાઉડમાં હેઠા ઊભા રહીને પાંચ વર્ષથી સિત્તેર વર્ષ સુધીના માણસો પોતાની માન-મોટાઈ, સુખ-દુઃખ, દેહ-ભાવ અળગો કરી સો-સો ગાઉથી આવેલા. નહી આસન, નહીં પથારી, નહીં ગોદડાનું ઠેકાણું - એવી અનંત વિકટ વખત તેમાં પણ જે આવા કામમાં સાથ દીધો તે અમોને તો એમ જણાય છે જે ભગવાન સ્વામિનારાયણ ગોતવા રહેતા નથી ને ઝાડવામાં રહીને પણ અનંતની રક્ષા કરવા, ધાર્યું કરવા સમર્થ છે. તો આ તો ચૈતન્ય છે, મનુષ્યદેહ, નરતનરૂપી ચિંતામણિ રીતે ને સાક્ષાત્ પરમાત્મા સ્વામિનારાયણ પ્રત્યક્ષ, તેના ઉપાસક ને સ્વામિનારાયણને પોતાની વાણી તે સાધારણ માણસ પોતાના હૃદયમાં ઉતારી બોલવું એથી કરીને એમ જ જોવામાં આવે છે જે સૂંકુ પાંદડું જેમ વાયુને આધારે ફરે છે તેમ સારા-નરસા દેશકાળ ભગવાન તથા ભગવાનના

ભક્તના હાથમાં છે. આપણે તો તન-મનનું માન મૂકી ગરીબ સત્સંગી હોય તેના પણ દાસાનુદાસ બનવું. તેની આગળ પોતાનું માન-મોટયપ અળગી કરી તેની સેવામાં ગમે તે રીતે બની શકે તેટલું આ જીવને મોક્ષનું સાધન ભૂતકાળે કીધું, વર્તમાનકાળે કરે છે, ભવિષ્યકાળે કરશે તેને જ આ મનુષ્યદેહ અમૂલ્ય છે, તેની પરીક્ષા કરી છે. - ૮૫

● ભાયલા ગામના વૈદ્ય કાનજીભાઇ રૂગનાથભાઇનો પત્ર જીવનભાઇ ભગવાનજીભાઇ ઉપર આવેલ જેનો જવાબ પ.પૂ. સ્વામીશ્રીએ નીચે મુજબ લખાવેલ. તા. ૨૨/૦૯/૧૯૬૧ શુક્રવારે સવારના ૯-૦૦ વાગ્યે નવા સભામંડપમાં વિરાજીને પ.પૂ. સ્વામીશ્રીએ નીચે મુજબ પત્ર લખાવ્યો.

પ્રગટ પુરુષોત્તમના ઉપાસક, પરમ ભગવદીય, પરમ બુદ્ધિશાળી, પરમ વિવેકી, સંત-દેવ-આચાર્યની સેવા કરનાર, સંસાર સાગરમાંથી વિરકત, જેમ જળકૂકડીને જળ ન લોપે એવે ગુણે યુક્ત ભાઇ કાનજી રૂગનાથ પ્રત્યે - મું. ભાયલા.

પીપલાણાથી લિ. જોગીસ્વામી ધર્મપ્રસાદદાસજીના રૂડા આશીર્વાદ સહ જય સ્વામિનારાયણ વાંચશો.

બીજું, આપનો પત્ર ભાઇ જીવન ભગવાન પ્રત્યે આવેલ તે વાંચી અમો ઘણા રાજી થયા છીએ. આવી રીતે જેના જીવમાં રૂંવાડે રૂંવાડે હનુમાનજીની પેઠે ભગવાન રહ્યા હોય તેનાથી આ શબ્દ નીકળે છે પણ આ જગતની અંતરાય આવરણ જોવામાં આવે છે - એ તે ભગવાનની દયા સમજવી કે માયાનું કર્તવ્ય છે ? માટે આપણે તો શુદ્ધ મુમુક્ષુ બુદ્ધિથી આ જગતમાં આવરણ ભેદવા સમર્થ છીએ છતાં કરોળીયાની લાળમાં કરોળીયો બંધાય છે - એમ હશે કે શું ? માટે આપણે તો આપણું કર્તવ્ય કરીએ છીએ પણ આ તો બધુંય બાધિતાના ગુણનું કર્તવ્ય છે પણ આત્માનો વહેવાર, ભગવાનના ભકતનો વહેવાર ભગવાનની મોટ્યપ જોતા તો દિવાની આવી જાય એમ જણાય છે. પણ જે કાંઇ વિવેક-વિચાર રહે છે તે બીજાના મોક્ષને

અર્થે ને સુખને  અર્થે છે. આપણે તો પ્રત્યક્ષ ભગવાનના ભક્ત - તેના સમાગમમાં બધુંય સમાયેલું હોવું જોઈએ. છતાં આપણે કર્તવ્ય કરીએ છીએ. એ તો ભગવાન ને મોટા સાધુને બીજા અસંખ્ય જીવોનો ઉદ્ધાર કરવો છે. એ વાત પોતાને ફેર ન કરવી પડે તે સારુ થઈને આપણા વતે તે કામ કરાવે છે. પણ કર્તા તો અંતરજામી સાક્ષાત્ સર્વજનને નયન ગોચર પરબ્રહ્મ. ગૂઢ બ્રહ્મથી જ મોક્ષ છે પણ આ વાત સમજનારા, આ શબ્દ પકડનારા જવલ્લે જ ક્યારેક કોઈ ભાગ્ય જોગે, કોઈક જીવને જ મળે છે. તેમ તમારો કાગળ જોતાં અમોને એમ થાય છે-બસ એ જ.

આના જેવી આપણી સ્થિતિ થાય, ભગવાનની સેવા થાય, ભગવાનના ભક્તમાં પૂજ્ય બુદ્ધિ થાય - એ વાસના ટાળવાનું અચળ, અખંડ છેલ્લું સુતર - સાનુકૂળ સાધન અમને જોવામાં આવે છે. એટલે દૂરથી આવી સ્થિતિના શબ્દો તમોએ લખ્યા તે અમારી સભામાં આપના કાગળનું સ્થાન આપ્યું છે. હવે એથી ઉપરાંત તમારે વિષે અમારે ભાવ તો છે પણ હરૂભરૂ (રૂબરૂ) ભેટ્યે વાતચીત થાય. અડખા પડખાના ગામડાના હરિભક્તો પણ ઓળખે એથી બીજું કાંઈ લખવું નથી. વચનામૃત પારાયણ ઉપર લખ્યા શબ્દો - એવા ભક્તોની કૃપાથી પૂરી થઈ છે.

બસ એ જ, લિ. જોગી સ્વામીની આજ્ઞાથી હ.- જીવન ભગવાનના જય સ્વામિનારાયણ. - ૮૯

● સંવત્ ૨૦૧૭ ના આસો સુદિ-૬, તા. ૧૫/૧૦/૧૯૬૧ રવિવારના રોજ પીપલાણા સ્વામિનારાયણ મંદિરના સભામંડપમાં બેઠા હતા અને અમદાવાદવાળા પ.ભ. લાલજી ખીમજી રૂપેરાએ લખેલ પત્ર તા. ૦૫/૧૦/૧૯૬૧ ના રોજ મળ્યો. જે વાંચી વિગત જાણી. જેનો જવાબ નીચે મુજબ સવારના ૧૦-૧૦ મિનિટે પ.પૂ. સ્વામીશ્રીએ લખાવ્યો. જે અક્ષરસઃ નીચે મુજબ છે.

સ્વસ્થાન શ્રી અમદાવાદ, પ્રગટ પુરુષોત્તમના ઉપાસક, પરમ ભગવદીય, પરમ બુદ્ધિશાળી, પરમ વિવેકી, સંસાર - સાગરમાં નૌકારૂપ

જે ભગવાન તથા ભગવાનનું સ્વરૂપ તથા સત્ય એવા જે સંત તેને યથાર્થ ઓળખનાર ભાઈ લાલજી ખીમજી પ્રત્યે – પીપલાણાથી લિ. જોગી સ્વામી ધર્મપ્રસાદદાસજીના શુભ આશીર્વાદ સાથ જય શ્રી સ્વામિનારાયણ વાંચશોજી.

બીજું આપનો પત્ર મળ્યો. વાંચી વિચાર થયો કે પત્રનો ઉત્તર લખીએ પણ બહુ ટૂંકમાં લખાય ને તે સમજવો બહુ કઠિન હોય છે છતાં અમે સ્પષ્ટ વસ્તુ નથી લખતા પણ વસ્તુનું લક્ષણ લખીએ છીએ. એટલે મરચું નથી લખતા પણ તીખું હોય છે તેમ કાળીજીરી નથી લખતા પણ કડવી હોય છે, તેમ એક સંત કહેવાય છે, એક અક્ષર કહેવાય છે ને પુરુષોત્તમ સર્વ ઉપાસ્ય છે. તો તેમાં આપણા સંપ્રદાયમાં આત્મા ને પરમાત્મા બે વસ્તુથી નક્કી કરેલી હકીકત હોય છે પણ શ્રીજી મહારાજે આત્મા, અક્ષર, પુરુષોત્તમ – ત્રણ વસ્તુ પાને પાને લખેલ છે. તો આપને એટલું જ લખીએ છીએ જે, મુક્તનું શું લક્ષણ ને અક્ષરનું શું લક્ષણ અને પુરુષોત્તમનું શું લક્ષણ ? આ વાત જીવમાં ઉતરે – લક્ષણથી, તો એ વાત બંધ બેસે. કેમ જે શાસ્ત્રમાં ભગવાનના તથા સંતના લક્ષણ તો પૃથક્ જ હોય છે. તેમાં મુક્તનું લક્ષણ તો એ છે જે વિષયથી મૂકાય તે મુક્ત, તે ગુણાતીતાનંદ સ્વામીની વાતોમાં લખેલ છે. ને વરતાલના ૧૧ મા વચનામૃતમાં પણ લખ્યું છે જે સત્પુરુષ છે તે તો ત્રણ દેહ, ત્રણ અવસ્થા, ચૌદ ઈન્દ્રિયોની ક્રિયા પોતાને વિષે માનતા નથી. તેને દેહાભિમાની જીવ ક્યાંથી ઓળખી શકે ? પણ જ્યારે તેના સરખી સ્થિતિ થાય ત્યારે એ જેમ સત્ય વર્તે છે તે સત્ય મનાય. એટલે મોટા પુરુષ જેવી રીતે વર્તે છે એવી રીતે એ સત્ય મનાય એ મુક્તનું લક્ષણ છે. કેમ જે મહારાજે વડતાલના ૫ મા વચનામૃતમાં લખ્યું છે. જે ભગવાન છે તે તો માયાના ગુણ થકી રહિત છે, તેને માયાના ગુણ થકી રહિત સમજે તો તે માયાને તર્યા કહેવાય. એમ વડતાલના ૫ મા વચનામૃતમાં છે. તે લક્ષણ મુક્તનું છે. ને અક્ષર એટલે સ્થિતિ જે ગુણ તેથી ગુણિયલ વસ્તુ ન્યારી રહે છે, છતાં તેની ભેળે પણ છે. તો તે વાત બરાબર સમજવી જોઈએ. કેમ જે પંચાળાના ૭ મા વચનામૃતમાં લખ્યું છે, જે ધામ પોતાનું સ્વરૂપ એટલે ધામ

તે પોતાનું સ્વરૂપ માન્યું ત્યારે ગુણિયલ વસ્તુ તેમાં છે કે જુદી પણ તેથી ટાળ્યું જે માયાનું સર્ગરૂપી કપટ જેમણે એવું પરમ સત્ય સ્વરૂપ તે અક્ષરનું સ્વરૂપ છે. તો તેના પૂરાવામાં લોયાનું ૧૩ મું વચનામૃત છે. તેમાં શ્રીજી મહારાજે એમ લખ્યું છે જે નારાયણ જેવા તો એક નારાયણ જ છે. તે જેવો બીજો કોઇ થાતો નથી. તે ગુણ-ગુણિયલ બેયથી અન્યોઅન્યપણું ઘટે છે. તો તે ઠેકાણે નારાયણ જે છે તે અક્ષરને બતાવેલા છે, ને નારાયણ જેવા તો એક નારાયણ જ છે, પણ એ જેવો કોઇપણ મુક્ત થતો જ નથી. કારણ કે મુક્તની સ્થિતિ મૂકાવાની છે. બ્રહ્મને જોવાની છે, નારાયણની સ્થિતિ બીજાને બંધનથી મૂકાવનારી છે, તો મુક્ત ને અક્ષરમાં એટલો બધો તફાવત છે પણ ન સમજી શકે એટલે જીવ ઊભો રહી જાય છે ને પુરુષોત્તમની સ્થિતિ તો જેવા પુરુષોત્તમને જાણે તેવા તેને કરે તે છતાં પુરુષોત્તમમાંથી અણુ માત્ર એક રૂંવાડું પણ ઓછું થતું નથી. સામી સ્થિતિ પામેલી વસ્તુ એમ દેખે છે, આ તો મેં જેવા ભગવાનને પ્રતાપે યુક્ત, ઐશ્વર્યે યુક્ત, સામર્થીએ યુક્ત જાણ્યા તેવો તો મને કરી દીધો તો પુરુષોત્તમ એટલે એક જ. તેના જેવો તો નિર્ગુણ મમ સાધર્મ્યમાગતાઃ તરીકે અક્ષરધામમાં અક્ષર પુરુષોત્તમની સમીપમાં હોય ને માયાનો ગુણ ન હોય તો પણ ગુણિયલ કરતા આ અવતારી સર્વે ઉપાસકને ઉપાસ્ય પ્રગટ પુરુષોત્તમ તે અકળ, અનિત્ય, ન ગણી શકાય એવા અલૌકિક લોકમાં છે. તો આ લક્ષણથી જણાશે કે મુક્ત, અક્ષર ને પુરુષોત્તમ - ત્રણ વસ્તુ કાયમ છે. તેના લક્ષણેથી જુદી છે - આ વાત સમજ્યે જ જેમ છે તેમ જણાશે. એમ ન સમજી શકો તો મધ્ય પ્રકરણનું ૩૦મું વચનામૃત - તેમાં શ્રીજી મહારાજે થોડા થોડા વાક્યથી કહ્યું છે તે સમજવું. તેની વિગત જે સોનું ને સ્ત્રી એ બે અતિ બંધનકારી છે, એ બે પદાર્થનું બંધન તો કેને ન થાય ? તો જ્યારે પ્રકૃતિ - પુરુષ થકી પર જે શુદ્ધ ચૈતન્ય તેને સત્ય માને ને પ્રથમ પ્રકરણના ૨૪ મા વચનામૃતમાં લખ્યું છે જે જ્ઞાને કરીને સ્થિતિ થાય તે મહારાજ કહે અમે કહીએ છીએ તે જ્ઞાન તે શું ? તો પ્રકૃતિ-પુરુષ થકી પર જે વસ્તુ જોઇ શકે તેને તે ઠેકાણે જ્ઞાનની સ્થિતિ કહી છે. ને એ જ્ઞાને કરીને સ્થિતિ થાય ત્યારે પ્રકૃતિ કે પ્રકૃતિનું કાર્ય કાંઇ

નજરમાં આવતું નથી - તેનું નામ જ્ઞાને કરીને સ્થિતિ કહેવાય. એવી સ્થિતિ શા થકી થાય છે ? તો જેવા ભગવાન પૃથ્વી ઉપર છે, તેને જેટલો જીવને મહિમા -મોટ્યપ સમજાય તેથી એ સ્થિતિ થાય છે. માટે સ્થિતિ તો અક્ષર છે, સ્થિતિથી જે પરમાત્મા જોવા તે પુરુષોત્તમ છે, સ્થિતિ થયા સિવાય પુરુષોત્તમ જુએ જાણે પણ મુક્ત સંજ્ઞામાં આવશે મુક્ત સંજ્ઞા. ખદ્યોતથી કરીને મહા તેજ પર્યંત મુક્તના ભેદ છે. સ્થિતિ તે સ્થિતપ્રજ્ઞ વસ્તુ ગણાય. તે અક્ષર ગણાય ને સ્થિતપ્રજ્ઞથી પુરુષોત્તમ ભજાય, પમાય તે અલૌકિક વસ્તુ તેનું કોઈપણ લોકમાં માપ કરી શકાતું નથી. તેના દર્શનમાં અનંતપતિત જીવનો ઉદ્ધાર શ્રીજી મહારાજે પ્રથમના ૩૭ મા વચનામૃતમાં બતાવેલો છે. વળી તેના ચરણની રજ શ્રીજી પોતે માથે ચડાવે છે. માટે સ્થિતિ થયા વિના પુરુષોત્તમનો મહિમા કેમ કહેવાય ? તો પુરુષોત્તમ પોતે આ રીતે પુરુષોત્તમનો મહિમા કહે છે. આ તો સંક્ષેપ માત્ર લખ્યું છે કારણ કે સ્થિતિ વિના આ વાત ભલે શાસ્ત્રમાં લખી હોય તો પણ પમાતી નથી. માટે સ્થિતિ કર્યે જ છૂટકો. પુરુષોત્તમ ભજવા હોય તેને અવશ્ય અક્ષરની સ્થિતિ છે. ને સ્થિતિ હોવી જોઈએ પણ અક્ષર ને સ્થિતિ - તે બે વસ્તુ નથી. તે એક જ છે પણ સ્થિતિ સમજવી તે મુક્તદશાથી સ્થિતિવાળાને ઓળખવા. દૃષ્ટિ ઈશ્વરે મુક્તને જ આપેલી છે. માટે એ વસ્તુનુ લક્ષણ સમજ્યા વિના એ ત્રણેય વસ્તુ પૂરેપૂરી બ્રહ્મમાં ભેદ પાડવાને કોઈ સમર્થ નથી. કદાચને કોઈ કહે, બતાવે, દેખાડે પણ કહી શકે નહિ, જોઈ શકે નહિ. તો બતાવવા એતો વાત મોટી છે. માટે મોટામાં મોટા પરમાત્મા ને અક્ષર અનંત છે. એટલો અનંત અક્ષર નથી પણ અક્ષર તો એક જ છે. પણ સ્થિતી અનંત છે. એ અલૌકિક અક્ષરમાં મોટાઈ છે. તેથી પરમાત્મા તો જરુર ન્યારા છે. સ્થિતીવાળાને પણ ધ્યાન કરવા યોગ્ય છે, માટે આવી રીતે જો પૃથ્વી ઉપર ભગવાન, મુકત અને અક્ષર ત્રણ વસ્તુ છે, તેથી ઐશ્વર્ય વસ્તુ જુદી છે. તો આપ ઐશ્વર્ય ન ઈચ્છતા આ ત્રણમાંથી એક વસ્તુ મળે ત્યાર પછી આ રસ્તે જવાય એવો માર્ગ છે પણ જયારે પુરુષોત્તમ પૃથ્વી ઉપર હોય ત્યારે સાવ સુગમ-સહેલુ, કારણ કે મુકતને મળે ત્યારે જરુર વિષયથી મૂકાય જાય ને અક્ષરની મોટાઈ અનંત બ્રહ્માંડમાં

અનંત મુકતમાં છે. તેવી સ્થિતી થાય પણ અક્ષર તો અક્ષર જ છે. તેમ નારાયણ જેવા તો એક નારાયણ છે પણ એ બધાને કહેવાય સ્થિતીથી પણ પુરુષોત્તમનો મહિમા, પુરુષોત્તમના લક્ષણ, સામર્થી, પ્રતાપ, ઐશ્વર્ય અકળ છે. કેવાય તો અવતાર જ કહેવાય પણ ન કહેવામાં આવે તો ઉભુ રહી જવાય, ત્યાં જ અવતારી અકળ છે. તેનો મહિમા જાણવો તે કાંઈ વાત નાની નથી. પૃથ્વી ઉપર છે તો પણ જાણનારો બ્રહ્માંડ પાર છે. તેને માયા બંધન ન કરે, કારણ કે એ તો સુર્યના રથમાં બેઠો છે. તેને ઝાંઝવાનું પાણી હોય જ નહી. પણ મનુષ્ય હોય તે ઝાંઝવાના પાણી દેખે પણ ખોટા માને. પણ સૂર્યના રથમાં બેઠો તેને રાત્રી દિવસ નથી તો ઝાંઝવાનું પાણી કયાંથી હોય !

શ્રી સંવત ૨૦૧૭ના આસો સુદિ ૭ તા.૧૬-૧૦-૧૯૬૧ને સોમવારે પીપલાણા નવા સભા મંડપમાં વિરાજમાન હતા. ને પ.પૂ. સ્વામીશ્રીએ સવારે ૮ વાગ્યે વાત કરી જે, દેશકાળે સ્થિતીથી રાખવી, દેશકાળે સમું રહેવું તેમાં ભગવત્ તથા મોટા સાધુ અમી દષ્ટી રાખે તો જ આ જીવનુ સમું રહે એવું છે. ને દેશકાળ તો ગમે તેવો હોય ને ગમે તેવા સામર્થીવાન સિદ્ધ હોય છતાં દેશકાળ નડયા વિના ન રહે. દેશકાળ તો કેને ન નડે ? તો જેને ભગવાન તથા મોટા સાધુના વચનમાં વિશ્વાસ હોય ને તેથી આડાઅવળો ડોલતો ન હોય તો સમય પ્રમાણે ભગવાન તથા મોટા સાદુ સહાય કરે, દુઃખ જરૂર તેથી દૂર રહે નહીં તો સાધને કરીને કોઇ કહેશે કે હું છું એ સ્થિતિમાં કાયમ રહું તે ન રહેવાય. ને જો રહે તો શાસ્ત્ર મોટાના કરેલા છે તે ખોટા પડે માટે શાસ્ત્ર ખોટા હોય જ નહીં. માટે નાડી પ્રાણ સંકેલીને મોટા સન્મુખ એટલે તેની મરજી સિવાય પોતાની મરજીમાં ન ચાલે તે જ નાડી પ્રાણ સંકેલી ભગવાનના ચરણોમાં રહ્યો છે. તે બલે તુચ્છ જેવો જીવ હોય ને કાંઇ સમજતો ન હોય, અલ્પબુદ્ધિ હોય તો પણ તેનો સત્સંગ પાર પડી જાય ને તેને દેશકાળ ન લાગે. તે સાવામીએ વાતુમાં લખ્યું છે જે, ગમે તેવો પાણીનો તરિયો હોય તો પણ તેને ભમરી બૂડાડે. બીજું દ્રષ્ટાંત તીરે કરીને લવીંગ વીંધે

એવો આટુકદાર હોય, તેની વૃતિને પણ દેશકાળ છે તે છિન્ન ભિન્ન કરી નાખે. માટે સત્સંગ કરવાનું ફળ દેશકાળે સ્થિતિ રાખવી તે. તે કરતા પણ વધારે દેશકાળ શું ? તો ભગવાન તથા સંત તેને વિશેથી ભાવના બદલે ને પ્રથમ તેની પાસે આવ્યા હોઈએ, હેત હોઈએ, વિશ્વાસ હોય, તેવો તે છેલ્લી અવસ્થા સુધી, મર્યા સુધી, મર્યા પછીએ પણ તેના વિશ્વાસમાં વળગી રહેવું - તે તો દેશકાળને ઉલ્લંઘી ગયો છે. પણ તેના સંબંધમાં રહે તેને પણ સુખ-શાંતિ રહે, એવો ભગવાન તથા મોટા સાધુનો પ્રતાપ છે. - ૮૭

● સંવત્ ૨૦૧૭ ના આસો સુદિ-૭, તા. ૧૬/૧૦/૧૯૬૧ સોમવારે પીપલાણા સ્વામિનારાયણ મંદિરની ઓફિસમાં વિરાજમાન હતા ત્યારે પ.પૂ. સ્વામીશ્રીએ વાત કરી જે, નવા વર્ષના નૂતન વર્ષાભિનંદન માટે અમોએ પૂછતા નીચે મુજબ લખાવ્યું છે જે,

એ સર્વે તેમણે પોતાના ધર્મની રક્ષાના કરનારા અને શાસ્ત્રને વિશે પ્રમાણ રુપ અને શ્રીમન્નારાયણને સ્મૃતિએ સહિત એવા જે અમારાં રુડા આશિર્વાદ તે વાંચવા. - એમ શ્રીજી મહારાજે શિક્ષાપત્રીના છઠ્ઠા શ્લોકમાં લખ્યું છે.

તે વચન જે તે બીજાં વચન કરતાં પ્રધાનપણે માનવાં અને શ્રીકૃષ્ણ ભગવાનની ભકિત તે જે તે ધર્મે સહિત જ કરવી, એવી રીતે તે સર્વે સચ્છાસ્ત્રનું રહસ્ય છે.

અને અમારા આશ્રિત જે ભકતજન તેમની જે સમગ્ર પીડા તેના નાશ કરનારાં એવાં ને ધર્મે સહિત જે ભકિત તેની રક્ષાના કરનારાં એવાં ને પોતાનાં ભકતજનને મનવાંછિત સુખનાં આપનારાં એવાં જે શ્રીકૃષ્ણ ભગવાન, તે જે તે અમારાં સમગ્ર મંગલને વિસ્તારો.

તેમ અત્યારે ભવિષ્યકાળે સારો દેશકાળ થાય એવી અમારા અંતરની આશિષ છે. - ૮૮

● સંવત્ ૨૦૧૭ ના આસો વદિ-૩૦, તા. ૦૮/૧૧/૧૯૬૧,

બુધવારે રાત્રે ૯-૧૫ મિનિટે વંથલી મંદિરમાં પ.પૂ. સ્વામીશ્રીએ અન્નકૂટ પ્રસંગે આવેલા. ત્યારે સ્વામીએ વાત કરી જે, આ જીવ સાધન તે શું કરશે ? તેમાં ભગવાન સંબંધી લવ-માત્ર કહેતા લેશ-માત્ર સાધન થયું તે મોટા ભય થકી રક્ષા કરે છે. તો ભગવાન સંબંધી સાધન ક્યું કહેવાય ? તો ભગવાનને આશરે જવું. આશરો છે તે જ વિપત્ત તેને ટાળનારો છે. માટે ભયની નિવૃત્તિ પમાડવી તો પોતાના સાધન ત્યજીને ભગવાનને શરણે જરૂર થાવું. શરણે થયો કેનું નામ કહેવાય ? જેવો પોતાના બંધુ, ભાઈબંધ હેતુ-મિત્રનો વિશ્વાસ છે, તેવો ભગવાનનો ભરોસો એ જ જીવને શરણે જવાનો અર્થ છે. પણ શરણે ગયા સિવાય નકરું તપ કરે, નકરો ધર્મ પાળે, નકરો વૈરાગ્ય રાખે - છતાં તેનું તેને પરિપૂર્ણ સાથ આપનારું થતું નથી. માટે ભગવાનને શરણે જવું ને ભગવાનની ભક્તિ ને ભગવાનના ભક્તના સાથમાં રહેવું - એ જ ભયની નિવૃત્તિનું સાધન. માટે જેને કાળનો ત્રાસ ટાળવો હોય તેને તો ભગવાન જેવા અક્ષરધામમાં છે તેવા જ સાક્ષાત્ છે. તેને શરણે જવું ને માહાત્મ્યે સહિત ભક્તિ કરવી ને ભગવાનના ભક્ત ભેળે રહેવું ને તેનો સંબંધ છે તેથી આપણે જે જે ફળ ઈચ્છીએ તે તે થકી જ મળે છે. માટે આવું સમજી પછી શરણાગત બનવું. સાધન માનવું નહીં. - ૮૯

● સંવત્ ૨૦૧૮ ના કારતક સુદિ-૧૧, તા. ૧૯/૧૧/૧૯૬૧, રવિવારે પીપલાણા દેવ-દિવાળીનો સમૈયો થઈ રહ્યા બાદ આજે પીપલાણા મંદિરની ઓફિસમા વિરાજમાન હતા અને સવારના ૧૦-૧૦ મિનિટે પ.પૂ. સ્વામીશ્રીએ વાત કરી જે, જીવને સમય સમજતા આવડતો નથી. કેમ જે શુભ કાળ, શુભ દેશ, શુભ સમય, શુભ સંગ તેમ જ અશુભ દેશ-કાળ આદિક આઠ તે સમજી લેવા, તેથી સુખિયું રહેવાય છે. શુભ દેશ-કાળમાં પોતાનું કર્તવ્ય તે કરવું ને અશુભ દેશકાળમાં જરૂર સમજી પોતાનું કર્તવ્ય બંધ કરી ઈશ્વર-આરાધના જે તે પ્રકારે કરવી ને પાછું વળવું ને અશુભ દેશ-કાળ તો પૂર્વ કર્મને ઉડાવી દ્યે એવા છે. માટે શુભ દેશકાળ સેવવો, સંગ પણ ભગવાનના ભક્તને ભગવાનનો તથા સંતનો કરવો, જેથી છેલ્લો જન્મ થઈ જાય. જેથી સારાના સંગમાં વધાય છે ને અનંતપ્રકારના દુઃખ દૂર

થાય છે. માટે સારા પુરુષ મળે તો સંગ કરવો પણ ઉતરતાનો સંગ તો કરવો જ નહીં. કેમ જે ઉતરતાને સંગે ઊતરતો ઊતરતો ઊતરી જાય છે. કેમ જે પૂર્વે એક બ્રાહ્મણ હલકા પાત્ર માટે હલકો થઇ ગયો. એમ ઊતરતાને સંગે જરૂર ઊતરી જવાય છે. માટે મોટા પુરુષ મળે તો તેનો સંગ કરવો પણ ઊતરતાનો સંગ તો કરવો જ નહી - એ સિદ્ધાંત વાત છે. માટે સંગ થકી સર્વ વાત થાય છે. ને સંગ થકી વહેવાર માર્ગ પણ સમજાય છે, આવડે છે તે શિક્ષાપત્રીમાં પણ કહ્યું છે ને વચનામૃતમાં પણ કહ્યું છે, બીજા શાસ્ત્રમાં બહુ બહુ ઠેકાણે કહ્યું છે. માટે સંગની બરાબર કોઇ પણ સાધન નથી. માટે આપણે દેશકાળ શુભ કે અશુભ સંગમાં જ સમજી લેવું. માટે ગમે તે પ્રકારે ભગવાન અગર ભગવાનના ભક્તને સંગે રાજી રહેવું - આટલી વાત સમજી તેને દેશકાળ સારા સમજવા એ જ સિદ્ધાંત છે. - ૯૦

●સંવત ૨૦૧૮ ના પોષ વદિ-૫, તા. ૨૬/૦૧/૧૯૬૨ ને શુક્રવારે ઈવનગર ગામમાં પ.ભ. ભગવાનજી દેવશીની વાડીએ નવા કુપર મશીનનું ઉદ્‌ઘાટન કરીને પછી પ.પૂ. સ્વામીશ્રીએ સાંજના ૪-૦૦ વાગ્યે વાત કરી જે, બીજું બધુંય થાય પણ ભજન કરવું ને ભગવાન ભજવા છે ને ભગવાન હૃદામાં ધારવા છે તે તો આપણું જ કામ છે ને ભગવાન છેટા છે છતાં નજીક દૃષ્ટિમાં દેખાય ને ભક્તિ કરવામાં આવે એવા સુગમ, સહેલા થાય એ જ જીવને કરવાનું છે. ભગવાનનું કામ ભગવાન કરે, ભક્તનું કામ ભક્ત કરે, કારણ કે ભગવાન ધારવા છે, તે છે તો અગમ પણ નજીક ધારવા એ વસ્તુ અગમ છે. પણ તેની કૃપાથી સુગમ છે ને સહેલી છે. તે ભક્તને જ છે પણ અભક્તને કોઇ દહાડે સ્વપ્નમાં પણ ન આવે. ને ભક્ત થયો તેને જોવામાં, સાંભળવામાં, ત્વચા સ્પર્શમાં કાયમ આવ્યા કરે એથી આ પૃથ્વી ઉપર ભક્તને બીજો મોટો લાભ ન સમજવો. તે લાભ લેનારા ભગવાનના ભક્ત જીવને ભાગ્યે જ મળે. પણ ભગવાનની તથા મોટા સાધુની કૃપા થાય તો અગમ છે. છતાં તેને સાક્ષાત્ ભજન કરવામાં આવે ને ધારવા - વિચારવા ભક્ત સમર્થ થાય છે પણ અભક્તને તો કોઇ દહાડો મળતા જ નથી. પણ ભક્ત બુદ્ધિથી ભગવાન સાક્ષાત્ હજુર, સર્વ પ્રાણી માત્રને ગોચર છે - તે તો તેની

કૃપા છે. માટે અભક્ત બુદ્ધિ જરૂર તજવી, ને ભક્તબુદ્ધિથી ભગવાન ભજવા. ને અભક્ત બુદ્ધિ શું ? તો ભજન કરે છે પણ તેનું તેને અભિમાન રહેલું છે, ને ભક્તને દેહ તથા બીજા શુભ ગુણનું અભિમાન ન હોય. એવા ભક્ત ભગવાનને વહાલા છે ને ભગવાન તે ભક્તની દૃષ્ટિથી અળગા રહેતા નથી. માટે અભક્ત બુદ્ધિ, જે અભિમાન તે સમજવું. ને ગુણ છે છતાં પોતામાં અવગુણ માને ને ભગવદીયનો સંગ રાખે, સેવા-ભક્તિ કરે તેને ભગવાન કોઇ દિવસ છોડતા જ નથી. ને ભક્તને પણ ભગવાન વિના રહેવાતું નથી. તેમ જ ભગવાનને એવા ભક્ત વિના રહેવાતું નથી. માટે ભક્ત થાવું, તો નિર્ગુણ, નિષ્કામ, નિર્સ્વાદ, નિર્માન, નિર્સ્નેહ - એ આદિક જે શુભગુણ તેથી શોભા ભક્તની કહેવાય છે, માટે એવા ભક્ત ભગવાનને પણ મળવા બહુ દુર્લભ છે. ને એવા ભક્તની રક્ષા કરવાને વાસ્તે અક્ષરધામમાંથી આંહીં પૃથ્વી ઉપર જેવો ભક્ત હોય તેવા ભગવાન પણ રહે છે - એથી કરીને ભગવાનની ભક્તને મર્યાદા જાજી રહેતી નથી. - ૯૧

● સંવત્ ૨૦૧૮ ના પોષ વદિ-૯, તા. ૨૭/૦૧/૧૯૬૨, શનિવારે ઈવનગર મુકામે સ્વામિનારાયણ મંદિરે સંતો તથા હરિભક્તોની સભા બેઠી હતી. ને ત્યારે પ.પૂ. સ્વામીશ્રીએ સવારના ૧૧-૦૦ વાગ્યે વાત કરી જે, ભગવાન ભજવા, ભગવાન પામવા ને ભક્ત મળવા ને તેની સાથે મેળાપ કરવો, તેથી જીવને અધિક પ્રાપ્તિ કંઇ નથી માટે ભગવાન ભક્તને મળે છે ને ભગવાનની ભક્તિ તે ભક્ત જ કરે છે, પણ જગત તો ભક્તિ કરે છે પણ ભગવાન ભેળી સ્વભાવની તથા ફળની આશા રાખે. તે દુનિયા ભક્તિ કરે છે પણ તે ભક્તિનું ફળ - લોકાંતર વૈભવ વિલાસ મળે ને ભગવાન ભજે ને ભગવાનના ભક્તને મળે તે ભક્ત થાય. તેની ભક્તિ ભગવાનને સજાતિય. તેને શું ઈચ્છા છે ? તો ભગવાનને તો નિષ્કામ ભક્ત જ ગમે છે, પણ સકામ ભક્ત તો ભગવાનને લગારેય ગમતો નથી. કારણ કે સકામ ભક્ત છે તે જગતને મળતો છે. ને નિષ્કામ ભક્ત ભગવાનને સન્મુખ, ભગવાનનો સજાતિય ને ભક્ત ભેળો રહેનારો એટલે ભક્ત ભેળો રહ્યો છે. તેમાં સ્વભાવ આડો આવતો નથી ને સ્વભાવને આધિન પણ થતો નથી. માટે જીવનો

વેરી, જીવને દુઃખ દેનારો - આ લોકમાં તથા પરલોકમાં બધે ઠેકાણે સ્વભાવ જ છે. તે સ્વભાવને ઓળખતો નથી તે તો અંધારામાં જ છે. માટે ભક્તનો સ્વભાવ ગમે, ભક્ત સારા લાગે, તે જ પ્રકાશમાં છે. તે પ્રકાશથી જે સ્વભાવ જૂએ ને સ્વભાવને મૂકે તો સ્વભાવ તે ભક્તમાં પળ માત્ર રહેતો નથી. માટે જીવનો વેરી તો સ્વભાવ જ છે. દુઃખ પણ સ્વભાવના જેવું એકેય નથી. પણ સ્વભાવમાં સુખ માને ને ભક્તમાં દુઃખ માને તે તો સદાયને માટે આલોક-પરલોક બધે ઠેકાણે અંધારામાં છે. તેને સંગે ટાઢું ન થાય, આનંદ ન થાય. માટે જેને સુખિયું રહેવું હોય તેને તો સ્વભાવ મૂકવો ને સ્વભાવને ટાળ્યા હોય તેની સંગાથે જેટલો સંબંધ ને ભક્તનો વિશ્વાસ છે તો તેનો સ્વભાવ છે તો પણ તેનો સ્વભાવ ન કહેવાય. માટે સ્વભાવ તો ગમે તે દિ' પણ પોતાનું ધાર્યું કરે એવો છે. માટે પોતાનો સ્વભાવ તો વેરી છે. પણ ભગવાનનો ને ભગવાનના ભકતનો સ્વભાવ બહુ જ આનંદ આપે એવો છે. માટે આ વાત અવશ્ય જરૂર સમજવાની છે. સમજ્યેથી જૂએ તો જણાય કે સ્વભાવ છે કે નહીં ? સ્વભાવ તો પોતામાં છે, સામામાં તો સ્વભાવ છે જ નહીં. આ પ્રકાશથી ભગવાનની પ્રાપ્તિ થાય, આનંદ થાય, તે સદા આનંદમાં જ છે. બાકી સ્વભાવ રાખ્યે કોઈ દિ' દુઃખનો અંત આવતો નથી. માટે દુઃખ ટાળવું હોય, સુખિયું થાવું હોય તેણે તો ભગવાન ભજવા. સ્વભાવ મૂકીને ભગવાન સંગાથી થવાય છે. માટે સ્વભાવને મળ્યેથી સ્વાભાવિક સ્વભાવના સજાતિય થવાય છે. - ૯૨

● સંવત્ ૨૦૧૮ ના મહાસુદિ-૫, તા. ૦૯/૦૨/૧૯૬૨, શુક્રવારે વસંતપંચમીના રોજ માણાવદરના પ.ભ. જેઠાભાઈ વશરામભાઈના ખેતરે નવો કૂવો જોવા માટે પધાર્યા અને ત્યારબાદ પ.પૂ. સ્વામીશ્રીએ ૫-૧૫ મિનિટે વાત કરી જે,

જીવને જે'દિ તે'દિ ભગવાન મળે તે'દિ જીવને શાંતિ, સંતોષ અને આનંદ થાય કારણ કે ભગવાન તો પરાત્પર છે, અગમ છે, અગોચર છે ને પોતાના ધામમાં પોતાના પાર્ષદે સેવ્યા થકા પોતાના અક્ષરધામમાં કાયમ રહે છે તે જ ભગવાન જ્યારે આ જગતનો સર્ગ થાય ત્યારે ભગવાન જગત

ભેળા કાયમ માટે વિકાસ અવસ્થાને પામે છે ને જ્યારે જગતનો નાશ થાય છે ત્યારે ભગવાન પણ સંકોચ અવસ્થાને પામે છે પણ વસ્તુતાએ ભગવાન આ ઉપર લખેલી વાતથી ન્યારા છે. તે જ મોક્ષદાતા, ઉપાસના કરવા જોગ, ભજવા જોગ, પામવા જોગ છે. તેને ભજને જીવને ભવનો ભય ભાંગે છે. કારણ કે ભગવાન છે તે છે તો અપાર, તેનો પાર કોઇ ન લીએ છતાં જીવના મોક્ષને અર્થે જેવા ભક્ત હોય તેવા ભગવાન ભજવાને માટે સોંઘા સુતર થાય છે. તે તો ભક્તના ઉપયોગમાં આવે, અભક્ત તો કોઇ દિ' પણ તેને પામી શકે નહીં. માટે ભક્તના સંગથી ભક્ત થવાય છે. ભક્ત થયા પછી ભગવાનની ને મોટા સાધુની જ્યારે એ જીવ ઉપર કરૂણા દૃષ્ટિ રેડાય તેથી જ ભગવાન જીવથી ભજાય છે, ને ભગવાનમાં વૃત્તિ રાખવી તે જરાય કઠણ ન પડે. પણ પોતાના બળે, પોતાની બુદ્ધિથી ભગવાન કોઇ દિ' પણ સ્વપ્નમાંય આવતા નથી, તો ભજવામાં તો ક્યાંથી આવે ? - ૯૩

● સંવત્ ૨૦૧૮ ના મહા સુદિ-૧૧, તા. ૧૫/૦૨/૧૯૬૨ ને ગુરુવારે લીંબુડા સ્વામિનારાયણ મંદિરે સભા કરી વિરાજમાન હતા અને કથા વાર્તા થતી હતી અને સાંજના ૬-૨૫ મિનિટે પ.પૂ. સ્વામીશ્રીએ વાત કરી જે, જીવને પ્રકૃતિ મેલવી તે મહામુશ્કેલ છે. તથાપિ જો સત્સંગમાં સ્વાર્થ મનાય તો પ્રકૃતિ મેલવી તે કાંઇ કઠણ ન પડે. પણ મોક્ષનો જેને ખપ હોય તો તેને મોટા સાધુ ઉપર કોઇ દિવસ દખ, ધોખો કે ક્રોધનો સ્વભાવ પ્રવર્તે જ નહીં. તો તેણે પ્રકૃતિનો ત્યાગ કર્યો કહેવાય ને જ્ઞાની છે તે પણ પોતાની સ્વાભાવિક પ્રકૃતિ પ્રમાણે આચરણ કરે છે પણ શાસ્ત્રે કહ્યો જે નિગ્રહ તેનું જોર ચાલે નહીં. પણ કહેનાર છે તેના ઉપર સાંભળનારને હેત હોય ને તેનો વિશ્વાસ હોય ને તે ગમે તેવી રીતે પ્રકૃતિને મરોડે, પ્રકૃતિ પ્રમાણે વર્તવા ન દ્યે તો પણ કહેનાર ઉપર સાંભળનારને હેત, વિશ્વાસ, પ્રીતિ રહે તો, ન ટળે એવી જે પ્રકૃતિ એ પણ ટળી જાય. માટે જેને સ્વાભાવિક પ્રકૃતિ ટાળવી હોય તેને તો કહેનાર ઉપર હેત અસાધારણ હોવું જોઇએ, ને વિશ્વાસ બરાબર હોવો જોઇએ. તે વિશ્વાસ એટલે શું ? જે તેના વચન પ્રમાણે વર્તાય તે. ને કહેનાર ઉપર સાંભળનારને પ્રીતિ બરાબર હોવી જોઇએ. એ પ્રીતિનું તો

એવું લક્ષણ છે જે પોતાના પ્રિયતમની મરજી મુજબ વર્તે ને પોતાના પ્રિયતમ છેટે રહે રાજી હોય તો છેટે રહે રાજી રહેવું પાસે રહે રાજી હોય તો પાસે રહેવું. એવી રીતે ભગવાનમાં અસાધારણ હેત છે તો તેને કરવું કાંઇ રહેતું નથી. પણ તે હેતને પોતે બરાબર છે તેમ સમજી શકતો નથી. પણ સંત-સચ્છાસ્ત્ર તેનો સંગ કર્યેથી જેવું હેત છે તેવું જણાય આવશે. પોતામાં બળ તો છે પણ કોઈકના જણાવ્યા વિના જણાતું નથી. જેમ હનુમાનજીમાં બળ અપાર હતું પણ આકાશવાણીએ જણાવ્યું ત્યારે જણાણું. પોતાની માતાએ કહ્યું જે આ દૂધનો ધાવનારો...તે થરેરીને ઊભો થઇ રહ્યો ! ઊઠાવ ડુંગરો ત્યારે તેણે ડુંગરો ઉપાડ્યો ! તેમ બળદેવજીમાં બળ હતું પણ આકાશવાણીએ કહ્યું જે, તમે તો ભગવાનના ભાઈ છો ને આ અસુર તમને લઇ જાય છે. તેથી માથામાં ગદા મારી એટલે માથું ધડમાં ગરી ગયું. તેમ પ્રકૃતિ છે જ નહીં - કહેનારમાં હેત હોય તો ને તેમાં વિશ્વાસ હોય તો તો પ્રકૃતિ ગણાતી જ નથી. ને તેમાં હેત હોય તો પછી આજ્ઞામાં વર્તતો હોય. આથી તેમાં કઇ જાતની પ્રકૃતિ ઠેરાવાય છે તે કાંઇ ખબર પડતી નથી. માટે આમાં ઉપર લખ્યું તે મુજબ હેત, વિશ્વાસ ને પ્રીતિ હોય તેમાં અમને તો સ્વભાવ દેખાતો નથી છતાં સ્વભાવ હોય તે બીજાનો સ્વભાવ નાશ કરવાનો જોવામાં આવે છે. - ૯૪

● સંવત્ ૨૦૧૮ ના ફાગણ સુદિ-૨, તા. ૦૮/૦૩/૧૯૬૨ ને શુક્રવારે પીપલાણા સ્વામિનારાયણ મંદિરે સભામંડપ વિરાજમાન હતા ત્યારે પ.પૂ. સ્વામીશ્રીએ બપોરે ૨-૪૫ વાગ્યે વાત કરી જે, ભગવાન જેવા એક ભગવાન જ છે. બીજો કોઈ એ જેવો થતો નથી. તે નારાયણને ભજી ભજીને ઘણાક તેના સાધર્મ્યપણાને પામ્યા છે પણ નારાયણ જેવા તો કોઈ થતાં જ નથી ને ધામમાં નારાયણ કાળ, કર્મ ને માયા થકી રહિત છે, તેમ મુક્ત પણ કાળ, કર્મ ને માયા થકી રહિત છે. માટે તેમાં ને નારાયણમાં શો અંતરાય રહે છે જેથી કરીને સ્વામી સેવકપણું રહે છે ? માટે જેમ પૃથુ ભગવાને કહ્યું પૃથ્વીને કે મારા ધનુષ્ય થકી નીસર્યા જે બાણ તે થકી હું આ જગતને ધારવા સમર્થ છું. ને મુક્ત તો નારાયણને ઉપાસે છે માટે નારાયણ સમર્થ છે. એ

સરખો કોઈપણ સમર્થ છે જ નહીં ને નારાયણ સમર્થ તો કેવા ! પોતાને ઐશ્વર્યે કરીને આ જગતને ધારી રહ્યા છે, સ્વતંત્ર છે, સમર્થ છે. ને જો નારાયણ સરખું થવાતું હોય તો તો ઘણાક નારાયણ થાય ને નારાયણને પામવા સારૂ થઈને આપણે રાત - દિવસ ઉજાગરા , ને હાથની તાળીઓ ફાટી જાય એ રીતે ધૂન કરીએ છીએ. તો એવડો દાખડો શું કરવા કરવો પડે ? માટે નારાયણ તો સર્વોપરી છે તેની ઉપાસના કરી કરીને મુક્ત ઘણા શક્તિશાળી થાય છે. તો જેવા નારાયણને જાણે તેવા થાય છે. તો પણ નારાયણ અપારના અપાર રહે છે. નારાયણમાંથી જરાય પણ કળા ઘટતી નથી. એવા સમર્થ, સ્વતંત્ર, પર થકી પર, સર્વને ગોચર સાક્ષાત્ દૃષ્ટિમાં આવે છે તો પણ એ તો અલૌકિક છે, તે લૌકિકમાં રહે છતાં અલૌકિક છે તેને કોઈપણ જેવા છે તેવા જાણી ભજે તો તેવો થાય. તો પણ નારાયણ તો અપાર રહે છે. એવા સાક્ષાત્ છે તે જ સમર્થ છે. એથી જીવ સ્વતંત્ર ને માયાને તરે છે બ્રહ્મરુપ થાય છે, એ થકી પણ બીજા જીવ માયા તરે છે ને સુખીયા થાય છે. માટે નારાયણના સ્વરૂપમાં માયા છે જ નહીં. એમ સમજે તે પણ નિર્ગુણ . માયાને તર્યા છે એમ સમજી લેવું. - ૯૫

● સંવત્ ૨૦૧૮ ના મહાવદી-૧૨, તા. ૧૬/૦૨/૧૯૬૨ શુક્રવારે લીંબુડા ગામે સ્વામિનારાયણ મંદિરમાં સવારના આઠ વાગ્યે પ.પૂ. સ્વામીશ્રીએ વાત કરી જે,

**"તાજી તીક્ષણ ધાર, અડતામાં અળગું કરે,**
**ત્યાં લેશ ન રહે સંસાર, વજ લાગ્યા વીરના."**

તેમ શૂરવીર હતા તે લડવામાં કામ ન આવે, તે શા કામનો ? તમારી ગાઠે ધન હોય ને ખરચામાં ન આવે તો તે શા કામનું ? તેમ મને ભગવાન મળ્યા ને જે જીવ મારો સંગ કરે ને તેની આગળ હું ભગવાનની વાત ન કરું તે શા કામની ? - ૯૬

● સંવત ૨૦૧૮ ના ફાગણ વદિ-૭, તા. ૨૮/૦૩/૧૯૬૨ ને બુધવારે, જૂનાગઢ ઈગલ સિમેન્ટ પાઈપ એન્ડ કોંક્રીટ વર્કસના કારખાનાની

ઓફિસે બપોરે વશરામભાઈની સાથે જમ્યા બાદ બપોરે ૧:૦૫ મિનિટે પ.પૂ. સ્વામીશ્રીએ વાત કરી જે, ભગવાન તો અપાર વસ્તુ છે. તેનો પાર કોઈ ન લહે. ને તેના જેવા કોઈ પણ થાય નહીં પણ જેટલું જેનું ગજું હોય ને જેટલી પાંખમાં તાકાત હોય તેટલો અંબરનો મહિમા સમજે ને જેટલી શક્તિ હોય એ પ્રમાણે ગજા પ્રમાણે સમુદ્રનું પાણી પીએ તેમ ભગવાનનો મહિમા, ગુણ, પ્રતાપ, ઐશ્વર્ય, સામર્થી અપાર છે. ને તે ભક્ત તેના ભજનથી તદ્રુપ થાય ત્યારે પોતે જેવા ભગવાન છે. જેવો ભગવાનનો પ્રતાપ છે, ઐશ્વર્ય, સામર્થી, લાવણ્યતા સર્વોપરી છે. તો તેના ભક્ત તથા તેના સંબંધને પામ્યા વૃક્ષ-વેલી વગેરે અપાર મોટ્યપને પામે છે ને તે સમર્થ થાય છે. તો ભગવાનના જશ, સામર્થી જાણે છતાં અલૌકિક, અપ્રાકૃત જેની દષ્ટી થાતી નથી - એવા ભગવાન. નૌતમ વસ્તુ ન્યારી, અપારને અપાર રહે છે. પણ ભક્તને ગોચર છે, અભક્તને અગમ છે, ભક્તને સુગમ છે. માટે આપણે જો ભગવાનને ન પામી શકીએ કે ન મળી શકીએ તો ભગવાન તો અપારના અપાર છે. એવો મહિમા યથાર્થ કોઈ જીવની દૃષ્ટિમાં આવતો નથી. જો આવી જાય તો પદાર્થમાં લોભાય નહીં માટે પદાર્થ તો નાશવંત છે - એમ સમજીને ભજન કરવું. - ૯૭

● સંવત્ ૨૦૧૮ ના ચૈત્ર સુદિ-૧૧, તા. ૧૫/૦૪/૧૯૬૨ ને રવિવારે પા. ભગવાનજીભાઈ કાળાભાઈ એન્ડ કું. માણાવદરવાળાની દુકાનમાં વિરાજમાન હતા. ત્યારે સાંજના ૭:૧૫ મિનિટે પ.પૂ. સ્વામીશ્રીએ વાત કરી જે, જેને જે વ્હાલું તે શિષ્યને આપે તેમ આપણને શું વ્હાલું છે ? શેમાં પ્રીતિ છે ? કઈ વાત ઉપર તાન છે ? એમ સર્વે પોતપોતાના હૃદયમાં તપાસે ત્યારે જણાય. તેમ જેવા આપણે હોઈએ તેવા આપણા શિષ્ય થાય. કેમ કે સ્વામીએ વાતુમાં લખ્યું છે કે, બાપ એવો બેટો ને સાંઢ એવો વાછરૂ - તેમ જેવા ગુરુ, તેવું શિષ્યમાં દૈવત. તો આપણા સ્વામી, ભગવાન તેના શિષ્યનું પણ બળ તપાસવું. તે સ્વામીએ લખ્યું છે જે, આપણે તો સો-બસ્સો માણસને પાંખમાં લઈને ઊડી જઈએ, તે કરતાં બ્રહ્માંડ આખાના જીવને લઈને ઊડી જઈએ, તે કરતાં અનંત કોટિ બ્રહ્માંડના જીવને લઇ જઈએ. તે

એવું પાંખમાં બળ હોય ત્યારે સાધુ - સમાગમ કર્યો કહેવાય, નહીં તો ઠીક છે નવરા છીએ તે સાધુ પાસે જઈએ  ને ઠીક છે...આ વખત...માન, સન્માન પણ સમયને અનુસારે મળતુ હોય ને શરીરને પણ પૂરો કારસો આવતો ન હોય તેથી ઈન્દ્રિયું પણ બરાબર રાજી રહેતીયું હોય. તેથી સાધુ સારા લાગે ને સુખ મનાય પણ એ બધુંય લખ્યું તે વાતુમાં તો લખ્યું છે - દેહ ખોટું, દેહના ભોગ તે પણ ખોટા ને આલોકમાં રહેવું નથી પણ સાધુ-સમાગમ વિના દેહ ખોટું એમ બોલાય પણ નહી. તો ખોટું તો કેમ થાય ? તેની તો અલૌકિક સ્થિતિ - જેને ખોટું થાય તેની - એ સ્થિતિ. બ્રહ્માંડ પાર છે - તે મૂર્તિ બ્રહ્માંડમાં જેને મળી હોય તે બ્રહ્માંડમાં અસંખ્ય જીવને અક્ષરધામમાં પહોંચાડી દ્યે. એવું તેના સંકલ્પમાં બળ હોય પણ તે બળ જણાતું નથી. તે તો ભગવાનની ઈચ્છા. જેમ હનુમાનજીમાં અપાર બળ હતું, બળદેવજીમાં પણ અપાર બળ હતું. પણ કોઈકના જણાવ્યા વિના જણાણું નહીં. તેમ બળ જણાવાનું કારણ સંત-સમાગમ છે. એવો સંત-સમાગમ થયો છે પણ દેહરૂપી ઘોઘલામાંથી બા'રો નીકળતો નથી - એટલે સંત - સમાગમ વસ્તુ શું છે તેનો તેને સ્વાદ આવતો નથી. છતાં કોઈકને આવે તે પણ ગોળનું ગાડું ચાલ્યું જાય ને ચીલા ચાટે એ જેવું આવે. - ૯૮

● સંવત્ ૨૦૧૮ ના ચૈત્ર સુદિ-૧૨, તા. ૧૬/૦૪/૧૯૬૨ ને સોમવારે માણાવદરના પ.ભ.ઘનશ્યામ દેવરાજને ઘેરે પધરામણી થતા વિરાજમાન હતા ત્યારે બપોરે ૨-૪૫ મિનિટે પ.પૂ. સ્વામીશ્રીએ વાત કરી જે, જેના ભજને જીવ પવિત્ર થાય - એના નામમાં એટલો પ્રતાપ છે, ઐશ્વર્ય છે, ને નામ લેવું છે છતાં કેમ નથી લેવાતું ? તો ભગવાનનો બરાબર નિશ્ચય નથી. જો નિશ્ચય હોય તો જેવા ભગવાન અક્ષરધામમાં છે, તેવા અણુ અણુ પ્રત્યે અંતરજામીપણે છે તે જ આ ભક્તિ-ધર્મના પુત્ર શ્રીજી મહારાજ છે - એમ સમજે તો આઠેય પહોર આનંદ ને ભજન પણ થાય, દુઃખ પણ જાય - એવો ભગવાનના સ્વરૂપનો નિશ્ચય જેને થાય, તેને ઓળખે એટલે કામ થાય. - ૯૯

● સંવત્ ૨૦૧૮ ના ચૈત્ર વદિ-૨, તા. ૨૨/૦૪/૧૯૬૨, રવિવારે પીપલાણા સ્વામિનારાયણ મંદિરના સભામંડપમાં વિરાજમાન હતા અને માણાવદરના પ.ભ. તેજાભાઇ રામજીભાઇએ પ.ભ. રામજીભાઇના મોક્ષાર્થે કથા કરાવી, પૂર્ણાહુતિ ચૈત્ર સુદિ-૧૧ ને સોમવારે થઇ, જે પ્રસંગને યાદ કરી બપોરે ૧૨-૧૫ મિનિટે પ.પૂ. સ્વામીશ્રીએ વાત કરી જે, સોમવારને દિવસે પૂર્ણાહુતિ થઇને શ્રીજી મહારાજનો જન્મ દિવસ સોમવાર છે. તો તે દિવસે જેને કથા સમાપ્તિ ને સર્વ હરિભક્ત બાઇ-ભાઇઓને જમવાનું નોતરું હતું ને તે દિવસે તેજાભાઇએ તેના પિતાશ્રી રામજીભાઇના વતી કથાની સમાપ્તિમાં સાધુ-બ્રહ્મચારી ઘણાં જમ્યા હતા. ધોતિયા ઓઢાડ્યા હતા. બીજી પણ કેટલીક સેવા તેજાભાઇએ કરી હતી. આથી કરીને અક્ષરાતીત પુરુષોત્તમ જરૂર પ્રસન્ન થશે. કારણ કે ભગવાનના ભક્ત રાજી થાય એટલે અક્ષરાતીત અને અક્ષરના મુક્ત રાજી થાય. માટે જેને પોતાનું કલ્યાણ ઇચ્છવું, આ દેહે સુખિયું થાવું, પરલોકમાં પરમ પ્રાપ્તિ મેળવવી હોય તેને તો આજ એક દિવસે જેટલું કામ થાય તેટલું બીજે ઠેકાણે એક કલ્પે કામ થાતું નથી. તેમાં સાત દિવસ ભગવાનની વાતો ને ભગવાનના દર્શન ને ભગવાનના ભક્તના દર્શન - એથી ઉપરાંત બીજું કલ્યાણ નથી. રામજીભાઇનું તો સારું થયું છે. તેમાં જે હશે તેને પણ મોક્ષને અર્થે સાધન કરવાની સમાપ્તિ છે. તેવો બરાબર ભરોસો, વિશ્વાસ ભગવાનના દર્શનમાં, ભક્તના સંબંધમાં જેણે કલ્યાણ માન્યું તે તો કૃતાર્થ છે. માટે આપણે તો બહુ મોટો લાભ થયો છે, બહુ મોટી પ્રાપ્તિ થઇ છે. સુખની તો શું સીમા કહેવી ? છતાં જીવ જીવદશામાંથી આળસતો નથી ને ગરીબપણું, કંગાલપણું રહે છે તે અણસમજ ને દુઃખ છે. માટે સુખ તો ભગવાનના ચરણમાં, બીજું સાધુ સમાગમ. માટે સાધુ સમાગમ તો આળસ, પ્રમાદ, મોહ મૂકી **"અર્થં સાધયામિ કે દેહમ્ પાતયામિ"** એમ સમાગમ કરવો. તે સમાગમ તો સત્તારૂપે વર્તવું તેથી પણ અધિક છે. કેમ કે મહારાજે મધ્યના ૬૩ મા વચનામૃતમાં કહ્યું છે - એવો સમાગમ આપણને મળ્યો ને સાત દિવસ આનંદ કર્યો તેને તેથી ઉપરાંત પ્રાપ્તિ નથી. એવી પ્રાપ્તિવાળાના દર્શનમાં અનંત ધામના સુખ એક સાથે જીવને મળે છે, તે

સુખ કોઇ રીતે વિસાર્યા વિસરે નહીં - એવો મહામોટો લાભ મેળવીને જેણે લાભ લીધો તે સુખીયા. - ૧૦૦

● સંવત્ ૨૦૧૮ ના ચૈત્ર વદિ-૯, તા. ૨૮/૦૪/૧૯૬૨ શનિવારે કલાણા ગામે પ.ભ. સવજી ભગતે તથા કુરજી ભગતે મૂર્તિ પ્રતિષ્ઠા તથા વચનામૃત મુખપાઠની કથા નિમિત્તે પધારતા પ.ભ. કુરજી હરજીના પ્લોટમાં રાત્રે કથા-વાર્તા, નિયમ કરી મંડપની નીચે વિરાજમાન હતા ત્યારે રાત્રે ૧૦-૩૦ મિનિટે પ.પૂ. સ્વામીશ્રીએ વાત કરી જે, રાજ્યનું સુખ રાજ્યપતિને હોય ને વિદ્યાનું સુખ ભણનારાને હોય ને ધનનું સુખ ધનપતિને હોય. તેમ ભગવાનનો ભક્ત થયો તેને ભગવાનનું સુખ હોય ને ભગવાનનો ભક્ત હોય ને ભીખ માંગીને ખાય - તેથી કરીને પોતાને ગરીબ ન માને ને પૃથ્વીના સર્વે મનુષ્યો આજ્ઞામાં રહે તો તેથી પોતાને મોટો ન માને - એવું ભગવાનનું સુખ ભગવાનના ભક્ત ભૌતિક દેહમાં રહીને ભોગવે છે. તેને વિમુખ જીવ ન સમજી શકે. માટે ભગવાનનો તથા ભગવાનના ભક્તનો અલૌકિક મહિમા છે. પ્રતાપ, ઐશ્વર્ય તે લૌકિક જીવ જાણી શકે નહીં. એવો ભગવાન તથા ભગવાનના ભક્તનો મહિમા અપાર ને અપાર રહે છે. ભક્તને તો સુગમ - ભગવાનનું સુખ તથા ભગવાનના ભક્તનું રૂપ અળગું રહેતું નથી. એવા અધમ - ઉદ્ધારણ, પતિતપાવન, શરણાગત વત્સલ ભગવાન તથા ભગવાનના ભક્ત છે. તે કહ્યું છે કે, **“જા કો જગમેં કોઇ નહીં, તાકો તુમ હો મહારાજ”** - તેમ જેનું કોઇ નહીં તેના ભગવાન. એવા ભગવાન પૃથ્વી ઉપર ભક્તને સુગમ કાયમ માટે રાત્રિ પ્રલય સુધી રહેશે. વિમુખને તો “યતો વાચો નિવર્તન્તે” - એ શ્રુતિ પ્રમાણે અગમ, અગોચર, અપાર, વેગળા રહે છે. માટે ભગવાન તો ભક્તબુદ્ધિથી નજીક રહે છે. અભક્તની દૃષ્ટીમાં આવતા જ નથી. આવે તો પણ પોતા જેવા જાણે માટે ભગવાન તો અતિ સમર્થ છે. તેને કોઇ પોતાનું નથી ને પારકું પણ નથી પણ આપણે ભગવાનના તો તે આપણા જ છે. એવા અતર્ક છે છતાં કહેવામાં, સાંભળવામાં, સ્પર્શમાં આવે છે. પણ ભક્તને એ વસ્તુ કામ લાગે છે.

પણ અભક્તને તો ભગવાનને નેત્રમાં જોવામાં આવે જે રૂપ તે જેવા નથી. કાને કરીને સાંભળવામાં આવે જે કાંઇ શબ્દ તે જેવા નથી. એવી રીતે વિમુખને ભગવાન અગોચર છે. માટે જાદવ જેવા ન થાવું, ઉદ્ધવ જેવા ભક્ત થાવું. - ૧૦૧

● સંવત્ ૨૦૧૮ ના ચૈત્ર વદિ-૧૧ ને તા. ૩૦/૦૪/૧૯૬૨ ને સોમવારે કલાણા ગામે નવું મંદિર થતા મૂર્તિ પ્રતિષ્ઠા તથા વચનામૃતની મુખપાઠ કથાનો ગઇ કાલે સવારથી આજે રાતના ૩-૪૫ મિનિટે મુખપાઠ વચનામૃત કુલ ૨૪૪ બોલાયા ને સભા પૂરી થઇ...ને પ.પૂ. સ્વામીશ્રીએ વાત કરી જે, જીવને ભગવાન ભજવામાં હિંમત આવતી નથી. હિંમત તો ભગવાનના ગુણમાં ને ભગવાનના ભક્તના સંગમાં આવે છે. તેમાં ભગવાનના ભક્તનો સમૂહ જ્યારે જ્યારે હોય ત્યારે જીવને ભગવાન ન ભજવા હોય તો પણ ભજાય ને જીવ સહેજે જેમ વહાણના સંજોગ વડે પત્થર તરે છે તેમ ભક્તના દર્શન, સ્પર્શમાં આવી રીતે કથા કરે ને ભક્તનો સંગ હોય તો આખી રાત જાગરણ થાય. નહીં તો દુનિયામાં જાગરણ તો ઘણાં કરે છે પણ ભગવાન સંભારીને ભજન કરતાં કરતાં જે જે વખત જાય, એ વખતને કાળ પણ ગ્રહણ કરી શકતો નથી. ને ભક્તનો સમાજ છે ત્યાં સત્યુગ છે. એવો સત્યુગ જ્યારે જીવને પ્રાપ્ત થાય ત્યારે ભૂંડા ઘાટ શમી જાય છે. પરમ સુખરૂપે વર્તાય છે, પણ આ લોકના પદાર્થને આલોકના માનવી જોવામાં સંસૃતિ રહે છે પણ ભગવાનના દર્શન, ભગવાનનાં ભક્તના સ્પર્શમાં, સહવાસમાં અલૌકિક સંકલ્પ થાય, વાસના પણ તે ટાળે. આવું ભગવાનનું સ્વરૂપ પૃથ્વીમાં ભક્તને પ્રાપ્ત થાય છે, અભક્તને તો કરોડ જન્મ સુધી તપ કરે તો પણ ભગવાન તેને મળતા નથી. માટે આવું અલૌકિક કાર્ય સવજી હરજી તથા કુરજી હરજી તથા કલાણા ગામના બીજા હરિભક્તો - આ અલૌકિક ઉત્સવ ઉજવી રહ્યા છે. ને પાણી માંગીએ તો ઘી આપે ને દૂધે નવરાવે, ઉનાળાનો સંજોગ છે છતા આટલા બધા માણસોને છાશ પાય છે. ગામના પાઘડીબંધ બધા માણસોને ભોજન કરાવે છે - આવું એનું વૃત્તાંત જે કોઇ સુણે ને જોશે તેને ફરી ગર્ભવાસમાં આવવું પડશે નહીં. આમાં જે

સેવાથી લાભ લેશે તેની ઉપર તો શ્રીજી મહારાજ તથા અમે સૌ સંતો તથા બીજા હરિભક્તો ઘણા ઘણા રાજી થશે. અમારો આ કલાણા ગામના હરિભક્તો બાઇ-ભાઇ ઉપર અમીદ્રષ્ટિથી આશીર્વાદ છે...ને તેના કુટુંબ પરિવાર સુખે ભજન કરે ને શ્રીજી મહારાજ તેને આવું કાર્ય કરવામાં પૂંજી આપે. - ૧૦૨

● સંવત્ ૨૦૧૮ ના ચૈત્ર વદિ-૧૩, તા. ૦૨/૦૫/૧૯૬૨ ને બુધવારે કલાણા ગામે આજે મૂર્તિ પ્રતિષ્ઠા તથા મુખપાઠ-વચનામૃતની કથાની પૂર્ણાહૂતિ દિવસના ૧૦-૩૦ વાગ્યે થઇ. ત્યારબાદ પ.પૂ. સ્વામીશ્રીએ પ્રવચન કર્યું તથા અન્ય આગેવાન વક્તાઓએ પ્રાસંગિક પ્રવચનો કર્યા બાદ ભોજનવિધિ શરૂ કરવામાં આવ્યો. જેમાં બહારગામથી અંદાજે એક હજાર ભક્તો તથા ગામના પાઘડીબંધ તથા હરિભક્તો સાગમટે મળી અંદાજે એક હજાર આમ કુલ મળી બે હજાર ભક્તોનું જમવાનું થયું હતું. આ સમગ્ર ઉત્સવ ખૂબ જ ઉત્સાહ અને શાંતિપૂર્વક પૂર્ણ થવામાં છે ત્યારે પ.પૂ. સ્વામીશ્રીએ મંદિરમાં ૧૦-૪૫ મિનિટે વાત કરી જે, આ ગામના પટેલ ભાઇઓ તથા આગેવાન ભાઇઓ, ગામના માણસોની સગવડ જમાડવાની કરવા માટે પાણી, છાંયા, ઠામણાં ઠીકરા વગેરે સામાનમાં પોતાના ઘરનું જ કામ કરતા હોય એજ રીતે બધા સત્સંગનો પૂરતો લાભ લઇ રહેલ છે. ને મહેમાન રસોડામાં કણબી ભાઇઓ વંથલી, નવાગામ, બીજા ગામના મુખ્ય કામ કરનારા, નહીં ખાવાનું ગણે, નહીં પીવાનું ગણે ને ભગવાન સ્વામિનારાયણ તથા સાધુ તથા હરિભક્ત કેમ રાજી થાય, કેમ જાણે એમાં જાણે સ્વામિનારાયણ આવીને કામ કરતાં હોય ! માટે ભગવાન આ રીતે છે. ભક્ત જેસવજી હરજી તથા તેના ભાઇ કુરજી હરજી તથા બીજા હરિભક્તો તથા તેના પરિવાર સહિત સમસ્ત બાઇઓ-ભાઇઓ ખાવું ભૂલીને સેવાનું કામ કરી રહેલા છે. આ જોતા અક્ષરધામના મુક્ત બીજે ક્યાંય જોવા જાવું નહીં. આ મળ્યેથી આનંદ માનવો-આ રીતે. ચિંતામણિ કાંઇ રૂપાળી ના હોય, એ તો બીજા પથ્થરા જેવી જ હોય, તેમ ભગવાન તથા ભગવાનના ભક્ત તે માણસ જેવા જ હોય પણ એ કલ્યાણકર્તા છે, મોક્ષદાતા છે,

પરમાર્થી છે. આ લોકમાં વૃતાંત તરીકે ધર્મવાળા હોય છે, આથી કરીને ત્યાં જીવને મોક્ષ મનાય. જપ થાય, તપ, વ્રત, દાન, પુણ્ય - જે જે સુકૃત થાય તો તેનું પુણ્ય અનંતગણું અપાર મળે છે. એવું ભગવાનનું માહાત્મ્ય, પ્રતાપ, ઐશ્વર્ય, સુખ સમજે તેને સમજવાનું, કરવાનું કાંઇ રહેતુ નથી. તે તો અક્ષરધામમાં બેઠા છે. એ રીતના ભગવાનના ભક્ત બ્રહ્મમોલના નિવાસી છે, ભાગ્યશાળી છે. - ૧૦૩

● સંવત્ ૨૦૧૮ ના અષાઢ સુદિ-૧૩, તા. ૧૫/૦૭/૧૯૬૨ ને રવિવારે પીપલાણા મંદિરમાં નવા સભામંડપમાં આસને વિરાજમાન હતા ને દિવસના ૧૧-૧૫ મિનિટે પ.પૂ. સ્વામીશ્રીએ વાત કરી જે, દયા છે તે ધર્મનું મૂળ છે. પણ દયા છે તેથી બંધન પણ છે. માટે ભરતજીએ મૃગલામાં દયા કરી તો મૃગને પેટ ત્રણ જન્મ લેવા પડ્યા. માટે દયા કરવી તે પણ વિવેક સહિત કરવી. પણ દયા કરતાં જે બંધન થાય એવી દયા તો ભગવાનના ભક્તને ન જ કરવી. કેમ કે રામચંદ્રજી અને અર્જુન બહુ જ દયાળુ પણ તે જેવી દયા તો રામાનંદ સ્વામીની પ્રકૃતિ હતી. પણ મહારાજ કહે અમારો દયાળુ સ્વભાવ છે. પણ ભગવાનના ભક્તો ઉપર દયા રહે છે. માટે આ જીવને જીવ ઉપર દયા કરવી એ ઘણી મોટી વાત છે. તેમાં પણ ભગવાનના ભક્ત જાણીને તેના ઉપર દયા કરે તે તો દેહ થકી તથા દેહના વૈભવ થકી આત્મારૂપે વર્તે એમ જોવામાં આવે છે. માટે જો જીવ ઉપર દયા કરો તો પુણ્ય થાય એ વાત બહુ સરસ છે. પણ તેનું ફળ મળે પરલોકમાં. એકથી અનેક ગણું પ્રાપ્ત થાય. પણ ભગવાન ને ભગવાનના ભક્ત ઉપર જે દયા તે તો ભગવાનના સંબંધવાળી છે. તેવી દયા તો ખરેખરો ભગવાનનો આશરો હોય ને નિષ્ઠા પરિપક્વ હોય તે જ ભગવાન ને ભગવાનના ભક્ત ઉપર દયા કરી શકે છે. નહીં તો દયાનો સ્વભાવ જ એવો છે - જ્યાં ત્યાં દયા કરે, કારણ કે ચિત્ત જેમ જ્યાં ત્યાં ચોટે, તેમ દયાવાન જ્યાં ત્યાં દયા કરે તેથી તેને બંધન થાય છે. ગમે તે યોનિમાં જીવ હોય, પણ દયા છે એ જ જીવને બંધન ને રોકવાનું સાધન છે. ને દયા છે એ જ જીવનો સ્વાભાવિક ગુણ છે. તે ગુણ તો જ્યારે આત્મનિષ્ઠા ને વૈરાગ્ય - બેયને જીવ ગ્રહણ કરે તો

સ્વાભાવિક ગુણ નષ્ટ થઇ જાય. ત્યારે જીવ આકાશને વિશે અધર-પધર રહે છે ને તેને ત્રણ દેહનો, ત્રણ ગુણનો, ઇન્દ્રિયુંના સર્ગનો સંબંધ રહેતો નથી. જેમ દીપકનો અગ્નિ-કોડિયું, તેલ ને વાટ્ય તેના સંબંધ વડે પ્રજવલ્લિત એટલે પ્રગટ જોવામાં આવે છે. તેમ કોડિયું તેલ ને વાટ્ય તેનો સંબંધ છૂટી જાય ત્યારે અગ્નિ આકાશમાં અધર રહે છે. તેમ જીવને જ્યાં સુધી દયારૂપી માયાનો સંબંધ રહે ત્યાં સુધી જીવ કહેવાય છે. જ્યારે એ જ રીતે ભગવાન ને ભગવાનના ભક્તમાં દયા કરે ત્યારે જીવને ભગવાનની ઉપાસના થઇ એમ સમજવાનું છે. માટે ભગવાન ને ભગવાનના ભક્તમાં દયા એ જ બ્રહ્મનું લક્ષણ છે. ને ભગવાન ને ભગવાનના ભક્ત તે તો આ લોકમાં ભગવાન ને ભગવાનના ભક્ત છે તેને આવી રીતે સમજે તેમાં દયા કરે તેને બ્રહ્મના દર્શનમાં શું બાકી છે ! ને ઉપાસના એની નક્કી પાયા પર આવી ગઇ કહેવાય. એ રીતે ઉપાસના કરે તે તો માયાને તર્યો કહેવાય. તેના દર્શનથી અનંત જીવનો ઉદ્ધાર થાય છે. માટે જેમ ભમરીના સંગ વડે ઇયળ તે પણ ભમરી થાય છે. એવું ભગવાન ને ભગવાનના ભક્તનું માહાત્મ્ય છે - તે સમજ્યે જ છૂટકો છે. - ૧૦૪

● સંવત્ ૨૦૧૮ ના શ્રાવણ વદિ-૮, તા. ૨૨/૦૮/૧૯૬૨ ને બુધવારે ઇવનગર મુકામે સ્વામિનારાયણ મંદિરે સવારમાં ૭-૦૫ મિનિટે પ.પૂ. સ્વામીશ્રીએ વાત કરી જે, જીવને જેથી જગત ઝંઝાળ સમે ને ભગવાન જેવા છે તેવા જણાય ને દેહમાંથી આત્મા અળગો છે તે મનાય ને સત્સંગ સૂર્ય સમાન છે તે સમજાય ને અત્યારે સાધને કરીને કેટલું કામ થાય છે ને સત્સંગ સૂર્ય વતે કેટલો પ્રકાશ થાય છે તે સમજાય. માટે જીવ તો બહુ સમર્થ છે તે શાથી ? તો ગમે તેવો સિદ્ધ હોય, ગમે તેવો યોગી, જ્ઞાની, તપસ્વી હોય તેને પણ તે પંચવિષય હાર પમાડે છે. એવા પંચવિષય જેને બાધ ન કરે એવા મહામુક્ત સમર્થ પૃથ્વી ઉપર અત્યારે છે પણ વિષયમાં રાગ છે ને વિષયની કિંમત છે ત્યાં સુધી એ કેવા મોટા છે તે ન જણાય ને આત્મા તો ત્રણ દેહ, ત્રણ અવસ્થા, ત્રણ ગુણ - તે થકી અળગો વળી એમાં રહ્યો છે - એવો છે. તે પણ જ્યાં સુધી એને ત્રણ દેહ, ત્રણ અવસ્થા, ત્રણ ગુણમાં

ગણાય છે તે તો અળગો પણ બીજા પામર, પતિત, અધમ પામર જીવને એ બંધન થકી છોડવાને માટે ત્રણ દેહરૂપી વયુમાં રહે છે ને ત્રણગુણરૂપી જેના હાથમાં હથિયાર છે ને ત્રણ અવસ્થારૂપી જેને ત્રણ સ્થાન છે, એવો મહા સમર્થ આત્મા તે અનાત્મા થકી સર્વ પ્રકારે અળગો છે - એવો આત્મા છે, છતાં આ લોકમાં જેને ભગવાનનો ભેટો કરાવે - કહેતા સૂર્ય સમાન સત્સંગ કરાવે, સમજાવે તે તો ત્રણ ગુણ થકી અળગો છે ને ત્રણ તો જેના ભગવાન ભજવામાં સાધન રૂપ છે. માટે આપણે સર્વોપરી સત્સંગ સમજ્યો પછી આલોકમાં સમજવું શું બાકી રહે છે ? તે સમજવાની વિક્તી જે, આ લોક, દેહ, ભોગ બંધનકારી છે. છતાં બંધન ન કરે, તેના લેપમાં ન આવે એવો - જાળકાતરણી જેવો. બીજાને કાઢી પોતે પણ નીકળી જાય. એવો મહા અદ્‌ભુત, અચરજકારી આત્મા તે તો સત્સંગ - સૂર્યથી દેખાય છે પણ જેને સત્સંગ નથી ને વિષયરૂપી રાખના પડીકા વાળ્યા કરે છે ને ત્રણ દેહ, ત્રણ ગુણ, ત્રણ અવસ્થારૂપી ઘોલકામાં સંતાયા કરે છે. તેને તો જેવો છે તેવા આ સત્સંગના સ્થંભ જેવા મહા એકાંતિક મુક્ત જોવામાં આવતા નથી. પણ સત્સંગ વસ્તુ સત્ય છે. અસત્ય તો અનાત્મા ને ત્રણ દેહ, ત્રણ ગુણ, પંચવિષય તે સર્વ પ્રકારે મિથ્યા પરમાણવા. એવો આ સત્સંગ જેને મળ્યો તેને દેવલોક, તેના વૈભવ ને લોકાલોકના વૈભવ જોવામાં ઈચ્છા નથી. લોકાલોકના વૈભવ દેવકોટિ ભોગવે છે ને મહામુક્ત તો મહા અદ્‌ભુતકારી એવું ભગવાનનું કલ્યાણકારી સ્વરૂપ રહ્યું છે. તેથી તેને સંતોષ, આનંદ. સુખ માટે આપણે તો આ દેહે કરીને ભગવાનના ભક્ત ભેળું દેહ નિર્વાહ કરીને પરલોક, પરમાત્મા ભજવા તેને અર્થે શું ન થાય ? તેને અર્થે કરવામાં દેહ, વૈભવ ને આલોકના નાશવંત પદાર્થ અંતરાયરૂપ છે. તે પણ તેને બંધનકારી નથી એવો આ કલ્યાણકારી સૂર્ય સમાન છે સત્સંગ ! પરમાત્મા, પરબ્રહ્મ ભગવાન છે માટે તેને આળસ મેલીને ભજી લેવા. - ૧૦૫

● સંવત્ ૨૦૧૮ ના શ્રાવણ વદિ-૮, તા. ૨૨/૦૮/૧૯૬૨ ને બુધવારે ઈવનગર મુકામે સ્વામિનારાયણ મંદિરે પ.પૂ. સ્વામીશ્રીએ વિરાજમાન હતા ત્યારે સાંજે ૬-૪૦ મિનિટે વાત કરી જે, જ્યાં જેને જેટલું

ભગવાનનું ને સાધુનું માહાત્મ્ય સમજાય ત્યાં તેને મોક્ષ થાય પણ જેવા સાધુ સેવે તેવા ગુણ આવે ને સર્વે ગુણે સંપન્ન એક મળે તેની સેવા કરે તો સર્વ ગુણ આવે માટે ગુણિયલ વસ્તુમાં સહેજે મનુષ્યમાં મનુષ્યને હેત થાય છે માટે મનુષ્ય પણ ત્રણ ગુણ હોય ત્યારે કહેવાય. એક તો અહિંસા, બીજું બ્રહ્મચર્ય ને ત્રીજું સત્ય. સત્ય તે જ્યાં ભગવાન હોય ત્યાં જ હોય. હરિશ્ચન્દ્રે સત્ય રાખ્યું તો કેટલો દાખડો પડ્યો ? આપણે તો સત્ય એવા ભગવાન ને સત્ય એવા સંત તેનો સંગ તે રીતે સત્યપણું રાખીને ભગવાનના ધામમાં જાવું છે તે કાંઇ પણ કઠણ નથી. આજના જેવી તો કોઇ અવતારે રીત ચલાવી નથી. મોક્ષ પણ કર્યા નથી. આજની રીત નૌતમ ન્યારી છે માટે આપણે તો ભગવાનના છીએ ને ભગવાન આપણા છે, એટલે સાધને સંપૂર્ણ સાધન છે. પણ રાજી કરવા હોય ને દેહ છતા અક્ષરધામનું સુખ લેવું હોય તેને તો દેહના સુખનો સર્વ પ્રકારે ત્યાગ કરવો ને નિર્વાસનિક થાવું ને ભજન કરવું તે પણ **'અર્થમ્ સાધયામિ, દેહં પાતયામિ'** એવી રીતે ભજન કરવું પણ મરતા મરતા કાન હલાવે એમ ન કરવું ને એટલું તો જાણવું જે અન્નદાતા છે તે અનંત જન્મથી ખાવા આપે છે તે ભગવાન આપણને ભૂલતા નથી તેમ આપણે પણ ભગવાનને ભૂલવા જ નહીં. તે તો જ્યારે મરણિયો થાય ત્યારે એ કામ થાય છે. પણ ભગવાન ભજે તો તેને સહાયતા કરે છે ને તેના દુઃખમાં ભગવાન સર્વ પ્રકારે ભળે છે. તે સ્વાભાવિકચેષ્ઠામાં લખ્યું છે જે સત્યક્રિયામાં શીઘ્રપણું રહે છે એટલે તેના બળથી આપણું બળ ઘટે પણ પોતાના બળથી કાંઇ થતું નથી. એના બળ વડે સર્વ પ્રાપ્તિ, સર્વ સુખ, સર્વ આનંદ પમાય છે. - ૧૦૬

● સંવત્ ૨૦૧૮ ના ભાદરવા સુદિ-૧૦ ને તા. ૦૯/૦૯/૧૯૬૨ ને રવિવારે પીપલાણા સ્વામિનારાયણ મંદિરની ઓફિસમાં વિરાજમાન હતા અને રાત્રે નવ વાગ્યે પ.પૂ. સ્વામીશ્રીએ વાત કરી જે, પીપલાણા મંદિરનો સભામંડપ તેમાં દિવાલમાં ટાઇલ્સ ચોડવાનો વિચાર નહોતો છતાં ભગવાનની ઇચ્છા મુજબ આ કામ થયું છે. તે કામ જોતા કેમ જાણે સ્વામિનારાયણે પોતે જ કર્યું હોય ને દેવની શક્તિ પણ આ કામ થયું તેથી

કરીને અમોને પૂરતી રીતે જોવામાં આવે છે. માટે, આટલા માણસો, ચોમાસાની ઋતુ ને કીચડના રસ્તા છતા સારા સારા સુંવાળા માણસ રાતના દશ વાગ્યે અજાણ્યા દેશમાં આવે છે. તે તો સ્વામિનારાયણ પોતે જ ભોમિયા હોય ને શું ? માટે ભગવાન આ સ્થળે રહ્યા છે તે દહાડે તો આ સ્થળનો મહિમા હોય પણ અત્યારે ઉપર લખ્યા મુજબ માણસ તસ્દી લઈને આવે છે. ને એકાદશીનો ઉપવાસ હોય વળી જોઈન્ટ વામન દ્વાદશી પણ હરિવાસરને સંજોગે બે ઉપવાસ કરે છતાં કોઈને જરાય અકળામણ ન થાય. સૌ હળીમળી વગર ગાદલા-ગોદડે બેસી રહે, સૂઈ રહે. આ જોતાં ભગવાન પોતે પોતાની મૂર્તિનું સુખ નાના-મોટા, બાઈ-ભાઈ સર્વેને આપતા હોય ને શું ! માટે ભગવાનના ધામમાં સુખ છે તે તો સુખ જ છે. પણ ભૌતિક દેહધારી સુખિયા રહે એ તો ભગવાનનો જ પ્રતાપ છે. નહીં તો દેહધારી ગમે તે પ્રકારે દુ:ખી થાય. ને સમૈયામાં સર્વ રીતે ભીડો સહન કરવો એ તો આત્મારામ હોય તે પણ કાયર થઈ જાય. તો દેહધારી કેમ દુ:ખી ન થાય ? તે તો જરૂર દુ:ખી થાય છતાં સુખિયા રહે હરવખત આવે લાભ લેવા. તેને દેહ-તસ્દી પડે તેને સમજી શકે તે પણ સત્તારૂપ ! ભલે દેહધારી હોય પણ તે તો આત્મારૂપ જ છે. એવા આત્મારૂપને અમારા કોટિ પ્રણામ. - ૧૦૭

● સંવત્ ૨૦૧૮ ના ભાદરવા સુદિ-૧૧, તા. ૧૦/૦૯/૧૯૬૨ ને સોમવારે જળઝીલણીના સમૈયા પ્રસંગે પીપલાણા મુકામે જૂનાગઢથી ત્યાગીવર્ગમાં સદ્. સ્વામી નિર્ગુણજીવનદાસજી તથા સદ્. સ્વામી શ્રીહરિદાસજી તથા સ્વામી ત્રિકમચરણદાસજી તથા માધવપ્રસાદ સ્વામી તથા માધવપ્રસાદ જોગી સ્વામી તથા બાલકૃષ્ણદાસજી સ્વામી આદિ સંતો તથા પાર્ષદો તથા અન્ય હરિભક્તોનો સમૂહ તેમ જ એકાદ હજાર ઉપરાંત સત્સંગીબંધુઓ વરસતો વરસાદ છતા પીપલાણા સ્થાન વિશે હેતને લઈ આવેલા. તે સમુદાય કથા-વાર્તાનો તથા દર્શનનો લાભ લઈ વરસતા વરસાદે હર્ષથી પાછા ઘર તરફ જઈ રહેલ. ત્યારબાદ પ.પૂ. સ્વામીશ્રીએ બપોર પછી ૨-૪૦ મિનિટે સભામંડપમાં વાત કરી જે, આ જીવને ભગવાનનો ઘડીભર વિશ્વાસ રહે, વળી પાછો અવિશ્વાસ થઈને ઊભો રહે તેનું શું કારણ

છે ? તો આ લોક, પદાર્થ, દેહ-ઈન્દ્રિયું તે રૂપી વિશ્વાસ રાખવામાં અંતરાયરૂપ મોટા ગઢ છે. તેને શુદ્ધ મુમુક્ષુ હોય તે ન ગણે, નહીં તો તેના આવરણમાં અવરાઇ જાય. માટે આ જીવના પ્રવર્તાવનાર ને જીવને સુખ-દુઃખ રૂપ ફળ તેના પમાડનારા એક પરમાત્મા છે. પરબ્રહ્મ પરાત્પર રહેલા છે તે જ સર્વજનને નયનગોચર સાક્ષાત્. જેટલી તેના સ્વરૂપમાં નિષ્ઠા થાય તેટલો આત્મા-અનાત્મામાં વિશ્વાસ આવે, નહીં તો દેહભાવ ઊભો છે. તે દેહભાવ દેહભેળો રાખવો ને સંત કહે તું દેહ-ઈન્દ્રિયું, અંતઃકરણ આદિક માયાના ટોળા થકી જુદો છે, ને દેહાદિક તે અસત્ છે. એમ સંત કહે તેને પરમ સત્ય કરીને માને એનું નામ જ વિશ્વાસ. બાકી તો વ્યવહારની રીતે લૌકિક વિશ્વાસ તો હોય પણ એ વિશ્વાસ ટકે નહીં. જેમ નદીનું પૂર ન રહે તેમ. ને જોબન અવસ્થા કોઇ દિ' ઊભી રહેવાની નથી, તેમ મહિમા સમજ્યા વિના વિશ્વાસ રહે નહીં. વિશ્વાસ વિના આજ્ઞા પણ પળે નહીં. માટે જેને જેટલો વિશ્વાસ તેટલા ભૂંડા ઘાટ બંધ થાય ને યથાર્થ વિશ્વાસ હોય તો ભૂંડા ઘાટ માત્ર શમી જાય. પરમ સુખરૂપે વર્તે. માટે ભગવાન તથા સંત તેનો વિશ્વાસ રાખવો. એથી બીજું મોક્ષનું સાધન જબરું નથી. - ૧૦૮

● સંવત્ ૨૦૧૯ ના કારતક સુદિ-૧, તા. ૨૯/૧૦/૧૯૬૨ સોમવારે પીપલાણા સ્વામિનારાયણ મંદિરે સભા મંડપમાં વિરાજમાન હતા ત્યારે પ.પૂ. સ્વામીશ્રીએ સવારના ૧૦ વાગ્યે વાત કરી જે, જે વખતે ભગવાન ને ભગવાનના ભક્ત સાંભરે, શુભ વિચાર ઉદય થાય એવું જે સ્થાનક તે નૈમિષારણ્ય ક્ષેત્ર ગણાય. તે સ્થાનકને ઓળખે ને સમાગમ કરે ને ભજન કરે, નવધા ભક્તિ કરે ને દિન દિન પ્રત્યે વૃદ્ધિ પામતો જાય - એવું જે સંતના સમાગમરૂપી નૈમિષારણ્યક્ષેત્ર તે ઠેકાણે કલ્યાણ ઈચ્છવું ને શાસ્ત્ર રહેવાનું પણ તે જ ઠેકાણે કહે છે ને મોક્ષની આશા પણ તે જ ઠેકાણે રાખવી ને જ્યારે મનોમય ચક્રની ધારા તે કુંઠિત થાય ત્યારે રૂપવાન સ્ત્રી ને કુરૂપવાન સ્ત્રી સરખી ભાસે, સારો સ્પર્શ - ભૂંડો સ્પર્શ સરખો લાગે ને સુવર્ણનો ઢગલો ને પથ્થરનો ઢગલો તે બેય સરખા લાગે જ્યારે આવી રીતે વર્તાય ત્યારે મન-ઈન્દ્રિયું લગણ ન આવે, અંતઃકરણમાં જ રહે, પણ ઈન્દ્રિયું જ્યારે

વિષયનો સ્પર્શ ન કરે ને ત્યારે મન, હૈયામાં ને હૈયામાં રહે ત્યારે મન જીત્યું જાણવું ને ઇન્દ્રિયું તો જીતી ક્યારે કહેવાય ? તો જ્યારે મનમાંથી વિષયનો અભાવ થઇ જાય. ત્યારે ઇન્દ્રિયું જીતી ગણાય. માટે મનને જીતવું તે તો અતિ કઠણ કામ જણાય છે. પણ મોક્ષની ઇચ્છાવાળાને પ્રગટ ભગવાન ને પ્રગટ સાધુ-તેમાં હેત થયું ને તેને રાજી કરવા હોય તેને તો મન જીતવું જરાય કઠણ નથી. માટે મન જીતે તેણે જગત જીત્યું છે. માટે ગમે તે પ્રકારે મનને જીતવું. સૂઝે... તો વિષયથી નોખા પડીને, નહીં તો જગતમાં જનકરાજા રાજ્યમાં રહી મન જીત્યું તો વિદેહી કહેવાણા તે મન જીતવામાં કાંઇપણ સાધન બાકી ન કહેવાય. - ૧૦૯

● સંવત્ ૨૦૧૯ના કારતક સુદિ-૧૧ ને તા. ૦૮/૧૧/૧૯૬૨ ગુરુવારના રોજ પીપલાણા સ્વામિનારાયણ મંદિરે સાંજે ૬-૦૦ વાગ્યે પ.પૂ. સ્વામીશ્રીએ વાત કરી જે, આપણે સત્ય વર્તાત, સત્ય બોલવું, સત્ય કર્મ કરવું - તે કઇ રીતે છે ? તો સત્ય બોલે તે સત્ય કહેવાય. તેમાં બોલ જે વખતે જે નીકળ્યો તે સામી જેની દૃષ્ટિ હોય ને અગર તો બે પ્રતિપક્ષ સામાં હોય તેમાં પૂરાવામાં મૂકાયેલા હોય તે જ તેના પક્ષમાં ગમે તે રીતે સત્ય કરી આપે. તે પણ લૌકિક સત્ય છે. પણ અંતરમાં સાચું-ખોટું તેની છાપ તેના પોતાના વર્તાત અનુસારે બીજા માન્ય કરે. ને વર્તાત સિવાયનું બોલવું તે અસત્ય છે. પણ વર્તાત હોય એટલું બોલે તે સત્ય છે. તે અંતરમાં મળે, લોકમાં મળે, શાસ્ત્રમાં મળે - એ રીતનું સત્ય ગણાય છે. માટે બીજું સત્ય એટલે સત્યનો સંગ તે પણ સત્ય છે.

બીજું, આત્મા તે પણ સત્ય છે. બીજું, પરમાત્મા તે પણ સત્ય છે. તેને વળગી રહે તે પણ સત્ય. માટે જેને સત્યલોકમાં તથા પરલોકમાં ભગવાન પાસે રહેવામાં જેને ઇચ્છા હોય તેને તો ભગવાનના ભક્તને અર્થે અસત્ય તે પણ સત્ય છે. એવું સત્ય તો સાક્ષાત્ સ્વયં પરમાત્મા પરબ્રહ્મ કરી શકે. માટે આપણે તો ભગવાનના ભક્તમાં રહેવાય. ગમે તે રીતે સ્વભાવ આડો ના ફરે એવું જે વર્તાત તે પણ સત્ય જ છે. માટે સત્યલોકમાં જાવું હોય ને સત્ય ધર્મ પાળી સત્યવાદી થાવું હોય તેને તો હરિશ્ચન્દ્ર રાજાની રીત લેવી. માટે

આપણે જે ભગવાનના ભક્ત ભેળા રહીએ છીએ ને ખળભળાટ ખમી ખાઈએ છીએ. સંબંધીની પેઠે તે પણ સત્ય છે. - ૧૧૦

● સંવત્ ૨૦૧૯ ના માગસર વદિ-૫, તા. ૧૬/૧૨/૧૯૬૨ ને રવિવારે પીપલાણા સ્વામિનારાયણ મંદિરની વાડી છે તે પીપળ નીચે વિરાજમાન હતા ત્યારે પ.પૂ. સ્વામીશ્રીએ વાત કરી જે, કામકાજ કરતે ભગવાનમાં વૃત્તિ સ્થિર થાય ને ભજનમાં તો બેસે ત્યારે તો વૃત્તિ રાખે. ભગવાનના ભજનમાં પણ જ્યારે વ્યાવહારિક કામકાજ કરે ત્યારે વૃત્તિ જો ભગવાનના ભજનમાં એકતાર ન થાય તો ભજન કરતે થકે પણ તેની વૃત્તિ ભજનમાં જોડાય જ નહીં. માટે એ બે વાતને વિરોધ આવ્યો-તે વિરોધ કઈ રીતે, ક્યે પ્રકારે ટળે ? ને એકેય વાક્ય ખોટું ન થાય તેવું શું સાધન છે ? તો સંત-સમાગમથી ભગવાનમાં વૃત્તિ રહે. તેથી ભજનમાં બેસે, અગર દૈહિક ક્રિયા કરતે છતે પણ ભગવાનમાં સ્થિર વૃત્તિ થાય. માટે ભગવાનને મળેલા સંત તે એ બેય વિરોધને ટાળનારા છે. માટે જેવું દેહમાં હેત છે ને દેહના સંબંધીમાં ને લૌકિક પદાર્થમાં હેત છે તેવું ભગવાનને મળેલા સંત તેમાં કરવું. તેથી જીવને ભવનો ફંદ મટી જાય છે. તે બ્રહ્માનંદ સ્વામીએ ગોડીમાં કહ્યું છે જે,

**“સંત સમાગમ કિજે, હો નિશદિન”** - એ ગોડીમાં કહ્યું છે. માટે આ વાત જે પ્રકારે મુખ્ય રખાય ને સાધુ સમાગમે રહેવાય - એ જ જીવને માયા તરવાનું ને ભગવાનના સ્વરૂપમાં વૃત્તિ રાખવાનું સાધન છે. - ૧૧૧

● સંવત્ ૨૦૧૯ ના માગસર વદિ-૧૨, તા. ૨૩/૧૨/૧૯૬૨ ને રવિવારે ઈવનગર સ્વામિનારાયણ મંદિરમાં સવારે ૯-૩૦ મિનિટે પ.પૂ. સ્વામીશ્રીએ વાત કરી જે, મહારાજે છેલ્લા પ્રકરણના ૭ મા વચનામૃતમાં કહ્યું છે જે, અમારા અંતરનો જે સિદ્ધાંત છે તે કહીએ છીએ - જે જેને પોતાના કલ્યાણની ઈચ્છા હોય તેને તો ભગવાન ને ભગવાનના સાધુ, એથી ઉપરાંત આ જગતમાં કોઈ પણ વસ્તુ સુખદાયી નથી. ને ભગવાનના ભક્ત સંગાથે તો એવી દૃઢ પ્રીતિ કરવી ને ભગવાનના ભક્તનો પક્ષ દૃઢ કરીને રાખવો. તે પક્ષ રાખતા આબરૂ વધો અગર ઘટો, માન થાઓ કે

અપમાન થાવો, દેહ જીવો અગર મરો પણ કોઇ દિવસ ભગવાનના ભક્તનો પક્ષ મૂકવો નહીં. એવી રીતે જે ભગવાનના ભક્તનો પક્ષ રાખે છે, તેને મરીને ધામમાં જાવું એમ નથી. એ તો છતે દેહે ભગવાનનો પાર્ષદ થઇ રહ્યો છે. તેને કાંઇપણ કરવું રહ્યું નથી. ને તે ભક્તને અતિ બળવાન એવા જે કામ, ક્રોધ, લોભ આદિક શત્રુ તે પરાભવ કરી શકે નહીં. એવો જે ભક્ત છે તે એમ સમજે જે ભગવાન સદા સાકારમૂર્તિ વિરાજમાન છે. ને ભગવાનનો ભક્ત પણ ભગવાનના ધામમાં મૂર્તિમાન થકા ભગવાનની સેવામાં રહે છે. તે ભગવાનનો જેને દૃઢ આશરો હોય તેને મનમાં એવી બીક ન રાખવી જે હું રખે મરીને ભૂતપ્રેત થાઉં કે ઇન્દ્રલોકને પામુ કે બ્રહ્મલોકને પામું એવી મનમાં આશંકા રાખવી નહીં. એવો જે ભક્ત છે તે તો જરૂર ભગવાનના ધામને જ પામે છે પણ વચમાં તેને ભગવાન રહેવા દેતા નથી. એવો જે ભક્ત છે તેણે પોતાના મનને ભગવાનનાં ચરણારવિંદને વિષે દૃઢ કરીને રાખવું. જેમ વજ્રની પૃથ્વી હોય ને તેમાં જે વજ્રની ખીલી દૃઢ કરીને ચોડી હોય તે કોઇ રીતે કરીને ઊખડે નહીં. એવી રીતે જે ભક્ત ભગવાનના ચરણારવિંદમાં પોતાના મનને રાખે, તેને મરીને ભગવાનના ધામમાં જાવું એમ નથી. એ તો છતે દેહે જ ભગવાનનો પાર્ષદ થઇ ચૂક્યો છે. તેમ આપણે પણ ભગવાનમાં વૃત્તિ રાખવી ને આશરો પણ ભગવાનનો ખરેખરો રાખવો. ને દોષે રહિત થઇને ભગવાનની ભક્તિ કરવી ને પક્ષ પણ ખરેખરો રાખવો. તેમાં કોઇની પણ પરવા કે મહોબત કે કોઇની બીક ન રાખવી. કારણ કે ભગવાનના ભક્ત છે એ જ  આ જીવના સાચા સગા છે, મિત્ર પણ એ જ છે. અને મોક્ષના દાતા આલોક-પરલોક બેય ઠેકાણે એ જ છે. મહારાજે છેલ્લાના બીજા વચનામૃતમાં પણ કહ્યું છે કે, આ જીવને જે કાંઇ આજ સંસ્કાર થાય છે તે સત્પુરુષના સમાગમે કરીને થાય છે. એવો સંત-સમાગમ પ્રાપ્ત થયો ત્યારે તેને મનમાં બીક ન રાખવી કે રખે મરીને ભૂતપ્રેત થાઉં - એવી આશંકા ન જ રાખવી. આવી રીતે ભગવાન તથા ભગવાનના ભક્તનો જેને જેને સંબંધ થાય છે તે જીવ કાળ થકી મૂકાય છે. ને કર્મના ફાંસલા થકી પણ રહિત થાય છે. માટે નિર્ભય ચરણ તો ભગવાનના જ છે. તેમાં જ ભય

નથી. એ રીતની ભક્તિ નિઃશંક થઈને કરવી. - ૧૧૨

● સંવત્ ૨૦૧૯ ના પોષ વદિ-૫, તા. ૧૪/૦૧/૧૯૬૩ ને મકરસંક્રાતિના રોજ સ્વામિનારાયણ મંદિરે પ.ભ. ત્રિકમ કાના થાણાપીપળીવાળાના સંકલ્પથી પ.ભ. ભગવાનજી કાળાભાઈ સણોસરાવાળાની રસોઈ હતી તે સંતો તથા હરિભક્તો જમ્યા બાદ પીપલાણા મંદિરની ઓફિસમાં વિરાજમાન હતા ત્યારે બપોરે ૧-૫૦મિનિટે પ.પૂ. સ્વામીશ્રીએ વાત કરી જે, સ્વામિનારાયણ ભગવાન તે ભગવાન જ છે. તેને ભગવાન જાણે તે ભગવાનના નામને પામે. ભગવાન તો સમર્થ છે. છતાં પૃથ્વી ઉપર હોય ત્યારે અસમર્થ ને ગરીબપણું બતાવતા હોય, તે તો મનુષ્યપણાની રીત છે. પણ ભગવાન તો મન-વાણીને અગોચર છે. ભક્તને ગોચર છે. અભક્તને માટે કોઈ દિ' સ્વપ્નામાંય દર્શન થાતા નથી. ભક્ત ગમે ત્યાં જાય, ગમે તે પ્રકારે લોક-અલોકમાં ભક્ત ભમે તે ભેળા ભગવાન પણ ભમે, દર્શન ઘે...સાક્ષાત્. તેને દર્શન કાયમ થયા જ કરે તો જ ભક્ત પૂરો ગણાય. તેને ભગવાનમાં વૃત્તિ રાખવી જરાય કઠણ નથી. તેને ના આવે સ્વભાવ આડો કે કોઈ પદાર્થ તેને ભગવાનમાં વૃત્તિ રાખવામાં અંતરાય થાતા જ નથી પણ સામા સહાયભૂત થાય ને ખુશામત કરે છે. પદાર્થ, કુસંગ, બારલો અંતરનો નડતો નથી. પોતે પણ કાળ, કર્મ, માયાને આવરણે રહિત છે, સ્વતંત્ર છે. જેવા સમર્થ ભગવાન છે તેવો તે ભક્ત પણ આલોક-પરલોકમાં એને એ દેહે જાય-આવે તેને તેમાં અગમ નથી, સુગમ છે છતાં એ મેલીને સાક્ષાત્ એવા જે પરમાત્મા, પરબ્રહ્મ પુરુષોત્તમ તેમાં તેની મનવૃત્તિ તદાકાર રહે છે ને ભગવાન તો જેવા પ્રકૃતિ-પુરુષથી પર છે તેવા જ પુરુષ પ્રકૃત્તિમાં હોય તો પણ પ્રતાપે-ઐશ્વર્યે યુક્ત છે. એવી પરંપરા સ્થિતિવાળા ભક્ત બ્રહ્માંડમાં ભમે છે તેને ઓળખે તેને ભવનું ભટકણ ટળી જાય છે. તેને પણ પરગતિ થાય છે-એવા પરમાત્માના ભક્ત બ્રહ્મરૂપ આ સમામાં અપાર તે સર્વઠેકાણે, એક સ્વરૂપે રહે છે ને દર્શનનું દાન આપે છે - એવા ભગવાનને ભજે તે બ્રહ્મરૂપ, સત્તારૂપ, માયા પર.

તેની ક્રિયા પણ બ્રહ્મરૂપ છે. માટે તેને પામવા, ભજવા તે જીવની મોક્ષના માર્ગમાં ફરજ છે. - ૧૧૩

● સંવત ૨૦૧૯ ના ચૈત્ર સુદિ-૧૦ ને તા. ૦૩/૦૪/૧૯૬૩ને બુધવારે પીપલાણા સ્વામિનારાયણ મંદિરના નવા સભામંડપમાં વિરાજમાન હતા અને સવારે ૭:૨૦ મિનિટે પ.પૂ. સ્વામીશ્રીએ વાત કરી જે, જે સુખ જેવુ છે તેવુ યથાર્થ, જાણ્યુ-ભોગવ્યું, દીઠું અને અજમાવેલું હોય, છતાં અત્યારે સાક્ષાત્ અનુભવમાં હોય છતાં એ સુખથી અળગું કેમ રહેવાય છે ? તે વાતમાં દ્રષ્ટાંત - જેમ કોઇ માણસને સમાધિ થાતી હોય અગર આત્માને દેખતો હોય છતાં દેહમાં આવીને દેહરૂપ થઇ જાય, દુઃખિયો થઇ જાય, તે આપણે પ્રત્યક્ષ દેખીએ છીએ. કેમ જે સ્વરૂપાનંદ સ્વામી કેવા આત્માને દેખવામાં હતાં ! તેને પણ જ્યારે રુંવાડે રુંવાડે પીડા મંડી થાવા ત્યારે મહારાજને કહ્યું કે, શાંતિ થાય તેમ વાત કરો. ત્યારે ઘણા આત્માને દેખતા હતા છતાં તેની સિદ્ધિ થઇ નહીં. તો સ્વામિનારાયણે બતાવ્યું જે, આ ગઢડું ગામ, દાદા ખાચરનો દરબાર, ઘેલા નદીનો ઘાટ, લક્ષ્મીવાડીનો રસ્તો, લીંબતરૂ, ઓરડા વગેરે સંભારો - એવું જ્યારે વાક્ય કર્યું ને એ રીતે ધારણા કરી ત્યારે પરમ શાંતિ થઇ. એવા ભગવાનના કલ્યાણકારી ચરિત્ર છે. છતાં તે ચરિત્રને મૂકીને જીવ બીજી સિદ્ધિને શા વાસ્તે ઇચ્છે છે ? ને બીજી સિદ્ધિને ઇચ્છે તે જ જીવના અજ્ઞાન છે. પણ ઉપાસકને તો ભગવાન નજીક, ઢૂકડા, અંતરજામી, સાક્ષાત્ છે જ. કેમ ? પ્રહલાદ્‌ને પ્રત્યક્ષ નહોતા પણ તેની રક્ષામાં પ્રત્યક્ષ હતાં. તેથી કરીને બીજા લોકોને એમ થયું કે ઇશ્વર કોઇક હશે ખરો. પણ જેની રક્ષા કરી તેની સ્થિતિ જોતા જ તેને પ્રત્યક્ષ છે, કેમ કે જેવો જીવ એવું જ શરીર થઇ ગયેલું કારણ કે નહીંતર જીવ તો અવિનાશી છે. દેહ તો નાશવંત છે. એવો જ જીવ થયો તે ભગવાનના પ્રતાપે. તો ભગવાન તો સમર્થ છે, સ્વતંત્ર છે, છતાં પરાધિન જોવામાં આવે છે. કેમ ? નાગબાણે બંધાયા છે એમ. આ રીતે સ્વતંત્ર વસ્તુનો આશરો એટલી જ એની ભક્તિ કહેવાય. - ૧૧૪

● સંવત્ ૨૦૧૯ ના ચૈત્ર સુદિ-૧૩, તા. ૦૬/૦૪/૧૯૬૩ ને શનિવારે લીંબુડા ગામે સ્વામિનારાયણ મંદિરમાં વિરાજમાન હતા ત્યારે પ.પૂ. સ્વામીશ્રીએ સાંજે ૬-૩૦ મિનિટે વાત કરી જે, આ જીવને આલોકમાં દુર્લભમાં દુર્લભ ક્યું સાધન મનાય છે ? તો એક તો ભગવાનની ઉપાસના સમજવી ને બીજું એકાંતિકપણું આવવું. ને એકાંતિકપણું આવ્યા વિના ઉપાસના બીજાને સમજાવી શકાતી નથી ને બીજાને ઉપાસના સમજાવ્યા વિના તે વસ્તુની કિંમત થાતી નથી. ને કિંમત તો એકાંતિક સ્થિતિથી દુનિયા કરે છે. પણ બીજાને ઉપાસના કરાવવી છે ને એકાંતિક કરવા છે, તે તો જેને જેટલી પાતાના ઈષ્ટદેવ જે પરમાત્મા તેને વિશે નિષ્ઠા, આસ્તિક-વિશ્વાસપૂર્વક વર્તમાન ધર્મ પાળેલા હોય, પાળતો હોય તે એકાંતિક કહેવાય. વિશેષ એકાંતિક તો બીજાને ભગવાન સ્વામિનારાયણની નિષ્ઠા કરાવે તેથી એકાંતિક છે એમ પરીક્ષા થાય. નહીં તો ઘણાય ધર્મ પાળે, ભક્તિ કરે, આત્મનિષ્ઠા, વૈરાગ્ય રાખી રહેલા હોય પણ નિષ્ઠાવાળાના સંગમાં રહી શકતા ન હોય તો તે એકાંતિક બીજા ધામના સમજવા. માટે ખરા એકાંતિક તો પ્રગટ ભગવાન પૃથ્વી ઉપર રહેલા છે ને તેના સ્વરૂપની નિષ્ઠા છે ને બીજાને નિષ્ઠા કરાવે તે છે. ને બીજા નિષ્ઠાવાળાની આગળ પોતાની ડહાપણ, બુદ્ધિ મૂકીને વર્તવું હોય તો કઠણ ન પડે. આ રીતનો એકાંતિક હોય ને પ્રગટ સહજાનંદ સ્વામીની નિષ્ઠા હોય તે અક્ષરધામનો એકાંતિક કહેવાય. તે ભગવાનના ભક્તનો મહિમા તો સત્સંગમાં એટલે પ્રગટ ભગવાનની નિષ્ઠા જેનામાં જુવે તેના ચરણથી જ અનંતપતિત જીવનો ઉદ્ધાર માનનાર એ લોકમાં અક્ષરધામનો એકાંતિક છે, એમ સમજી તેના સંગમાં જપ, તપ, વ્રત - જે જે સુકૃત તે સમાયેલા છે તે બ્રહ્મરૂપ છે ને બીજાને બ્રહ્મરૂપ કરવા સમર્થ છે. - ૧૧૫

● સંવત્ ૨૦૧૯ ના ચૈત્ર સુદિ-૧૪ ને તા. ૦૭/૦૪/૧૯૬૩, રવિવારે લીંબુડા સ્વામિનારાયણ મંદિરમાં વિરાજમાન હતા અને સવારે ૧૦-૦૫ મિનિટે પ.પૂ. સ્વામીશ્રીએ વાત કરી જે, આ જીવ આલોકમાં અન્વય થકા વ્યતિરેક છે, વ્યતિરેક થકા અન્વય છે. તે શી રીતે ? તો દેહમાં સુખ-દુઃખનો સંજોગ તે અન્વય અને સુખ-દુઃખ થકી પોતાના જીવને ન્યારો

સમજે તે વ્યતિરેક. તેમ પુરુષોત્તમ પરાત્પર છે. તે રૂપે રહ્યા થકા જીવ જીવ પ્રત્યે છે, તે શી રીતે છે ? ને સ્વરાટ થકા સર્વમાં સર્વરૂપે છે, તે શી રીતે સમજવું ? તો ભગવાન પ્રકૃત્તિમાં રહ્યા છે, પ્રકૃત્તિના કાર્યમાં અન્વય તરીકે તેમાં રહ્યા છે ને અક્ષરમાં રહ્યાછે ને અક્ષરમુક્તમાં રહ્યા છે. તે શી રીતે રહ્યા છે ? પ્રકૃત્તિમાં રહ્યા છે તે તો પ્રકૃત્તિ રૂપે રહ્યા છે ને પ્રકૃત્તિના કાર્યમાં રહ્યા છે તે કાર્યરૂપે થઈને રહ્યા છે પણ પ્રકૃત્તિનો સ્વભાવ ને પ્રકૃત્તિના કાર્યનો સ્વભાવ તે તે થકી ન્યારા છે, પણ તેના કાર્ય કરવામાં, કાર્યની સ્થિતિ રાખવામાં પ્રકૃત્તિ રૂપે જ છે. પણ તેથી ન્યારા નથી. તેમ ભગવાન અક્ષરમાં છે, મુક્તમાં છે. પોતે જ છે પણ સ્વતંત્ર થકા રહ્યા છે - તે રીતે સમજવા. એ જ રીતે જીવના કલ્યાણને અર્થે કરીને જ્યારે ગમે ત્યાં ગમે તે રૂપે, ગમે તે સ્વભાવે કરીને રહ્યા હોય ત્યારે વ્યતિરેક જ છે. ને તેથી કરીને જીવનું કલ્યાણ થાય. જીવ માયાને તરે, બ્રહ્મરૂપ થાય. તે રીતે ભગવાન સ્વરાટ શબ્દ રીતે રહ્યા છે. તે તો કેમ સમજવું ? જે જીવ છે, જીવદશા છોડી બ્રહ્મદશામાં બ્રહ્મરૂપ થાય કે ઈશ્વરરૂપે થાય તે જીવદશા છોડીને જે ઈશ્વરકોટિમાં ભળે તે જીવ, જે ભળી શકે ને પરાત્પર રહેલા પરમાત્મા સર્વત્ર ગમે તે રૂપે રહ્યા છે. તેથી કરીને જીવને તેનો જે મેળાપ, જીવ જે પોતાની ગતિ મૂકીને ઓલી ગતિને પમાડે એ રીતે ભગવાન સ્વરાટ છે ને પોતે એકલા જ રહે છે. પણ બીજા જીવ પોતાની મતે કે પોતાના કર્મે કે પોતાના પુણ્યથી બીજી સ્થિતિને પામી શકે નહીં. આ વાત સમજાય એવી નથી. - ૧૧૬

● સંવત્ ૨૦૧૯ ના અષાઢ વદિ-૯, તા. ૧૫/૦૭/૧૯૬૩ ને સોમવારે માણાવદરના પ.ભ. ભગવાનજી કાળાભાઈ તથા લાલજી વાઘજી મજમુના નવા મકાને બપોરના ૧૨:૦૦ વાગ્યે પ.પૂ. સ્વામીશ્રીએ વાત કરી જે, ભગવાનના દર્શનમાં સુખ માત્ર રહ્યું છે, ભગવાનનું દર્શન તો મોટા યોગીને મહાદુર્લભ છે. ભગવાનના દર્શનથી ભવનું ફંદ મટી જાય છે ને જીવ મહાસુખિયો થાય છે ને જેને પૂર્વે ભગવાન કે ભગવાનના સંતનું દર્શન કર્યું હશે તેને તો આ જન્મમાં ભગવાન કે ભગવાનના ભક્તમાંથી હેત મટે જ નહીં. તેની દૃઢતા તો જેવી નાથભક્તને છે કે

હેમરાજ શાહને હતી કે જેવી ભાઈચંદ શેઠને હતી કે જેવી દામોદરને છે કે જેવી વિશ્નુદાસને હતી - એ રીતે જેના લક્ષણ જોવામાં આવે ને છતાં તેમાં દેહભાવ જોવામાં આવે એ તો દેહધારીને એમ હોય. તે ઉપર સદાશિવની હવેલીનું દૃષ્ટાંત દીધું. ને વાસના ટળે તો પણ દેહનો ભાવ રહી જાય - એ વાત પણ બરાબર સમજી ભગવાનને આશરે દૃઢપણે કરીને આપણે તો ભગવાનના છીએ, પણ માયાના નથી - એમ માનવું. એ પણ એક અક્ષરની સ્થિતિ છે. આ વાત સમજે પછી ભગવાનનો આશરો કરે તે આશરો કોઈ રીતે ટળે નહીં. એવો જેને આશરો છે તેને તો બહુ મોટો લાભ થયો છે.માટે આ રીતે ભગવાનને શરણે નિવાસ કરે તે આલોકમાં બહુ જ મોટી વાત છે. માટે મન, કર્મ, વચને આ રીતે ભગવાનને શરણે જઈ ભગવાન ભજવા. - ૧૧૭

● સંવત્ ૨૦૧૯ ના શ્રાવણ વદિ-૭, તા. ૨૭/૦૭/૧૯૬૩ ને, શનિવારે પ.ભ. કરશન પ્રેમજી લીંબુડાવાળાને ઘરે પધરામણી કરી. પછી સાંજે ૫-૪૦ મિનિટે પ.પૂ. સ્વામીશ્રીએ વાત કરી જે, મનોમય ચક્ર તે મનને જાણવું. તેની ધારા દશ ઈન્દ્રિયું છે એમ જાણવું. તે તો જ્યારે બ્રહ્મ, તેથી પર પરબ્રહ્મ રહ્યા છે તેનું સાક્ષાત્ દર્શન થાય ત્યારે બૂઠી થાય ને બૂઠી થયા વિના પરબ્રહ્મ પરમાત્મા ને બ્રહ્મ તેનું દર્શન થાવું બહુ જ દુર્લભ છે. માટે એ તો બ્રહ્મને જોનારા ને બ્રહ્મને વિશે સ્થિતિવાળા, તેને વિશે જ્યારે હેત, મમત્ત્વ, વિશ્વાસ, આસ્તિકભાવ થાય ત્યારે બૂઠિયું થાય ને આત્માને વિશે દૃઢ સ્થિતિ થાય ને સાક્ષાત્ પરમાત્મા તેનું દર્શન થાય. ત્યારે એને શાસ્ત્રના શબ્દ બધા સાચા મનાય. તેવી એના જીવમાં આસ્તિક બુદ્ધિ થાય. ને નાસ્તિકપણું જીવમાં રહ્યું છે તે નિવૃત્તિપણું છે ને તેનો જીવ બળિયો થાય છે ને જેને જીવને બળવાન કરવો હોય તેને તો આવો સમો આ પૃથ્વી ઉપર કોઈ દહાડે થશે જ નહીં. માટે એમાં તો સહેજે જીવને બળવાન થવાય એવું તંત્ર સ્વામિનારાયણ ભગવાને પ્રવર્તાવિલ છે. તેમાં સહેજે કલ્યાણ, સહેજે સુખ-શાંતિ આનંદ છે તે પણ મુમુક્ષુને. - ૧૧૮

● સંવત્ ૨૦૧૯ ના શ્રાવણ વદિ-૮, તા. ૧૨/૦૮/૧૯૬૩ ને

સોમવારે ઈવનગર મુકામે સ્વામિનારાયણ મંદિરે સાંજે ૭-૧૦ મિનિટે પ.પૂ. સ્વામીશ્રીએ વાત કરી જે, ભગવાનને શરણે જાવું ને ભગવાનની ભક્તિ કરવી, એથી એ જીવને બીજું કોઇ મોટું સુખ નથી. જે શરણે જાય તેને પંચવિષયના જે જે ઘા લાગ્યા છે તેની તેને નિવૃત્તિ થઇ જાય છે. તેને તે ઘાની પીડા ક્યારે ન થાય ? તો નવધા ભક્તિ કરતે થકે જે ભક્તિ કરતા હોય ને તેમાં વિષયના સંકલ્પ ન થાય ત્યારે તેને નવધા ભક્તિમાં પાટો ગોઠ્યો કહેવાય. જેમ કોઇ શૂરવીર હોય ને રણ સંગ્રામમાં ગયો ને ઘાયલ થયો પણ જ્યારે ખાટલામાં આવીને સૂવે ત્યારે જે જે ઘા લાગ્યા હોય તેનો પાટો ગોઠે. ને વિષયની સ્મૃતિ, વિષયનું સ્મરણ, નવધા ભક્તિ કરતે ન થાય ત્યારે પાટો ગોઠ્યો જાણવો. માટે ભગવાનના ભક્ત હોય તેને પોતાનું અંગ ઓળખી રાખવું જોઇએ. ને પોતાના અંગને ઓળખે નહીં ત્યાં સુધી પાટો ગોઠ્યો ન સમજવો. માટે માનસી પૂજા કરે તથા કથા-કીર્તન, સ્મરણ કરતે થકે ભગવાનના સ્વરૂપમાં ચિત્ત ચોંટે ને ભજન-ભક્તિનું સુખ આવે ત્યારે પાટો ગોઠ્યો ગણાય. ને વિષયના ઘાની પીડા ટળી જાય ત્યારે જન્મ-મરણની નિવૃત્તિ થઇ કહેવાય ને કાળ, કર્મ, માયા - તેનું બંધન ન થાય ને સદા આનંદમાં વર્તે. માટે ભગવાનના ભક્તને જેટલો વિષયનો અભાવ ને ભજન-ભક્તિમાં ભાવના તે જ જીવને જન્મ-મરણની નિવૃત્તિ છે. કેમ કે જીવ વિષયના ચિંતવન વિના ને વિષયના સ્મરણ વિના રહી શકતો નથી.કાં તો બહાર પંચવિષયને ભોગવતો હોય પણ જ્યારે બહાર પંચવિષયનો જોગ ન થાય ત્યારે અંતઃકરણમાં તેના ઘાટ કર્યા કરતો હોય એ જ એને પંચવિષય જન્મ-મરણના હેતુ કહેવાય. એક ક્ષણમાત્ર પણ મન વિષયથી નોખું પડે ને ભગવાનના સ્વરૂપમાં તદાકાર થાય, જોડાય તે આલોક-પરલોક ક્યાંય પણ તેને પંચવિષય કે માયિક પદાર્થ રોકી ન શકે એ જ જન્મ-મરણની નિવૃત્તિ કહેવાય. - ૧૧૯

● સંવત્ ૨૦૧૯ ના આસો વદિ-૧૨, તા. ૧૪/૧૦/૧૯૬૩ ને સોમવારે માણાવદર મુકામે મેસર્સ રામજી એન્ડ મોહનલાલની કંું.ની કાપડની દુકાનનું મૂહુર્ત પ.પૂ. સ્વામીશ્રીએ શુભ હસ્તે થયું. ત્યાર પછી બપોર પછી

૧-૪૫ મિનિટે પ.પૂ. સ્વામીશ્રીએ વાત કરી જે, જીવને જેના ભજનથી, જેના નામથી પરાત્પર પરમાત્મા પરબ્રહ્મ પુરુષોત્તમ મળી શકે, એવા અધમ ઉદ્ધારણ, પતિત પાવન, શરણાગત વત્સલ, ભક્ત પ્રતિપાળ - જેની આલોકમાં ઉપમા. એ જ રીતે ભક્તનું રક્ષણ કરવું, પોતાનું પણ મેલી ભક્તનું પણ રાખવું એવા સમર્થ જે તેને જ શાસ્ત્ર બ્રહ્મ કહે છે. બીજું તો, બ્રહ્મ તો કહેવાય પણ બરાબર નીતિવાળું બ્રહ્મ ન કહેવાય. કેમ જે જળ અને પાવક જે અગ્નિ તે બ્રહ્મ તો છે પણ સનાતન બ્રહ્મ નહીં. કારણ કે બેયમાં એકેક દોષ છે. તે પાણીમાં બૂડાડવાપણું એ દોષ છે. તૃપ્તિ કરવાપણું એ ગુણ છે ને પાવકમાં દાહતપણું તે દોષ છે, પણ ગમે તે ખાઈએ તો પણ તે પચાવી દેવાપણું તે ગુણ છે. પણ બ્રહ્મ જે ભગવાન તેમાં તો નકરા ગુણ જ છે. અવગુણ તો છે જ નહીં છતાં ભક્તને અર્થે કરે છે એ ક્રિયાને દુનિયા દોષ દેખે છે. તે શ્રીકૃષ્ણ ભગવાને ભીષ્મનું પણ રાખ્યું પોતાનું પણ છોડી દીધું - એટલે સનાતન બ્રહ્મ કહેવાય માટે ભગવાન ભક્ત વત્સલ છે ને ભક્ત સારુ થઈને જ અક્ષરધામમાંથી પૃથ્વી ઉપર આવે છે. - ૧૨૦

● સંવત્ ૨૦૧૯ આસો સુદિ-૧૨, તા. ૨૯/૧૦/૧૯૬૩ મંગળવારે પ.પૂ. સ્વામીશ્રીએ અમેરીકા છગનભાઈ આંબાભાઈ ઉપર લખાવેલ પત્ર...

પ.ભ. છગનલાલ આંબાભાઈ પ્રત્યે પીપલાણાથી લિ. જોગી સ્વામી ધર્મપ્રસાદદાસજીના રૂડા આશીર્વાદ સહ જયશ્રી સ્વામિનારાયણ વાંચવા.

બાદ લખવાનું કે આપનો તા. ૦૫/૧૦/૧૯૬૩ નો લખેલો પત્ર મળ્યો છે, વાંચી ઘણા આનંદિત થયા છીએ. ને હરવખત લખવામાં આળસ ન કરવી ને તેથી આપણે ભેગા જ છીએ. ને ત્યાં રહ્યા થકા આહીંનું જે સમયને અનુસારે અમારું તથા તમારું સુખ-દુઃખ જણાય ને ભગવાનની મરજી હશે તો એક-બીજા, એક-બીજાના સુખ-દુઃખમાં ભાગ લ્યે તેમાં સ્વામિનારાયણ ભગવાનનો ને મોટા સાધુનો ખૂબ રાજીપો છે. ને આપણે જે કાંઈ માણસમાં છીએ ને માણસની લેનમાં છીએ ને પાંચ માણસ આપણને ચાહતા હોય તો તે પરમાત્મા જે સ્વામિનારાયણ તેના ઉપર રાજી થાય. ને દૂર દેશ રહો છો તેથી કરીને શિક્ષાપત્રી જેમ છે તેમ ન પળાય તો પણ જે

સ્વામિનારાયણ ભગવાનનો આશરો છે તે તેથી જ્યારે આ દેહનો અંત આવે ત્યારે સ્વામિનારાયણ ભગવાન પોતાના ભક્ત જાણી જરૂર ને જરૂર અક્ષરધામમાં તેડી જાય. જેવી અત્યારે મતિ તેવી અંતકાળે ગતિ. ને અત્યારે એમ હોય જે મારું કલ્યાણ થઇ રહ્યું છે. તો તેનું અંતકાળે જરૂર કલ્યાણ થઇ રહ્યું છે. લોકમાં ધર્મ છે, સારો આચાર છે તથા લોકમાં મળતી ક્રિયા છે. જે દેશમાં જે રીતે રહેતા હોય તે રીતે વર્તીને ભગવાન સ્વામિનારાયણનો આશરો રાખવો એટલી અમારી આજ્ઞા છે. તો આપણે અને તમે ભેગા જ છીએ. - ૧૨૧

● સંવત્ ૨૦૨૦ ના ફાગણ વદિ-૩, તા. ૦૧/૦૩/૧૯૬૪ ને મંગળવારના રોજ પ.પૂ. સ્વામીશ્રીએ પીપલાણા મંદિરની ઓફિસમાં બપોરે ૧-૦૦ વાગ્યે વિરાજમાન હતા ત્યારે વાત કરી જે, ભગવાન અને સાધુ આ જીવના સાચા સગા છે. આલોકમાં પણ જીવના મોક્ષદાતા છે, બુદ્ધિ પવિત્ર કરનારા છે, નેત્રથી દર્શન કર્યે આંખના પાપ બળી જાય એવા છે. ભગવાનની વાત સાંભળ્યે કાન પવિત્ર થાય એવા છે, સ્પર્શથી ત્વચા પવિત્ર થાય એવા છે, જેનું વર્ણન કર્યે વાણી પવિત્ર થાય એવા છે, જેનો પ્રસાદ લીધે હૃદય પવિત્ર થાય એવા છે. માટે સત્સંગથી જીવ પવિત્ર થાય છે ને કુસંગથી જીવનું હૃદય અપવિત્ર થાય છે. કુસંગ ન જ કરવો - એ સિદ્ધાંત વાત છે. ને કુસંગ કરે ને તે નારદ સનકાદિક જેવો હોય તો પણ હૃદય ભ્રષ્ટ થઇ જાય છે. માટે જનક જેવો હોય તેને પણ કુસંગ કરવાની શાસ્ત્ર મનાઇ કરે છે. માટે ગમે તે રીતે સત્સંગ કરવો. તે સત્સંગ એટલે શું ? આત્મા ને પરમાત્મા - એ બે વાત મુખ્ય રાખવી ને ભગવાનના ભક્તનો સંગ એ જ સત્સંગ છે. માટે ભગવાનના ભક્તના સંગ વડે સુખી થવાય છે. ને કુસંગથી દુઃખી થવાય છે. મૃગલાનું બચ્ચું હતું તેમાં ભરતજીએ હેત કર્યું એટલો જ કુસંગ કર્યો તો પણ વિઘ્ન થયું ને ગોપીઓએ ભગવાનનો સંબંધ કર્યો તો પવિત્ર થઇયું ને વેદની શ્રૃતિ ગણાણી એ જ સિદ્ધાંત છે. - ૧૨૨

● સંવત્ ૨૦૨૦ ના ફાગણ વદિ-૧૦, તા. ૦૯/૦૩/૧૯૬૪ ને સોમવારે માણાવદર મુકામે પ.ભ. જીવન ભગવાનની મેડીએ વિરાજમાન

હતા. ત્યારે બપોર પછી ૩-૨૦ મિનિટે પ.પૂ. સ્વામીશ્રીએ વાત કરી જે, જે સ્થળે ભગવાન તથા ભગવાનના ભક્ત વિચર્યા હોય તે સ્થળ વૈકુંઠ, ગોલોક, બ્રહ્મપુર, અક્ષર સમાન સમજવું ને તે ભગવાન ને ભગવાનના ભક્ત બ્રહ્મરૂપ છે, સત્તારૂપ છે. આંહી છે તો પણ અક્ષરધામમાં જ છે ને એને સંબંધે બીજાના સંબંધનું તથા તેના સુખનું માપ કઢાય છે. આવી જો અચળ નિષ્ઠા પાકી થાય તો તે ભક્તથી અક્ષરધામ, અમૃતધામ, બ્રહ્મપુર વગેરે છેટા નથી. તે તો તેના દર્શનમાં સમાયેલા છે. માટે જેને જે મળ્યા તેથી જીવ તેવી સ્થિતિને પામે છે. બ્રહ્મરૂપ મળ્યા હોય તો તેના સંગે બ્રહ્મરૂપ થવાય ને આલોકમાંથી ઉદાસી હોય તેના સંગે આ લોકમાં ઉદાસી રહેવાય.માટે ગુણાતીત અક્ષરધામ તેના નિવાસી બ્રહ્મરૂપ મળે ત્યારે ભવસાગરનો પાર આવે. માટે આ લોકમાંથી જેને પરલોકમાં જાવું તેને તો આ અચળ અખંડ સાધન છે. તે સિવાય ભલે તપ કરે, જપ કરે, વ્રત કરે, દાન કરે, પુણ્ય કરે - તે પુણ્ય ભોગવવા બીજા લોકાંતરમાં જવાનું થશે. માટે આપણે તો છતે દેહે બ્રહ્મરૂપ થઈ, પરબ્રહ્મ પરમાત્મા પરાત્પર રહેલા તે મળ્યા છે. એમ માની તેનો આશરો, તેનું ભજન, તેનો જપ-વ્રત જે જે કરવું તે તેની પ્રસન્નતાને અર્થે કરે તે સત્તારૂપ જ છે. તે તો અક્ષરધામમાં જ બેઠો છે. એ વાત અખંડ સમજી આનંદમાં રહેવું. તેને મૃત્યુનો ભય હોય જ નહીં. - ૧૨૩

● સંવત્ ૨૦૨૦ ના વૈશાખ વદિ-૫, તા. ૩૧/૦૫/૧૯૬૪ ને રવિવારે સણોસરા ગામે પ.ભ. સવજી ગોવાના મકાને કથા નિમિત્તે આવેલા તે પ્રસંગે બપોરે ૧૧-૨૫ મિનિટે પ.પૂ. સ્વામીશ્રીએ વાત કરી જે, જેને ભજને કરીને ભવસાગરનો અંત આવે છે, એવા જે ભગવાન ને ભગવાનના ભક્તને સંગાથે પ્રીતિ કરવી ને તેના સજાતિય થયા વિના એ પ્રીતિને બ્રહ્મરૂપ કહી છે. એમ આગળ મોટા મોટા આચાર્ય - મધ્વાચાર્ય, નિમ્બાર્ક વિષ્ણુસ્વામી - આદિકનો સિદ્ધાંત છે. માટે ત્રણ દેહ, ત્રણ અવસ્થા - તેથી પર પોતાના આત્માને માને ને શૂન્ય સમતા ધરી રહે ત્યારે તેને ભગવાનમાં પ્રીતિ હોય કે ન હોય ? એમ મહારાજે પૂછ્યું ત્યારે મુક્તાનંદ સ્વામીએ કહ્યું જે, પ્રીતિ હોય. ત્યારે મહારાજે ફેર પૂછ્યું જે, પ્રીતિ આત્માને સજાતિય કે

વિજાતિય છે ? ત્યારે સ્વામીએ કહ્યું જે, પ્રીતિ તો આત્માને સજાતિય છે. માટે ભગવાન સાકાર છે ને આપણે બ્રહ્મરૂપ થઇ સાકાર થઇએ એટલે તેને સજાતિય થઇને ભગવાનના સેવક થાવું, પણ દેહભાવ રહી જાય અગર કોઇ પદાર્થમાં રાગ રહી જાય એવા જે વિજાતિય તે રીતના ભક્ત ન થાવું ને વિજાતિય પણું છે એ જ નિરાકારપણું છે. નહીં તો મહારાજ મધ્ય પ્રકરણના ૪૩ મા વચનામૃતમાં શું કરવા નિમ્બાર્ક, વલ્લભાચાર્ય તેની સમજણ્યને ગ્રહણ કરી ? માટે તેની સમજણ્ય ત્યાં માન્ય કરી છે. માટે આપણે તો જેવા પુરુષોત્તમ છે ને તેનું જેવું ધામ છે ને તેનો જેવો પ્રતાપ છે ને પુરુષોત્તમના જેવા દાસ સમીપે બિરાજે છે એવા સત્તારૂપ થઇને ભગવાન તથા ભગવાનના ભક્ત સંગાથે પ્રીતિ કરી છે તે પ્રીતિને કાળ, કર્મ, માયા, સ્વભાવ - કોઇ ટાળવા સમર્થ નથી. માટે હવે તો એવી હિંમત બાંધી છે કે ભગવાન ને ભગવાનના ભક્ત સંગાથે હેત કરવું છે પણ દેહ તથા દેહના સંબંધીમાં હેત રહી જાય એવી જાતની મૂર્ખપણાની પ્રીતિ રાખી ભગવાનના ભક્ત ભેળે રહેવું એ તો બહુ ખોટ્ય છે. માટે એ જેવા નિર્ગુણ છે ને ગુણાતીત છે, પર થકી પર એવું જે અક્ષર છે - તે જેવા આપણે ભગવાનના સજાતિય થાવું. -૧૨૪

● સંવત્ ૨૦૨૦ ના વૈશાખ વદિ-૬, તા. ૦૧/૦૬/૧૯૬૪ ને સોમવારે સણોસરા સવજી ગોવાને ત્યાં કથા-પ્રસંગે સાંજે ૬-૪૦ મિનિટે પ.પૂ. સ્વામીશ્રીએ વાત કરી જે, ભગવાન જેવા તો એક જ છે. એ જેવો બીજો થઇ શકતો નથી. ને થાવાનો પણ નથી. ને જો બીજો કોઇપણ ભગવાન થાતો હોય તો જગતની સ્થિતિ એકની એક ન રહે. જે બરાબર એક સરખી ચાલી જાય છે તેમાં માણસમાંથી માણસ થાય છે. પશુમાંથી પશુ થાય છે. પક્ષીમાંથી પક્ષી થાય છે - એમ એક સરખી આ જગતની સ્થિતિ છે. નહીં તો એક ભગવાન કહેશે માણસના ધર્મ પશુમાં કરીશ ને પશુના ધર્મ માણસમાં કરીશ. એમ એક સ્થિતિ બ્રહ્માંડમાં ન રહે માટે ભગવાને પૃથ્વીને વિશે કલ્યાણની રીતિ, ધર્મની સ્થિતિ - ભેળી જ સમાવેશ કરેલો છે. ને જમપુરી ને જમપુરીનું દુઃખ તે અધર્મ ભેળું રાખેલું છે. માટે ધર્મ પાળે તે જ આ જગતમાં ભક્ત છે ને તેની સ્થિતિ, તેના સ્વભાવનું શાસ્ત્ર વર્ણન કરે છે.

પણ જે ઠેકાણા વિનાના છે તેનું પ્રતિપાદન શાસ્ત્ર કોઈ ઠેકાણે કરતા જ નથી. માટે જે રીતે ધર્મ પાળે ને તેમાં સહાયરૂપ થાય તેને સંગે રહેવું. તેના સંગ વડે સ્વભાવનો ત્યાગ કરવો. એ રીતે પૃથ્વી રહેશે ત્યાં સુધી કલ્યાણની રીતિ છે.

● સંવત્ ૨૦૨૦ ના વૈશાખ વદ-૭, તા. ૦૨/૦૬/૧૯૬૪ ને મંગળવારે સણોસરા ગામે સવજી ગોવા નાદપરાને ત્યાં કથા પ્રસંગે સવારે ૧૦-૩૫ મિનિટે પ.પૂ. સ્વામીશ્રીએ વાત કરી જે, જીવ અનાદિ, ઈશ્વર અનાદિ, માયા અનાદિ, બ્રહ્મ અનાદિ, પરબ્રહ્મ અનાદિ - આ પાંચ વસ્તુથી આ જગત સૃષ્ટિ છે.હવે તેનું બંધારણ ઈશ્વરે કઇ લેનથી કરેલ છે - તો જીવ છે તે તત્ત્વમસી છે ને ઈશ્વર પણ પોતાની ઉપાધિએ યુક્ત છે. માયા જડ, ચિદ્ દેહ છે તે છતાં તે એક જ થઇ ગયેલ તે માયા તે જીવ તત્ત્વમાં આવે ત્યારે તત્ત્વમય થાય ને ઈશ્વર ગુણમાં આવે ત્યારે ગુણમય થાય - માયા. એ બે વસ્તુને રોકે તે માયા છે, ને પરબ્રહ્મ તે માયાથી તત્ત્વમસીને ન્યારો કરે તે પરમાત્મા ને તેમાંથી નોખો થાય તે શા વતે ? તો બ્રહ્મથી થઇ શકે છે. માટે આ જગતમાં એ પાંચ વસ્તુ અનાદિ ને અનંત ને જીવને માથે પેટ ચડી ગયેલો છે - એ વાત સમજી લેવી. આથી કરીને મોટા મોટા આચાર્યો કોઈક અદ્વૈતમત કહે, કોઈ દ્વૈતમત કહે, કોઈ દ્વૈતાદ્વૈત મત કહે. તેમાં વિશિષ્ટાદ્વૈતમત સ્વામિનારાયણ ભગવાને સ્વીકાર્યો છે. માટે આ રીતે જો ઉપાસના સમજે ને પોતે તત્ત્વથી ન્યારો થાય એટલે ખટકર્મે કરીને ખટકર્મ કરાવનારને અધિક જાણે એ રીતે વિશિષ્ટાદ્વૈતમત છે. - ૧૨૪

● સંવત્ ૨૦૨૦ ના વૈશાખ વદ-૯ તા. ૦૪/૦૬/૧૯૬૪ ને ગુરુવારે સણોસરા ગામે પ.ભ. સવજી ગોવાને ત્યાં કથાની પૂર્ણાહુતિ થયા બાદ ગામમાં સંતોની પધરામણી થઈને ત્યારબાદ સાંજે સાત વાગ્યે પ.પૂ. સ્વામીશ્રીએ વાત કરી જે, ગુણાતીતાનંદ સ્વામીએ એમ કહ્યું જે, જોગ હોય તો જ પ્રભુ ભજાય. જોગ એટલે ભગવાનના ભક્તનો સમૂહ. ભગવાનના ભક્ત ભેગા થાય ને કથા-વાર્તા, કીર્તન થાય ને ભગવાનના ભક્તની ને ભગવાનની સેવા થાય તેમાંથી જીવ બ્રહ્મરૂપ થઇ જાય. માયાને તરી જાય.

જેમ વહાણમાં બેસે તે તો તરે પણ વહાણમાં પથ્થરો હોય તે પણ તરે. તેમ ભગવાનના ભક્તનો જોગ થાય ત્યારે ગમે તેવો જીવ હોય તેનો પણ જરૂર મોક્ષ થાય. એટલો બધો ભગવાનના ભક્તનો સંબંધ તે જ જીવને પવિત્ર થવાનું સાધન છે. ને ભગવાનના ભક્તને સંગે જીવ કૃતાર્થ થાય છે ને સુખિયો થાય છે. તેમ આપણને આવો ને આવો કાયમ માટે જોગ રહે તો સત્સંગ બહુ વૃદ્ધિ પામે પણ જોગ રહેવો તે બહુ મોટી વાત છે. આપણે તો ભગવાનના ભક્ત ભેળા ઢગ દિવસ રહ્યા પણ હવે તો અક્ષરધામમાં ભેગા રહેવાય એવા સ્વભાવ કરવા છે. તો એક પળનો ખાજ ન પડાય. - ૧૨૫

● સંવત્ ૨૦૨૦ શ્રાવણ સુદિ-૮, તા. ૧૫/૦૮/૧૯૬૪ ને શનિવારે પ.પૂ. સ્વામીશ્રીએ બોડકા ગામે પ.ભ. મેઘજી રામજીના સંકલ્પથી ભક્ત ચિંતામણિની કથા કરવા આવેલા ત્યારે પ.પૂ. સ્વામીશ્રીએ વાત કરી જે, જેને ભગવાનના ધામમાં જાવું હોય તેને તો આ લોકમાં “અર્થ સાધયામિ, વા દેહં પાતયામિ” - એ રીતે ભગવાન ભજી લેવા. ભગવાનની આજ્ઞામાં ફેર પાડવો નહીં. એ તો જેમ જોડાં પહેરીને ચાલવું-એવું સુગમ છે. માટે ક્યે પ્રકારે ભગવાન અમારા ઉપર રાજી રહે ને આ લોકના વૈભવમાં પ્રીતિ ન રહે ને દેહ છતાં કૃતાર્થપણું, બ્રહ્મરૂપ થવાય તે સાધન આજ વર્તમાન કાળે જેણે કર્યું તેને આ મનુષ્ય દેહ મળ્યો તે લેખે લાગ્યો. તે જેણે ભૂતકાળે કર્યું, વર્તમાનકાળે કરે છે અને ભવિષ્યમાં કરશે તેને શાસ્ત્ર સમજુ, વિવેકી, બુદ્ધિવાળો કહે છે.માટે આપણને તો ભગવાન પોતે સાક્ષાત્ મળ્યા છે. વળી તે રાજી થાય તે રીતે આપણે રીતમાં રહ્યા, તેને છેલ્લો જન્મ થઇ ચૂક્યો. તે તો કૃતાર્થ છે. તેને સંબંધે સુખી થવાય છે. મોક્ષનો માર્ગ હાથ આવે છે ને તેને સંગે વર્તમાન, ધર્મ-નિયમ પળાય છે. એથી આ જગતમાં વિશેષ પ્રાપ્તિ નથી. એથી ઉપરાંત સમજવાનું - કરવાનું રહેતું નથી. - ૧૨૬

● સંવત્ ૨૦૨૦ ના શ્રાવણ સુદિ-૯, તા. ૧૬/૦૮/૧૯૬૪ ને રવિવારે પ.ભ. મેઘજી રામજી મારૂએ બોડકા સ્વામિનારાયણ મંદિરે ભક્તચિંતામણિની કથા કરાવી. જે નિમિત્તે આજુબાજુના ગામ -

પીપલાણા,નાવડા, સણોસરા, સારંગપીપળી, માણાવદર, નવાગામ, ઈવનગર, કલાણા, વંથલી, શાપુર - આદિક ગામના હરિભક્તો પધાર્યા હતા. ને આજે પૂર્ણાહુતિ થયા બાદ પ.પૂ. સ્વામીશ્રીએ બપોરે ૧-૧૫ મિનિટે વાત કરી જે, આપણે આ દેહે કરીને જે જે કરવાનું છે તે અનુસંધાન રાખવું. તે આલોકમાં નક્કી રહેવાનું નથી છતાં આલોકમાંથી ઉખડાતું નથી. તે પૂરેપૂરું આ લોકનું અજ્ઞાન આપણને વળગી ગયું છે. પણ હવે તો આપણે ખરા ખબડદાર થઈને મંડવું, તે **"અર્થમ્ સાધયામિ કે દેહમ્ પાતયામિ"** - ને આ દેહ તો ઈંધણા જેવો છે તે ચૂલા પાયો જ થાય. તેમ આ દેહે કરીને ભગવાન ભજાય, એને અર્થે જપ, તપ, વ્રત, ધ્યાન, પૂજા, કથા-વાર્તા, કીર્તન - જે જે કાંઈ જીવને સુખ કરે તે વાતનું અનુસંધાન રાખવું ને આલોકમાંથી પાછું વળવું. બીજા જેમ ઢોર છે અગર તો અવસ્થા છે તે પણ સમય આવ્યે પાછી વળે તેમ આપણે પાછા વળી જોવું - આપણે શું કરવાનું છે ને શું થાય છે ? તે તો જે જે દરવાજે રહેતા હોય તે જાણે. માટે આપણે ગમે તે રીતે દરવાજે રહેવા શીખવું. તે દરવાજો જાણપણારૂપી ભગવાનના ધામનો છે. ત્યાં રહ્યા થકા ભગવાન પુરુષોત્તમનું ધ્યાન, પૂજા, સેવા કરવી. પણ ગાફલ ન વર્તવું. ગાફલ વર્તે તો જાણપણાની માંહી કામ, ક્રોધ, લોભ જઈ પૂગે. એટલે ચાકરની ચાકરી ખોટી થઈ જાય. તેમ ભગવાનના ભક્તને ભગવાનને ભજ્યામાં અંતરાયરૂપ જે સંકલ્પ થાય તેને રોકવા. ન રોકાય તો પણ તેને પોતાના માનવા નહીં ને આપણે તો બ્રહ્મરૂપ થઈ પરબ્રહ્મ પરમાત્મા ભજવા. તે **"અર્થમ્ સાધયામિ કે દેહમ્ પાતયામિ"** એમ ભજન કરી લેવું. એ તો જેમ સતીને કુતી કહાવે તેમ દુઃખ દેખીને પાછી હઠે એમ સમજવું. - ૧૨૭

● સંવત્ ૨૦૨૦ ના શ્રાવણ વદિ-૧૨ ને તા. ૦૩/૦૯/૧૯૬૪ ને ગુરુવારે શાપુર મુકામે પ.ભ. નાનજી મેઘજી ફડદુના ઘરે આજે રસોઈ નિમિત્તે સંત-હરિભક્તો અતિ ઉત્સાહથી જમ્યા. એવો એમનો પ્રેમ હતો. ત્યારબાદ બપોરે ૧-૦૦ વાગ્યે પ.પૂ. સ્વામીશ્રીએ વાત કરી જે, જે જે સાધન કરવું અને ભગવાનને રાજી કરવા અને ભક્તિ કરવી, ધર્મ પાળવો ને જ્ઞાનવિચાર સિદ્ધ કરવો. તેમાં જે જે કરવું તેમાં ફળનું અનુસંધાન રાખીને

કરવું તો જીવને નિષ્કર્મરૂપ ફળ મળે છે. નહી તો કામ્યકર્મનું ફળ મળે છે. માટે ભગવાન ને ભગવાનના ભક્ત જે ઠેકાણે ભેળા થયા હોય ને ભગવત્ વાર્તા થઈ હોય, કીર્તન ગવરાવ્યા હોય ને ગાયા હોય ને ભગવાનના ભક્ત બેઠા-ઉઠ્યા, ખાધુ-પીધું જે જે તેણે કર્યું તે ભગવાનના સંબંધે કરીને નિર્ગુણ મનાય તો પંચવિષયના લીધા લેવાય નહી. નહીં તો વિષય તજીને, બ્રહ્મરૂપ થઈને વનમાં ફરે તો પણ તે કર્મમાં બંધાયેલો ને કર્મ છેદીને બ્રહ્મરૂપ થવાય તેવી ગતિને પામી શકતો નથી. તે તો ભગવાનના ભક્તને બ્રહ્મરૂપ જાણે ને તેની ક્રિયા જે જે તે ભગવાનના ભક્તને અર્થે છે - એમ માને તે કર્મગ્રંથીએ કરીને પણ આલોકમાં બંધાતો નથી ને બીજાને કર્મમાંથી નિવૃત્તિ પમાડી પોતે પણ સર્વ પ્રકારે નિર્બંધ વર્તે એવો જે અકળ અવનીમાં હોય તેના ચરણને તો મોટા મુનિ, દેવો, ઈશ્વરો બધા ચાહે છે. એવાના ચરણની રજ જેની માથે પડે તેના મોક્ષમાં શું બાકી છે ? તેને જન્મ-મૃત્યુ ટળી જ ગયું છે. તે સંગાથે જેને સોબત થઈ ને તેના સંગાથે સંબંધ થયો તે સંસૃતિ થકી વિરક્ત થઈ આ જગતમાં સર્વ સ્થળે જાય છે તે સ્થળ પણ તીર્થધામ સમાન આ જગતમાં શાસ્ત્ર દૃષ્ટિથી જોવામાં આવે છે. - ૧૨૮

● સંવત્ ૨૦૨૦ ના ભાદરવા સુદિ-૬, તા. ૧૧/૦૯/૧૯૬૪ ને શુક્રવારે પીપલાણા ગામે પ.ભ. સવજી હરજી તથા કુરજી હરજીએ હરિલીલાકલ્પતરૂની કથા સભામંડપમાં કરાવેલ. તે પ્રસંગ દરમ્યાન સવારે ૯-૩૦ મિનિટે પ.પૂ. સ્વામીશ્રીએ વાત કરી જે,

**" સંત-જન સોઈ, સદા મોય ભાવે.....**
**દેહ, ઈન્દ્રિય, અરૂ મન આદિ કે સંગમે નહીં લપટાયે...સંતજન"**

ભગવાન છે તેને શું આ બ્રહ્માંડમાં ભાવે છે ? તો પોતાના અનન્ય ભક્ત એકાંતિક સ્થિતિને પામેલા ને સ્વધર્મ ને નિયમ-વૈરાગ્યેયુક્ત ને જગત થકી વિરક્ત - નોખા રહેનારા એવા અનન્ય ભક્ત ભગવાનને અતિ પ્રિય છે. એવો તો પોતાનો દેહ પણ પ્રિય નથી અને લક્ષ્મી આદિક જે પોતાના અર્ધાંગના છે તે પણ એવા પ્રિય નથી. માટે દુનિયામાં બીજી વસ્તુ અનેક

પ્રકારની છે. તેમાં એકાંતિક સમાન બીજું કાંઇ પણ આ બ્રહ્માંડમાં ભગવાનને વહાલું નથી. માટે જ્યારે એકાંતિક પોતાના દેહનો ત્યાગ કરીને ભગવાનના ધામ પ્રત્યે જાય છે. ત્યારે જેમ ભગવાનને અર્થે દેવકોટિ, ઈશ્વરકોટિ, સિદ્ધિઓ ભેટ સામગ્રી લાવે છે. તેમ એવા અનન્ય ભક્તને અર્થે પણ લાવે છે. છતાં પોતે અનન્ય ભક્ત છે તો તે સિદ્ધિને ગ્રહણ નથી કરતો - તેનું નામ સ્વતંત્ર ભક્ત કહેવાય છે. ને એવા સમર્થ જે હોય છતાં આલોકમાં તે ભક્તને કોઇ પ્રકારનું દુઃખ દેખાતું હોય તો પણ તેને તે દુઃખ છે નહી. - ૧૨૯

● સંવત્ ૨૦૨૦ ના ભાદરવા સુદિ-૧૦, તા. ૧૬/૦૯/૧૯૬૪ ને બુધવારે પીપલાણા ગામે પ.ભ. સવજી હરજી તથા કુરજી હરજીએ હરિલીલાકલ્પતરૂની કથા કરાવેલી. જેની પૂર્ણાહુતિ થયા બાદ બપોરે સમૈયામાં અંદાજે બે હજાર હરિભક્તો જમ્યા અને સુખરૂપથી સમૈયો નિર્વિઘ્ને પૂરો થયા બાદ બપોરે ૧-૪૦ મિનિટે પ.પૂ. સ્વામીશ્રીએ વાત કરી જે,

આ જીવને ભગવાનનો વિશ્વાસ રાખ્યા સિવાય સાધનના બળે કોઇપણ કાંઇ કાર્ય કરે તે સફળ ન થાય એટલે તે કાર્યનો જય ન થાય ને ભગવાન હોય ત્યાં અસુર પણ વિઘ્નકર્તા તરીકે હાજર રહે છે. તેમાં ભક્ત બધા પ્રકારની ભીષ ખમે, ઉપહાસ, ખર્ચ, બહુ જ ખમે તેમાં જ ભગવાનનો રાજીપો. એ જ રીતે જેણે આ સત્સંગમાં ને કથામાં અડખા-પડખાના હરિભક્તોએ જોઇએ એટલો ભાગ લીધો છે, તનથી, મનથી, ધનથી-પૈસાથી પોતાના ગજા વેવાર ન ખમે છતાં લોકોએ ધર્માદા, રસોઇયું, થાળ-ભેટ, સેવા જોઇએ એટલી મન મોકળું મેલીને કરેલી છે. તે ભગવાન તથા મોટા સાધુ તેની ઉપર અમીની દૃષ્ટિ વરસાવે તેથી કરીને તેના ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભગવાનના સંતની નિષ્ઠા અચળ-અખંડ રહે એવો અમારો તથા આ કથા કરાવનાર માણસોનો અંતઃકરણ પૂર્વક આશીર્વાદ માની લેવો ને તેથી તેને આલોકમાં બીજી ચીજ શું આપવી ? પણ જ્યારે દેહનો કાળ આવે ત્યારે તેના જીવની ભગવાન રક્ષા કરે ને તેનો જીવ બળિયો થતો જાય - એવો અમારો આશીર્વાદ છે. - ૧૩૦

● સંવત્ ૨૦૨૦ ના ભાદરવા સુદિ-૧૧, તા. ૧૭/૦૯/૧૯૬૪ ને ગુરુવારે પીપલાણા મંદિરની ઓફિસમાં વિરાજમાન હતા. ત્યારે સવારના ૬-૦૦ વાગ્યે પ.પૂ. સ્વામીશ્રીએ વાત કરી જે,

આ જીવને ભગવાનનો મેળાપ થાવો ને ભગવાનને શરણે થાવું તે એક-બે જન્મને પુણ્યે થાતું નથી. એ તો જ્યારે અનેક જન્મના સુકૃત ઉદય થાય ત્યારે જ મેળાપ થાય છે. તેમ આપણે કેટલા જન્મ ધર્યા હશે. તેમાં ભગવાન ને ભગવાનના ભક્તનો જોગ મળ્યો હશે પણ અજ્ઞાન અવસ્થાથી જાણ્યું નથી, ઓળખ્યા નથી ને જેટલા સંકલ્પ થાય એટલા જન્મ ગણાય છે પણ ભગવાન ને ભગવાનના ભક્ત ભેળા રહીએ છીએ ને અજ્ઞાન અવસ્થા જોઈન્ટ થઈ છે તેથી કરીને જન્મ-મરણ નિત્ય નવો પ્રલય થાય છે. તેથી કરીને જન્મનો અંત આવતો નથી. પણ ગમે તે રીતે અજ્ઞાન અવસ્થાથી કે જ્ઞાન અવસ્થાથી ભગવાન કે ભગવાનના ભક્ત ભેળા રહીએ એ જેવું કાંઈ મોટું સાધન નથી ને પૂણ્ય પણ એથી અધિક નથી. માટે જેને આવો સંત-સમાગમ મળ્યો છે ને જગત વિકાર થકી રહિત થયા છે, તેને તો મગન રહી ભજન-ભક્તિ કર્યા કરવી. જે દિ' કાળની સત્તા હતી ને આપણે અજ્ઞાન અવસ્થા હતી છતાં કાળ પોતાને વિષે રોકી શક્યો નથી. તો હવે કાળ, કર્મ, માયા તેનો શો ભાર છે ? માટે હાલતા-ચાલતા ભજન કરી લેવું ને આપણે કરવું છે તે દોર મૂકવો નહીં. ભગવાન પણ ભૂલવા નહીં. એટલું જ કરવાનું છે. - ૧૩૧

● સંવત્ ૨૦૨૦ ના આસો સુદિ-૭, તા. ૧૨/૧૦/૧૯૬૪ ને સોમવારે જૂનાગઢ મુકામે શ્રીજી એન્જીનીયરીંગ એન્ડ કું ની દુકાને ઉદ્ઘાટન પ્રસંગે પ.પૂ. સ્વામીશ્રી તથા અન્ય સંત-હરિભક્ત પધાર્યા હતા અને પ.પૂ. સ્વામીશ્રીએ સવારના ૮-૩૦ મિનિટે વાત કરી જે,

આ લોકમાં જે જે ધંધા કરે તેમાં ફળ શું ? તો રોટલા મળે, સુખી રહેવાય ને આલોકનું જે જે કરવું તે થાય પણ જે અવશ્ય કરવું છે તેનું અનુસંધાન નિત્ય નિરંતર રાખવું. તે મહારાજે છેલ્લા પ્રકરણના ૩૦ ના

વચનામૃતમાં લખ્યું છે જે, આ ઘડી, આ ક્ષણમાં મરી જાવું છે તેનો વિલંબ પણ જણાતો નથી. તેમાં આટલી વાસના ટળી ને આટલી નથી ટળી. એમ નિરંતર જોયા કરવું. મારા મનમાં વિષયની વાસના ટળી તો ગઇ છે પણ રખે ન ટળી હોય એમ અનુસંધાન રહે છે. - ૧૩૨

● સંવત્ ૨૦૨૦ ના આસો સુદિ-૧૧, તા. ૧૭/૧૦/૧૯૬૪ ને શનિવારે માણાવદર મુકામે અનિલ એન્જીનીયરીંગ એન્ડ કંપની ઉર્ફે રામજી થાનિયાણાવાળાની દુકાનનું ઉદ્‌ઘાટન કર્યા બાદ બપોર પછી ગામમાં પધરામણીએ નીકળ્યા હતા. જે પધરામણી થયા બાદ ભગવાનજી કાળાભાઇ એન્ડ કું ની દુકાને બપોર પછી ૪-૨૦ મિનિટે પ.પૂ. સ્વામીશ્રીએ વાત કરી જે, આજે સ્વામિનારાયણ ભગવાન આ પૃથ્વી ઉપર જીવના કલ્યાણના હેતને અર્થે ને જીવને મોક્ષરૂપી દાન આપવા વાસ્તે અક્ષરધામમાંથી પોતે સાક્ષાત્ તથા અક્ષરધામ તથા અસંખ્ય કોટિ મુક્ત તથા પોતાનું સમગ્ર ઐશ્વર્ય તે સહિત જ પધાર્યા છે. પોતે આવ્યા તેથી પોતાનો સાકારપણાનો સાક્ષાત્ જીવને સંબંધ કરાવ્યો ને અક્ષરધામ આવ્યું તે તેથી જીવને મૂળ અજ્ઞાન તેનો નાશ કરીને જીવને સુખનો વખત આવ્યો ને પોતે પુરુષોત્તમ આવ્યા ને ભેળું સમગ્ર ઐશ્વર્ય લાવ્યા. ઐશ્વર્ય વતે ભૌતિક દેહમાં અલૌકિક સુખ આપ્યા છતે દેહે. ને પોતાના અસંખ્ય મુક્ત દ્વારે અક્ષરધામની રહેણી-કહેણી, સ્થિતિ રહેવાય તેવા સ્વભાવ કરાવ્યા. એવું અલૌકિક સુખ લોકમાં આપી દીધું છે. તે વાત અતર્ક છે. તે ત્યાંના હોય તે જાણે, ભોગવે ને બીજાને તે સુખનો અનુભવ કરાવે. - ૧૩૩

● સંવત્ ૨૦૨૦ ના આસો વદિ-૫, તા. ૨૫/૧૦/૧૯૬૪ ને રવિવારે પીપલાણા સ્વામિનારાયણ મંદિરની ઓફિસમાં વિરાજમાન હતા ત્યારે પ.પૂ. સ્વામીશ્રીએ સવારના ૭-૧૫ મિનિટે વાત કરી જે,

ભગવાનનો આશરો થયો છે તેવી તો કોઇ વાત જ નથી. સર્વે સાધનમાં આશરો મોટી વાત છે. આશરો પણ ત્રણ પ્રકારનો હોય છે - ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ. એમાં એક તો મૂઢ પણે ભગવાનનો નિશ્ચય

થાય છે. તે કેવો ? બાળકને મા-બાપનો આશરો થયો છે તેમ ભગવાનનો આશરો થયો છે. તે બ્રહ્મા જેવો હોય તે આશરામાંથી ડોલાવે તો પણ ડોલે નહીં. બીજો પ્રકાર એ છે જે પ્રીતિએ કરીને ભગવાનનો આશરો થાય છે. પ્રીતિ તો કેવી વસ્તુ છે ? સાવ નકામી ચીજ હોય તો પણ પ્રીતિ હોય તો સારા લાગે. જેમ વ્રજની ગોપીઓને ભગવાનનો પ્રીતિએ કરીને સંબંધ થયો હતો. તો ભગવાનને અર્થે ન કરવાનું તે પણ કરી શકે. ને પતિવ્રતા સ્ત્રી હોય તેને પોતાનો પતિ કુરૂપ હોય, વૃદ્ધ હોય, નપુંસક હોય તો પણ બીજો કોઇ પુરુષ ઇન્દ્ર જેવો રૂપાળો હોય તેને દેખીને તેનું મન ચળાયમાન થાય જ નહીં. ત્રીજો પ્રકાર સમજણ્યે કરીને નિશ્ચય થાય છે. તે સમજણ્ય કેવી છે ? તો અક્ષરરૂપ ભગવાન અક્ષરરૂપે વર્તતા હોય તથા પુરુષ-પ્રકૃત્તિરૂપે વર્તતા હોય તથા ઇશ્વરરૂપે વર્તતા હોય તથા વૈરાટ-આદિક રૂપે વર્તતા હોય, તેની રીતને સમજી શકે. પૃથ્વીને વિષે જે પ્રકારે ભગવાનના અવતાર થાય છે તે રીતને પણ બરાબર સમજે ને નારદ-સનકાદિક રૂપે જીવના કલ્યાણના અર્થે વર્તે છે તેની રીતને બરોબર સમજી શકે. પોતે જે રીતને સમજે તે રીતે રહી પણ શકે ને તેથી નોખો પણ રહી શકે. જેમ જળકૂકડી જળમાં પણ રહે ને બહાર પણ રહે. આ વાત એક અવશ્ય સમજવાની છે. - ૧૩૪

● સંવત્ ૨૦૨૦ના આસો વદિ-૩૦, તા. ૦૪/૧૧/૧૯૬૪ ને બુધવારે શ્રી વંથલી મુકામે સ્વામિનારાયણ મંદિરે અન્નકૂટ પ્રસંગે પ.પૂ. સ્વામીશ્રીએ પધાર્યા હતા અને બપોરે ૧૧-૩૦ મિનિટે વાત કરી જે,

ભગવાનના સ્વરૂપનો નિશ્ચય - ઉત્તમ, મધ્યમ ને કનિષ્ઠ - ત્રણ પ્રકારનો છે. ઉત્તમ નિશ્ચયવાળો તે જ જ્ઞાનવાળો, એ જ જન્મે સિદ્ધ થાય ને મધ્યમ જ્ઞાનવાળો બે-ત્રણ જન્મે સિદ્ધ થાય. ને કનિષ્ઠ જ્ઞાનવાળો સો જન્મે શુદ્ધ થાય. એ કનિષ્ઠ જ્ઞાનવાળાને ઉત્તમ ભક્ત થાવું હોય ને આ ને આ જન્મે શુદ્ધ થાવું હોય તો જેમ ભગવાનની સેવા-પૂજા વગેરે ભગવાન સંબંધી ક્રિયા કરીએ. એ સાથે જોઇન્ટ અતિ ઉત્તમ લક્ષણવાળા સાધુની ભગવાનની પ્રસાદી વતે ભગવાનની પૂજા ભેળી સાધુની પણ પૂજા કરે તો સો જન્મે શુદ્ધ થવાનો હોય તે આ ને આ જન્મે સિદ્ધ થાય - એવો ભગવાનનો તથા

ભગવાનના અતિ ઉત્તમ લક્ષણવાળા ભક્તની સેવા-પૂજાથી નિશ્ચય આ ને આ જન્મે સિદ્ધ થઇ જાય. માટે જે તે પ્રકારે આ વાત સમજાય ને ભગવાનના ભકતમાં હેત થાય જો ભગવાન જેવું તો તેને આ ને આ જન્મે કાંઇ કરવું રહેતું નથી. માટે આવો મોટો લાભ ભગવાનને ભગવાનના ભક્તની સરખી સેવામાં છે. તે જેણે કરીને કૃતાર્થ આ ને આ જન્મે થાય છે. માટે આપણે તો થોડું સમજતા હોઇએ તેને તો આ જેવો કોઇ સુગમ ઉપાય નથી. - ૧૩૫

● સંવત્ ૨૦૨૧ ના કારતક સુદિ-૧, તા. ૦૫/૧૧/૧૯૬૪ ને ગુરુવારે વંથલી ગામમાં પ.પૂ. સ્વામીશ્રીની પધરામણી થતા પ.ભ.શ્રી વીરજી રત્ના ભોજાણીને ઘેરે સાંજે ૪-૪૦ મિનિટે પ.પૂ. સ્વામીશ્રીએ વાત કરી જે,

**"દેશ-દેશાંતર બહુત ફર્યા, મનુષ્ય કા બહોત સુકાળ,**
**જાકું દેખે છાતી ઠરે, વાકા પડ્યા.....દુકાળ."**

તેમ બહુ દેશ ફર્યા. તેમાં માણસ જોઇએ તેટલા મળ્યા પણ જેને જોઇને વૃત્તિ પાછી વળે તેવાનો દુકાળ છે. માટે વિચાર કરવો ક્યાં વૃત્તિ ઠરે છે ને ઊભી રહે છે તે ઠેકાણું ઠરવાનું છે. માટે બાકી સુખ-શાંતિ ન સમજવી. સુખ તો એક ભગવાનના ચરણમાં જ છે - બીજું સાધુ સમાગમ. - ૧૩૬

● સંવત્ ૨૦૨૧ ના કારતક સુદિ-૨, તા. ૦૬/૧૧/૧૯૬૪ ને શુક્રવારે સણોસરા ગામે પ.ભ. ભગવાનજી કાળાભાઇની મેડીએ પ.ભ.કાળાભાઇ જસમતભાઇ માંદા હતા તે નિમિત્તે પ.પૂ. સ્વામીશ્રી પધાર્યા હતા અને ત્યારે પ.પૂ. સ્વામીશ્રીએ સવારે ૯-૦૦ વાગ્યે વાત કરી જે,

શ્રીજી મહારાજ અનંત દેશાવરમાં પોતાના આશ્રિત રહ્યા છે તેને પોતે પોતાના ધામ પ્રત્યે લઇ જવાને માટે, બીજા ભક્તને દર્શન દઇ રથ, વેલ, વિમાન-વાજી વગેરે લઈને પોતાના ધામ પ્રત્યે લઇ જાય છે. એવો અહોનિશ - આ પૃથ્વી ઉપરથી દેશાંતર રહ્યા ભક્ત તેને એવો અખંડ - શ્રીજી મહારાજનો, મોટા સાધુનો જેના જીવમાં ભરોસો આવી ગયો તે

કૃતાર્થ થયો જાણવો ને તેના દર્શનમાં પણ બીજા જીવનું રૂડું થાય. - ૧૩૭

● સંવત્ ૨૦૨૧ ના કારતક સુદિ-૧૧, તા. ૧૫/૧૧/૧૯૬૪ રવિવારે પીપલાણા સભામંડપમાં વિરાજમાન હતા અને બપોર પછી ૪-૧૫ મિનિટે પ.પૂ. સ્વામીશ્રીએ વાત કરી જે,

શ્રીજી મહારાજ તથા પાંચસો પરમહંસ તથા મોટા મોટા હરિભક્તો તથા બીજા અનંત મોક્ષભાગી શ્રીજી મહારાજ ભેગા પૃથ્વી ઉપર આવેલા તે શ્રીજી મહારાજે પ્રથમ જન્મ છપૈયા લીધો ને છપૈયામાં ત્રણ વર્ષ રહ્યા ને ત્યાં કેટલાક લીલા ચરિત્રો કર્યા ને ત્યાંના જનને બહુ જ સુખી કર્યા ને ત્યાંથી અયોધ્યાપુરીમા જ્યાં રામનું ધામ છે ત્યાં પોતે આઠ વર્ષ રહ્યા ને વિદ્યા ભણ્યા ને મોટા મોટાને જીત્યા ને ત્યાંથી કાશીપુરમાં જે મોટા મોટા પંડિતો - તેની પાસે વિશિષ્ટાદ્વૈત મત સ્થાપન બચપણ અવસ્થામાં કર્યો. એવા મહા અદ્ભૂત ચરિત્ર ને અયોધ્યામાં દરેક મંદિરે, દરેક ઠેકાણે, દરેક સાધુને પોતે જાતે પગે લાગી આવે ને ઠાકોરજીની આગળ માળા ફેરવતા હોય ને જ્યાં કથા થતી હોય ત્યાં પૃથુ સમાન થઈ - કથા અમૃતનું પાન કરતા ને પોતે આઠ વર્ષે ઉપવીત (જનોઈ) ને પામીને પોતાના માતા-પિતાને દુર્વાસાના શાપથી મુક્તિ આપીને પોતે સ્વતંત્ર થકા વનમાં ગયા. ઉત્તરમાં કાળો પહાડ ઉલ્લંઘીને પુલહાશ્રમમાં મહાઉગ્ર તપ કરી સૂર્યનારાયણ થકી પોતે વર પામી ત્યાંના મુક્તને આનંદ આપી ત્યાંથી ચાલ્યા તે મહાવનમાં ગોપાળજોગીને દેખતા હવા. વડ નીચે ને સિદ્ધપણાનું છે અભિમાન ને કંઈક કાળ થયા પોતે અખંડ દેહ રાખવું ને કાળ આવે ત્યારે બ્રહ્મરંધ્રે વયા જવાની શક્તિવાળા એવા જે ગોપાળ જોગી તેને પોતે ગુરુ કર્યા ને તેની પાસેથી અષ્ટાંગયોગ શીખીને ગુરુને મોક્ષગતિ આપી તેના દેહને મેલાવી પોતે તે વનનો ત્યાગ કરી ઉત્તરમાં નવલખા પર્વતને પામીને નવલાખ સિદ્ધોને મોક્ષગતિ આપીને બાળવાકૂંડ જોઈ પોતે પૂર્વમાં પુલહાશ્રમ પામીને ત્યાં પૃથ્વી પવિત્ર કરીને કહેતા પૃથ્વીને પોતે આશીર્વાદ આપીને, તે સ્થાન છોડીને જગન્નાથપુરી ગયા, ત્યાંથી સેતુબંધ રામેશ્વર ગયા ને ત્યાંથી મહાકુલગિરિ ઊલ્લંઘીને તે ગિરિમાં એક કૂંડ-કૂપ આવ્યો તેનું જળ શાલિગ્રામને

પૂજા કરીને પાઇને, શંકરને દર્શન આપી તેનો આપેલો સાથવો ને મીઠું જમીને પોતે ત્યાંથી પંઢરપુર આવ્યા ને ત્યાંથી નાસિકપુર થઇ નર્મદા -તાપી વગેરે નદીઓ-ઓઘડ ઘાટ ઊલ્લંઘીને, ભાલદેશ ઊલ્લંઘીને ભીમનાથ થઇ સૌરાષ્ટ્ર દેશમાં ગિરનાર આવી ત્યાંથી ગિરનારની છાંયામાં પીપલાણાપુર થઇ, માંગરોળ બંદર થઇ, લોજપુર મુક્તાનંદ સ્વામી જેવા સદ્‌ગુરુનો રાજીપો મેળવ્યો, ને રામાનંદ સ્વામીને પોતાના ગુરુ કર્યા. એવી અદ્‌ભૂત જેની ક્રિયા એવા-છતાં પીપલાણાપુરમાં રામાનંદ સ્વામીને સાક્ષાત્ પામ્યા, ગુરુ કર્યા. ગુરુના ગુણ પોતે-પોતામાં હતાં છતાં - મેળવ્યા ને આશીર્વાદ લીધો, ને મહાદીક્ષા પામ્યા ને આ સ્થળે ખૂબ રહી ગુરુને રાજી કરી જેતપુરમાં પોતે ધર્મધૂરા ગ્રહણ કરીને ગુરુને પોતાના ધામ પ્રત્યે પોતાડીને સૌરાષ્ટ્ર દેશમાં બધા ગામડામાં, બધે ઠેકાણે પોતે પોતાની યોગ કળાએ કરીને, ઐશ્વર્ય શક્તિ દેખાડીને લોકોને બહુ જ સમાધિઓ કરાવી તે કાલવાણીપુરમાં બહુ જ ચમત્કાર, સમાધિ વાપરીને ત્યાં રહ્યા થકા ભૂમાપુરુષનો લોક ખાલી કર્યો ને ત્યાંના વાસીને મુક્તગતિ આપી ને ત્યાં રહ્યા થકા જમપુરી ખાલી કરાવી - એવું મહાઅદ્‌ભૂત પરાક્રમ - પોતાનું ચરિત્ર - તે પોતાના ભક્ત દ્વારે પોતે જણાવ્યું ને ત્યાંથી પીપલાણાપુર તથા આખામાં પધાર્યા ને ત્યાંના મુક્તને બંને ઠેકાણે બંને રૂપ જણાવ્યા ને પોતે બે રૂપે થયા, સાધુ પણ બે રૂપે થયા. પાર્ષદો, હાથી, ઘોડા વગેરે અનંતરૂપે અનંતલોકોને દેખાડ્યા. એવા મહાઅદ્‌ભૂત ચરિત્રો એ બે ઠેકાણે પોતે રહીને જણાવ્યા તે ‘સત્સંગિ જીવન’માં લખ્યું છે - જે બે સ્વરૂપે બન્ને ઠેકાણે પોતે છ મહિના પર્યંત રહ્યા છે ને એ બે પોતાના જે સ્વરૂપ તે બધા મળી પોતે એક જ સ્વરૂપે થઇને જ્યાં હાલ ગંગાજળિયો કૂવો છે, જ્યાં ઓઝતગંગાના કિનારામાં ઘાટ છે ત્યાં ઘાટની આગળ જ્યાં કૂવાનું પાણી આવે છે એવું જે સ્થળ તે ઠેકાણે પોતે છ મહિના યજ્ઞ કરેલા છે, ને ત્યાં રહ્યા થકા છ મહિના મેઘપુરની ચોરાસી કરી છે ને ઓઝતગંગા ગંગાસમાન ગણી છે. તે ગંગાનું પાણી ગંગાજળિયા કૂવામાં આવે છે તે કૂંડમાં જે નાશે, ધોશે, કૂંડને લાખો ગાઉથી યાદ કરશે, માનસિક ચિંતવનથી ન્હાશે તે પણ છતે દેહે ભગવાનનો પાર્ષદ થઇ ભગવાનના

ધામમાં જાશે. એવી જે ઓઝતગંગા ગંગાતૂલ્ય તેના કિનારા ઉપર સદ્‌ગુરુ સ્વામી ત્યાગવલ્લભદાસજી આ ગામના હરિભક્તોનો સ્નેહ જોઇ સમૈયો કર્યો ને તે સમૈયામાં ઘણા હરિભક્તો આવેલા. તેના બધાના સંકલ્પ પોતે જાણી તેના સંકલ્પ સિદ્ધ કરવા કેમ જાણ્યે આ સમૈયો કર્યો હોય એવું અનેક હરિભક્તોના જોવામાં આવ્યું ને આ સ્થળનો મહિમા તો વિહારીલાલજી મહારાજ પોતે જાણતા હતા ને પોતાના સંકલ્પથી જ કેમ જાણે બાળમુકુંદદાસ સ્વામીના હૃદામાં પ્રેરણા કરી ગામમાં મંદિર કર્યું. ને ઘાટનો સંકલ્પ પણ તેને હતો પણ તેનું ફળ સદ્‌ગુરુ સ્વામી કૃષ્ણચરણદાસજી દ્વારા હાલ જ્યાં મંદિર છે, નરસિંહ મહેતાના ખોરડા હતા, ડેલી હતી તે બહુ જ દાખડો કરી પૈસા ભેળા કરીને તે જગ્યા લીધી છે. એવા મોટા મોટા સદ્‌ગુરુ સ્વામી નારાયણદાસજી વગેરેના સંકલ્પથી કેમ જાણ્યે ત્યાગવલ્લભદાસજી સાવ સાદા ને ભગવદી, લોકમાં જેને કોઇ જાણે નહીં ને ભજન પરાયણ વર્તનારા એવા જે સદ્‌ગુરુ સ્વામી ત્યાગવલ્લભદાસજીના સંકલ્પ મુજબ આ કાર્યના કર્તા સ્વામિનારાયણ ભગવાન છે. આપણે તો ફક્ત કથનમાત્ર જ ગણાઈએ છીએ. શક્તિ તો ભગવાન તથા ભગવાનના ભક્તની છે એવું જે આ પીપલાણાપુર તેની મધ્યે સુંદર, રમણીય, સાવ સાદું સાધારણ મંદિર કર્યું ને મૂર્તિપ્રતિષ્ઠા કરીને સૌરાષ્ટ્રના બધા હરિભક્તોના મનવાંછિત સંકલ્પો પૂરા કર્યાને મંદિરમાં ધર્મપિતા, ભક્તિમાતા ને હરિકૃષ્ણ મહારાજને કહેતા સહજાનંદ સ્વામીની મૂર્તિની પ્રતિષ્ઠા વચલા ભાગમાં કરી છે, બાજુના ભાગમાં ઘનશ્યામ મહારાજની મૂર્તિ પ્રતિષ્ઠા કરી છે ને આ મંદિરમાં જે જે કાંઇ થાય છે તે હરિઇચ્છાથી થાય છે. - ૧૩૮

● સંવત્ ૨૦૨૧ ના કારતક વદિ-૧૦/૧૧, તા. ૨૯/૧૧/૧૯૬૪ ને રવિવારે પીપલાણા મંદિરના સંત નિવાસમાં વિરાજમાન હતા ત્યારે પ.પૂ. સ્વામીશ્રીએ સવારના ૮-૩૦ મિનિટે વાત કરી જે,

આ પીપલાણામાં મહાપૂજા કાયમ કરે છે પણ ભગવાન તથા મોટા સાધુને સંભારીને કરે છે-તે મહાપૂજા ભગવાનના સંબંધવાળી છે. ને ભગવાનના ભક્તના દુઃખને નિવૃત્તિ પમાડનારી છે પણ આલોકના સુખ

અર્થે મહાપૂજા કરવી તે સુખ તો થાય પણ ભેળો મોક્ષ થાય કે કેમ ? મોક્ષ તો એના એ શુભ કર્મ ભગવાનની પ્રસન્નતાને અર્થે, રાજીપાને અર્થે, નિષ્કર્મ કરે તે કર્મ આ ને આ દેહે મોક્ષને અર્થે થાય. તેમાં મધ્ય પ્રકરણનું ૧૧ મું વચનામૃત સમજવું જોઈએ. તે સમજવાની રીત ભગવાનના ભક્ત જે જે કર્મ કરે તે ભગવાનની પ્રસન્નતાને અર્થે ને વિમુખ જે જે કર્મ કરે તે અર્થને અર્થે કરે છે. એ બેમાં ઘણો તફાવત છે. કારણ કે વિમુખના કર્મ ને તેનું ફળ સ્વર્ગલોક છે. ને ભગવાનના ભક્તના કર્મ તે મોક્ષને અર્થે છે - કહેતા બીજાના પણ મોક્ષ કરે એવા છે. તે શિક્ષાપત્રીમાં કહ્યું છે જે અંબરીષ રાજા આત્મનિવેદી હતો છતાં...તેને ષટ્કર્મ સ્નાનાદિક નિત્ય કરવું પણ એમાં એવો એક શબ્દ લખ્યો છે કારણ કે આત્મનિવેદી ભક્ત ભગવાનને ધર્યા સિવાય પાણી તથા ભોજન લેતો નથી. તે આત્મનિવેદી ભક્ત નિર્ગુણ છે. પણ શિક્ષાપત્રીમાં તો એમ જ લખ્યું છે કે, આત્મનિવેદી ભક્તની ક્રિયા જ નિર્ગુણ છે, તે હેતુ માટે આત્મનિવેદી ભક્ત નિર્ગુણ કહેવાય. માટે ભગવાનના ભક્ત તથા વિમુખની દેહની ક્રિયા એક સરખી છે છતાં તેમાં તફાવત બહુ જ છે. તે એક સરખી તે શું ? તો ધર્મ - વિમુખ જીવ પણ પાળે છે ને ભગવાનનો ભક્ત પણ પાળે છે. ઓલ્યો ફળની ઈચ્છા રાખીને પાળે છે ને ભગવાનનો ભક્ત ભગવાનની પ્રસન્નતાને અર્થે ધર્મરૂપી કર્મ કરે છે. જેમ એ બેમાં તફાવત છે તેમ આપણે માનતા કરીએ તેનું ફળ હૃદયમાં તપાસી લેવું ને ભગવાનની પ્રસન્નતાને અર્થે કરીએ તે બેયનું ફળ અંતઃકરણમાં દેખાય છે. તે મહારાજે પ્રથમના ૫૬મા વચનામૃતમાં લખ્યું છે. તે જ્યારે નિર્માનીપણું વર્તાતુ હશે ત્યારે હૃદયમાં રહી જે ભગવાનની મૂર્તિ તેની દૃષ્ટિ પ્રસન્ન જણાતી હશે પણ જ્યારે લગારેક માન આવે ત્યારે ભગવાનની મૂર્તિ હૃદયમાં રહી છે તેના ફળરૂપી મૂર્તિની દૃષ્ટિ કરડી દેખાતી હશે-એ વાત અંતઃદૃષ્ટિવાળા ભક્તને માલુમ પડે. તેમ ભગવાનનો ભક્ત હોય તેને માનતા કરવી તે લોક ભેગા રહેવા સારું પણ મોક્ષને અર્થે નથી. મોક્ષને અર્થે તો ભગવાનના ભક્ત રાજી કરવા ને માનતા કરવી હેતુ-મિત્રને સુખ થાવા સારું. આપણે આ લોકમાં રહ્યા તે એટલા પરમાર્થી થાવું કેમ કે હેતુ-મિત્રને

અર્થે માનતા, પાંચ રૂપિયાનું ખર્ચ, ધર્મપાળવો, વિવેક રાખવો, બીજાની સભ્યતા જાળવવી - એ બધી મહાપૂજા સમજવી. એવી મહાપૂજા ભગવાનના ભક્ત કાયમ માટે કરે છે. એવા ભગવાનના ભક્ત મહાબ્રહ્મરૂપ છે, અલૌકિક છે. તેને જેમ છે તેમ સમજે તો તે ભક્તની ક્રિયા નિર્ગુણ કહેવામાં કાંઇ બાધ નથી. તો તેના મોક્ષમાં શું બાધ છે ? ને મોક્ષમાં ખામી આવતી જ નથી. તો આપણે ભગવાનના ભક્ત છીએ ને ભગવાનની ભક્તિ કરીએ છીએ, ધર્માદો તથા માનતા કરીએ છીએ તે તો સ્વામિનારાયણની આજ્ઞા છે એટલે કરીએ છીએ પણ આપણો મોક્ષ તો સ્વામિનારાયણ મળ્યા એટલે થઇ રહ્યો. તે નિશ્ચય જેટલો તેને તેટલા ભૂંડાઘાટની નિવૃત્તિ. પણ ભૂંડાઘાટ ન જ થાય તે પરિપક્વ નિશ્ચયની વાત છે પણ આપણે પરાત્પર રહેલા પરમાત્મા તેને ભજે ને તેની માનસી પૂજા, શ્રવણ, કીર્તન, નામ-સ્મરણ જે જે સુકૃત તે ભગવાન તથા ભગવાનના ભક્તને ગમે ને એની મરજી જે સમે જેવી હોય તે સમે તેવી ભક્તિ તેવું આચરણ, તેવું કર્તવ્ય આપણું પોતાનું હોવું જોઇએ.એવી ભગવાનના ભક્ત ભક્તિ કરે છે તે ભક્તિને વિમુખ જીવ શું સમજી શકે ? તે તો તફાવત બહુ છે. જેમ ગાયના આંચળ ઉપર ઇતડી વળગી ને વાછડું છેટે છે છતાં દૂધનો સ્વાદ લ્યે છે...પણ વાચા નથી. એથી દૂધના વખાણ શું કરે ? પણ પૂંછડી હલાવે છે. માથા મારે તેથી ગાયને પણ હેત થાય છે તેથી ગાય પોતાનું વાછડું જાણી પારસો મૂકે છે. તેમ ભગવાનના ભક્તનું તો સારું-ભલું સુખ થાય તેમાં કાંઇપણ કહેવું સાંભળવું રહેતું નથી. પણ ભગવાનના ભક્ત બીજા દેહધારી જીવ ભેળા ભળીને પાછા ઉપર લખી સ્થિતિ અનુસારે અળગા થઇ જાય. એ વાત બહુ જબરી છે. એ વાત ભગવાનના ભક્ત લોકમાં રહી અલૌકિક સુખ ભોગવે છે. તે દેહધારી જાણી શકે નહી. આવી ભગવાનના ભક્તની પ્રાપ્તિ ભૂતકાળે છે તેને સમજી શકે તે બધી વાત સમજી રહ્યો છે. - ૧૩૯

● સંવત્ ૨૦૨૧ ના કારતક વદિ-૧૨, તા. ૦૧/૧૨/૧૯૬૪ ને મંગળવારે રાત્રિના ૯-૩૦ મિનિટે પ.પૂ. સ્વામીશ્રીએ પીપલાણા મંદિરના સભામંડપમાં વાત કરી જે,

ભગવાનના ભક્ત હોય તેને ભગવાનની મહાપૂજા કરવી તે નિયમ કાયમ રાખવા ને મહાપૂજા કરવી. મહાપૂજા તો મહાફળની આપનારી છે ને મહાપૂજાથી બ્રહ્મરૂપ થવાય છે. કાળ, કર્મ, માયા તેનું આવરણ ટળી જાય છે. તે ભક્ત ભગવાનના સાક્ષાત્ ઉપાસક, ઉપાસ્ય મૂર્તિને ધારે તે ભગવાનની ભક્તિ કરે, સ્મરણ કરે જેમ મહાપૂજા કરે ત્યારે બ્રહ્માંડના બધા રક્ષક દેવ તેને યાદ કરે, તેને વસ્ત્ર પહેરાવે, પુષ્પ ચડાવે, અક્ષત જે ચોખા ચડાવે, ગુલાલ તથા અબીલ ચડાવે, ભોજન બધા દેવને બધી રીતે આપે ત્યારે તે દેવ તે પૂજા કરનાર ઉપર મીઠી દૃષ્ટિથી જૂએ ને તેના દુઃખની નિવૃત્તિ પમાડે. તો તે દેવ પણ આટલું એ ભક્તનું કામ કરે પછી પોતાને સ્થાનકે પરોક્ષ ગતિને પામે ને પોતાની સ્થાનકે અગશ કહેતા પધારી જાય ને ભગવાનના સાક્ષાત્ સંબંધવાળા ભગવાનને ભજે છે, ભગવાનનું સ્મરણ કરે છે. ભગવાનની માનસી પૂજા, ભગવાનને જેમ ગમે તેમ વર્તમાન, ઉપાસના, આશરો, વિશ્વાસ સહિત જે ઉપાસે તે ભક્ત ભગવાનની મહાપૂજા કરે તો કામ્ય કર્મ છે છતાં નિષ્કામી કર્મ થઇ જાય તે સ્થાનક, સેવક ને ભગવાનના સંબંધવાળી જે જે વસ્તુ તેના કાંઇ પણ નામ લ્યે તેનો મોક્ષ થઇ જાય છે, માટે આપણા કર્તવ્ય એવા હોવા જોઇએ. જેમ મહાપૂજા કર્યેથી બીજાની આપદા નાશ થાય છે, તેમ આપણા કર્તવ્ય જે જીવને વિશ્વાસ સહિત ગમે, આનંદ થાય, તેની વાસના સહેજે નાશ પામી જાય. તેની ક્રિયામાં ભગવાનની માનસીપૂજા કાયમ થાય છે. જેમ શ્વેતદ્વિપના મુક્ત નિરન્ન છે - તેમ ભગવાનના ભક્ત પણ આ રીતે સર્વજનના સુખને અર્થે કર્તવ્ય કરે છે. ખાય છે, પીવે છે, સૂએ છે, બોલે છે, જૂએ છે, સાંભળે છે. તેમાં બીજાના જીવનું હિત સમાયેલું છે - આવી જેની સમજણ છે તેને મહાપૂજા અહોનિશ, અખંડ, અક્ષરાતીતની થાય છે. - ૧૪૦

● સંવત્ ૨૦૨૧ ના માગસર સુદિ-૩, તા. ૦૬/૧૨/૧૯૬૪ ને રવિવારના રોજ ડુંગરી ગામે પ.ભ. છગનલાલ લક્ષ્મણના ઘેરે તેઓના માતુશ્રી બિમાર હતા તે નિમિત્તે પ.પૂ. સ્વામીશ્રી પધાર્યા હતા ત્યારે સવારના ૭-૪૫ મિનિટે પ.પૂ. સ્વામીશ્રીએ વાત કરી જે,

ભગવાનના ભક્ત ભગવાનની પૂજા, ઉપાસના, આશરો, વિશ્વાસપૂર્વક કરે છે. તે જેમ રામના ઉપાસક રામને જ ભજે, કૃષ્ણના ઉપાસક કૃષ્ણને જ ભજે ને મચ્છ, કચ્છ, વારાહ, પરશુરામ, હયગ્રીવ આદિક ભગવાનના સ્વરૂપ છે તે જેના જે ઉપાસક તે તેની ભક્તિ કરે, માનસીપૂજા કરે ને આશરો વિશ્વાસપૂર્વક કરે તે પણ બધા સરસ રીતે કરે પણ જેવા ભગવાન તેવી તેને પ્રાપ્તિ ને મુક્તિ પણ એ જ રીતે થાય છે પણ સ્વામિનારાયણ ભગવાન સિવાય કોઈકે કારણ શરીરના ભાવ થકી મુક્તિ આપી નથી. માટે કારણ શરીરના ભાવ ટાળવા ને ભગવાનની ભક્તિ કરવી, આશરો-વિશ્વાસ કરવો તો જ અક્ષરધામમાં જવાય ને બ્રહ્મરૂપ થયા તેમ ગણાય. માટે જેટલી જેને આજ્ઞા પળે તેટલી તેને વાસના બળે. માટે બ્રહ્મરૂપ થયા વિના આજ્ઞા પળે નહીં ને આજ્ઞા પાળ્યા વિના બ્રહ્મરૂપ થવાય નહીં. માટે એ બે વાતનો પરસ્પર વિરોધ જણાય છે, તે તો જે જે ભગવાન હોય, તેના ભક્ત હોય તેનો જેટલો જેને વિશ્વાસપૂર્વક આશરો ભક્તિ હોય, એટલો જ બ્રહ્મરૂપ થઈ, આલોકમાંથી મુક્ત થઈ ભગવાનના હજુરમાં ચૈતન્યની મૂર્તિ થઈ સાક્ષાત્ કાયમ સંબંધ રહે છે. માટે આપણે અત્યારે એટલા ભગવાનના ભક્તમાં ભેગા રહી દેહભાવ અળગો કરી, શ્રીજી-સંતની આજ્ઞા વિશ્વાસપૂર્વક પળે એટલી વાસના બળે. માટે વાસના તો કારણ શરીરરૂપ જે માયા ટાળવી તે બહુ કઠણ છે. તે તો જેણે જેટલી વાસના ટાળી હોય ને બ્રહ્મરૂપ થયો હોય તે બીજાની વાસના નિવૃત્તિ પમાડે ને તેને આલોક પરલોક સર્વ ઠેકાણે, સર્વે રીતે સુખિયા કરે. માટે ગમે તે રીતે વાસના રહિત થઈ, પરબ્રહ્મ, સત્તારૂપ, કૈવલ્યરૂપ થઈ કેવળ ભગવાનને જ ભજે પણ માયિક પદાર્થના આવરણમાં ન આવે ને માયિક પદાર્થને તુચ્છ, મિથ્યા, નાશવંત રીતે કાયમ સર્વે રીતે જોયા કરે, તેને તે માયિક પદાર્થ બંધન કરવા સમર્થ થતા નથી, પણ માયિક પદાર્થનો સંજોગ જ એવો છે, તેના સામું જુવે એટલે બંધન થાય. જેમ બ્રહ્મા, શંકર બહુ જ આત્મનિષ્ઠ ને મોટા ભક્ત છતાં જરાક ઈન્દ્રિયોની વૃત્તિ અનુલોમ થઈ તો કામાદિકે કરીને ક્ષોભ થયો પણ જો જનક વિદેહી જેવા પદાર્થના સંગમાં રહ્યા થકા, પદાર્થ

લોપી ન શકે ને તે પદાર્થમાં લોભાય નહીં, તે તો બ્રહ્મરૂપ, સત્તારૂપ કાયમ વર્તે છે - તે કઇ રીતે ? તો જે પદાર્થ જેવું છે તેવું યથાર્થ જ્ઞાનની વિશાળતાથી સમજી શકે તો તે પદાર્થ બંધન કરવા સમર્થ ન થાય તે સ્વામીએ વાતોમાં કહ્યું છે જે, વિષય છે તેનું જેવું રૂપ છે તેવું જાણે તેને તે પદાર્થ બંધન કરવા સમર્થ થાય નહીં પણ ભગવાન જેવા સમર્થ છે, સ્વતંત્ર છે, પર થકી પર છે એવા યથાર્થ જાણે, સમજે, તેને પણ તે પદાર્થ બંધન કરવા સમર્થ નથી.

ત્યાર પછી પ.ભ. જેઠાભાઇ વશરામના જમાઇ પ.ભ. ગોવિંદ દેવરાજ ડુંગરીવાળાને ઘરે જોગી સ્વામીની પધરામણી થતાં તેના ઘરે સવારે ૯-૦૦ વાગ્યે પ.પૂ. સ્વામીશ્રીએ વાત કરી જે,

જીવ જેને ભજને કરીને ભવસાગરનો પાર પામે એવા ભગવાન સર્વોપરી પુરુષોત્તમ આ પૃથ્વા ઉપર સર્વે જીવના હિત વાસ્તે પૃથ્વી ઉપર જીવ જેવા થઇ, જીવ ભેળા ભળીને, જીવનું કારણ શરીરરૂપ અજ્ઞાન ટાળે છે. એ તો જેમ કાંટે કરીને કાંટો કાઢે તેમ જીવનું મૂળ અજ્ઞાન તેને નિવૃત્તિ પમાડે ને જીવને આત્મા તથા પરમાત્મા તેનું સાક્ષાત્ અનુભવ સહિત જ્ઞાન આપે ને જીવને સર્વે રીતે જગતનું બંધન ટાળે એવા ભગવાન તથા તેના ભક્ત છે. - ૧૪૧

● સંવત્ ૨૦૨૧ ના માગસર સુદિ-૪ ને મંગળવારે તા. ૦૮/૧૨/૧૯૬૪ ના રોજ સવારે ૭-૦૦ વાગ્યે ડુંગરી ગામે પ.ભ. શ્રી માવા ભક્તના ભત્રીજા છગનલાલ લખમણના ઘરે પ.પૂ. સ્વામીશ્રીએ વાત કરી જે,

કોટિ કલ્પે આ વાત હાથ આવી છે પણ તે સત્સંગ, રાજાને, નાતીલાને, ઘરના માણસને, ઇન્દ્રિયું - અંતઃકરણને નથી ગમતો. એક જીવને જ ગમે છે. માયા તો પેટ કૂટે છે. તેમ આપણે ભગવાનના થયા એટલે સાધનની સમાપ્તિ થઇ જાણવી. પણ ભગવાન ને સાધુ એને ગમે તે રીતે આપણા કરવા ને આપણે તેના થાવું, પછી જપ કરીને, વ્રત કરીને, યજ્ઞ કરીને પણ ભગવાનને તથા મોટા પુરુષને ગમે એવી ક્રિયા ને બેઠક ને

સ્વભાવ થાવો જોઈએ. એટલે ભગવાન ને મોટા સાધુ આપણા સામું કરૂણા દૃષ્ટિ કરીને જૂએ એટલે આપણા સ્વભાવ જરૂર નાશ પામે ને દોષ તો ધનવંતરી વૈદ્ય છે. તે કેમ નાશ પામે ? જેમ અક્ષરાનંદ સ્વામીને ગોળી દઇ રાફી કાઢી નાખી તેમ આપણને ગમે તે રીતે દોષ-કલંક થકી રહિત કરશે ને સુખીયા પણ સર્વે રીતે કરશે પણ આપણે કેમ વર્તાય તેમ આપણા હેતુ મિત્રને પણ જે રીતે ભગવાન ને સાધુ રાજી થાય તેમ કરાય એટલે મોક્ષનું સાધન સંપૂર્ણ થયું કહેવાય. તે મધ્ય પ્રકરણના ૬૨મા વચનામૃતમાં રઘુવીરજી મહારાજનો પ્રશ્ન છે. એ રીતે જે ભગવાન ને સાધુને રાજી કરે, વર્તે તેના ઉપર મહારાજ ને મોટા સાધુ રાજી રહે.

માટે આ જીવનો શત્રુ તો સ્વભાવ જ છે. પણ બીજો કોઇ આ જીવનું ખરાબ કરવા સમર્થ નથી. તેમ આપણે સમજી વિચારી તત્પર થઇને મંડવું. જેમ જીવ પોતપોતાના વિચાર અને પોતપોતાના સ્વભાવમાં વર્તે છે, તેમ આપણે ભગવાન તથા સંતના ગમતામાં રહી સ્વભાવ મૂકવા તત્પર થાવું. માટે જ્યારે બ્રહ્મરૂપ થવાય ત્યારે અનેક પ્રકારના સ્વભાવ છે તે નાશ પામે. આવું સુખ આ સત્સંગમાં છે. ભગવાનના ભક્ત ભગવાનના ધામમાં રહ્યા થકા સ્વતંત્રપણે રહી ભજન કરે છે. આવો અલૌકિક આ સત્સંગ છે. તેમાં રહી ભગવાનના ભક્તને સુખિયા રાખવા. - ૧૪૨

● સંવત્ ૨૦૨૧ના માગસર સુદિ-૮, તા. ૧૨/૧૨/૧૯૬૪ ને શનિવારે સણોસરા ગામે પ.ભ. પંચાણ ભોવાનના મકાનના વાસ્તુ પ્રસંગે કથા નિમિત્તે પ.પૂ. સ્વામીશ્રી પધાર્યા હતા ત્યારે સાંજે કથા વંચાઇ રહ્યા પછી પ.પૂ. સ્વામીશ્રીએ પાંચ વાગ્યે વાત કરી જે,

જેને ભગવાનનું ભજન કરવું હોય ને ભગવાનના ધામમાં જાવું હોય તેને તો કથા-વાર્તા, ધ્યાન, ભજન - તેમાં જ લાભ છે. બાકી દેહનો વ્યવહાર છે તે પણ શિક્ષાપત્રી અનુસારે કરવો. રોટલા તો ભગવાન અને મોટા સાધુને આપવા છે તે આપશે જ...જરૂર આપશે જ. સૂતા સૂતા સોડમાં આપી જશે. આપણી ચિંતા એને છે. આપણે આપણી પોતાની

ચિંતા કરીએ એ અણસમજણ છે. એવી અણસમજણ અળગી કરી સમી સમજણ સવળી કરવી. તે સવળી સમજણ શું ? તો ભગવાન સત્ય, ભગવાનનું ધામ સત્ય ને ભગવાનના પાર્ષદ ને ભગવાનનું ઐશ્વર્ય - એ બધું સત્ય છે. એ સહિત શ્રીજી મહારાજ કૃપા કરી આ પૃથ્વી ઉપર ભક્ત સારૂ પધાર્યા છે. તો ભક્તના ભાગ્ય બહુ મોટા છે. અભક્ત તો અભાગિયા જ છે. વળી, મરીને ક્યાં જાશે ? જેનું નરકમાંય ઠેકાણું નથી. ને અહીં પણ જેનો કોઇ વિશ્વાસ કરતા નથી. ભગવાનના ભક્ત ભગવાનને ભજે છે, સારા વર્તમાન પાળે છે, નિયમમા ખબડદાર છે ને બીજાને પણ સારા નિયમ પળાવે છે ને જેની ક્રિયા જોતા અક્ષરધામ નજરોનજર જોવાય છે. એવા અલૌકિક ભગવાન તથા તેના ભક્ત તે અલૌકિક જ છે. તેને શું કરવાનું છે ? કાંઇ પણ કરવાનું નથી. છતે દેહે ભગવાનના પાર્ષદ થઇ ચૂક્યા છે, એવા જે ભક્ત છે તેના દર્શન બીજા જીવને અભયપદના પમાડનારા છે. - ૧૪૩

● સંવત્ ૨૦૨૧ ના માગસર સુદિ-૯, તા. ૧૩/૧૨/૧૯૬૪ ને રવિવારે પ.ભ. પંચાણ ભોવાનના દીકરા મોહન પંચાણના નવા મકાને વાસ્તુ પ્રસંગે કથા નિમિત્તે પધાર્યા હતા અને કથા વંચાયા બાદ પ.પૂ. સ્વામીશ્રીએ બપોરે ૧-૪૫ વાગ્યે વાત કરી જે,

મહારાજ ભગવાન છે પણ અવતારના અવતારી છે. છતાં અવતારની રીતે વર્ણવે છે...પણ છે તો અવતારી. તે તેના ગુણ, તેના પ્રતાપ, તેના ઐશ્વર્ય, તેની શક્તિ જોવી ને બીજા જે અવતાર તેની શકિત, ઐશ્વર્ય, સામાર્થી જોવી એટલે તે અવતારી છે એમ સ્વામિનારાયણ ભગવાનને માનવા તે કાંઇ કઠણ નથી પણ અવતારી તો એ રીતે છે જે સર્વોપરી, સર્વ અવતારના કારણ ને સર્વ અવતારના ભાવ પોતાને વિશે જણાવે ને પોતાના ઐશ્વર્ય જોતા અવતારી જ છે પણ પોતાનું જે ધામ છે ને બીજાના ધામ છે તે જોતા પણ અવતારી જોવામાં આવે છે. ને પોતે ક્રિયા કરી સંસ્થા બાંધી ધર્મ પ્રવર્તાવ્યો તે જોતાં પણ સ્વામિનારાયણ ભગવાન સર્વોપરી છે, ને સ્વામિનારાયણનું ભજન ને બીજાનું ભજન તે જોતા પણ અવતારી છે તેને

પોતાના આશ્રિત ને બીજા ભગવાનના અવતાર ને તેના ભક્ત તે બેને સરખામણીમાં મેલીએ તો પણ અવતારી છે. એ તો અલૌકિક છે, દિવ્ય છે. તે ગુણાતીતાનંદ સ્વામીએ વાતોમાં લખ્યું છે જે જૂ વીંયાય ત્યારે લીખ આવે, હાથણી વીંયાય ત્યારે ભેંસ જેવડું બચ્ચું આવે. તેમ ભગવાનના ભક્તમાં આ રીતે બહુ જ તફાવત જોવામાં આવે છે. એ રીતે અવતારી છે. ને બીજા અવતારે વર્તમાન પળાવ્યા નથી, કલ્યાણ કર્યા છે ને આજ વર્તમાન પળાવે છે ને કલ્યાણ કરે છે. તેમા શું અધિક થયું ? તો બીજા અવતારે કારણ શરીરના ભાવને ટાળીને કલ્યાણ કર્યા નથી ને આજ તો શ્રીજી મહારાજ અક્ષરધામ, મુક્ત, પોતાનું ઐશ્વર્ય તે સહિત આંહિ પધાર્યા છે. મુક્ત દ્વારે વર્તમાન પળાવે છે. અક્ષરદ્વારે નિશ્ચય કરાવે છે. ને ઐશ્વર્ય દ્વારા તે નિશ્ચય જીવમાં ઊતરે છે. આવી રીતે સ્વામિનારાયણ છે તે તો અવતારના અવતારી છે. એવી અદ્‌ભૂત શક્તિ પૃથ્વી રહેશે ત્યાં સુધી પોતાના અનન્ય ભક્ત દ્વારે અવતારીપણું રહેશે. - ૧૪૪

● સંવત્ ૨૦૨૧ ના માગસર સુદિ-૯, તા. ૧૩/૧૨/૧૯૬૪ ને રવિવારના રોજ સણોસરાના પ.ભ.પંચાણ ભોવાનના નવા મકાનના વાસ્તુ નિમિત્તે કથા વંચાયા બાદ પ.પૂ. સ્વામીશ્રીએ સાંજે ૫-૦૦ વાગ્યે વાત કરી જે, ભગવાનનો સર્વોપરી નિશ્ચય તેના નામ ઉપરથી, તેના સ્થાનના નામ ઉપરથી તથા તેના ભક્તના નામ ઉપરથી, તેના ભક્તના વૃત્તાંત, બોલવું ને પગે લાગવું - આખા દેશમાં જોવામાં આવે છે. કેમ કે શ્રીકૃષ્ણે અનિરૂદ્ધ, પદ્યુમ્ન, સંકર્ષણ - એવા નામ પાડ્યા ને રામે જાનકીદાસ, જમનાદાસ - એવા નામ પાડ્યા. વળી, રામે ચોરા એવું નામ પાડ્યું ને કૃષ્ણે હવેલી એવું નામ પાડ્યું. સ્વામિનારાયણ ભગવાને નાનકડું હોય, અલ્પ હોય, ઝૂંપડુ હોય તો પણ મંદિર એવું નામ પાડ્યું. આથી કરીને તેના જે જે રૂપ, વૃત્તાંત, ક્રિયા જોતા ભગવાન સ્વામિનારાયણ તો અખંડ, અવિનાશી, ઉત્તમોત્તમ, સર્વથી શ્રેષ્ઠ, સર્વના આધાર, પ્રેરક, પ્રવર્તક, એવી શક્તિ પોતાના ભક્ત દ્વારે સહેજમાં બહુ ઠેકાણે, બહુ રીતે પ્રતાપ વાપર્યો છે. તો જેના ભક્ત એવા સમર્થ છે, તો તેના ભગવાનની વાત શી કહેવી ? માટે

ભગવાનને તો સૌ ભગવાન કહે પણ ગોપાળાનંદ સ્વામી જેવાને આલોક - અલોક સર્વ ઠેકાણે, શાસ્ત્ર પણ ભગવાન કહેવામાં અટકતા નથી. તેમ આપણે ભગવાન સ્વામિનારાયણના પ્રતાપે જે જે ભગવાનના ભક્તની સામે જોઇએ તો આપણને અપૂર્ણતા, કલ્પના, સહેજે ટળી જાય. તો કારણ શરીર ટળે કે કેમ ? એ તો જેમ જોડે છાણ વળગ્યું ને પથ્થરવાળી પૃથ્વીમાં હાલવું તે છાણ કેટલી ઘડી રહેશે ? તેમ આ જેને પૂજ્યની માન્યતા થઇ ને હેત - વિશ્વાસ થયો, સત્સંગ મારો હું સત્સંગનો એમ થયું તેને વાસના છે તો પણ તેનો શો ભાર છે ? માટે ગમે તે રીતે ભજન કરી લેવું. વાસના છે કે નહીં - એ કાંઇ આપણે સમજવાનું નથી. - ૧૪૫

● સંવત્ ૨૦૨૨ ના માગસર સુદિ-૧૧, તા. ૧૪/૧૨/૧૯૬૫ ને સોમવારે પ.ભ. જેઠાભાઇ વશરામભાઇ માણાવદરવાળાની મેડીએ બપોરે ૩-૩૦ મિનિટે પ.પૂ. સ્વામીશ્રીએ વાત કરી જે,

આપણે સૌએ પ્રભુ ભજવા. ભેગા થઇએ છીએ તેમાં વધારે પડતા ભગવાન સાંભરે ને ભગવાનના ભક્ત ભેગું રહેવાય એવા સ્વભાવ કરવા છે...તે આંહી કરવા. કાં શ્વેતદ્વિપમાં જઇને કરવા. તે એમ કર્યા વિના છૂટકો નથી. એ વાત આજ સમજો કે સો વર્ષે, સો જન્મે સમજો પણ એટલી જ વાત સમજવાની છે. ભગવાનના ભક્ત ભેગા રહેતા સ્વભાવ આડો ન આવે તો એવી શંકા ન કરવી કે આપણે અક્ષરધામમાં રહેવાશે નહીં. અક્ષરધામમાં રહેવાને માટે ભગવાનના ભક્તની મરજી મુજબ રહેવાય, વર્તાય તેમાં આનંદ થાય. પછી તેને શું કરવાનું છે ? તે તો કૃતાર્થ છે. - ૧૪૬

● સંવત્ ૨૦૨૨ ના માગસર સુદિ-૧૪, ગુરવારે, તા. ૧૭/૧૨/૧૯૬૫ ના રોજ બપોર પછી ૩-૪૫ મિનિટે લીંબુડા ગામે પ.ભ. ડાયાભાઇ કરશનભાઇ રબારાના નવા મકાન ‘આનંદ ભવન’ માં પધરામણી કરીને, ઠાકોરજીની આરતી ઉતારીને પ.ભ. ડાયાભાઇ તથા તથા પ.ભ. રામજીભાઇને વર્તમાન ધરાવીને પ.પૂ. સ્વામીશ્રીએ વાત કરી જે,

ડાયા કરશનભાઈના નવા 'આનંદ ભવન'માં પધારીને ભગવાન સ્વામિનારાયણ આલોકમાં અવતરીને અસંખ્ય જીવને આનંદ આપ્યો, સુખિયા કર્યા. જેમ પૃથ્વીના જીવ પૃથ્વીમાં દુઃખીને પાર હતા. અન્ન-વસ્ત્ર વિના તે સમયમાં ઈશ્વરે દયા કરી, દેવ-દૈત્યમાં પ્રેરણા કરીને સમુદ્ર મંથન કર્યું. તે વખતે જેવો દેવ-દૈત્યોને આનંદ-કિલ્લોલ હતો ને સમુદ્રમાંથી વધતો સમાનરૂપી ચૌદરત્ન નીકળ્યા તે વખતે જેવો સૌને આનંદ તેવો આનંદ આ સમે અહીંના ભક્તજનને સુખ આવતા સહેજે પરલોકની પ્રાપ્તિ છે. - ૧૪૭

● સંવત્ ૨૦૩૨ ના જેઠ વદિ-૭, તા. ૨૧/૬/૧૯૭૬ ને સોમવારે પીપલાણા મંદિરે સાધુની જાયગા ઉપર શુભ ચોઘડિએ પ.પૂ. જોગી સ્વામીએ અગાઉ કરેલી વાતો તથા સ્વામિનારાયણ ભગવાનનો મહિમા, તેના ગુણ, ઐશ્વર્ય વગેરે વર્ણવેલા જે અનેક સંત તથા હરિભક્તોએ અગાઉ સ્વામીના હસ્તે લખેલ બૂકો તથા સ્વામીએ લખાવેલી લેખરૂપે વાતોનું જે સાહિત્ય છે તે બધુ આજે સ્વામીની રજૂઆતે ભેળું કરી, ઠાકોરજીને તે સાહિત્યની વચ્ચે રાખી સંત-હરિભકતોએ પૂજા કરી. આ બધું સાહિત્ય છે તેમાંથી શાસ્ત્રીએ લખેલી અમારી વાતો "સાક્ષાત્ સવિતા" ના નામથી છપાવવી છે ને તેને છપાવવા માટે સંશોધન પણ શાસ્ત્રી પોતે જ કરે એવા પ.પૂ. સ્વામીશ્રીએ શાસ્ત્રીસ્વામીને ચાંદલો કરીને આશીર્વાદ આપ્યા અને શાસ્ત્રીસ્વામીએ સાક્ષાત્ સવિતાના પ્રકાશન કાર્યનો શુભ પ્રારંભ કર્યો. આવા દિવ્ય પ્રસંગે પ.પૂ. સ્વામીશ્રીએ આશીર્વાદ આપ્યા કે, શ્રીમન્નનારાયણની સ્મૃતિ સહિત ભગવાનના નામ લેવા અને લેવરાવવા ને આલોકમાં ભગવાનનો જન્મ, કર્મ ને તેના ચરિત્ર જે કર્યા તે ધારવા, વિચારવા ને સંભારવા. તેનું મનમાં મનન કરવું એથી એવું મનુષ્યદેહનું મોટું બીજું સ્વરૂપ નથી. એવું મનુષ્યદેહ ભગવાન અક્ષરધામમાંથી સહજાનંદ એવું રૂપ આ ઠેકાણે ધારણ કરી, ધરાવનાર સદ્.રામાનંદજી હસ્તે આ ઠેકાણે નારાયણમુનિ, બદ્રિપતિ બદ્રિનાથ ને પૃથ્વીના ધારણ કરનારા સહજાનંદ સ્વામી જીવના સુખ બાબતે પોતે પોતાને હસ્તે જીવને સુખિયા કર્યા. - ૧૪૮

● પ.પૂ.સદ્. જોગી સ્વામી ધર્મપ્રસાદદાસજી સ્વામી પીપલાણા મુકામેથી સહજાનંદ સ્વામી ગુરુકુલમાં -વંથલી પધારવાના હતા તે જ દિવસે સ્વામી વહેલી સવારે પ.ભ. લક્ષ્મીદાસ કાનજી પીપલાણાવાળાને બોલાવીને પ.પૂ. સ્વામીશ્રીએ વાત કરી જે, આ સાધુ છે અને આ અસાધુ છે. આ શાહુકાર છે ને આ ચોર છે. એવી રીતે વિવેક સહિત સાર-અસારને ઓળખે છે તે વ્યક્તિ દરેક મનુષ્યમાં સર્વશ્રેષ્ઠ વ્યક્તિ છે કારણ કે તે જાણપણેયુક્ત છે. - ૧૪૯

**સાખી**

" દેવાથી દયા ભલી, તેનાથી ભલો વૈરાગ, તેનાથી આત્મનિષ્ઠા ભલી, તેનાથી પ્રભુ સ્વરૂપમાં રાગ." ............- વલ્લભજી ભીમજી મહેતા.

"આ સભાને જોઈને ટાઢું થઈ જાય છે ને આનંદ આવે છે."....................- ત્રિકમભગત, થાણાપીપળીવાળા.

"હવે તો આપણે એમ માનજો છેલ્લો જન્મ થઈ ગયો છે."........................- પ.પૂ. સદ્. જોગી સ્વામી.

"સ્વામીએ વાત કરી કે, ભગવાન મળ્યા, સાધુ મળ્યા એને હૈયામાં, દુ:ખ આવવા દેવું નહીં અને પ્રારબ્ધનું આવે તો ભોગવી લેવું."..................- પૂંજાભાઇ રાઘવભાઇ.

"જાગતા નર સેવીએ, સૂતા નર ન સેવીએ." ............- જેઠા વશરામ

"ભગવાનની સ્મૃતિએ સહિત ને ભગવાનની સ્મૃતિએ રહિતમાં ભેદ છે. કોની પેઠે તો જેમ ઠાલું ગાડું ને ભર્યું ગાડું, તેની પેઠે. તેનું ખાવું, બોલવું, જોવું, સાંભળવું - તે ભગવાન ભૂલીને કરે છે અને ઓલ્યો ભગવાનને સંભારીને કરે છે...................- ચંદુભાઇ આંબાભાઇ.

"ગાતા-વાતા શીખ્યો સૂરમેં, એક રામ નામ બોલતા ન શીખ્યો તો ગયો ધૂરમેં."...- દેવશી હરિ.

"મુક્તાનંદ સ્વામી જેવા સાધુમાં હેત ન થાય ને ભૂંડણ જેવી ડોસીમાં હેત થાય તે દેવની માયાનો મોહ છે."...................- ત્રિકમ ડાયા